

# અમૃત સરિતા

## પૂજ્યશ્રી નારાયણભાઈની અનુભવસિદ્ધ દિવ્યવાણી

ભાગ-૧

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા-૫૮

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

અમદાવાદ-૧૩

## શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

### જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિક:** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ:** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા:** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ:** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ:** અથવા કેતુ સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર :** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ:** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.



જાંબુફળ: ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.



જવ: અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો



મીન: સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.



ત્રિકોણ: જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.



ધનુષ: અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.



ગોપદ: ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.



વ્યોમ: ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.



અર્ધચંદ્ર: ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.



કળશ: ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઈન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ
પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

|| સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ||

|| શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ||

|| સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ||

|| શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત સંગત આઈ. ||

|| અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં ઠહરાઈ. ||




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

॥ સુંદર શ્રી ઘનશ્યામ સદાઈ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે. ॥

॥ અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
ઐસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે. ॥

॥ જેહી જન આઈ રહે ઈન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે. ॥



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

શ્રી સ્વામિનારાયણ ભગવાનના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

અનાદિ મહામુક્તરાજ

પ. પૂ. શ્રી અબજીબાપાશ્રીના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

## અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના

સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત

કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,

અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને

ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ

કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ

સંસ્થા 'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન'નું

સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્‌ગુરુવર્ય

અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈના

ચરણકમળમાં શતકોટિ વંદન!

સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ

સં. ૨૦૪૨, શ્રીહરિજયંતી — નારાયણભાઈ ગી. ઠક્કર

એપ્રિલ ૧૮, ૧૯૮૬ — સ્થાપક પ્રમુખ

અમદાવાદ — શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

# અમૃત સરિતા

૧

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૫૮

: સંસ્થાપક :

• અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર •

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

અમદાવાદ - ૩૮૦ ૦૧૩

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

❄ **પ્રકાશન સમિતિ** ❄

*: પ્રેરક - માર્ગદર્શક :*

❄ **અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર** ❄

©શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)
ઈન્કમટેક્ષ એક્ષેમ્પશન u/s 80(G)5

***તૃતીય આવૃત્તિ***
પ્રત : ૫૦૦૦
૨૦૧૩, ૧૬, ફેબ્રુઆરી
સં. ૨૦૬૯, મહા સુદ છઠ

***સેવા મૂલ્ય*** : રૂ.૧૫/-

***પ્રકાશક***
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ
નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩ ✆ : ૨૭૬૮૨૧૨૦
E-mail : info@shriswaminarayandivinemission.com
Website : www.shriswaminarayandivinemission.org

***: મુદ્રક :***
મુદ્રણ સંસ્કાર;
મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઓફસેટ
આંબલી ગામ, અમદાવાદ.

# નિવેદન

‘શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન’ સંસ્થાના સંસ્થાપક, પ્રેરક, પોષક, સંવર્ધક અને આજીવન પ્રમુખ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈની આત્મા-પરમાત્માના અખંડ સાક્ષાત્કારની અને પરમાત્માના દિવ્ય સુખભોક્તાની સર્વોત્કૃષ્ટ સ્થિતિ સત્સંગને સુવિદિત છે.

જેમ પરમાત્માની વાણી એ પરમાત્માનું જ સ્વરૂપ ગણાય છે, તેમ પરમાત્માનું પરમ સાધર્મ્ય પ્રાપ્ત કરેલા અનાદિમુક્તની વાણી પણ પરમાત્માના સાક્ષાત્ સંબંધવાળી હોવાથી પ્રેરણાપીયૂષ પ્રદાન કરનારી, પરમ આદર્શરૂપ અને અનુકરણીય બની જાય છે. કારણ કે અનાદિમુક્ત દ્વારા સ્વયં શ્રીહરિનું કર્તાપણું હોવાથી તેમના મુખે બોલનારા પ્રભુ જ છે.

મનુષ્યરૂપે પ્રત્યક્ષ સત્પુરુષનો જોગ-સમાગમ-સેવા તો પરમ કલ્યાણકારી છે જ, પરંતુ તેવો પ્રત્યક્ષ જોગ ન હોય ત્યારે તેમની અનુભવસિદ્ધ દિવ્યવાણી પણ અનેક મુમુક્ષુ સાધક માટે પ્રભુપ્રાપ્તિરૂપ અંતિમ મુકામ તરફ દોરી જવા માટે પથદર્શક ગુરુરૂપ બની રહે છે.

આવા મહાન સદ્‌ગુરુવર્ય અનાદિમુક્ત પૂજ્ય શ્રી નારાયણભાઈ અનેક વખત સત્સંગસભામાં પોતાની

અલૌકિક વાણીનો લાભ આપતા. પહેલા તો તેઓ પોતાની વાણીનું ઑડિયો રેકોર્ડિંગ-ધ્વનિમુદ્રણ થાય તેમાં બિલકુલ સંમત ન થતા. તેઓશ્રી જણાવતા કે શ્રીજીમહારાજ, બાપાશ્રી તથા સદ્‌ગુરુઓની વાણીમાં બધાની વાણીનો આપોઆપ સમાવેશ થઈ જ જાય છે. માટે બીજી વાણીનું રેકોર્ડિંગ શા માટે કરવું? પછી સર્વ હરિભક્તોના અતિ પ્રેમ ને આગ્રહને વશ થઈ પ્રવચનોનું રેકોર્ડિંગ થતું હોય તો તેમાં વાંધો લેતા નહિ.

સભાને અંતે સમાપન વક્તવ્ય પૂજ્યશ્રી નારાયણભાઈનું રહેતું. તેમાં તેઓશ્રી સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન, સર્વોપરી ઉપાસના, અનાદિમુક્તની દિવ્ય સ્થિતિ, ધર્મ-ભક્તિ, જ્ઞાન-ધ્યાન, કાર્ય-કારણ સત્સંગ વગેરે અનેક ગહન વિષયો ઉપર સભામાં બેઠેલા સંત-હરિભક્તોને સરળતાથી સમજાય એવી પ્રભાવક ને પ્રાસાદિકી શૈલીમાં પ્રવચનો આપતા. તે પ્રવચનોના ધ્વનિમુદ્રણના આધારે આ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. બોલવાની ઢબ અને લેખનની ઢબ જુદી પડે તે સ્વાભાવિક છે. એટલે કેટલીક વાક્યરચનાઓ વ્યાકરણ મુજબ સુધારવામાં આવી છે, જે વાંચકવૃંદની સરળતા માટે અનિવાર્ય બાબત છે. સભાને અનુરૂપ અમુક ઔપચારિક અને વ્યાવહારિક વાતો પણ પ્રવચનોમાં કરવી પડતી હોય છે. એટલે તેવી વાતો ન લેતાં તેમાંથી જીવનઉપયોગી સાર અંશોરૂપે લઈ લેવામાં આવ્યો છે. રહસ્ય જ્ઞાનને લગતી વાતોનો યથાવત્ સમાવેશ કરવામાં આવ્યો છે.

આવી અદ્‌ભુત વાણીને 'અમૃત સરિતા' શીર્ષક હેઠળ

અક્ષરદેહ આપી આ સંસ્થાના રજત જયંતી પર્વના ઉપલક્ષે પ્રકાશિત કરવામાં આવેલ. જેને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડતાં ઉત્તરોત્તર તેની તૃતીય આવૃત્તિ રજુ કરતાં ગૌરવ અને હર્ષ અનુભવાય છે. વાચકવૃંદ તેનો મહદ્ લાભ ઉઠાવી પોતાના જીવનને પ્રભુપ્રાપ્તિરૂપ સર્વોત્કૃષ્ટ ધ્યેયરૂપે કંડારવા પ્રયત્નશીલ રહી પ્રભુ પ્રસન્નતાના અધિકારી બની રહે એવી પરમ કૃપાળુ પરમાત્મા તથા સદ્‌ગુરુવર્યને અંતરની પ્રાર્થના!

સં. ૨૦૬૯, મહા સુદ છઠ — **પ્રકાશન સમિતિ**
ઈ. સ. ૨૦૧૩, ૧૬ ફેબ્રુઆરી — **શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

# અમૃત સંહિતા–૧

## ૧

આજે શ્રીજીમહારાજે આ સંત-મુક્તો દ્વારા પોતે ખૂબ સરસ વાત કરી દીધી. મને પણ શબ્દે-શબ્દે આનંદ થતો હતો કે મહારાજે આ વાત કરાવી. એમાં ઘણા બધા રહસ્યો સમાયેલા હતા. એ રહસ્યોની સમજ બધાને આવી ગઈ. આજની આ બધી છેવટની વાતો હતી. એ વાતો જીવમાં વાગોળીએ તો આનંદ જ આવતો જાય. આપણને મહારાજે મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ આપ્યા એ અદ્ધરથી ઝીલીએ તો પાત્રતા જલદી આવી જાય. વાર જ ન લાગે એ જ વખતે આવી જાય, પણ એ અદ્ધરથી ઝીલાતા નથી અંદર થોડો સંદેહ રહે છે કે આમ બનશે કે નહિ? એ ભાવ ન આવે તો પાત્રતા આવી જાય. અને એ ભાવ આવે, અદ્ધરથી ઝીલાય એ જ વખતે દેહભાવ છૂટી જાય.

બાપાશ્રીએ કહ્યું કે પહેલાં અમે કરીએ છીએ અને પછી બોલીએ છીએ. તમારા ચૈતન્યને મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો. તો પહેલાં મુક્ત કરી દીધા અને પછી મૂર્તિમાં રાખી દીધા. કેવડી મોટી વાત થઈ ગઈ! આ વાત કરીને મૂર્તિના સુખના આશીર્વાદ આપ્યા ત્યારે જેને સંદેહ ન થયો તેનું કામ થઈ ગયું, પણ કેટલાકને એમ થયું કે આપણા તો જરાય દોષ ટળ્યા નથી, મુક્ત તો થયા નથી અને બાપાએ કહ્યું તમને મુક્ત કરીને મૂર્તિમાં રાખી દીધા? તો જેને સંદેહ થયો એ મુક્તદશાને ન પામ્યા. એટલે ભગવાનની વાણીમાં ભગવાનના વચનો અદ્ધરથી

ઝીલવા, અને મૂર્તિમાં રહીને ઝીલવા. પુરુષોત્તમના કર્ણે કરીને ઝીલવા, સાંભળીને ઝીલવા, પુરુષોત્તમરૂપ થઈને ઝીલવા. હવે પુરુષોત્તમની દૃષ્ટિએ ઝીલવાનું આવું બધું તો એકદમ ક્યાંથી આવડી જાય? તો એ સમજણમાં એટલું જ રાખવાનું કે નિઃસંદેહ. ઊંડે-ઊંડે પણ સંદેહ ન થવો જોઈએ કે ભલે મારામાં બધા દોષો રહ્યા, ભલે મારામાં કલ્યાણકારી ગુણો નથી આવ્યા, પણ મને, મારા ચૈતન્યને મૂર્તિમાં રાખી દીધો એ વાત તો બરાબર? એ વચનો દેહભાવ રહિત થઈને ઝીલવા, નિઃસંદેહ થઈ ઝીલવા. એનો અર્થ એ થયો કે મન, બુદ્ધિ, ઇંદ્રિયો, અંતઃકરણ એ બધું દેહભાવમાં છે. ચૈતન્યને એ બધા વળગેલા છે. હવે બાપાએ ચૈતન્યને પકડીને પોતાની સત્તાએ કરીને એને મુક્ત કરી નાંખ્યો. અને એ ચૈતન્યને મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો. એ વખતે એ ચૈતન્ય મુક્ત થયા પછી દોષ તો જતા રહ્યા, પરંતુ દોષ ગયા પછી પણ પોતાને વધુ પાત્ર થવું પડે છે. એ મૂર્તિનું સુખ જીરવવા માટે. જેણે નિઃસંદેહ ઝીલી લીધા સંશય કોઈ દિવસ થાય જ નહિ, તો વાત પતી જાય. એ દોષો જે છે ને તેની સામે લડાઈ ચાલે એ કોણ કરાવે છે? મહારાજ પોતે કરાવે છે. જેથી ધીમે-ધીમે બળિયો થતો જાય, પાત્ર થતો જાય, પણ એને તો કદીયે સંશય નથી થતો કે હું મૂર્તિમાં નથી. આમ બહુ જ ઝીણવટથી વાત સમજવા જેવી છે. અને અનુભવ થયા પછી તો ખબર જ પડે છે કે વાત તદ્દન સત્ય છે. દેહભાવ ટળાવી નાંખે અને ચૈતન્યને મૂર્તિમાં મુક્ત કરીને રાખ્યો છે એનો અનુભવ કરાવી દે. જીરવી શકે એવો કરે

ત્યારે નિઃસંદેહ થાય. જો સંશય થાય તો એટલી ખોટ આવે, તો એટલી કાચપ રહી જાય. એમ હાથ ઝાલ્યો કીધોને એટલે હાથ પકડ્યો છોડે નહિ.

એમ નિઃસંશય થઈને, મહારાજની મૂર્તિરૂપ થઈને મહારાજની આજ્ઞાનું ખૂબ પાલન કરતાં-કરતાં જીવનયાત્રા પૂરી કરી નાંખે. ભલે છતી દેહે સુખ આવે કે ન આવે. એ સુખ જીરવાય તો પાત્ર કરે. નિઃસંશય થાય એટલે ચૈતન્ય પાત્ર થતો જાય છે. અને આ બધા દોષો છે તે બહારના શિંગડા જેવા છે. પ્રયત્ન કરે એટલે ખરી પડે. એટલે એ દોષો તો બહારના શિંગડા જેવા હોય એટલે (હાથના ઈશારાથી કહે છે.) આમ કરીને ખંખેરી નાંખે, પણ અંદર જે શિંગડા રહી ગયા ને, ઉપરથી તો ગયા, પરંતુ અંદર જે રહી ગયા એ ખરવા કઠણ. તો એ જે રહી ગયા તે શું? આ સંશય. કારણ કે વાંચી-વાંચીને જ્ઞાન એટલું બધું ભેગું કર્યું હોયને આમાં આમ કીધું છે ને આમાં આમ કીધું છે બરોબર! એ જ્ઞાન ધ્યાનમાં રાખીને બીજા આગળ બતાવવા જાય. એટલે એ શિંગડા જે અંદર છે એ ખરતા નથી. સંશય જો જતો રહે તો આ...હા... હા... અંદર મજા આવે.

ત્યારે નિઃસંશય થઈ ઝીલે તો સમજણથી પામે. કારણ કે પુરુષોત્તમરૂપ થઈને ઝીલે તો વાત જ જુદી થઈ જાય. એ જ વખતે મહારાજનું સુખ આવવા માંડે, પણ એ વખતે મહારાજનું સુખ ન આવે તો પાત્રતા ઓછી છે. મહારાજ ધીમે-ધીમે ચૈતન્યને પાત્ર કરતા જાય છે. એ રીતે જે શબ્દો નિઃસંશય જો ઝીલે તો અદ્ધરથી ઝીલ્યા

કહેવાય. સંશય કોઈ દિવસ ન થાય. સ્વપ્નમાં પણ ન થાય. અનેક શાસ્ત્રો વાંચે તો પણ સંશય ન થાય. ભગવાનની વાણી બરાબર તપાસે. સ્વદાસભાઈએ કહ્યું ને કે પેલા મણિલાલભાઈ પારેખ બહુ વિદ્વાન હતા. જીનીયસ એટલે ખૂબ તેજસ્વી બુદ્ધિવાળા, ઘણીબધી બુદ્ધિ, બુદ્ધિયોગ કહેવાય. એમનો બુદ્ધિઆંક બહુ ઊંચો હતો. એણે ખાસ શાસ્ત્રનો અભ્યાસ પણ કરેલો. વિચાર પણ ખૂબ કરેલો. એમને પણ એમના જીવન સંધ્યાના કાળે એટલું થઈ ગયું કે સ્વામિનારાયણ ભગવાનનું તત્ત્વજ્ઞાન અને સ્વામિનારાયણ ભગવાન એ સત્ય વસ્તુ છે. સત્ય સ્વરૂપ પરમાત્મા જો કોઈ હોય તો એ ભગવાન સ્વામિનારાયણ છે. એમ એમણે આ વાત સ્વદાસભાઈને કરી હતી. આ વાત ગમે-તેવા વિદ્વાન હોય એને પણ ટચ કરે. કારણ કે આ મણિલાલભાઈ પારેખ એ બહુ પ્રસિદ્ધ અને વિશ્વાસપાત્ર ગણાતા વિદ્વાન બોલી ગયા છે. એ વાત આપણે બીજાને પણ કહી શકીએ.

એ વાતના આધારે બાપાએ પણ એમ કહ્યું, “અમને બીજું ન આવડે. અમને મૂર્તિમાં મૂકતાં આવડે.” હવે મૂર્તિમાં મૂકતાં કોને આવડે? જેના નર ભેળા નારાયણ બિરાજતા હોય, એવા સમર્થ અનાદિમુક્ત હોય, એ આ કામ કરી શકે મૂર્તિમાં મૂકવાનું. ગાદી ઉપર બેસારવા હોય કે કોઈ ખુરશી ઉપર બેસારવા હોય ત્યારે એનો લાયક જે કોઈ વ્યક્તિ હોય એ કરી શકે આ અશક્ય નથી, પરંતુ મૂર્તિમાં મૂકવાની વાત તો અશક્ય છે. એ તો જેના હૃદયમાં સાક્ષાત્ નારાયણ, પુરુષોત્તમ નારાયણ બિરાજતા

હોય એ જ આ કામ કરે. એના અનાદિમાં બિરાજતા પુરુષોત્તમ નારાયણ આ સભામાં પણ છે. એ મહારાજની મૂર્તિમાં સમાવી લે ત્યારે સુખની અવધિ ન રહે. બાપાશ્રીએ કહ્યું, "ખોટું કહેતા હોઈએ તો પૂછો આ ધણીને." એવું કોઈ કહેનારો નીકળે?

બાપાશ્રી કહે, "જા...વ તમારા ચૈતન્યને મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યા. તો મૂર્તિમાં રહે એ અનાદિમુક્ત કહેવાય. તો અનાદિમુક્તની પદવી ઉપર બેસાડી દીધા એ કાંઈ થોડી વાત! એ તો મનુષ્યરૂપે જ્યારે પ્રગટ પધારે, ત્યારે આવા કામ કરી નાંખે. ત્યાર પછી ઓટ આવે. તેમની ઇચ્છાથી ઓટ પણ આવે. એ પણ તેઓ જ કરે. ભરતી પછી ઓટ આવે. મહારાજના સંકલ્પથી બાપાશ્રી સાથે થોડી દિવ્ય મુક્તોની સેના પધારી અને સુખની રેલમ-છેલ બોલાવી દીધી. એમાં આપણે બધા આવી ગયા. એ ખંપાળીમાં. એ આપણા મોટા ભાગ્ય. કાંઈ નહોતું આપણામાં. ત્યારે બધું મૂકી દીધું અને પૈસાની, હીરા-માણેકની કૂંચી દઈ દીધી કે જાવ તમે ભગવાનની મૂર્તિમાં. તો હવે મૂર્તિના સુખમાં મૂકી અને આપણને અલૌકિક ધનાઢ્ય બનાવી દીધા. એને ધન શું હિસાબમાં! આ ધનાઢ્ય પાસે. બીજાઓને આ લોકના ધનની કિંમત. અનાદિમુક્તને તો મૂર્તિરૂપી સુખના ધનની કિંમત. તો એ પૈસાનો શું હિસાબ? ત્યારે આજની બધી વાતો કેટલી સરસ છે.

એક બીજી વાત મણિભાઈ બાપુજીની એક વિશિષ્ટતા એ જોવા મળી કે જ્યારે એમણે દેહત્યાગ કર્યો એ પહેલાં

ખૂબ હસ્યા. ખડખડાટ હસ્યા. એક પાંચ સેકંડ હસ્યા હશે. આ કેવડી મોટી વાત કહેવાય. ખડખડાટ હસીને દેહોત્સવ કરી દીધો. હવે ખડખડાટ હસ્યા કોણ? અરે મહારાજની દિવ્ય મૂર્તિમાંથી નકરા ધોધ છૂટી પડ્યા, એટલે એ સુખના ધોધનો આનંદ આ દેહના મુખારવિંદ દ્વારા વ્યક્ત કર્યો. અને મહારાજે આપણને ખાતરી કરાવી કે જુઓ મૂર્તિમાં રાખી હું તને ખૂબ સુખ આપીશ. સૌથી વિશેષ વાત એ શિખવાની કે એમણે બાપાની સેવા કરી એની ફળશ્રુતિ કેવી જોવા મળે છે. તો એમની જેમ આપણે પણ નિર્વિકલ્પ થઈ અને આશીર્વાદ ઝીલવા. હવે એકવાર એ આશીર્વાદ ઝીલ્યા પછી મહારાજની આજ્ઞાઓનું પાલન બરાબર કરવું. બાપા કહે છે, “આજ્ઞાઓનું પાલન એ તો સાંસા ગોટીલા કરવા જેવું છે.” (છોકરાએ મહારાજને પપૈયું ધરાવ્યું હતું એ વાતના સંદર્ભમાં) પપૈયું અર્પણ કરેને એ પપૈયાનું ફળ એટલું છે. બાપાશ્રી અને શ્રીજીમહારાજની આજ્ઞાઓમાં રહેવું. આજ્ઞાઓ તો સહેજે પાળવી પડે. એ પાળીએ તો જ આનંદ આવે. આજ્ઞા ન પાળીએ તો જીવાય જ ક્યાંથી? એ તો જીવનનું અંગ છે. એના વગર તો ચાલે જ નહિ. એ તો રોજ સુખરૂપ વાનગી જમવા જેવું છે. એવો આજ્ઞા પાળવામાં આનંદ છે. માટે મહારાજની આજ્ઞાનું પાલન કરીએ. આજ્ઞાનું પાલન કરીએ તો મહારાજ પોતે પણ કરાવે. કારણ એને નિઃસંદેહ કીધો છે.

એક બીજી વાત આપણને બરાબર રહેવા માટેની. આપણને એમના આશીર્વાદ મળ્યા તો આપણે પણ ઘણા

મોટા સુકૃત કર્યાં હશે. બાપાએ અને મોટામુક્તોએ એમ કહ્યું કે તમને તો પૃથ્વી ઉપર કોઈને ન મળ્યું હોય એટલી બધી પ્રસિદ્ધિ, એટલું બધું માન-સન્માન મળી ચૂક્યું છે. એવું ભોગવીને તમે આવ્યા છો. હવે શું બાકી છે? એટલે એક વસ્તુ હંમેશાં યાદ રાખવાની કે આ લોકના માન-સન્માન, પ્રસિદ્ધિ એ તુચ્છ જેવા છે. આપણને હવે એમાં કોઈ વાતનો રસ પડે નહિ. કોઈ દિવસ એવી લીલા ન કરવી. પ્રસિદ્ધિ, યશ, કીર્તિ એની ઝંખના - પ્રશંસાના રાગ ટાળવા. જ્યાં સુધી મહારાજની મૂર્તિના સુખનો અખંડ અનુભવ ન થાય, ત્યાં સુધી આ વસ્તુ ખાસ ધ્યાનમાં રાખવી. એ રાગ આપણને બીજે ઢસડી જાય. મહારાજની મૂર્તિ પણ ભૂલાવી દે. અને કોઈવાર આ જે રહસ્યાર્થ છે એમાંય શંકા જાગે. બરોબર? એમ સમજવાનું છે કે, આ લોકનો આઈનસ્ટાઈન નામનો મહાન વૈજ્ઞાનિક એને ઘણા સર્ટિફિકેટ મળ્યા હતા. તો એણે એમ કહ્યું કે આ કાગળિયા શું કરવાના છે? બાળી નાખવાના છે. તો એણે દીવાસળી મૂકીને હોળી કરી નાખી. અને બીજા બધાય તો મઢાવીને મૂકે. આ લોકનું અજ્ઞાન. આઈનસ્ટાઈનને એના સર્ટિફિકેટની કિંમત ન થઈ. તો આપણને આ લોકના માન-સન્માન અને પ્રસિદ્ધિની શું કિંમત? મહારાજના અનાદિમુક્તની પદવી મળ્યા પછી કાંઈ એમ થાય કે ભારતનો વડાપ્રધાન બનું? કે એમ થાય કે ન્યાયાધીશ કે મોટો બની જાઉં? એ બધું તુચ્છ લાગે. આઈનસ્ટાઈનને જેમ આ બધું તુચ્છ લાગ્યું ને આ શું કાગળિયાને કરવાનું? કાગળિયા એને અપૂર્ણ લાગ્યા. એમ

આપણને પણ એવી પદવી મળી છે કે બીજી કોઈ વસ્તુ નજરમાં આવે નહિ. નહિતર બાપાશ્રીએ એમ કહ્યું છે કે, અંદર જો રાગ પેસી જાય તો મૂર્તિનું સુખ છતી દેહે આવવામાં વિલંબ થઈ જાય. અત્યારે વૈજ્ઞાનિક ઢબે આંકડાઓ, સ્ટેટેસ્ટીક્સ બહાર પડ્યા છે કે ભગવાનના દર્શન થયા હોય તેને બાદ કરીને કોઈ એવો નથી કે જેને થોડામાં થોડો પણ પ્રસિદ્ધિનો રાગ ન હોય. એ રાગ જન્મ-મરણ કરાવે છે. આપણને તો બાપાએ કહી દીધું કે તમને શ્રીજીમહારાજની મૂર્તિરૂપી પદવી ઉપર બેસાડી દીધા છે. હવે તમારે બીજામાં રાગ રહે ક્યાંથી? હોવા કેમ જોઈએ? તો મહારાજની મૂર્તિના સુખમાં મસ્ત થઈ જાવ.

ભગવાનના એક સારા મુક્તે મને પ્રશ્ન કર્યો કે, મહાનુભાવાનંદ સ્વામીના પાર્ષદ હતા. પાર્ષદ એટલે ધોળા કપડામાં સેવકો. એનો એક પ્રસંગ મને કહેલો. એક વખત સ્વામી પાર્ષદને કહે, "નોંધી લે." તો કહે, "શું નોંધી લઉં?" ત્યારે કહે, "અમે આ ગામના આ હરિભક્તના ઘરેથીને (પત્ની) ધામમાં મૂકી દીધા. ટાઈમ લખી લે. આમ કરી નાખ." ત્યારે પાર્ષદ કહે, "ઊભા થવાની પહોંચ નથી ને આમ ધામમાં મૂકી દીધા. આ તમારી બડબડાટ મૂકોને છાના-માના." પછી સ્વામી કહે, "નોંધી તો લે." પરાણે નોંધાવ્યું એટલે લખ્યું. બે-ત્રણ દિવસ પછી પેલા હરિભક્ત આવ્યા સ્વામી પાસે. સ્વામીને કહે, "અમારે ઘરેથીને તમે સ્વામિનારાયણ ભગવાનને લઈને પ્રત્યક્ષ દર્શન આપીને તેડી ગયા. આખા ઘરને તેવા દર્શન

થયા. એટલે હું રસોઈ આપવા આવ્યો છું." પછી સ્વામી કહે, "પેલા ધોળા કપડાંવાળા પાર્ષદ દર્શન કરે છે ને એને બોલાવી લાવ. પછી કહે જો દેખ, પૂછી જો આમને. પેલું કાગળિયું કાઢ." પછી બધું જોયું તો એ પ્રમાણે જ હતું. પાર્ષદ કહે, "અત્યારે અવરભાવમાં ઉઠવાની પહોંચ નથી, અમને શું ખબર પડે કે તમે આવાં કામ કરો છો?"

અહીં હવે હું બીજું કહેવા માગું છું કે જે હરિભક્તે મને આ પ્રસંગ કહ્યોને એણે એમ કહ્યું કે, "સ્વામીએ કેમ આત્મશ્લાઘા કરી? એ કહેવાની ક્યાં જરૂર હતી. અને પોતાનો મહિમા વધારવા આટલું બધું શું કામ કર્યું? આવડા મોટા સંતમૂર્તિ હતા. એમને તો ગોપાળાનંદ સ્વામીએ પણ વખાણ્યા હતા. એમણે એમના શિષ્યોને પણ ઘણીવાર એવી વાત કરેલી. ત્યારે આવા મોટા સંતને પણ રાગ થયોને?" મેં કહ્યું, "ભાઈ, રાગ હોય તો મૂર્તિનું સુખ ક્યાંથી આવે?" ત્યારે કહે, "તમારી વાત બરાબર છે. રાગ હોય તો મૂર્તિનું સુખ ન આવે." મેં કહ્યું, "સ્વામી તો સુખિયા હતા બરાબર? તેઓ મૂર્તિના સુખે સુખિયા હતા. એનો અર્થ એ છે કે, મહારાજ અંદર રહીને બોલ્યા. બોલનાર કોણ હતા? મહારાજ. તો મહારાજે પોતાની આત્મશ્લાઘા કરી. એક ભગવાનને જ પોતાની આત્મશ્લાઘા કરવાનો અધિકાર છે. બીજા કોઈને નહિ. શા માટે? કારણ કે એ પૂર્ણ છે. મહારાજ કહે છે કે મારા પ્રશંસાગાન જો તમે નહિ કરો તો મારી સાથે તમને એકતા કેવી રીતે થાય? ગાન કરવા તો એક શ્રીહરિના જ કરવા. બીજાના નહિ. એ પ્રશંસાનો રાગ

સ્વામીને નહોતો. એ તો પૂર્ણ પુરુષોત્તમ ભગવાન એમનામાં રહીને બોલ્યા. કારણ કે એમના શિષ્યોને બહુ જોઈએ એવો મહિમા નહોતો. આશીર્વાદ આપે એને ઘરકી બાત થઈ જાય. એટલે ન સમજાય. આથી આવું બધું ભગવાન સ્વામિનારાયણે કર્યું. સ્વામીને પ્રસિદ્ધિનો રાગ હોય જ નહિ. બાપાએ ન કહ્યું, અમારો કોક દિ ખપ પડશે. જો જૂઠું બોલતા હોઈએ તો પૂછો આ ધણીને? તો એ પ્રશંસા ન થઈ? સર્વશ્રેષ્ઠ પ્રશંસા થઈ, પણ એ પ્રશંસા કોણે કરી? ભગવાન સ્વામિનારાયણે કરી. તો જેમનામાં રહીને ભગવાન આવી પ્રશંસા કરે એ આત્મશ્લાઘા કરી શકે. જ્યાં સુધી આ રીતે ભગવાન કર્તા-હર્તા ન બને, ત્યાં સુધી દેહભાવને આપણે સમજણથી ફેંકી દેવો, જેથી છતે દેહે મૂર્તિના સુખનો અનુભવ થાય.

(હવે મામા પોતાને મિષે વાત કરે છે.) છતે દેહે મૂર્તિના સુખનો અનુભવ થાય અને એવી સ્થિતિ થઈ જાય ત્યારે કંઈ પણ બોલવાનું મન નથી થતું. બધી વાતો જાણે હું મારા મનથી જ વાગોળું છું એવું જ લાગે. મને કાંઈ ખબર ન પડે કે આ વાત હું તમને કહું છું કે બીજી સભામાં કહું છું. એ બધી વાતો હું જ મારે માટે વાગોળતો હોઉં એવું લાગે છે. મને એ પ્રશ્ન કોઈએ પૂછેલો કે તમે એકાંતવાસમાં જ કેમ રહો છો? કેમ કોઈને મુલાકાત આપતા નથી? એ વિચાર ઘણાને આવ્યા કરે. આ પ્રશ્નનો ઉત્તર એટલા માટે કરું છું કે હવે એવું લાગે છે કે એકાંતવાસ મારા અંગને માફક આવે છે. કે થોડીઘણી કાચપ હોય તો એ નિર્મૂળ કરી નાખવા માટે

એકાંતવાસ મારા અંગને અનુકૂળ પડે છે. (પોતે પૂર્ણ હોવા છતાં આ વાત પોતાને મિષે બીજાના બોધ માટે કરે છે.) હરિભક્તોના દર્શન તો મને પ્રાણથી પણ વહાલા છે. દેહે કરીને કોઈ મને મળે એ માફક આવતું નથી, ખલેલ પડે છે. મારી પાસે જે બે-ત્રણ છોકરાઓ છે ને એ આવે-જાય એનું મારે ધ્યાન રાખવું પડતું નથી. એ તો કામ કરી ચાલ્યા જાય, પણ બહારના કોઈ આવે તેનું આતિથ્ય કરવું પડે, તેની સાથે બોલવું પડે, બાહ્યવૃત્તિ કરવી પડે, બહારવૃત્તિ કાઢવી પડે ત્યારે એમને સંતોષ થાય. એ હરિભક્ત એમ કહે કે, મારે તો માત્ર દર્શન જ કરવા છે એમ કહેવડાવે. મને એમ થાય કે દર્શન? એક સેકંડની મુલાકાત અને અર્ધી કલાકની મુલાકાત મારે માટે સરખી જ છે. તો હવે દેહે કરીને કોઈ જ ન મળે. અંતર્વૃત્તિએ તો બધાયના દર્શન કરી નાખું. એટલે મારા અંગને એકાંતવાસ મહારાજ રાખે છે. માટે કોઈ હરિભક્તે મને મળવાનો આગ્રહ ન રાખવો. એક આ દિવસે મહારાજ મને અહીં સભામાં લઈ આવે છે. તો જ્યારે અહીં આવો ત્યારે આ મહારાજની મૂર્તિના દર્શન કરવા. આ દર્શનથી કોઈ દર્શન વિશેષ નથી. મારા દર્શન હું પણ માંડ-માંડ ભૂલી ગયો છું ત્યાં વળી મારા દર્શન કરવાની ક્યાં જરૂર છે? હું પણ માંડ-માંડ એમની ઇચ્છાથી ભૂલ્યો છું.

આ મહારાજના દર્શનથી કોઈ દર્શન વિશેષ નથી. એ દર્શનમાં સર્વ દર્શન આવી જાય એવી સમજણ રાખવી અને એવું કરી નાખવું કે જાણે નારાયણભાઈ છે જ નહિ. તો શું વાંધો આવે? મુકેશ પરદેશ જાય અને એ કોઈને

ખબર ન પડે તો કોઈ ધોખો કરે? મારે માટે પણ એવું કરી દેવું. અવરભાવની દૃષ્ટિએ સંપૂર્ણ એકાંત, પરંતુ પરભાવની દૃષ્ટિએ તો એકલવાયું કે એકાંતપણું બિલકુલ છે જ નહિ. મુક્તો મૂર્તિમાં નિમગ્ન હોય ત્યાં ક્યાં એકલવાયા જેવો સવાલ જ રહે છે? પણ આ દેહથી હમણાં કાંઈ ગમતું નથી. મહારાજે એવું અંગ બનાવી દીધું છે. માટે કોઈએ મળવાનો આગ્રહ ન રાખવો. ન કોઈ બોલાવે કે ન કાંઈ. જ્યારે કોઈ મળવા આવે ત્યારે એને ખૂબ રાજી કરી દઉં. કોઈને એમ લાગે કે આ છોકરાઓ જ નથી આવવા દેતા. ભાઈએ તો ખૂબ આનંદ આપ્યો. પરંતુ એ તો માત્ર એવો દેખાવ કરું છું, પણ મને મળે એ ગમે નહિ. આ તો મારું અંગ કહું છું હોં. ભગવાનના ભક્તો આવે-જાય માટે એક સંપૂર્ણ એકાંતવાસ મળી શકતો નથી, મળે તો બહુ જ મજા આવે. છતાં પણ કેટલાંક કામો કરવા માટે મહારાજની મૂર્તિમાંથી બહિર્વૃત્તિ કરવી પડે. હવે એક સ્થિતિ એવી કરે ભગવાન કે અંતર્વૃત્તિ અને બહિર્વૃત્તિ બંને સાથે-સાથે થાય. અને ક્યારેક અંતર્વૃત્તિ થાય ત્યારે બહિર્દૃષ્ટિ દૂર થઈ જાય છે. પછી એ અંતર્વૃત્તિમાંથી મૂર્તિ સિવાય વૃત્તિ બહાર કાઢીએ ત્યારે એ બહિર્વૃત્તિ અને અંતર્વૃત્તિ બંને સાથે રહીને કામ ચાલે. એમાં મજા ન આવે. પછી એક સ્થિતિ એવી થાય કે તે ધ્યાન વગરની થઈ જાય. ધ્યાન વગર એટલે? આંખો મીંચવી કે આંખો ઉઘાડવી એ બંને સરખું. આંખો મીંચીએ એટલે ધ્યાન થાય છે એમ નહિ સમજવાનું. આંખો ખૂલી રાખે એટલે ધ્યાન નથી એનો

એવો અર્થ નથી. કોઈ આંખો મીંચીને ધ્યાન કરે એટલે તેને ધ્યાની કહેવાય એમ નથી. મૂર્તિમાં રહે એ ખરું ધ્યાન. ધ્યાન વગરનું ધ્યાન એમ ગોપાળાનંદ સ્વામી કહેતા. (એટલે ધ્યાનનો પ્રયત્ન ન કરવો પડે.) જેને અંતર્વૃત્તિ ને બહિર્વૃત્તિ કરવાની જરૂર જ નથી એને ભગવાન પોતે કામ કરતા બને છે. પછી સવાલ રહેતો નથી.

એ ધ્યાન વગરની સ્થિતિ એટલે મૂર્તિમાં રહીને સુખ ભોગવે અને કામ પરમાત્મા કરે. ભગવાન (મુક્ત દ્વારા) જુદી-જુદી પ્રકૃતિ અને જુદા-જુદા અંગ શિક્ષા અર્થે બતાવતા હોય છે. એ ઉપયોગી પણ છે. એકાંતવાસથી કૉન્સનટ્રેશન ખૂબ સરસ થાય છે, જો ડીસ્ટરબન્સ ન થાય તો. એ રીતે એને જ્યાં સુધી પાત્રતા ન થાય, ત્યાં સુધી ભગવાનની પ્રસન્નતાના સાધન જે ધર્મ-નિયમ-કથા-વાર્તા એ બધું કરવું પડે. મંદિરે પણ જવું પડે. એમ થવું જોઈએ. ન થાય તો ન ચાલે, જવું જ પડે મંદિરે. પહેલાં તો હું કોઈ દિવસ મંદિર ન જાઉં તો જમતો નહિ. મંદિરે ન જાઉં તો તે દિવસે નહિ જમવાનું. આ બાપા મળ્યા ને મોટા મળ્યા પછી ધીમે-ધીમે નીજ મંદિર જેવું થઈ ગયું. પછી તો અંતર્વૃત્તિએ બધા દર્શન થઈ જાય. તો બીજાની શિક્ષા અર્થે ચાલી-ચાલીને જવું? સંકલ્પ થઈ જાય બધાયને, પણ થઈ જાય તો હું શું કરું? મને આ ગમતું નથી તે કેવી રીતે પડ્યું મૂકું? મંદિરમાંય વિક્ષેપ થાય. ધમા-ધમ ચાલતી હોય. બરોબર? કોઈ હરિભક્ત ન હોય તો કોઈ આપણને ન બોલાવે. તો ઠીક છે, પરંતુ જઈએ ત્યારે

કેટલાય ભેગા થાય એટલે મૂર્તિના સુખમાં વિક્ષેપ થાય માટે નથી જતો. બાકી અંતર્વૃત્તિએ મંદિર બરાબર જાઉં છું. બીજા તો સરખું જતા ય ન હોય, મહારાજના દર્શન પણ સરખા ન કરતા હોય. આમ-તેમ કરી, ગમે-તેમ દંડવત્ કરી ને મારી મૂકે. એ કરતાં અંતર્વૃત્તિએ સરસ દર્શન કરીએ એ વિશેષ નહિ? બરાબર? હંમેશાં બધી બાબતનો મારો વાદ ન લેવો. મંદિરે તો જવું. નહિ તો શુષ્ક થઈ જવાય ન જઈએ તો. બધા ધર્મ-નિયમ-કીર્તન ન કરીએ તો શુષ્ક થઈ જવાય. માટે એ બરાબર કરવા.

મારું અંગ લેવા જેવું નહિ. હા, આ ખરું કહું છું. મારું અંતર્વૃત્તિનું અંગ મહારાજે રાખ્યું તો શું થાય? જેને જેમ થવું હોય એમ થાય. કોઈકને સંકલ્પ થાય ને કોઈકને ન પણ થાય. મહારાજ આમ કરે તો શું થાય? એટલે હું કદાચ મળું ન મળું કોઈએ આગ્રહ ન રાખવો. કોઈવાર કોઈ ખૂબ ભાવ બતાવે ત્યારે કોઈકને કહું કે સારું આવીશ. શું કરે? ખૂબ ભાવ બતાવે. આવજો ને આવજો કહે એટલે કહું સારું આવીશ. પછી કહે, “તમે વચન આપ્યું હતું ને કેમ પાળ્યું નહિ?” હું કહું, “હું આવ્યો હતો અંતર્વૃત્તિએ. આવ્યા વગર રહું જ નહિ. મેં કહ્યું હોય અને ન આવું એવું કેમ બને. દેહ માંદો પડે તો ન જાય, પરંતુ અંતર્વૃત્તિએ આવવામાં ક્યાં મંદવાડ આડો આવે? ચોક્કસ જવાય. એ રીતે અંતર્વૃત્તિએ જવામાં એક પણ વચન લોપાતું નથી. વચન આપી દીધા પછી દેહે કરીને જવાય તો જ વચન પાળ્યું કહેવાય? એ અપવાદ છે. એ આખી સમજણ-તત્ત્વજ્ઞાન સમજવાની જરૂર છે એટલે

કહી હોં? કહેવાનો મારો ભાવાર્થ એટલો જ કે છેલ્લા એકાદ-બે વર્ષથી ભગવાને મારા અંગને એકાંતવાસ રાખ્યો છે. હવે ક્યાં સુધી રાખશે એ નક્કી નહિ. નહિ રાખે તો તમારી વચ્ચે આખો દહાડો છું જ ને? બરાબર.

આ એક દિવસ તમારા બધાયના દર્શન કરવા આવું છું, સંતોષ થઈ જાય છે તો બધાય રાજી રહેજો. અહીં મહારાજના દર્શન કરી સમજી લેવું કે બધું કામ મહારાજ કરી દેશે. માટે હું બોલું તો જ સરખું થઈ જાય એવો તર્ક છોડો. બરોબર? એવું નથી હોતું. જ્યારે દર્શન કરો ત્યારે બધું મહારાજ કરે છે એવો, એથી અનેક ગણો ભાવ આ મૂર્તિમાં રાખવાનો. આ હૉલ છે એ ધ્યાનખંડ છે તો કોઈ-કોઈ વાર આમ નીકળ્યા હો તો ય આવી અને મહારાજની મૂર્તિનું ધ્યાન ન થાય? થાય. ધ્યાન તો એકાંતમાં કરાય. હવે અવસ્થા થઈ. મૂર્તિમાં સરખું જોડાવાય એટલા માટે એકાંત ખૂબ આવશ્યક છે એવું મને પોતાને લાગે છે. એકાંતવાસથી પોતાનાથી અંદરની આત્મખોજ થાય. ખૂણે-ખાંચરે કોઈ કચરો નથી રહ્યોને? એ એકાંતવાસથી જ જોવા મળે છે. આ રીત કોઈને અનુકૂળ આવે તો વાત જુદી. ન અનુકૂળ આવે તો ન લેવું બરોબર. બધા વચ્ચે ભજન થાય એ સમાસકારી વાત છે, એમ જ કરવું.

આજે આ દિવ્ય સભામાં સ્વામિનારાયણ ભગવાને આપણને સૌને ખૂબ આવકારી કૃપાવર્ષા કરી અને કૃપાવર્ષા વરસાવ્યા જ કરે છે. સભાનો એ પ્રતાપ છે. મહારાજ કહે, આ સત્સંગસભા થાય ત્યારે હું પૂર્ણ

સ્વરૂપે ખૂબ લાભ આપું છું. દિલથી કૃપાવર્ષા કરું છું. માટે આવી સત્સંગસભા હોય ત્યારે ખાસ હાજર થઈ જવાનો આગ્રહ રાખવો. તો સભામાં ભગવાન એવી કૃપા વરસાવે છે. અન્યથા નહિ. સત્સંગમાં આપણે ભેગા થવાનો આ લાભ છે. સમુહ પ્રાર્થના પણ ઘણી શક્તિશાળી છે. સમુહમાં ભગવાન જે રાજી થાય એ વાત અલૌકિક છે. તો સત્સંગસભા ગુમાવવી નહિ.

(ત્યાર બાદ એક હરિભક્ત ભૂત વિષે પૂછતાં તેમને સમજાવતાં વાત કરે છે.)

સારંગપુરમાં ગોપાળાનંદ સ્વામીએ હનુમાનજી પધરાવેલા કે જેથી બીજા કોઈ સંતોને ભૂત કાઢવાની ઉપાધી ન રહે. એટલે ગામ સારંગપુરમાં હનુમાનજીની મૂર્તિ પધરાવી અને પોતે તેમાં સામર્થ્ય મૂક્યું. એ હનુમાનજી ભૂત કાઢવાનું કામ કરે છે. તેમાં ગોપાળાનંદ સ્વામીની દિવ્ય શક્તિ કાર્ય કરે છે. એવી જ રીતે છત્રીએ અબજીબાપાશ્રીએ હનુમાનજી પધરાવ્યા અને કહ્યું, આ હનુમાનજી ભૂતની ઉપાધી દૂર કરશે. એટલે ત્યાં પણ હનુમાનજી અબજીબાપાની સંકલ્પશક્તિથી કામ કરે છે ને ભૂત નીકળી જાય છે. હવે મને પોતાને એમ લાગે છે કે ભૂતનો ઉપદ્રવ અશુદ્ધ જગ્યાએ હંમેશાં રહે. ભૂત દેહમાં પ્રવેશ કરે તો અશુદ્ધિ છે. અશુદ્ધિ હોય ત્યાં જ એ રહે. એ અશુદ્ધિ ચાલી જાય તો ભૂત દેહમાં રહી શકે નહિ. એ તો નરકનો કીડો છે. નરકના કીડાને નરકમાં જ ગમે. જો બહાર કાઢે તો મરી જાય. આપણે બરાબર શુદ્ધ થઈ જવું એટલે ભૂત આપોઆપ નીકળી જાય. ભૂત કાઢવાનો આ

સરસ રસ્તો છે. અને એમ કરવાથી પાછું ઉત્તમ ભક્ત થવાય. મહારાજની આજ્ઞાઓ બરાબર પાળવી. વસ્તુ શુદ્ધ કરીને મહારાજને ધરાવવી. અંતર્વૃત્તિએ ધરાવીને પછી જમવું બરાબર? મહારાજની પ્રસાદીનું પાણી પીવું. અને મહારાજના જનમંગલના પાઠ કરવા. એ જનમંગલ એ સ્તોત્ર છે. એ સ્તોત્રમાં શતાનંદમુનિએ મહારાજની ઇચ્છાથી શક્તિ મૂકી છે કે આ જનમંગલથી ભૂત-પ્રેતાદિકને ખૂબ તાપ લાગશે અને ભાગવા લાગશે. માટે જનમંગલના પાઠ કરવા. સૌથી સારો રસ્તો એ કે પોતે આજ્ઞા પાળી અને શુદ્ધ થઈ જવું. મહારાજનું પ્રસાદીનું પાણી પીવું, ભગવાનને ધરાવ્યા વગરની કોઈ વસ્તુ મોઢામાં મૂકવી નહિ. મોઢામાં મૂકતાં પહેલાં અંતર્વૃત્તિએ ધરાવવાનું ભૂલવું નહિ. કારણ કે કેટલીક વાર મૂર્તિમાંથી ચિત્રામણનો ભાવ મટતો નથી. એટલે ધરાવવાની બાબત યાંત્રિક થઈ જાય. બ્રહ્મરૂપ થઈ ધરાવે એટલે મૂર્તિ સાથે એકતા થાય.

અક્ષરધામની મૂર્તિ ચૈતન્યમાં દેખાય એ કઈ મૂર્તિ છે? અક્ષરધામની. અક્ષરધામની મૂર્તિ અને ચિત્રમૂર્તિમાં પ્રતિમારૂપે સાક્ષાત્ બિરાજતા ભગવાન એ બેયની એકતા છે. એટલે અંતર્વૃત્તિએ ભગવાનને ધરાવીને જમવું એટલે ભૂત શેનું રહે? ભાગી જ જાય. રહે જ નહિ. આ દેહમાં રહેવા જેવું નથી. એને જ્યાં મજા પડે ત્યાં રહે, જ્યાં મજા ન પડે ત્યાં ન રહે. રહી જ ન શકે. ભાગવા જ માંડે. એટલે ભગવાનના ભક્તને સૌથી સારો માર્ગ એ છે. જો ભૂત પ્રવેશ કરે કે ભૂતની બીક લાગે તો સમજવું કે કાચપ છે. નહિ તો નિર્ભય નહિ? મહારાજની મૂર્તિમાં

રહેલા મુક્તને વળી બીક શું? આખું જીવન આમ કરવું છે એવું હોય કોઈ દિવસ? આપણે મહારાજના મુક્તોએ મહારાજની આજ્ઞાઓ બરોબર પાળવી. એ એવી સહેલી છે કે જેમાં કાંઈ મહેનત પડે એવું નથી. એક આજ્ઞા તો બતાવો જેમાં કાંઈ મહેનત પડે? બધું આપણા હાથમાં છે. એક ગોળ મોટો પથ્થર હોય મોટી બધી શીલા, એ આપણે ઊંચકી શકીએ? ન ઊંચકી શકીએ. એ શક્ય નથી. પરંતુ ક્રોધ ન કરવો એ આપણા હાથમાં. ખરું કે નહિ? નથી કરવો. ક્રોધ કરીએ છીએ માટે ક્રોધ થાય છે. હવે જુઓ બહારનું ન ખાવું હાથની વાત. નથી ખાવું. ચોરી ન કરવી તો હાથની વાત નહિ? એમાં ક્યાં પચીસ મણનો પથ્થર ઉપાડવાનો હતો? કોઈ જાતની ચોરી નથી કરવી.

બ્રહ્મચર્ય વ્રત રાખવું. ગૃહસ્થાશ્રમીને ગૃહસ્થાશ્રમનો ધર્મ પાળવાનો અને ત્યાગીને ત્યાગીનો ધર્મ, નિષ્કામ વ્રત પાળવાના એમાં ક્યાં મહેનત છે? વટલવું નહિ અને વટલાવવું નહિ. દારૂ, માટી, ચોરી, અવેરી આ ચારનો જે ત્યાગ ન કરે એવાને અડીએ તો વટલાઈ જઈએ. અને આપણે એવા હોઈએ તો આપણને અડનારો વટલાઈ જાય. દારૂ પીવો છોડે નહિ, માંસ છોડે નહિ, ચોરી કરે, વ્યભિચારનો ત્યાગ કરે નહિ. આ બધું વર્જ્ય છે. એવાને અડે એ વટલાઈ જાય. અને પોતે બીજાને અડે તો એને વટલાવે. તો વટલવું નહિ અને વટલાવવું નહિ. આ ભગવાનના પંચશીલ કીધા. આ પંચ વર્તમાન આખા બ્રહ્માંડમાં જો પાળે તો જગતમાં કોઈ પોલીસ કે કાંઈ

રાખવી જ ન પડે. બધો ખર્ચ બચી જાય. બધા મોટરમાં ફરે તો ય વાંધો ન આવે. લહેર કરે લહેર, આ પંચ વર્તમાન આખા જગતને લાગુ પડે છે. માટે આ વિશ્વધર્મ છે. આ પંચ વર્તમાન પાળે તો જગતમાં એકેય જગ્યાએ દુઃખ ન રહે. ભગવાન સ્વામિનારાયણ વરદાન આપે છે કે, મારા આ પંચ વર્તમાન પાળે તો આખા જગતમાં દુઃખ ન આવે. રહે ખરું? માટે આ વિશ્વધર્મ છે નહિ કે મારો. દરેક જણ પાળી શકે. અમુક જણ જ પાળે એવું નથી. કોઈ પણ આ પાંચ વસ્તુ પાળે એ સ્વામિનારાયણ ભગવાનનો. ન પાળે એ સ્વામિનારાયણ ભગવાનનો નહિ.

હું શિક્ષક તરીકે કામ કરતો હતો ત્યાં એક સિંધી સેક્રેટરી હતા. એ મને કહે, “નારાયણભાઈ, તમે અમારો ધર્મ પાળો છો?” મેં કહ્યું, “હું એ કાંઈ ન સમજું. હું એટલું સમજું કે તમે ૫૦ ટકા સ્વામિનારાયણના છો. તમેય સ્વામિનારાયણ અને હું પણ સ્વામિનારાયણ.” ત્યારે કહે, “કઈ રીતે?” મેં કહ્યું, “તમે દારૂ પીવો છો? સિંધી છો છતાં માંસ ખાવ છો?” તો કહે, “ના.” મેં કહ્યું, “નિશાળમાં પ્રામાણિક છો? ચોરી કરો છો? નથી કરતા. બ્રહ્મચર્ય સારી રીતે પાળો છો કે નહિ?” તો કહે, “હા... હા ખરેખર પાળું છું.” મેં કહ્યું, “તો તમે સ્વામિનારાયણના. ભગવાનના પંચશીલ પાળે એ સ્વામિનારાયણના કહેવાય.” તો ઘણીવાર એ કહેતા, “હું પણ સ્વામિનારાયણનો છું.” દરેક જણ જે આ પંચ વર્તમાન પાળે એ સ્વામિનારાયણના કહેવાય. ત્યારે

સ્વામિનારાયણના કહેવા માટે તો આખું વિશ્વ લાયક છે. વિશ્વને આ વાત સમજાવવી જોઈએ. કે ભાઈ, સ્વામિનારાયણના બન્યા વગર તો કોઈને ચાલવાનું જ નથી. મનુષ્ય તરીકે જન્મેલા કોઈ પણ મનુષ્યને સ્વામિનારાયણના બન્યા વગર ચાલવાનું નથી. વાત બરોબર છે ને? તો ભૂતને કાઢવાનો આ માર્ગ. તમારી બહેનને કહેવું કે, શુદ્ધ થઈને ભગવાનની મૂર્તિને ધરાવીને જમવું. ભૂત ભાગી જાય કે નહિ. શું કામ જ્યાં-ત્યાં જવું પડે? ભલે ભૂત રહે. બહેનને કહો તમારે જ તમારું ભૂત કાઢવાનું છે. કોઈની પાસે ન જવું. ભૂત એની મેળે જ ભાગી જશે. એમાં નબળા ન રહેવું. સારંગપુર જવું, હનુમાનજી પાસે બેસવું એ માથાકુટ કરવી એ કરતાં એ ભૂતને આપણે જ ન કાઢીએ. માટે તમારી બહેનને કહેવું. તારે જ તારું ભૂત કાઢી નાખવું, ભગાડી મૂકવું. કહેજો હોં. બળ રાખવાનું. ભલે થોડીવાર ભૂત રહ્યું બીજું શું થવાનું? શુદ્ધ થશે એટલે એની મેળે ભાગી જશે. ઊભું પણ નહિ રહે. ઊલટો કદાચ એનો મોક્ષ પણ થઈ જાય. હવે ચાલો મોડું થશે. રાજી રહેજો.

જય સ્વામિનારાયણ.

## સારાંશ

મહારાજે આપેલા આશીર્વાદ નિઃસંદેહ થઈ ઝીલીએ તો પાત્રતા જલદી આવી જાય. દોષો રહ્યા હોવા છતાં પણ આશીર્વાદમાં જરા પણ સંદેહ થવો જોઈએ નહિ. પાત્રતા ન આવે ત્યાં સુધી પ્રસન્નતાના સાધનો કથા-

વાર્તા, ધર્મ-નિયમ એ બધું જ કરવું પડે. મોટા કરે એમ ન કરતાં મોટા કહે તેમ કરવું. મોટાની ક્રિયાઓ જોઈ તેમનો વાદ ન લેવાય. તેઓ તો પૂર્ણકામ છે અને આપણે પાત્રતા આવવાની પણ બાકી છે. ધ્યાન સિદ્ધ કરવા, મહારાજની મૂર્તિ મેળવવા એકાંત જરૂરી છે.

અનાદિમુક્ત જીવને મૂર્તિમાં મૂકવાનું કામ કરી શકે, પરંતુ તેમના વચનમાં સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ રાખે તો તેઓ જીવને પાત્ર કરે છે. મોટા અનાદિમુક્તની સેવાની ફળશ્રુતિ મહારાજની મૂર્તિનું સુખ છે. પાત્ર થવા મહારાજની આજ્ઞાઓનું યથાર્થ પાલન કરવું જોઈએ. એ આજ્ઞાઓ ખૂબ સરળ અને પૂર્ણ છે. ભગવાનના પંચ વર્તમાન પાળે એને દુઃખ ન આવે.

આ લોકના માન-સન્માન-પ્રસિદ્ધિના રાગ ટાળવા એ રાગ મૂર્તિ ભૂલાવી દે. મહારાજે અને મુક્તે અનાદિમુક્ત થયાના આશીર્વાદ આપ્યા. આપણને અનાદિમુક્તની પદવી મળ્યા પછી આવી તુચ્છ વસ્તુની ઝંખના ન રાખવી. એ પ્રસિદ્ધિના રાગ જન્મ-મરણ કરાવે છે.

અનાદિમુક્તના દેહભાવ જોઈ તેમની સામર્થીને વિશે સંદેહ ન કરવો. અખંડ મૂર્તિના સુખભોક્તા એવા અનાદિમુક્તમાં રહીને મહારાજ તેમની પ્રશંસા કરે છે. એ વખતે સંકલ્પ કરવા મંડી ન જવું કે કેમ હશે? મૂર્તિમાં અખંડ નિમગ્ન રહેનારને આ લોકના વ્યવહાર જે લોકોને મળવું, વાતો કરવી વગેરેમાં જરા પણ રુચી હોતી નથી. તેમને તો એ મૂર્તિના સુખરૂપી સથવારો જ જોઈએ છીએ.

ફક્ત આંખો મીંચી બેસવું તે ધ્યાન નથી. અંતરમાં

મૂર્તિ દેખાય એ ખરું ધ્યાન. એ માટે આંખો બંધ હોય કે ખુલ્લી ફેર પડતો નથી. મૂળ વાત છે અંતરમાં મૂર્તિ દેખાવી.

સત્સંગમાં સભા હોય એ વખતે સમૂહમાં પ્રાર્થનાનો વધુ લાભ છે. સભામાં ભગવાન વિશેષ રાજીપો જણાવે છે. માટે સત્સંગસભામાં અવશ્ય આવવું જોઈએ.

## ૨

શ્રીજીમહારાજ, પરમ કૃપાળુ બાપાશ્રી, સદ્‌ગુરુશ્રીઓ, બ્રહ્મનિષ્ઠ સંતો તથા હરિભક્તોની આ દિવ્ય સભાને કોટાનકોટી દંડવત્ પ્રણામ સહ દિવ્ય શ્રદ્ધાંજલિ અર્પી કૃતાર્થતા અનુભવું છું. (કોઈક સંતને માટે દિવ્ય શ્રદ્ધાંજલિ અર્પવાનું કહે છે.) હવે આપણા પ. પૂ. સદ્‌ગુરુવર્ય શ્રી હરિજીવનદાસજી સ્વામી આશીર્વચન આપણને સૌને આપશે. સ્વામી ઘણીવાર એવા દર પ્રસંગે આપણને એમ યાદ આપે છે, આશીર્વાદ આપે છે કે આશીર્વાદમાં જ બેઠા છીએ અને આશીર્વાદ તો મળી ચૂકેલા છે. હવે શું બાકી રહ્યું?

આ અવરભાવની દૃષ્ટિએ પણ દરરોજ પ્રાતઃકાળે સ્નાન કરવું પડે છે ને તેમાં કોઈ કંટાળતું નથી. કોઈ એમ નથી કહેતું કે અમે ઘણા વર્ષ સુધી સ્નાન કર્યું હવે શું આખો દહાડો સ્નાન કર્યા કરવું? એવું અવરભાવમાં ય કોઈને નથી થતું. મહારાજના દિવ્ય સુખમાં મુક્તો સુખ લેતા તૃપ્તિ પામતા નથી. એમ આશીર્વાદરૂપી સુખરૂપ ગંગામાં વારંવાર સ્નાન કરવાનું મળે, તો તૃપ્તિ થાય ખરી? તો એમના મુખ થકી આપણે આશીર્વાદ વચનો દર સભામાં સાંભળીએ તો અધિક અધિક આનંદ આવે છે. એમાં કોઈ શંકા મને લાગતી નથી. મારી વાત સાચી છે ને? (સભા) હા...

(પછી કોઈક હરિભક્તના મંદવાડની દવાખાનામાં ઉપચાર થવાની વાત કરે છે.)

મહારાજ (દવાખાનામાં પણ) પ્રગટ થઈને દર્શન આપીને પોતાના દિવ્ય સુખનો અનુભવ કરાવી દે છે. માટે કોઈ દિવસ દવાખાનું ને એવું બધું માનવું નહિ. સૂગ ન રાખવી. સૂગ એ તો દેહભાવ છે. ત્યાં જઈએ ને દવાખાનું દેખાય તો બાહ્યવૃત્તિ થઈ કે નહિ? બાહ્યવૃત્તિ સદંતર કાઢી નાખીએ તો એવું ન લાગે કે આપણે અક્ષરધામ સિવાય બીજે છીએ. જ્યાં જઈએ ત્યાં અક્ષરધામ. બધાનું સારું થાય ને? ભલે થાય. આપણે દેહભાવ લાવવો નહિ. આપણે મહારાજના દિવ્યસ્વરૂપમાં છીએ જ એવું અનુસંધાન, એવી અખંડ સ્મૃતિ, તેલધારા વત્ વૃત્તિ થવી જોઈએ ને? અને એવી રીતે કોઈ દહાડો મહારાજ કોઈને લઈ જાય, કોઈક ભગવાનના ભક્તનો દવાખાનામાં દેહ પડે તો એ વખતે જો સંકલ્પ થઈ જાય તો એ ખોટું છે. એમ વિચાર ન કરવો કે એનો દેહ દવાખાનામાં પડ્યો શી ખબર શું હશે એનું? અરે ભાઈ! દવાખાનામાં મહારાજ અને મુક્ત એને તેડવા આવ્યા તો દવાખાનું પાવન થઈ ગયું. અને એમાં શું એનું ગયું? ઊલટું સારું થયું કે કેટલાયનું સારું કરીને પોતે ધામમાં ગયા ને? ભગવાન જ્યાં પધારે ત્યાં બધાયને સારું કર્યું. એ તો કેવો સરસ દેહોત્સવ કહેવાય? જરાય ખોટું નથી. મને તો નથી લાગતું. ભગવાન ને મુક્ત પધારે, બધાયનું કલ્યાણ કરતાં કરતાં મહારાજ લઈ જાય એ તો સારું ને?

મહારાજ એટલા માટે લઈ જાય છે કે અહીંયા (દવાખાનામાં) માનવ સેવા થાય છે. ત્યાંના આ ડૉક્ટરો અને આ તબીબી કાર્યકરોને લાભ કેવી રીતે મળે? તો એટલા માટે લઈ જાય છે, પરાણે લઈ જાય છે. આપણી ઇચ્છા ન હોય તો ય.

આપણે શું કામ ઠરાવ રાખવો? મહારાજ જ્યાં આગળ લઈ જાય ત્યાં જઈએ. સિદ્ધાંત એક, મૂર્તિમાં રહેવું. મૂર્તિ ક્ષણભર ભૂલવી નહિ. બધે આનંદ હોય પછી સૂગ રહે ખરી? દેહભાવમાં સૂગ છે. અંતર્વૃત્તિમાં સૂગ કે એવું કાંઈ જ નથી, ત્યાં તો અખંડ આનંદ. એટલે આ હરિગંગાબેન એકાંતમાં ધામમાં ગયા ત્યારે મહારાજ ને મુક્ત એમને તેડી ગયા. એ તો મહામુક્ત હતા. અને આખું દવાખાનું પાવન થઈ ગયું. હું તો ખરેખર એમના આ દેહોત્સર્ગને ધન્યવાદ અર્પું છું કે મહારાજ તમે કેટલી દયા કરી. આ બહેન કેટલી ભાગ્યશાળી? તો આપણે જરૂર પ્રાર્થના કરીએ કે મહારાજ એમને અધિક અધિક મૂર્તિનું સુખ આપે અને એમના કુટુંબમાં બધાને મહારાજની મૂર્તિનો આનંદ ને શાંતિ મળે. એક ભાઈ હતા. એમના ઘરેથીને (પત્નીને) એવી નિષ્ઠા છે. મહારાજ કહે, આજ્ઞા-ઉપાસનાથી મને રાજી કરે છે. એમનો હથેવાળો મારી સાથે થઈ જ ચૂક્યો છે, તેમને એ વિધુરે ય નથી થતો અને વિધવા ય નથી થતા. એ તો જે ભગવાનના ધામમાં જતા ન હોય, ભગવાન ભજતા ન હોય એ વિધુર કે વિધવા થાય. એને અનેક પ્રકારની માથાકૂટ. બાકી ભગવાનની મૂર્તિમાં રહેલા મુક્તોએ આ

સમજણ રાખવી કે એવા મુક્તો કોઈ દહાડો વિધુરે ય થતા નથી, વિધવા ય થતા નથી ને ભૂમાનંદ સ્વામીની જેમ અખંડ સોહાગી થવાના. પછી તો તે બહેન (જેમના પતિ ધામમાં ગયેલા તે) નાચવા મંડી ગયા. હું તો એવી અખંડ સોહાગી થઈને કે વાત જ મૂકી દો. ભગવાન મારા પતિ વાહ, વાહ, વાહ. એ સમજણ કેવી સરસ! મહારાજે જો આવું પ્રકરણ રાખ્યું હોય ને તો વિચાર થાય ને? ભગવાને પોતે સમજાવ્યું કે આવા પ્રસંગનું રહસ્ય તો ભગવાન ને ભગવાનના સત્પુરુષ થકી જ જાણ્યામાં આવે છે.

સહજાનંદ સ્વામી મહારાજની જય... બાપાશ્રીની જય...

## સારાંશ

અવરભાવમાં જેમ રોજની દૈનિક ક્રિયાથી કોઈ કંટાળતું નથી તેમ મુક્ત મહારાજના દિવ્ય સુખમાં સુખ લેતા તૃપ્તિ પામતા નથી. બાહ્યવૃત્તિ સદંતર કાઢી નાંખીએ તો એવું ન લાગે કે આપણે અક્ષરધામ સિવાય બીજે છીએ. જ્યાં જઈએ ત્યાં અક્ષરધામ.

દવાખાનું કે એવી કોઈ જાતની સૂગ ન રાખવી. દેહભાવમાં સુગ છે. અંતર્વૃત્તિમાં સૂગ કે એવું કાંઈ જ નથી. ત્યાં તો અખંડ આનંદ છે. દવાખાનામાં દેહ પડે ત્યારે ભગવાન મુક્તને લેવા દવાખાનામાં પધારે તો ત્યાં રહેલા દર્દીઓ, ડૉક્ટરો બધાને લાભ મળે. કારણ, ત્યાં સેવાનું કાર્ય થાય છે. એટલે ઘણી વખત મહારાજ

મુક્તને પરાણે દવાખાનામાં લઈ જઈ ધામમાં તેડી જાય છે. એ વખતે એમાં જરા પણ સંકલ્પ કરવો નહિ.

જેને ભગવાન જેવા ધણી મળ્યા હોય એ ક્યારેય વિધવા કે વિધુર થતા જ નથી.

## ૩

મહારાજની મૂર્તિની જ વાતો થતી હોયને તે કારણ સત્સંગ. અને જ્યાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આદિકની વાતો થતી હોય અને મહારાજની મૂર્તિનું મુખ્યપણું ન આવે તો એટલી ખામી કહેવાય. સત્સંગ ખરો, પણ મહારાજની મૂર્તિની વાતો અંદર ના આવે તો એ કારણ સત્સંગ મટીને કાર્ય સત્સંગ થઈ જાય. બરાબર? કાર્ય સત્સંગમાં બહારથી આનંદ ખૂબ આવે; પણ એ કાર્ય ચાલતું હોય ત્યાં સુધી આનંદ આવે. પણ કાર્ય પૂરું થાય પછી એનો આનંદ રહેતો નથી. ક્ષણજીવી હોય એ આનંદ. મહારાજની મૂર્તિ જો અખંડ રાખીએ તો સદાય આનંદ રહે. મહારાજની મૂર્તિમાં રહીને બધું કરવાની જે મહારાજની વાત છે એ બરોબર દૃઢ કરીને એનું લક્ષ્યાર્થ કરવું જોઈએ તો એના ઉપર મહારાજની કૃપા થાય ને એને મૂર્તિમાં રહીને કાર્ય કરવાની લટક આવડે. ત્યારે બધાને એમ થાય કે મૂર્તિમાં રહીને કેવી રીતે કાર્ય થતું હશે? આપણા ચૈતન્યની એકતા મૂર્તિ સાથે બરાબર થવી જોઈએ. જ્યાં જોઈએ ત્યાં એક મૂર્તિ જ દેખાય. તેમ કરતાં કરતાં મૂર્તિમય થઈ જવાય. મૂર્તિ આકારે દૃષ્ટિ થાય એટલે આ લોકનું ન દેખાય, મૂર્તિ જ દેખાય. પછી એમ થતાં થતાં મૂર્તિ આકારે વૃત્તિ છે એ મૂર્તિમય થઈ જાય. એટલે નખથી શિખા ચૈતન્ય મહારાજની મૂર્તિ સાથે એકમેક થઈ જાય. એટલે મૂર્તિનું સુખ ખૂબ આવે. તે

સાધન આ કારણ સત્સંગમાં રહેવાથી આવે. બીજા સાધનો છે તે બધાં પ્રસન્નતાનાં સાધનો એ તો કરવાં જોઈએ, પણ આ મૂર્તિની પ્રાપ્તિ અને મૂર્તિ સાથે એકતા એ વાત જબરી છે અને જુદી છે. તે તો ત્યારે જ થાય કે જ્યારે ભગવાન સ્વામિનારાયણની કૃપા ઊતરે. એ કૃપા ઝીલવા માટે હંમેશાં તૈયાર રહેવું. ધૈર્ય રાખવું, અધીરા ન થવું.

મહારાજની મૂર્તિ નખશિખાંત બરાબર અંતરમાં એટલે કે ચૈતન્યમાં ઊતારવી. અંતર એટલે અંદર. અંદર એટલે ચૈતન્યની અંદર. મહારાજની મૂર્તિ સાથે એકતા થઈ જાય એટલે આપોઆપ જ બધી એકતા થઈ જાય. મહારાજના તેજ સાથે ક્યાં એકતા કરવાની જરૂર રહી? એ આવડવું યે કઠણ. તેજ સાથે એકતા થાય તો તેજ તો નિરાકાર છે ને ચૈતન્ય પણ નિરાકાર. એમ નિરાકારે નિરાકાર સાથે એકતા થાય પછી મહારાજની મૂર્તિ દેખાય, પણ એના કરતાંય મહારાજની મૂર્તિ સાથે સીધી એકતા કરીએ તે વધારે સારું. તેજમાં એકતા થાય, પછી મહારાજની મૂર્તિ દેખાય, પછી પરમએકાંતિકની સ્થિતિમાંથી અનાદિમુક્તની સ્થિતિમાં જવું પડે એના કરતાં સીધા જ મૂર્તિને બાઝી પડીએ તો? તેજને બાઝીએ એ કરતાં સીધા જ મહારાજની મૂર્તિને બાઝીએ તો? બેયની પ્રક્રિયા અલગ અલગ. તેજ સાથે પ્રેમ કેવી રીતે થાય? થાય? ન થાય. એ તો એક માર્ગ છે, પણ એ માર્ગ લાંબો છે થોડોક. એ માર્ગે ઘણો ટાઈમ લાગે અને મૂર્તિ સાથે એકતા કરવાનો માર્ગ તો સાવ સહેલો છે. જેમ અહીંયા તમે આવ્યા તો તમારે ને મારે વાતચીત થાયને? એ જ

રીતે મૂર્તિ સાથે એકતા થઈ જાય તો બધીય ગરબડ અને બીજી ખટપટ મટી જાય. બરાબર? અને ભગવાન સાથે એકતા થાય તો ભગવાનને વહાલ થાયને? વહાલા લાગેને ભગવાન? એની મૂર્તિ સાથે એકતા કરવાથી, એમની સાથે જોડાવાથી એ હસે, કહે, આશીર્વાદ આપે એ બધું થાયને? એ ક્યારે થાય? એક મૂર્તિ સાથે લગની થાય ત્યારે.

પછી યોગમાર્ગ... ને ભક્તિમાર્ગ ને... એ બધા માર્ગો છે, પણ એ બધા લાં...બા માર્ગ છે. કેટલી...ય વિધિ બતાવે. આમ કરવું..., આમ કરવું... એ કરતાં કરતાં પછી કાર્યમાં ગૂંચવાઈ જવાય. બરાબર? ભક્તિ કરનારા ભક્તિ મૂકી સાધનમાં જ પડ્યા રહે. પછી એનો ગર્વ આવે કે હું ભક્તિવાળો છું. એ બધા માર્ગોમાં આ વિઘ્ન હોય છે. મૂર્તિ સાથે જોડાઈએ એટલે અહમ્ ન આવે. કારણ કે મહારાજ કર્તા થઈ જાયને? હું દાસ ને મહારાજ સ્વામી એવું વર્તે. એટલે અહમ્ભાવ જતો રહે. દેહભાવ જતો રહે. નહિતર એમ મોટાઈ આવતા હંમેશાં થોડીક ઉન્મતાઈ વધે. ઉન્મતાઈ એટલે 'હું', 'I am something' પરંતુ આપણે મનમાં ચિંતવન કરવુંઃ "હું કાંઈ નથી, મહારાજનો દાસ છું. I am nothing but the humble servant, humblest servant. Servant of the humblest servants of Lord Swaminarayan. ભગવાન સ્વામિનારાયણના દાસનો દાસ છું." એવું અખંડ વર્તે તો આનંદ આવે.

ભક્તિ કરવી એ ગુપ્ત રીતે કરવી. કોઈને ખબર જ ન પડે કે હું ભક્તિ કરું છું. મહારાજની મૂર્તિમાં જોડાઈ

જઈએ તો એમાં કોઈ શું જાણે? આપણે જ જાણીએ એકલા. ભક્તિ કરો તે બધાને ખબર પડેને? દેખાયને? ભક્તિ કરીએ તે દેખાયને? માળા ફેરવીએ, જમાડીએ, કીર્તન બોલીએ એ બધું દેખાય. પણ એ બધી જ વિધિ અંદર ચાલતી હોય તો? કોઈને ખબર પડે? ન પડે. અને દેહભાવ ત્યારે જ આવે કે જ્યારે આપણી ભક્તિ બીજા દેખે. અને બીજા દેખે એટલે આપણી પ્રશંસા કરે. પણ એ પ્રશંસા કોની થાય છે? મહારાજની ભક્તિ કરીએ છીએ તે ભક્તિની પ્રશંસા થાય છે. આપણી થતી નથી. એમ સમજણ તે વખતે રહેવી જોઈએ, પણ નથી રહેતી. જરાક ડગી જવાય છે અને ડગી જવાય એટલે પછી લપસણો માર્ગ પાછો. એટલે મહારાજની ભક્તિ કરવી તો અંદર વધુ કરવી. ગુપ્ત રીતે. કોઈને ખબર જ ન પડે કે આપણે મહારાજની મૂર્તિમાં ગૂંજન કરીએ છીએ. કોઈને ખબર પડે? દેખાવથી કાંઈ ખબર ન પડે. આપણે તો બોલવું-ચાલવું એ બધું જ મૂર્તિમાં રહીને કરવાનું. બીજા બધાય ખાય-પીવે, બોલે-ચાલે બધું જ કરે છે અને પેલો પણ એની એ ક્રિયા કરે છે, પણ એ મૂર્તિમાં રહીને કરે છે. ક્રિયા બેયની સરખી દેખાય. પણ પેલી ભગવાનનીમૂર્તિના સંબંધવાળી હશે અને આને મૂર્તિના સંબંધ વગરની હોય. પણ એ તો બીજાને ખબર ન પડે. એ રીતે અંદર વધવું. બરાબર?

અંદર વધીએ તો અવયવો ફરી જાય. તે અવયવો એટલે શું? તો પૂર્વના સ્વભાવ હોય એ બધાયનું પરિવર્તન થઈ જાય. અને સ્વભાવ દૂર થઈ જાય. દેહભાવમાં તો

અનેક દોષો હોયને? કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, ઈર્ષ્યા, તૃષ્ણા આ બધા જ દોષો છે. અંતઃશત્રુઓ. એ અંતઃશત્રુઓ આ દેહમાં છે. ત્રણ દેહ છેને? રાગ-દ્વેષ એ બધું આમાં ભરેલું છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ આ ત્રણ દેહમાં આ બધાય દોષો અને માયા બધું જ અંદર છે. એ દોષો સહિત વર્તવું એ દેહભાવે વર્ત્યા કહેવાય. એટલે દેહભાવ રહિત વર્તવું એટલે કે આ બધાયથી રહિત થવું. અને આ બધાયથી રહિત થવું હોય તો સીધેસીધું મૂર્તિમાં જોડાવાનું કરવું એટલે આ બધા ખસી જાય. મૂર્તિમાં જોડાઈએ એટલે દેહભાવનું આવરણ મટી જાય એટલે કે બધાય આવરણો ટળી જાય. આપોઆપ. એટલે અખંડ આનંદ આવે.

જ્યાં બેઠા હોઈએ ત્યાં મહારાજની મૂર્તિ લઈને બેસીએ એટલે મુક્તો તો આવે જ ને? મહારાજ આવે એટલે મુક્તો આવે અને મુક્ત હોય તો ભેગા મહારાજે ય હોય. બરાબર? જો મૂર્તિને બરાબર વળગી રહીએ તો આનંદ આવે. મૂર્તિ સાથે હોય તો જ્યાં જઈએ ત્યાં સુખિયા. ત્યાં બધી સભા ભેગી દેખાય. પછી એમ ન લાગે કે એ સભા નથી ને સત્સંગ નથી ને શું કરીશું એવા વિચાર ન આવે. આ જ્ઞાન થઈ જાય તો આનંદ આવે. જ્યાં જાવ ત્યાં સુખિયા લાગો. એમ ન લાગે કે અહીં સત્સંગ નથી. પણ જ્યાં સુધી આ સમજણ ન થાય ત્યાં સુધી એવું થયા જ કરે. આવી સમજણ રાખવી જોઈએ. કોઈ વખત સંજોગ એવા આવે કે સત્સંગનો જોગ ના રહે બાહ્ય રીતે. પણ જો અંદરનો સત્સંગ પાકો કરી લીધો

હોય તો બહારનો સત્સંગ અંદર જ દેખાય. બરાબર છે? એક મૂર્તિ આવે તો બધું અહીંયા જ છે. સ્વામિનારાયણ ભગવાનની રમણીય મૂર્તિઓમાંથી જે તમને સારું સ્વરૂપ લાગે એ અંતરમાં ઊતારવું. અંતરમાં એટલે ચૈતન્યમાં. ચૈતન્યને બરાબર એની સાથે રસબસ કરી દેવો. એટલે સદાય આનંદ આવે. આ વાત દરેકને સમજાવવી. કારણ કે જ્યાં સુધી આ વાતની સમજણ આવી ન હોય ત્યાં સુધી આનંદ આવે? આનંદ ના આવે. કાર્યનો જ આનંદ આવે. હમણાં કહ્યું હોયને કે એક ફંક્શન કે એક પ્રસંગ આપણે ઉજવવો છે, ગોઠવવો છે તો બધા કૂદી પડેને એવા! સેવાનો લાભ મળે એમ ધારીને. પણ એ બધું જ કરતાં પહેલાં મહારાજની મૂર્તિમાં જોડાઈને પછી કાર્ય શરૂ કરવું. સીધું જ કાર્ય શરૂ કરીએ તો બંધનરૂપ થાય. માટે કોઈ પણ કાર્ય શરૂ કરતાં પહેલાં મૂર્તિરૂપ થઈને પછી આગળ વધવું. અભ્યાસ કરીએ તો અભ્યાસ કરતાં પહેલાં, પુસ્તક વાંચતાં પહેલાં એક મિનિટ કે અર્ધી મિનિટ મહારાજની મૂર્તિરૂપ થઈ અને પછી કામ શરૂ કરવું.

**સારાંશ**

કાર્ય સત્સંગનો આનંદ ક્ષણજીવી છે. મૂર્તિમાં રહી કાર્ય કરવાની ટેવ પાડવાથી મહારાજ રાજી થાય, તેમની કૃપા ઊતરે એ માટે ધીરજ રાખવી અને એક મૂર્તિ રાખવી, તો બધું આવે. મહારાજના તેજ કરતાં સીધી મૂર્તિનું જ ધ્યાન કરવું. એ સરળ માર્ગ છે તેથી મૂર્તિમાં લગની લગાડવી. બીજા માર્ગોમાં અહંકાર આવી જાય છે,

જ્યારે મૂર્તિમાં પ્રીત કરવાથી એ બીક રહેતી નથી. ભગવાનની ભક્તિ ઉદ્‌ઘોષ દેખાડ્યા વગર અંદર ચિત્તમાં કરવી. બધી ક્રિયા મૂર્તિમાં રહી કરવી. એમ કરવાથી અંદર જ વધાય છે. ને અંતઃશત્રુઓ નાશ પામે છે. જ્યાં જઈએ ત્યાં મૂર્તિ સાથે રાખવી. મહારાજનું ગમતું સ્વરૂપ અંતરમાં ઊતારવું, તેનામય બની જવું. ચૈતન્યને એની સાથે રસબસ કરી દેવો. કોઈ પણ કાર્ય કરતાં પહેલાં એ મૂર્તિ સંભારવી.

# ૪

લાઈટ જતી રહી એમ બધા કહે છે. અક્ષરધામની સભા તેજોમય નથી? છેને? આપણે સૌ મહારાજની કૃપાથી તેજોમય જ છીએ ને? જેવા મહારાજ તેજોમય એવા આપણે પણ તેજોમય. આપણે અંધકાર જેવું રહ્યું જ નહિને? સૂર્યના પ્રકાશમાં બેઠો હોય એ એમ કહે કે અંધકાર છે? મહારાજની મૂર્તિમાં આપણે સ્વયં પોતે પણ મહારાજની કૃપાથી તેજોમય છીએ. પ્રકાશ જાય કે આવે. આ લોકનો પ્રકાશ ક્યાં કામનો છે? એ પ્રકાશે ય આપણા લીધે સુખમય બની જાય છે.

**સારાંશ**

મહારાજના દિવ્ય પ્રકાશ આગળ આ લોકનો પ્રકાશ કામનો નથી. તે અતિ ગૌણ છે.

# ૫

આ દિવ્ય સભાને કોટાન કોટી વંદન કરી ધન્યતા અનુભવું છું.

આજે શ્રીમુખવાણી વચનામૃત જયંતી છે અને સાથે સાથે અનાદિમુક્ત સોમચંદભાઈની પુણ્યતિથિ પણ છે. એટલે આ દિવસે આપણે મહારાજના મહામુક્તોનું પણ સાથે સ્મરણ કરીશું. ભગવાનના મહામુક્તોને યાદ કરવાથી ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ સહેજે આપણને સાંભરે છે. એટલે આજે તો આ દોઢ-બે કલાક મહારાજની મૂર્તિરૂપ થઈને, મહારાજની મૂર્તિને બે કલાકમાં સિદ્ધ કરી લઈએ તો આજનો દિવસ બરાબર ઉજવાયો કહેવાય. મહારાજ કહે મારી મૂર્તિના સંબંધ વિનાની કથા-વાર્તા, વિદ્યા ભણવી એ બધું જ નિર્બીજ છે. સબીજ ન ગણાય. ભગવાનના સંબંધવાળી બધી જ વાર્તા, કથા-વાર્તા, ઉત્સવ સમૈયા એ બધું જ ભગવાનના સંબંધવાળું હોય તો સબીજ કહેવાય, અને નિર્ગુણ કહેવાય. ત્યારે આપણી બધી જ ક્રિયા, બધી જ પ્રવૃત્તિઓ નિવૃત્તિ કર્મ અને પ્રવૃત્તિ કર્મ બધાય ભગવાનની મૂર્તિના સંબંધવાળા થવાં જોઈએ.

આજે આ વચનામૃત જયંતીનો દિન છે એ આપણા બધા ઉપર ભગવાનની કૃપા ઊતરે અને સહેજે ભગવાનની દિવ્ય મૂર્તિનો સંબંધ રહે એવું થાય એવી આજે આપણે ભગવાનને પ્રાર્થના કરીએ અને આ બધી

જ કથા-વાર્તાનો કાર્યક્રમ કરવા મળે છે અને અહીંયા તો જે બધા મુક્તો છે એ બધા જ મૂર્તિના સંબંધવાળા છે. અને આ દિવસે તો મહારાજની કૃપા આપણા પર સહેજે ખૂબ ઊતરે કારણ કે આ વચનામૃત જયંતી છે. એ દિવસનો મહિમા અગાધ છે. ત્યારે દિવસનો પણ મહિમા છે. એ આધારે કે આજે ભગવાન સ્વામિનારાયણના મુખમાંથી આ વાણી સરે છે. અને સારાય બ્રહ્માંડને પાવન કરી દીધું. આ દિવ્ય વાણીના આંદોલનો સારાય બ્રહ્માંડમાં પ્રસરે છે. એ પાત્રતા જેને થાય છે તેના ચૈતન્યમાં આ વાણીના આંદોલનો ગુંજે છે. જેમ રેડિયોની અંદર અમુક પ્રકારની વેવલેંથ હોય તો એ આંદોલનોનો સ્પર્શ થાય છે. તેમ જે-જે જીવો ભગવાન સન્મુખ વળે છે, ભગવાન સ્વામિનારાયણને ઓળખે છે, તેના ચૈતન્યમાં આ વાણીના આંદોલનો ગુંજે છે અને એને દિવ્યરૂપ કરી મૂકે છે. આપણે હવે સંગીતનો કાર્યક્રમ આગળ ચલાવીએ. આ એટલા માટે જ કહ્યું કે કેટલાક લોકોને ખબર ન હોય કે આજે વચનામૃત જયંતી છે.

મહારાજે પોતાની મૂર્તિ સિદ્ધ થવાનો સરસ ઉપાય બતાવ્યો. નેત્ર મારી મૂર્તિ સિવાય બીજું કાંઈ જ જુવે નહિ એ રીતે વૃત્તિ સ્થિર રાખવી જોઈએ. જેમ બાળક છે એ કામમાં પરોવાઈ જાય તો પછી એના નેત્રની વૃત્તિ બરોબર એમાં રહે છે. કારણ કે એની વૃત્તિઓ ફેલાયેલી નથી. એમ આપણી નેત્રની વૃત્તિ મહારાજની દિવ્ય મૂર્તિને વિશે એકાગ્રિત રાખવાની. દર્શન કરવા તો એવા કરવા કે જેથી એ મૂર્તિરૂપ થઈ જવાય. સારંગપુરના બીજા

વચનામૃતનો મુખ્ય સાર મહારાજની દિવ્ય મૂર્તિ સિદ્ધ કરવી એ છે. સિદ્ધદશા પ્રાપ્ત તો જ થાય કે મહારાજની મૂર્તિ નીરખતાં બીજું કાંઈ નજરમાં ન આવે. મનમાં પણ કોઈ વસ્તુ સ્ફૂરે નહિ. જો ભગવાનને વિશે લગની લાગી હોય. બાપાશ્રીએ એમ કહ્યું કે દિવ્ય મહિમાએ સહિત મહારાજની મૂર્તિનો મહિમા જો સમજાણો હોય તો મનની વૃત્તિ મહારાજમાં સ્થિર રહે. સારનો સાર એ કે ભગવાનની મૂર્તિમાં જો જોડાઈ જવાય તો બધું જ થઈ ગયું. કાંઈ કરવું બાકી રહેતું નથી. તો પછી મૂર્તિમાં લગની લગાડીને એમાં જ ન જોડાઈ જઈએ? શા માટે બીજું બધું કરવું જોઈએ? કથા-વાર્તા એ તો ચારો છે. એ એટલા માટે કરવો પડે છે કે જેમ દેહને દરરોજ નવડાવવો પડે જો ન નવડાવો તો વળી અશુદ્ધ થઈ જાય. એમ આ જીવનો સ્વભાવ એવો છે કે દરરોજ કથા-વાર્તા-જ્ઞાનવાર્તારૂપ ગંગામાં નવરાવવો પડે. જ્યારે એને નવરાવવો ન પડે ત્યારે એને સિદ્ધ દશા આવી કહેવાય. ત્યારે કથા-વાર્તાની જરૂર પણ ન રહે. ભગવાનમાં વૃત્તિ રહ્યા જ કરે બસ એ જ આનંદ એ જ સુખ. આવી દિવ્ય મનોહર મૂર્તિને જોઈને બીજું સંભારવાનું કેમ ગમે? કેવી મનોહર મૂર્તિ!

આ લોકમાં જુઓ બધા કાશ્મીર જાય, બાગ-બગીચામાં જાય ને બધું નવીન જુએ, ફૂલો જુએ ને એ જોઈને હરખાય. ત્યારે એ બધી સુંદર વસ્તુઓ આગળ મન બીજે જતું નથી. તેમ ભગવાનની મનોહર મૂર્તિ કે જેના સૌંદર્ય આગળ કોઈ સૌંદર્ય હિસાબમાં નથી. એવું

જ્ઞાન જો આપણને થાય તો મહારાજની મૂર્તિ વિશે લગની લાગે. બીજું રૂપ જોવું ગમે નહિ. એના જેવું રૂપ બ્રહ્માંડમાં ક્યાંય છે જ નહિ પછી ક્યાં રહ્યું? એવું એ દિવ્ય સ્વરૂપનું મનોહર રૂપ છે.

બ્રહ્માનંદ સ્વામી એ મૂર્તિના કીર્તન ગાતા હતા. ત્યારે આપ તો સૌ જાણો છો, કે એક હરિભક્તને વિચાર થયો કે બ્રહ્માનંદ સ્વામી મહારાજની મૂર્તિનું વર્ણન કરે છે તેવા મહારાજ રૂપાળા નથી. તો બ્રહ્માનંદ સ્વામી મહારાજનું આટલું બધું મનોહર રૂપ કેમ વર્ણન કરે છે? શું કારણ? કવિ છે એટલે અતિશયોક્તિ કરે છે? તો ભાઈ, આ ભક્ત તો ઘેલા જેવા, સમજે નહિ બીચારા, ભોળા. તો મહારાજને જ સીધું પૂછ્યું, "કે મહારાજ! તમે એટલા બધા રૂપાળા તો નથી જેટલા બ્રહ્માનંદ સ્વામી તમને વર્ણવે છે. મહારાજ એનું કારણ શું? બ્રહ્માનંદ સ્વામી કેમ તમને એવા વર્ણવે છે?" મહારાજ કહે, "એ તો મને પણ ખબર પડતી નથી. તમે બ્રહ્માનંદ સ્વામીને જઈને પૂછજો એ એનો ઉત્તર આપશે." ત્યારે કહે, "મહારાજ, ક્યારે જાઉં?" મહારાજ કહે, "ચાર વાગે જ્યારે માનસી પૂજા કરીને ઊઠે ત્યારે તમે સ્વામીને પૂછજો." પછી એ ભક્ત તો ઉપડ્યા ચાર વાગે. સ્વામી ધ્યાનમાં બેઠા હતા. માનસી પૂજા કરીને ઊઠ્યા પછી ભગવાનને પ્રસાદી ધરાવીને આપી અને પૂછ્યું કેમ આવ્યા ભક્તરાજ? ત્યારે કહે, "હું તો તમને એક પ્રશ્ન પૂછવા આવ્યો છું." સ્વામી કહે, "હા પૂછો." ભક્ત કહે, "મહારાજે મોકલ્યા છે." સ્વામી કહે, "એમ! મહારાજે મોકલ્યા છે? પૂછો-પૂછો એવો શું

પ્રશ્ન છે તમારો?" ભક્ત કહે, "આજે તમે મહારાજના નેણના વર્ણન કરતા હતા, મહારાજના મુખારવિંદના અને મૂર્તિનું વર્ણન કરતા હતા ત્યારે હું મહારાજની મૂર્તિ સામે જોતો હતો. મહારાજ તો એવા રૂપાળા મને લાગતા નહોતા. તો તમે એવું વર્ણન શા આધારે કર્યું?" બ્રહ્માનંદ સ્વામી હસવા લાગ્યા. પછી સ્વામીએ એમને કહ્યું, "કે ભક્તરાજ, મહારાજે તમને મારી પાસે મોકલ્યો છે એ તો બરાબર છે, પણ તમે મહારાજને જઈને જ એમ પૂછોને, કે બ્રહ્માનંદ સ્વામી જેવા તમને દેખે છે એવા હું તમને ક્યારે દેખીશ?" પછી ભક્ત મહારાજ પાસે આવ્યા. કહે, "મહારાજ, બ્રહ્માનંદ સ્વામી એમ કહે છે કે એ જેવાતમને દેખે છે એવા હું તમને ક્યારે દેખીશ એનો ઉપાય આપ બતાવો?"

મહારાજ કહે, "એવા દેખાવાને માટે તમે બ્રહ્માનંદ સ્વામીને જ પૂછો કે તમે મહારાજને જેવા દેખો છો એવા શા ઉપાયે દેખ્યા?" તો વળી પાછા ભક્તરાજ બ્રહ્માનંદ સ્વામી પાસે આવ્યા. અને મહારાજે જે કહ્યું એ જ પ્રશ્ન પાછો પૂછ્યો, "કે તમે મહારાજને કેવી રીતે દેખ્યા? તમે મને ઉપાય બતાવો." પછી બ્રહ્માનંદ સ્વામી કહે, "ભાઈ, તમે મહારાજની સેવામાં રહી જાઓ એ એનો ઉપાય છે." સારું. ત્યારે એ ગયા મહારાજ પાસે, "મહારાજ ઉપાય બતાવ્યો. તમારી સેવામાં રહી જવાનું કહ્યું." પછી પાછા પોતે જ કહે છે, "મહારાજ, તમારી સેવામાં તો મૂળજી બ્રહ્મચારી, ભગુજી બધા રહ્યા છે. મને કેવી રીતે તમારી સેવામાં રાખશો? મારે તમારી શું સેવા કરવાની?"

મહારાજ કહે, “અમારી સેવાનો તો તોટો જ નથી. તમારે સેવા કરવી છે?” તે કહે, “હા મહારાજ, સેવા કરવી છે.” મહારાજ કહે, “જાવ ત્યારે આ બધા ખાડા છે ને એ ખાડા દરરોજ સવાર-સાંજ સાફ કરવાના. કરશો?” તો કહે, “હા મહારાજ કરીશ.” “રાજી થઈને કરશો? ગમશે ને? ત્યાં તો બધી દુર્ગંધી આવે તમને ગમશે ને?” ભક્ત કહે, “મહારાજ, મને દુર્ગંધ નહિ આવે. હું તો સાફ કરીશ. દરરોજ સાફ કરીશ.” મહારાજ કહે, “કચરો પૂંજો?” તો કહે, “એ પણ કરીશ. એ થઈ જાય પછી શું કરવાનું?” મહારાજ કહે, “એ પતી જાય પછી મંદિરમાં જ્યાં-જ્યાં કચરો-પૂંજો હોય એ બધો તમારે સાફ કરવાનો ક્યાંય કચરો રહેવા નહિ દેવાનો. બધી સાફ-સૂફી કરવાની. પછી કોઈ સંતના કપડાં મેલા-ઘેલા દેખાય તો માંગી લેવા કે લાવો હું ધોઈ આપું. તમારે આ જ કાર્ય કરવાનું બીજું કાંઈ કરવાનું નહિ. આ સેવા કરવાની.” ભક્ત કહે, “ સારું મહારાજ. મહારાજ આ સેવા ક્યાં સુધી કરવાની?” મહારાજ કહે, “જ્યાં સુધી બ્રહ્માનંદ સ્વામી જેવા મને દેખે છે એવા તમે દેખો ત્યાં સુધી.” ભક્ત કહે, “હા. સારું મહારાજ.”

ભક્તની શ્રદ્ધા જબરી એટલે કાંઈ સંકલ્પ થાય નહિ. મૂઢ ભક્ત હતા. સેવામાં લાગી ગયા. દરરોજ બધા ખાડા સરસ સાફ કરે. ખાડા ચીકાશવાળા હોય તો કોઈ વાર લપસીને પડી પણ જાય. તો ઊભા થઈ પાછા ઘસવા લાગે. એમ થાય કે એવા સાફ કરું કે ચીકાશ જ ન રહે. તો સાફ કરવા પથ્થર અને નારીયેલના છોતાં બધું લઈને

બરાબર સાફ કરે. સાધુ-સંતો વાત કરે કે ખાડા કોણ સાફ કરે છે? તો કોઈએ આ ભક્તની વાત કરી. ઓ...હો બહુ સારું કહેવાય. ભક્ત ખાડા એવા સાફ રાખે કે લીલ જામે નહિ, ચીકાશ થાય નહિ. બસ સદાય એમ સેવા કરે. મહારાજે સોંપેલી બધી સેવા બરાબર કરે. બધી સેવા કરીને બાર મહિના થયા પછી મહારાજ પાસે ગયા. મહારાજને કહે, "મહારાજ, હવે તમે જેવા છો એવા સ્વરૂપના મને ક્યારે દેખાશો?" મહારાજ કહે, "એ તો મેં તમને કહ્યું જ છે. હું ભગવાન ખરો કે નહિ?" ભક્ત કહે, "હા મહારાજ. તમે ભગવાન ખરા." મહારાજ કહે, "તો મને નહિ ખબર પડતી હોય કે હું જેવો છું એવો તમને ક્યારે દેખાઉં? જાઓ ત્યારે ફરી સેવામાં લાગી જાઓ." ત્યારે ભક્ત કહે, "સારું મહારાજ."

બાર મહિના સેવા કરે ને વળી પાછા મહારાજ પાસે આવે ને પૂછે. અને વળી મહારાજ એને એ જવાબ આપે. આમ પાંચ-છ વર્ષ સુધી સેવા કરી. મહારાજ પાસે પાછા ગયા એનો એ પ્રશ્ન. મહારાજે એ જ ઉત્તર આપ્યો. પાછા ઉમંગથી કરતા ગયા કે સેવા કરતાં-કરતાં જ મહારાજ દર્શન આપશે. તો એક વખતે ખાડો ધોતા-ધોતા પગ ખસ્યો ને પડ્યા. પડ્યા એવા મૂર્છા આવી. અને મૂર્છા આવી એવા જ મહારાજના દિવ્ય દર્શન થયા. મહારાજના એવા દિવ્ય દર્શન થયા કે પછી એમ બોલ્યા કરે, ઓ...હો...હો, ઓ...હો...હો એમ જ કર્યા કરે. આપણા જેવા કોઈક ત્યાં આવ્યા ને અવાજ સાંભળ્યો કે આમ કોણ કરે છે? જોયું તો ભક્ત ખાડામાં એમ ને એમ

પડ્યા-પડ્યા બોલ્યા કરે છે. બીજાને કહ્યું પેલા ભક્ત ખાડામાં પડી ગયા છે ને વાગ્યું છે તે આ...હા...હા કરે છે ને હસે છે આમ કેમ કરે છે? ગાંડા થઈ ગયા છે કે શું? ખાડામાંથી કાઢી તેમને પૂછ્યું કે ભક્ત આમ કેમ કરો છો? તો પણ આ...હા...હા એમ જ કર્યા કરે. એમને તો મૂર્તિને જોઈને અહો! અહો! થઈ ગયું.

હવે ખબર પડી કે બ્રહ્માનંદ સ્વામી મહારાજને કેવા દેખે છે. બધા કહે પણ શું થયું? અરે બધું ઓ... હો... હો... તેઓ મહારાજના દિવ્ય સ્વરૂપે દર્શન કરતા હતા. પછી પાછા મહારાજ પાસે આવ્યા હોં. મહારાજને કહે, “મહારાજ, હવે ખબર પડી ગઈ હોં. તમે કેવા છો હોં. બ્રહ્માનંદ સ્વામીનું વર્ણન કાંઈ હિસાબમાં નથી. તેમને તમારું વર્ણન કરતાં નથી આવડતું.” મહારાજ કહે, “તો તમે કરો.” ત્યારે કહે, “શું કરું ઓ...હો...હો આ જ વર્ણન. એના સિવાય તમારી મૂર્તિનું વર્ણન થઈ શકે તેમ નથી.” એવો જવાબ એમણે આપ્યો. ઓ...હો...હો સિવાય બીજું કાંઈ બોલી શકાય નહિ. ત્યારે એમનો એ જવાબ હતો. મહારાજની મૂર્તિનું દિવ્ય દર્શન કેવું હોય, તેના વર્ણન માટેના શબ્દો આ લોકમાં ન જડે, છતાં બ્રહ્માનંદ સ્વામીએ આ લોકના શબ્દોમાં એનું વર્ણન કર્યું. નહિ તો આ ભક્તરાજની જેમ ઓ...હો...હો થાય. જે-જે મહારાજની મૂર્તિના સુખને પામ્યા, સાક્ષાત્કાર થાય એટલે આવું થાય. બસ આવી જ વાત. ભક્તરાજે કહ્યું એમ ઓ...હો...હો એ જ વર્ણન. જાણે એ માણે અને માણે એ બોલે નહિ. કારણ કે વર્ણન થઈ શકતું નથી. માટે

મહારાજે સારંગપુરના બીજા વચનામૃતમાં દિવ્ય મૂર્તિ સિદ્ધ કરવા માટે આ કહ્યું. જો આ સમજાય તો લગની લાગે કે નહિ? પેલા ભક્તને જુઓ કેટલી સેવા કરી? આખો દિવસ સેવા કરે. નહિ તો આખો દહાડો કરીને કંટાળી જ જાયને? ૬૭-૬૭ વર્ષ સુધી કામ કરે પાછા. નહિ તો એમ થાય કે મૂકો લપ મહારાજ તો ક્યારેય દર્શન દેશે? એમ જો સેવા કરતાં દેહ છૂટી જાય તો કામ પતે નહિ.

મહારાજની મૂર્તિ સિદ્ધ કરવા માટે ખૂબ ધીરજ જોઈએ. મૂર્તિ દેખાય કે ન દેખાય એની સામે જોઈ રહીને મૂર્તિ અંગોઅંગ નીરખવાની. અંગોઅંગ ચિત્તમાં ઉતારવાના. અને એ મૂર્તિ સદાકાળ આપણને દેખાય એવી રીતે મહારાજે સારંગપુરના વચનામૃતમાં એકાગ્રતા કહી. મહારાજની મૂર્તિની એવી એકાગ્રતા કરવી કે એ મૂર્તિ સિવાય બીજું કાંઈ દેખાય જ નહિ. અર્જુનને જેમ મત્સ્યની આંખ સિવાય કાંઈ દેખાણું નહિ, એમ મહારાજની મૂર્તિ સિવાય આજુ-બાજુનો કોઈ ભાગ ન દેખાવો જોઈએ. મૂર્તિ જ દેખાવી જોઈએ. મૂર્તિની આજુ-બાજુની જગ્યા પણ ન દેખાવી જોઈએ. નેત્ર નીરખતા હોઈએ ત્યારે નેત્રમાં જ વૃત્તિ ચોંટી જવી જોઈએ. એમ મહારાજના એકે-એક અંગમાં એવી વૃત્તિ ચોંટાડી દેવી કે મૂર્તિ ઘડીકમાં સિદ્ધ થઈ જાય. તો આવી સ્થિર વૃત્તિથી મહારાજની મૂર્તિનું ધ્યાન કરીએ તો મૂર્તિ સિદ્ધ થતાં વાર લાગતી નથી.

સચ્ચિદાનંદ સ્વામીએ મહારાજને પૂછ્યું, કે મહારાજ, તમારી આજ્ઞાની હદ ક્યાં સુધી? મહારાજ કહે,

"મારી આજ્ઞાની હદ મૂર્તિ ભૂલાય નહિ ત્યાં સુધી. મૂર્તિ ભૂલાય ત્યાં સુધી આજ્ઞા લોપી કહેવાય." ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ પૂછ્યું, "મહારાજ, તમારી મૂર્તિ ન ભૂલાય એનો ઉપાય ખરો?" મહારાજ કહે, "ચોવીસ કલાક નિર્વિકલ્પ થઈને જો એકે ઘાટ-સંકલ્પ વગર અમારી મૂર્તિમાં વૃત્તિ રહે તો ચોવીસ કલાકમાં અમારી મૂર્તિનો સાક્ષાત્કાર થાય." સચ્ચિદાનંદ સ્વામી તો પાત્ર હતા, એટલે એમણે તરત જ મૂર્તિમાં વૃત્તિ ચોંટાડી દીધી. હવે તો ચોવીસ કલાક થાય એ જ. ત્યાં જ એક ભક્તરાજ આવ્યા કહે, "ચાલો તમારું દળવાનું કામ તમારા માટે મહારાજે તૈયાર રાખ્યું છે, ચાલો, તમે ચાલો." તો આંખો મીંચીને મૂર્તિમાંથી વૃત્તિ ખસે નહિ પાછી હોં. મહારાજે કહ્યું ચોવીસ કલાક વૃત્તિ ખસેડવાની નહિ. માટે આંખો મીંચીને ચાલે. પેલા કહે, "શું જ્યાં-ત્યાં અથડાય છે? પડતા-આખડતા નહિ. તમે સરખા ચાલોને." એમ કહે પણ સ્વામી તો મહારાજની મૂર્તિને જોયા કરે. મૂર્તિમાંથી વૃત્તિ જરાય ખસેડે નહિ. પછી દળવા માટે ગયા. હાથમાં દાણા લઈને ઓરે તો બહાર નીકળે. તેથી પેલા ટપલા મારે કે સરખું દળતાં પણ નથી આવડતું. જોઈને નાંખને? ત્યારે કહે, "સારું, સારું." એમ કહીને દાણા નાંખે, પણ મહારાજની મૂર્તિમાંથી વૃત્તિ ખસેડે નહિ. ચોવીસ કલાક સુધી મહારાજના કહ્યા પ્રમાણે મૂર્તિમાં સ્થિર વૃત્તિ રાખીને એમણે ભગવાનના દર્શન કર્યા. જો આવી વૃત્તિ સ્થિર થઈ જાય તો એક પળમાં દર્શન થાય. વૃત્તિ સ્થિર થવા માટે પ્રસન્નતાના સાધન કરવા પડે. પ્રસન્નતાના સાધન કરતાં-

કરતાં મહારાજની મૂર્તિમાં વૃત્તિ સ્થિર થશે.

હવે આપણો કાર્યક્રમ આગળ ચલાવીએ અને મહારાજના બ્રહ્માનંદ સ્વામી તથા પ્રેમાનંદ સ્વામીના કીર્તન બોલો.

(સોમચંદ બાપા વિશે કહે છે.) એમના જીવનમાંથી ઘણું બધું રહસ્ય જાણવાનું મળશે. એમનું જીવન મહારાજની મૂર્તિરૂપ હતું. એમનું જીવન જ અધ્યાત્મ હતું. ત્યારે અહીંયા બધા એમના એક-એક પ્રસંગ કહે તો ઘણું સારું. હું એમના ઘણા જીવન પ્રસંગો જાણું છું. એક ટૂંકો પ્રસંગ બે-ત્રણ મિનિટમાં હું કહું. ત્યાર પછી તમે બધા શરૂઆત કરો. એ પ્રસંગનો દરેકને ખૂબ અનુભવ થયો હશે. હું એક પ્રસંગ કહું છું. લગભગ એમનું ૬૮ કે ૬૯મું એમનું વર્ષ ચાલતું હતું. ત્યારે જે આ બે પગ હોય એના ઢીંચણની અંદરની ઢાંકણીઓ ઘસાઈ ગઈ હતી. હવે જો વધુ ચાલે તો એમનો પગ સજ્જડ થઈ જાય. એટલે વધુ ચાલવાની ડૉક્ટરે ના પાડી. પછી તેઓ અમદાવાદ આવેલા ત્યારે એ વાત નીકળી. ત્યારે મેં તેમને કહ્યું કે હવે તમે એક જગ્યાએ બેસીને મહારાજની વાતો કરો. બધા તમારી પાસે આવશે. ત્યારે એમણે એમ કહ્યું, “કે બાપાએ મને એમ કહ્યું છે કે, મહાપથારી સુધી, મહાપથારી સુધી એટલે આ દેહ દેખાય ત્યાં સુધી, દેહ રહે ત્યાં સુધી. તારે ઘરે-ઘરે જઈને મહારાજની મૂર્તિનો મહિમા સમજાવવો. મહારાજની મૂર્તિ હૈયામાં સ્થાપી દેવી. આ તારે ઘરે-ઘરે જઈને મહાપથારી સુધી કર્યા કરવું.” તો મને એમણે એમ કહ્યું, “મારે તમારું માનવું કે બાપાનું

માનવું?" મેં કહ્યું, "મારું નહિ માનવું જોઈએ. બાપાનું માનવું જોઈએ. હું તો તમને આ પગની તકલીફ છે એટલે કહું છું." પણ કહે, "બાપા તો મહારાજની મૂર્તિરૂપ હતા, પુરુષોત્તમરૂપ વર્તતા હતા. મને આજ્ઞા કરતાં પહેલાં એમને બધી નહિ ખબર હોય કે મારું કેમ થશે?" મેં કહ્યું, "એમને તો બધી ખબર હોયને?" તો કહે, "બસ ત્યારે. જે દિવસે એમ કરશે એ દિવસે એક જગ્યાએ બેસી જઈશ. નહિ ચલાય ત્યાર પછી તો બેસવાનું જ છે, પણ એમણે કહ્યું છે એટલે એ તો કરવું પડે." એમને ૩૬૫ દિવસ ઓછા પડતા હતા. એટલા બધા ભગવાનના ભક્તો સંભારે કે દિવસમાં બે-ત્રણ ગામડાં ફરે. ચાલે પાછા. ચાલીને જ જાય. અને એક નાનો થેલો, પોટલા જેવો એમાં એક-બે ઝભ્ભા હોય. એક ઝભ્ભો પહેરેલો હોય એને ત્રણ તો થીગડાં હોય. એમના ધોતિયે પણ બે-ત્રણ થીગડાં હોય. કોઈ ધોતિયું લાવી આપે તો એમ કહે, "આ ધોતિયું ફાટશે ત્યારે લઈ જઈશ. તારા કબાટમાં સાવચી રાખ. હું માંગી લઈશ. તું તારા માટે રાખી મૂક. તને જરૂર લાગે તો તારે પહેરવાની છૂટ." આવી રીતે ઘરે-ઘરે જાય. પાછા પોતે આત્મનિવેદી ભક્ત. પોતાના હાથે રાંધીને જ જમે. ઘરમાં એક ખૂણો શોધી કાઢે. પછી એમની સગડી માંગીને એક-બે પાણીથી ધોઈ પછી વાપરે. જમવાનું શું ખબર છે? ખીચડી. ખીચડીની અંદર બટાકું કે જે કંઈ શાક આપે તે ધોઈ કરીને બધું અંદર નાખી દે અને બીજું મીઠું બસ. એ રાંધી અને જમી લે.

એમની અવસ્થા થઈ પછી બધા સોમચંદભાઈની

જગાએ સોમચંદબાપા કહેતા. ત્યારે કોઈક કહે, “બાપા, તમે કોઈક દિવસ તો શીરો જમો.” તો કહે, “આજે તો મારે તમારું માનવું જ પડશે. શીરો જ જમું, પણ મને ચોખા-મગનો શીરો રોજ ભાવે છે. પેલો શીરો મને નથી ભાવતો. એ શીરો ખાઉં તો ઊલટી થઈ જાય. ચોખા-મગનો શીરો હું સારો બનાવું છું. એટલે મને ચોખા-મગ આપો.” તો કહે, “બાપા, એ તો ખીચડી થાય.” ત્યારે પોતે કહે, “ના-ના એ તો ચોખા-મગનો શીરો કહેવાય. ખીચડી ન કહેવાય. એની અંદર બધું નાખું છું ને શાક-બાક એટલે શીરો કહેવાય. તમે જમો તો ખરા કેવો સરસ લાગે છે.” એમ કહે. કોઈક પરાણે માંગે તો થોડુંક આપે. પછી કહે, “સારો લાગે છે ને? મહારાજની પ્રસાદી તો સારી છે ને?” પેલા કહે, “હા સારો લાગે છે.” એટલે કહે, “કોઈને ખબર નથી પડતી એટલે પેલો શીરો ખાય છે. નહિતર આ ચોખા-મગનો શીરો તો સૌથી સારો કહેવાય.” જમવાનું આવું. નિઃસ્વાદિ વર્તમાન પૂરેપૂરું. બહારનું કાંઈ ખવાય નહિ. અરે દૂધ પણ ચોખ્ખું ન હોય તો નહિ જમવાના. આંચળ સાફ કર્યા હોય શુદ્ધ રીતે દોહ્યું હોય તો જ લે. લોટ પણ હાથે દળેલો હોય તો જ જમે. પોતે હાથે દળી નાંખે. ઘંટી હોય તો દળી નાંખે. નહિ તો ઘઉંને-વાટી નાંખે. ઘઉં ન મળે તો આખા મગ અને ચોખાની ખીચડી એટલું જ જમે રોજ. એમને બીજું કાંઈ જોઈએ નહિ.

એકવાર મુંબઈ ગયા તો આવું કાંઈ મળે નહિ. તો એકલા કેળાં હતાં. હું સાથે હતો. પછી કહે, “કેળાં સારા

છે આપણે અર્ધો ડઝન કેળાં જમી લઈએ એટલે પંચાત નહિ. લઈ લો." મેં કહ્યું, "રોજ અર્ધો ડઝન કેળાં તે કંઈ ખવાતાં હશે? કંઈક તો બીજું જમવું પડેને?" તો કહે, "જો હું રોજ જમું તો મને શું થાય? માંદા પડી જવાય?" મેં કહ્યું, "હા, માંદા પડી જવાય. અને પછી અશક્તિ આવે." તો કહે, "તમારે રોજ મારા મોઢા સામું જોવું. અને જો હું જરાકેય નબળો લાગું તો તમારે મને કહેવું. બરોબરને? સાજો ન લાગું, થોડો ઢીલો લાગું તો તમારે મને કહેવું." પછી દરરોજ અર્ધો ડઝન કેળાં મંગાવે. પછી એમાંથી પાસે બેઠા હોય એમને વેંચી દે. એક કેળું પોતાને ભાગે આવે. એટલે એક કેળા ઉપર આખો દિવસ ચલાવે. એક અઠવાડિયું થયું. એક દિવસ તો એક પણ કેળું ન વધ્યું. ભક્તો વધ્યા તેથી બધા વપરાઈ ગયા. પછી મને કહે, "હું મોળો લાગું છું?" મેં કહ્યું, "ના મોળા તો નથી લાગતા." તો કહે, "મોળા ન લાગીએ પછી શું કામ ચિંતા કરો છો?" પછી મને એક વાત યાદ આવી.

એક વાર નિત્યાનંદ સ્વામી ગાડામાં બેઠા. નિત્યાનંદ સ્વામીનું શરીર બહુ ભારે હોં, જગ્યા ખૂબ રોકે. આખું વિશ્વ આવરી લે એવી એ મૂર્તિ. તેઓ ગાડામાં બેઠા હતા ત્યારે એક જણો કહે, "આ સ્વામિનારાયણનો સાધુ છે ને ખાઈને કેવો પાડા જેવો થયો છે." સ્વામી એ સાંભળી ગયા. એટલે કહે, "તારો બાપ ખાઈ-ખાઈને નથી જાડો થયો. પાશેર અન્ન પણ નથી જમતો." ત્યારે પેલો કહે, "એવું શું ખાય છે કે આવો જાડો થયો છો?" સ્વામી કહે, "તને ખાવા ન મળે એવું હું જમું છું." તો કહે, "એવું તે

શું જમે છે?" સ્વામી કહે, "હું જમું છું એવું તું કદીયે જમતો નથી." પેલો કહે, "તમે જમો છો શું?" સ્વામી કહે, "હું તો બ્રહ્માનંદ જમું છું." પેલો કહે, "અરે! માળા બ્રહ્માનંદ જમે છે, પણ બ્રહ્માનંદ શું કહેવાય?" સ્વામી કહે, "એ તો મારા ભેગો રહે ત્યારે ખબર પડેને?" પછી એને એમ થયું કે સાધુ તો કોઈ યોગીપુરુષનું સ્વરૂપ લાગે છે. બ્રહ્માનંદ જમે છે. એને એમ થયું કે આના સિવાય બીજું કાંઈ જમતા હશે કે નહિ?

આ વાત મેં સોમચંદબાપાને કરી ત્યારે હસ્યા. મેં એમને કહ્યું કે, "મને હવે ખબર પડી કે તમે કેળાં સિવાય બીજું કાંઈક જમો છો ખરા!" પછી હસીને કહે, "મહારાજ એવું કરતા હોય તો ના નહિ." આમ આવો જવાબ આપે, કે મહારાજ એવું કરતા હોય તો ના નહિ. જવાબ આપવાની ટેવ પણ આવી રમૂજી. આના ઉપરથી આપણને શીખવા મળે છે કે જે ભગવાનના સુખમાં રમે છે એને સ્વાદ-બાદની કાંઈ પડી નથી. એ તો દેહના નિર્વાહ પૂરતું જ કંઈક લેતા હોય છે. બાકી મહારાજની મૂર્તિનો દિવ્ય આહાર કરતા જ હોય છે. દુઃખ માનતા જ નથી. ત્યારે આ એમનો જીવનપ્રસંગ કેટલો બધો ઊંચો છે.

(એક હરિભક્તની વાત કરી લીધા પછી એ અનુસંધાનમાં વાત કરે છે.)

એક વાર ભગવત્‌સ્વરૂપદાસજી સ્વામીએ મને એમ કહેલું, કે હર્ષ અને શોક બંને શમાવતાં શીખવું જોઈએ. એ રીતે હર્ષને પણ શમાવતાં શીખવું જોઈએ. અને એકદમ હર્ષની લાગણી થઈ જાય તે પણ શમાવતાં

શીખવું જોઈએ. કે જેથી એ વાતમાંથી બીજાને લાભ મળે. વીરમગામવાળા ડૉ. રતીભાઈ તથા ડૉ. મણિભાઈ બંને વારાફરતી સોમચંદબાપા પાસે જાય. પછી એક વખત બાપાને દાંત કાઢવા હતા. એ વખતે હું ત્યાં હાજર હતો. ડૉક્ટર પક્કડ લઈને કહે, "બાપા હાલો તમારા દાંત કાઢવા છે." ત્યારે કહે, "કાલે કાઢજોને આજે રહેવા દો." બીજે દિવસે સવારે ઊઠ્યા. ડૉક્ટરને કહે, "ઊભા રહો." પછી કહે, "પેલો ચિપિયો હાથમાં લેવો એના કરતાં આમ નીકળી જાય." એમ કહી પોતાના હાથે જ બધા દાંત ખેંચી જ કાઢ્યા. અને કહે, "લો આ. નકામો ચિપિયો વાપરવો ને હેરાન થવું." બધા જ દાંત ખેંચી નાખ્યા. મને કહે, "શું આવો ચિપિયો નાંખવો." મેં નજરે જોયું કે બધા દાંત ખેંચી-ખેંચીને બાજુએ મૂકે. બધાં જ દાંત પોતાના હાથે જ ખેંચી નાંખ્યા. એટલે આ બધા મોટા પુરુષોની વાતમાં વૈવિધ્ય હોય.

જુદા-જુદા મુક્ત જુદી-જુદી રીતે વિવિધ કાર્યો કરી બતાવતા હોય છે. એના ઉપરથી આપણને ખ્યાલ આવે છે કે એમને દેહ જેવો ભાવ જ નથી. નહિતર હાથે દાંત ખેંચી નાંખે! ત્યારે બતાવે છે કે પોતે દેહ રહિત વર્તે છે. કોઈવાર ખૂબ દેહભાવે વર્તે છે એવું મનુષ્ય ચરિત્ર પણ કરી નાંખે. એ વખતે પેલું દાંતનું ચરિત્ર યાદ કરવું. બીજું યાદ ન કરવું. નહિ તો તરત પાછો મનુષ્યભાવ આવી જાય બરોબર? એવી વાત છે. એકવાર ડબગરવાડે અમે જતા હતા. ડબગરવાડેથી મંદિર જતા હતા. હું સાથે હતો. ડબગરવાડ અર્ધો નીકળી ગયો. ત્યાં પહોંચ્યા અને

તેઓ ઊભા રહી ગયા. મને કહે, “હવે પગ અટક્યો. ‘મારી મરજી વિના કોઈથી તરણું નવ તોડાય.” આમ બોલ્યા પાછા. પછી કહે, “આંહીં પગ અટક્યો એક ડગલું નહિ મૂકાય. જાવ ત્યારે ઘોડાગાડી બોલાવી લાવો. અને ચડાવો. ઘરે કેમ પહોંચવું?” પછી મેં કહ્યું, “થોડુંક પણ નહિ ચલાય? હું પકડી રાખું તો ચલાશે?” ત્યારે કહે, “ચલાય તો હું ન ચાલું.” પછી મેં ગાડી બોલાવી, પછી કહ્યું, “બાપા, અંદર કેવી રીતે આવશો? હું તમને ઉપાડી શકીશ?” ત્યારે કહે, “પેલા ઘોડાગાડીવાળાને કહો તમારી ભેગા ભળે.” મેં ઘોડાગાડીવાળાને કહ્યું, “આમનો પગ રહી ગયો છે તું મને થોડી મદદ કર.” બીજા બે-ત્રણ જણા પણ આવી ગયા અને ઘોડાગાડીમાં અંદર બેસાડી દીધા અને ઘરે ગયા. પછી મને કહે, “પેલા ભાઈ અશુદ્ધ છે તે અડી ગયા એટલે નહાવું પડશે.” આવું કહે. પછી કહે, “ચાલો તો શુદ્ધ થઈએ.” મેં કહ્યું, “તમને કોઈ અશુદ્ધિ અડતી હશે?” ત્યારે કહે, “અશુદ્ધિ તો ન અડે પણ આ લોકો માંસ ને એવું ખાયને એટલે ભલે આપણે અશુદ્ધ નથી થતા છતાં નહાવું તો પડશે જ.” પછી ઘોડાગાડીવાળાએ નીચે ઊતાર્યા. નીચે બેઠા અને બેઠા-બેઠા જ ચોકડીમાં આવ્યા. ને ત્યાં ને ત્યાં બેસીને નાહ્યા. અને મને પાણી છાંટ્યું. મેં ના પાડી અને કહ્યું, “હું પણ નાહીશ.” ત્યારે કહે, “નાહી લો.” મેં નાહી લીધું. નાહીને એમણે માંડ-માંડ કપડાં પહેર્યાં ને પછી બેઠા. પછી કહે, “હવે બધા શેકો, તેલ લઈ કંઈક ચોળો બધા.” પછી શેક્યું ને ચોળ્યું. રાતે બાર વાગ્યા સુધી શેક્યું,

ચોળ્યું કંઈક કર્યું. પછી બીજે દિવસે સવારે ઊઠ્યા કહે, "હવે કંઈક ઠીક છે. જુઓ, 'મારી મરજી વિના કોઈથી તરણું નવ તોડાય." એવું પાછું બોલ્યા હોં. કહે, "મહારાજની મરજી વિના કંઈ થાય, જો ચલાણું? અને હવે એની મરજી થઈ તો ચલાયું."

એટલે એવા બનાવથી કોઈવાર મનુષ્યભાવ બતાવે તો મનુષ્યભાવની લીલા બતાવે. એ પાછું નિહાળતા આવડવું જોઈએ. ત્યારે કોઈ એવો મનુષ્ય છે કે આમ હાથેથી દાંત ખેંચી કાઢે? મને કહો? મેં તો નથી જોયો. મેં કહ્યું લોહી પણ ન નીકળ્યું? ત્યારે કહે, "લોહી હોય તો નીકળે ને?" એટલે આવા કેટલાક પ્રસંગો હોય તે કોઈકવાર યાદ આવી જાય, પરંતુ આવા મહાપુરુષોના પ્રસંગોમાં ઘણું બધું જાળવવાનું હોય છે.

વચનામૃત જયંતી ભેગા મોટા મુક્તની પુણ્યતિથિ એ પણ જયંતી જ કહેવાય. બાપાએ એમ કહ્યું હતું કે શ્રીજીમહારાજનું પ્રગટ થવાપણું અને અંતર્ધાન થવાપણું બંને એક સરખું છે. બંનેનો મહિમા એક સરખો છે. એમ મહારાજના મુક્તોમાં પણ એમ જ છે. એમને આ લોકમાં દર્શન આપે અને અદૃશ્ય થાય બંને એક જ છે. કારણ, આવવા-જવાપણું જ નથી. તેઓ તો જીવોના કલ્યાણ માટે દેખાયા અને કલ્યાણ કરી સ્વરૂપ બંધ કર્યું. જેમ શ્રીજીમહારાજ પ્રતિમા સ્વરૂપે પ્રત્યક્ષ છે, એમ તેમના મુક્તો પણ સદાય પ્રત્યક્ષ રહે છે. બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, સોમચંદભાઈ જેવા મહામુક્ત એ બધા જ જેમ મહારાજ પ્રગટ છે એમ મુક્તો પણ પ્રગટ છે.

બ્રહ્માનંદ સ્વામી પોતે એકવાર મૂર્તિમાંથી બોલ્યા હતા. એ પ્રસંગ છે. અત્યારે ટાઈમ નથી, પણ અત્યારે એ મૂર્તિ મૂળીમાં છે. એ મૂર્તિમાંથી બ્રહ્માનંદ સ્વામી પોતે બોલ્યા હતા. મહારાજ જેમ પ્રગટ છે એમ મુક્તો પણ પ્રગટ છે જ. પરંતુ મૂર્તિરૂપે દેખાય છે. જેવા ચર્મચક્ષુ મટીને દિવ્ય ચક્ષુ પ્રાપ્ત થાય કે તરત જ પ્રતિમાભાવ જતો રહે છે. અને દિવ્ય સ્વરૂપમાં જેવા છે એવા જ દેખાય છે. એ જ આપણને વાતો કરે છે. એવા જ આશીર્વાદ વરસાવે છે. ત્યારે મહારાજ અને મુક્તો અનાદિથી ભેગા છે. મહારાજ કોઈ દિવસ એકલા નથી. જ્યારથી મહારાજ ત્યારથી મુક્ત ભેળા જ હતા. એમ બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી જેવા મુક્તો મહારાજના ભેળા અનાદિથી છે. એ તો અહીંયા મહારાજ સાથે આવ્યા. જીવોનું કલ્યાણ કરવા માટે. ભગવાન પોતાના મુક્તોને લાવેને? મુક્ત દ્વારા પાછા પોતાને (ભગવાન) ઓળખાય એવું કરે છે. પાછા પોતે જેવા છે એવા ઓળખાવે હોં. હવે કોઈને પ્રશ્ન છે?

(ફરી પાછા એક હરિભક્તના બોલી લીધા બાદ પોતે વાત કરે છે.)

બધાને એમ થાય કે આ...હા...હા કેવી સરસ વાતો છે. આવી વાતો શેના લીધે થાય છે? ભગવાન સ્વામિનારાયણ આ ભગવાનના મુક્તોમાં રહીને બોલે છે, માટે એ વાતો સરસ થાય છે. ભગવાનની મૂર્તિ ધારીને જ્યારે વાતો થાય એ વાતો ખૂબ સરસ થાય. એનું કારણ એ છે કે ભગવાનની ઇચ્છા એવી છે કે પોતાની સરસ ઊંચી વાતો આપણી પાસેથી નીકળે. એ વાતો ભગવાન

સ્વામિનારાયણે મૂકી એમ માનવું. કેટલાક મુદ્દાઓ એટલા બધા સરસ આવ્યા, કે બધા જ અવતારો દ્વારા જે ચરિત્રો થયાં એ બધા ભગવાન સ્વામિનારાયણના છે. વાત બરોબર છે. ભગવાનના સંકલ્પથી એ અવતાર પ્રગટ થયા અને એ અવતારોમાં આવિર્ભાવ મૂકી ભગવાન સ્વામિનારાયણે જીવોને પાત્ર કરવાને માટે જુદા-જુદા ચરિત્રો કર્યાં. એ અવતારો દ્વારા ચરિત્રો કર્યાં ને જીવોને પાત્ર કર્યા. ધર્મ-નિયમ-ભક્તિવાળા કર્યા. રામચંદ્રજી દ્વારા આદર્શ ધર્મ શીખવ્યો. આદર્શ ધર્મ કોને કહેવાય એ ભગવાન રામચંદ્રજી દ્વારા ભગવાન સ્વામિનારાયણે બતાવ્યો. પ્રેમલક્ષણા ભક્તિ કોને કહેવાય એ ગોપીઓ દ્વારા શ્રીકૃષ્ણ ભગવાને બતાવ્યો. ઊર્ધ્વરેતા બ્રહ્મચારી કોને કહેવાય એ ભગવાન સ્વામિનારાયણે શ્રીકૃષ્ણના અવતાર દ્વારા બતાવ્યું. આવિર્ભાવ સ્વામિનારાયણ ભગવાનના થયા માટે ચરિત્રો તો એમના જ કહેવાય. વળી બાપાએ એમ પણ કહ્યું કે વેદવ્યાસજી પુરુષ-પ્રકૃતિમાંથી આગળ જતા નથી. એ વાત બરોબર છે. મૂળપુરુષથી આગળ જતા નથી. મૂળપુરુષ એ શ્રીકૃષ્ણ ભગવાન. શ્રીકૃષ્ણ ભગવાન સુધી વેદવ્યાસજી બધું જ કહે છે. સૌથી મોટો અવતાર શ્રીકૃષ્ણનો થયો. એ જ્ઞાન ત્યાં સુધી રહ્યું. અને લોકોએ શ્રીકૃષ્ણ ભગવાનને પુરુષોત્તમ ધારીને ભજન કર્યું. ભગવાન સ્વામિનારાયણે આ અવતાર દ્વારા જેટલું કરવું જોઈતું હતું એ બધું જ કર્યું. ત્યાર પછી પોતે પધાર્યા. બધા જ અવતારોને પોતાનામાં લીન કરી દેખાડીને કહ્યું, કોઈ અવતાર મારા સ્વરૂપને લીન કરી શકતા નથી,

પણ હું બધા સ્વરૂપોને લીન કરી નાખું છું. આ સર્વોપરી ઉપાસના ભગવાને કહી. ભગવાન કહે છે કે મૂળપુરુષ શ્રીકૃષ્ણ ભગવાનને લઈને તો વ્યાસજીને પણ ભગવાન કહેવામાં આવ્યા.

મહારાજ પ્રગટ થયા ત્યારે વેદ ઉપર પણ સર્વોપરી વેદ એ વચનામૃત ગ્રંથ રચ્યો અને વચનામૃતમાં પોતાની સર્વોપરી ઉપાસના સમજાવી. એ સર્વોપરી ઉપાસનામાં બધા જ અવતારો દ્વારા જે-જે ચરિત્રો કર્યાં એ ભગવાન સ્વામિનારાયણે કર્યાં એ વાત બરાબર. એ ચરિત્રો આપણામાં ધર્મ અને ભક્તિ ઉદય થાય એ અર્થે હતા. પણ આત્યંતિક મોક્ષ માર્ગ બાકી રહ્યો હતો. હવે આત્યંતિક મોક્ષ કરવાને માટે ભગવાન સ્વામિનારાયણના ચરિત્રોનું જ સ્મરણ થાય. ભગવાન સ્વામિનારાયણના વખતમાં પણ ઘણા વખત સુધી જુદા-જુદા અવતારોનું નામ લઈને બધા ભજન કરતા હતા. ત્યાર પછી ભગવાનને એમ થયું કે જ્યારે પોતે સર્વોપરી પૂર્ણપુરુષોત્તમ ભગવાન પોતે પ્રગટ થયા છે, ત્યારે હું જો એવો ભગવાન પ્રગટ થયો છું તો જો હું બધાને નહિ કહું તો એમને નહિ સમજાય. મારી ગતિને પામવાને માટે બધા સમજી શકશે નહિ. ત્યારે પોતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, કે હવે તમારે બીજા કોઈ નામ લઈને ભજન કરવાની જરૂર નથી. જેમ શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું બધા ધર્મનો ત્યાગ કરીને મારા શરણે આવ. જ્યાં સુધી એ અવતાર પ્રગટ રહ્યો, ત્યાં સુધી પોતે એમ કર્યું એ વાત બરાબર છે. એમ જ્યારે પોતે અવતારી ભગવાન પ્રગટ થયા ત્યારે પોતે એમ કહ્યું

કે બધા જ નામોનો સમાવેશ મારા નામ, મારા મંત્રમાં થઈ જાય છે. માટે આજથી તમે હવે કોઈ નામનું ભજન કરવું રહેવા દઈને મારા જ નામનું ભજન કરો. જ શબ્દ વાપર્યો. મારા જ નામનું ભજન કરો. મારું જ ભજન કરો. મારું જ ચિંતન કરો. મારું જ સ્મરણ કરો. મારું જ ધ્યાન કરો. મારી જ ઉપાસના કરો. મારું જ કીર્તન કરો. અને મારી જ માળા ફેરવો. બધું જ મારી મૂર્તિને ધારીને કરો. હું તમને સર્વ દોષોથી રહિત કરીને, બધામાંથી મુક્ત કરીને, હું મારા સર્વોપરી દિવ્ય સુખને પમાડીશ. આ ભગવાન સ્વામિનારાયણના શબ્દો છે. બધા અવતારો દ્વારા થયેલા ચરિત્રોનું હવે મનન કરવાની જરૂર રહેતી નથી. ભગવાન સ્વામિનારાયણના આ શબ્દો ઉપરાંત એનું ચિંતન મનન કરવું.

એમ કહેવાય છે કે વર્ષો સુધી દર્શન કરો, કથા કરો પણ ભગવાનનો સાક્ષાત્કાર થતો નથી. વાત બરોબર છે. કારણ કે દર્શન અને કથા પછી જો ચિંતન, મનન અને નિદિધ્યાસ, એ નિદિધ્યાસ થાય નહિ તો સાક્ષાત્કાર કેવી રીતે થાય? માટે જે સ્વરૂપનો સાક્ષાત્કાર કરવો હોય એ સ્વરૂપના જ ચરિત્રોનું ચિંતન મનન થાય. જો ભગવાન સ્વામિનારાયણનો ખરેખર તેમના ભક્તોએ સાક્ષાત્કાર કરવો હોય તો એના સ્વરૂપનું જ ચિંતન થાય. એમના જ શાસ્ત્રનું મનન થાય. અને બધા શાસ્ત્રોને આ શાસ્ત્રમાં લીન કરી નાંખે તો એ ભગવાનનું ચિંતન-મનન અને નિદિધ્યાસ થઈને સાક્ષાત્કાર થાય. નહિતર એ થાય નહિ. ભગવાને એમ કહ્યું કે 'સંત સમાગમ કીજે હો

નિશદિન સંત સમાગમ કીજે.' સંત કોણ? કે જે ભગવાન સ્વામિનારાયણના તદાકાર ભાવને પમાડી દે. કારિયાણીના પ્રથમ વચનામૃતમાં કહ્યું તેમ ભમરી ઇયળને ચટકો ભરતાં-ભરતાં જે ભમરીરૂપ થઈ જાય છે, એ રીતે ભમરીના તદાકાર ભાવને પામી જાય છે. ભગવાન સ્વામિનારાયણે કહ્યું કે જે સંતને ભગવાનનો સાક્ષાત્કાર થયો હોય એવા સંતનો સમાગમ કરવાથી ભગવાન સ્વામિનારાયણના તદાકારભાવને પમાય. કારણ કે એ સંત પાસે ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપનું જ ચિંતન-મનન થાય.

મને અત્યારે એક વાત યાદ આવી, કે બાપાશ્રીએ કહ્યું કે માનસી પૂજામાં ચિત્ર-વિચિત્ર વસ્ત્રો ધારવા નહિ. દિવ્ય વસ્ત્રો ધારવા. ત્યારે કોઈએ પૂછ્યું, કે બાપા, દિવ્ય વસ્ત્રોમાં અને બીજા વસ્ત્રોમાં શું ફરક? તો એમણે એમ કહ્યું કે મહારાજના દિવ્ય વસ્ત્રોમાં ભગવાનનું એકે અંગ ઢંકાતું નથી. દિવ્ય વસ્ત્રો પહેરેલાં છતાં પણ મહારાજનું અંગ ઢંકાતું નથી. એનું નામ દિવ્ય વસ્ત્રો. અત્યારે તોરા પહેર્યા છે. હાર પહેર્યો હતો એ કાઢી નાંખ્યો, આવરણરૂપ હતો. મહારાજ એમ કહે છે આ તોડા, ઘરેણાં એ બધા જ મારા સ્વરૂપને ઢાંકી દે છે. જ્યારે તમારી દિવ્ય સ્થિતિ થાય ત્યારે એ બધા જ વસ્ત્રોમાંથી સ્થૂળભાવ દૂર થઈને દિવ્ય બની જાય છે. ત્યારે એ દિવ્ય વસ્ત્રોમાં ભગવાન જેમ છે તેમ જ દેખાય છે. ત્યાં કોઈ વસ્ત્ર વિહીનતા જેવું પણ નથી. અને વસ્ત્ર જેવું પણ નથી. ત્યારે એ દિવ્ય વસ્ત્રોમાં રહેલા ભગવાન ખરેખર વસ્ત્ર વિહીન દેખાય છે.

બધા જ અંગો સ્પષ્ટ દેખાય છે. કોઈ જ આવરણ નથી. ભગવાને પહેરેલી દિવ્ય કંઠી પણ ભગવાનના એટલા અંગને ઢાંકતી નથી. ત્યારે આ કલ્પના ક્યાંથી આવે? કે દિવ્ય વસ્ત્રો કોને કહેવાય? અને એ દિવ્ય વસ્ત્રોમાં ભગવાન કેટલા દિવ્ય મનોહર દેખાતા હશે? આ દિવ્ય અનુભવ જેને ભગવાનનો સાક્ષાત્કાર થયો હોય એને જ થાય. બાપાશ્રી તો મૂર્તિ નજરે જોઈને કહેતા હોય. એ દિવ્ય અનુભવ ભગવાન આપણને કરાવશે.

દર્શન, કથા બધું જ કરીએ, પણ ચિંતન-મનન-નિદિધ્યાસ એક સ્વામિનારાયણ ભગવાનનું જ કરવું. બધા જ ચરિત્રો લીન કરી દેવા. આનું નામ સર્વોપરી ઉપાસના. જ્યાં સુધી બધા ચરિત્રો લીન ન થાય, ત્યાં સુધી એક ઉપાસના પરિપક્વ નથી. અને ભગવાન સ્વામિનારાયણ સિવાય બીજી કોઈ પણ જાતનું ચિંતન થાય ત્યાં સુધી સર્વોપરી ઉપાસના એ માત્ર શબ્દોમાં છે. ત્યારે ઉપાસના બરાબર સિદ્ધ થઈ ત્યારે જ કહેવાય, જ્યારે ભગવાન સ્વામિનારાયણમય બની જાય. કોઈ લો. કોઈ લો. ભગવાન સ્વામિનારાયણ આ રહ્યા, આ રહ્યા. આ ભગવાન સ્વામિનારાયણ રહ્યા. બાપા કહે, “આ મૂર્તિ રહી. મૂર્તિ લઈ લો. કારણ કે બાપા મહારાજની મૂર્તિરૂપ વર્તતા હતા. જેમ ગોપીઓ પણ કહેતી કૃષ્ણ લો, કૃષ્ણ લો. કારણ કે તેઓ કૃષ્ણરૂપ બની ગઈ હતી. ભગવાનની સર્વોપરી ગોપીઓ એ ભગવાનના અનાદિમુક્ત છે. જેઓ ભગવાનની મૂર્તિમાં રહે છે. ભગવાનની આસપાસ મહારાજના દિવ્ય મુક્તોના મંડળ ભરાઈને બેઠા છે.

ભગવાનની મૂર્તિમાંથી દિવ્ય સુગંધી ઝરે છે, છૂટે છે. એ દિવ્ય મૂર્તિનો દિવ્ય આહાર કરી, દિવ્યરસ લઈ અને મુક્તો સુખ ભોગવે છે.

આ સૂર્ય છે, એ એટલો દૂર છે, છતાં પણ ઉનાળામાં કેટલો તાપ લાગે છે. નજીક જઈએ તો વધારે ને વધારે તાપ લાગે. સૂર્યની દિશા લઈને જે તરફ સૂર્યનું અંતર ઘટે ત્યાં ખૂબ તાપ લાગે. જો વધારે ને વધારે નજીક જઈએ તો બળવાની સ્થિતિ પેદા થાય. અત્યારે જે અવકાશની શોધ થાય છે, તેમાં પણ એ તાપ કેટલો છે એની કોઈ કલ્પના આવતી નથી. એ તાપ ક્યાંથી નીકળે છે? સૂર્યમાંથી નીકળે છે. સૂર્યની અંદર જો કોઈ પ્રવેશ કરી જાય તો ત્યાં કેટલો બધો તાપ હોય? આ પૃથ્વી છે. એમાંથી ગરમ પાણી નીકળે છે, પણ જો એ પૃથ્વીના પેટાળમાં પેસી જવાનું હોય તો એ ગરમીની સીમા રહે ખરી? તો તેજના આધારે મૂર્તિ નથી, પણ મૂર્તિના આધારે મહારાજનું અક્ષરધામરૂપ તેજ છે. એ મૂર્તિમાંથી સુખના ધોધ નીકળે છે. એમના દિવ્ય મુક્તો જે તેમની સમક્ષ ભરાઈ બેઠા છે. તેઓ દિવ્યરૂપે એ મહારસનું, એ દિવ્યરસનું પાન કરે છે. ત્યારે જેમાંથી મૂર્તિના સુખનો ધોધ છૂટે છે એ દિવ્ય મૂર્તિની અંદર કેટલું બધું સુખ હશે? બાપા એમ કહે છે કે આ ગતિ તો સમજાય તેવી નથી. વચનામૃતમાં તો કહે જ છે. શિક્ષાપત્રીમાં પણ કહે છે, બ્રહ્માનંદ સ્વામીએ પણ કહી છે. મૂર્તિમાં રસબસ થઈ જવું. તો રસબસ થઈ જવું એ અલૌકિક સ્થિતિ છે.

જેમ અવકાશયાનમાંથી અવકાશ યાત્રીઓ પૃથ્વી

ઉપર આવે ત્યારે કોઈ પૂછે, કે ભાઈ વજનવિહીન સ્થિતિમાં કેવું થાય છે એ તો કહો? ત્યારે તેઓ થોડી-થોડી વાતો કરે, પણ પેલાએ તો કલ્પના જ કરવી રહીને? જ્યાં તપેલી મૂકો ત્યાં રહે, કારણ કે અવકાશમાં ગરુત્વાકર્ષણ તો છે નહિ. ત્યારે કલ્પના થાય કે આ રીતે વસ્તુઓ અવકાશમાં કેમ રહેતી હશે? એ સ્થિતિ જ જુદી. એ તો જ્યારે અવકાશયાનમાં ઊડીને જાય ત્યારે એનો પ્રત્યક્ષ અનુભવ થાય. ત્યારે દિવ્યવસ્ત્રોમાં રહેલા ભગવાનનું અંગ ઢંકાય નહિ. એ દિવ્ય વસ્ત્રો કેવાં હશે? એ તો અનુભવથી જ ખબર પડેને? એ સિવાય તો ખબર પડે નહિ. આ તો સત્ય ઘટના છે. ત્યાં બુદ્ધિ કામ કરે નહિ. બુદ્ધિ કામ કરતી અટકી જાય. જેથી ભગવાનને પામવાની જીવને તાલાવેલી જાગે કે ઓ...હો...હો આવી વસ્તુ છે? બસ એ મય થઈ જાઓ. ત્યારે મૂર્તિમાં રહીને બોલો, મૂર્તિમાં રહીને જમો. તેનો અર્થ બાપાએ એમ કર્યો કે માનસી પૂજા કરો તો અર્ધા કલાક પછી તો મહારાજની મૂર્તિ તમે એક કોર મૂકી દો છો અને ભૂલી જાઓ છો. બરોબર? તો એ માનસીપૂજા અર્ધા કલાક પૂરતી જ છે. એવી માનસી પૂજા નહિ કરવાની. માનસી પૂજા કરતાં-કરતાં અખંડ માનસી પૂજા થવી જોઈએ. મહારાજને એક કોર મૂકી દે એ કેમ ચાલે? ત્યારે આવરણો તોડી નાંખનાર મહારાજના સંત અનાદિમુક્તો છે. તેઓ વિચરતા જ હોય. સત્સંગ કોઈ દિવસ મુક્તો વગર રહેવાનો નથી. એ નિર્મુક્ત નથી બની જવાનો. એ લીલીવાડી હંમેશાં રહે છે, અને મુક્તો સત્સંગમાં

વિચરે જ છે. એમના જેવા ઉપાસનાવાળા, ભગવાનના સાક્ષાત્કારવાળા સંતોના સમાગમથી આ વસ્તુ સમજાય છે. એ ૬૪ તસુની મૂર્તિ જેમ છે તેમ છે. પોતે ભલે વિશ્વરૂપ ધારણ કરે, પણ મહારાજ એમ કહે છે, હું તો જેમ છું એમ જ છું. ૬૪ તસુની મારી મૂર્તિ છતાં પણ હું વિશ્વરૂપ ધારણ કરું છું, બધે રહ્યો છું, સર્વત્ર વ્યાપક છું. ત્યાં નથી એમ કહેવાય નહિ. હું તો સર્વત્ર છું. ત્યારે આવા ભગવાનના દિવ્ય સ્વરૂપની અંદર મુક્તો સુખમાં દોટો દે છે. મસ્તકે-મસ્તક, ચરણે-ચરણ એનો અર્થ એ છે કે મુક્તો રોમે-રોમનું સુખ ભોગવે છે. સળંગ સત્તાએ ચૈતન્ય સત્તાએ ભોગવે છે. ત્યાં એ સુખ સિવાય દર્શન અને સુખ ભોગવવું, સાંભળવું આ બધું જુદું નથી. બધું એક-મેક થઈ જાય છે. એ મૂર્તિમાં રહેવાની સ્થિતિની સમજણ અતિ દૃઢ રાખવાની. તો જેટલી સમજણ એટલી જ પ્રાપ્તિ થાય. અંતે તો એમ જ રાખવાનું કે એ દિવ્ય સુખમાં રહેવાય. એ દિવ્ય સ્વરૂપમાં તો અગાધ સુખ છે. જે પરમએકાંતિક મુક્તને પણ નથી મળતું. પરમએકાંતિક મુક્ત જે સુખ ભોગવે છે એ પણ અગાધ છે. ત્યારે અગાધનુંય અગાધ સુખ અનાદિમુક્ત લે છે. એ બાપાએ જોઈને કહ્યું. ભગવાન સ્વામિનારાયણે આ સ્થિતિ સમજાવવાને માટે એમને મોકલ્યા. બ્રહ્માનંદ સ્વામીએ કહી એ બધી વાત લોકો જીરવી શકે તેમ નહોતું એટલે બાપાએ જોર-શોરથી કહ્યું. બાપાએ નિર્ગુણદાસજી સ્વામીને કહ્યું કે, "સ્વામી, મૂર્તિમાં રહેવાની વાતો કરો છો?" સ્વામી કહે, "બાપા, મૂર્તિમાં રહેવાની વાતો તો કોઈ જીરવી શકે એવું

નથી. ગતિ જ નથીને. એટલે મહારાજે મર્મમાં કહી છે. એ સમજે નહિ તો હું શું કરું?" બાપાએ કહ્યું, "તો સમજે એ રીતે તો કહો. અંતે કીધા વગર છૂટકો નથી." બાપાએ સર્વોપરી ઉપાસનાનો ઝંડો બરાબર ફરકાવ્યો. કે ભગવાન સ્વામિનારાયણ મૂળપુરુષની ભૂમિકાથી અતિ પર છે. એ એમણે જોઈને સ્પષ્ટ કરી દીધી.

અરે અત્યારે વિજ્ઞાન કહે છે કે સાત-આઠ ગ્રહો સુધીએ પહોંચાતું નથી. તો એનાથી કેટલાય ગ્રહો પડ્યા છે. એનો તો ક્યાં પાર આવે? બરાબર છે. વિજ્ઞાન પણ એ સત્ય શોધવાને માટે આગળ વધ્યા જ કરે છે. તો પણ એ પાર પામતું નથી. તો આ ગતિનો ક્યાં પાર પમાય? આ ભૂમિકાઓ કહીને આ સર્વોપરી ભગવાનથી આગળ કાંઈ નથી એમ પોતે કહે છે. ભગવાને કહ્યું એમ કોઈએ કહ્યું નથી. બધા એમ કહે છે કે કાંઈક આગળ છે. મહારાજ એમ કહે છે કે ગોલોક સુધી ગરુડ ઊડ્યું પછી ગરુડ પણ ઊડી શક્યું નહિ, પછી અમે ઊડ્યા. અક્ષરધામમાં ગયા અમારા સિવાય કોઈ પુરુષોત્તમ દીઠો નહિ. ત્યાં એમ ન કહ્યું કે પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ભગવાન ત્યાં છે. ગોલોકથી અમે આગળ ગયા અને બધે ગયા પોતે પુરુષોત્તમ એક જ રહ્યા. એમ પોતે આવી રીતે દરેક જીવોને સમજાવવાને માટે કહ્યું. એમને ઊડવાનું હતું જ ક્યાં? માટે જો આવી રીતે સમજાવે નહિ તો સમજાય નહિ. અને બાપાએ સ્પષ્ટ કહ્યું કે સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની આ સ્થિતિ. હવે એનાથી આગળ કાંઈ નથી. એમ અમે જોઈને કહીએ છીએ. અને મહારાજે

પોતે કહ્યું બધું મારે તેજે તેજાયમાન છે. સર્વ કાંઈ. મારાથી પર કાંઈ નથી. હું પૂર્ણ પુરુષોત્તમ અવતારી પરમાત્મા છું. એમણે એટલા જોર-શોરથી કહી દીધું. અને બધાની ચોખ્ખીચટ વાત કહી દીધી.

અનાદિમુક્તને મોકલ્યા કે જાઓ ગોપાળાનંદ સ્વામીનું કાર્ય અધૂરું રહ્યું છે. કારણ કે અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું, “સ્વામી, વધુ પડતી વાત નહિ કરતા.” તો ગોપાળાનંદ સ્વામીએ મહારાજને પ્રાર્થના કરી. અયોધ્યાપ્રસાદજી મહારાજને કહે, “મને એક હજાર વર્ષ સુધી ખોળિયામાં રાખીને શું કરશો? જ્યાં સુધી એ વાત હું નહિ કરું, ત્યાં સુધી મહારાજ મને છોડશે નહિ, પણ તમે ગાદીપતિ છો. તો તમારું વચન લોપું કે શું કરું? એ મારા મનને માટે મોટો સવાલ છે.” એમ કહી પોતે ગદ્‌ગદ થઈ ગયા. પછી મહારાજે એમને કહ્યું કે હજાર વર્ષ પૂરા કરી દીધા. સ્વામી ગદ્‌ગદ થતાં મહારાજે પોતાની મૂર્તિમાં મૂકી દઈ પોતાના સ્વરૂપમાં લીન કરી દીધા. ત્યારે એ જ વાત બાપાશ્રીએ નિર્ભય થઈ કરી બતાવી કે સાક્ષાત્કાર કરવા માટે આ સત્યનો અનુભવ કરવો પડે. મહારાજની મૂર્તિમાં રહેવાની વાત એ ગલત નથી, કપોળ-કલ્પિત નથી. જેની બુદ્ધિમાં પહોંચતી નથી એ તો એમ જ કહે. અવકાશયાનો ઊડતાં પહેલાં આઈનસ્ટાઈને કહેલું કે Atom is divisible. ત્યારે બધા આઈનસ્ટાઈનની હાંસી કરતા હતા, પણ જ્યારે એણે એટમ ડિવિઝિબલ કરી બતાવ્યો ત્યારે બધાએ કહ્યું, આઈનસ્ટાઈનની વાત સાચી છે. બરાબર? એમ

બાપાશ્રીએ કહ્યું કે જ્યાં સુધી અનુભવ નહિ થાય, ત્યાં સુધી આ સ્થિતિ સમજાશે નહિ. ભલા થઈને અમારું કહ્યું માનજો. અમે જોઈને કહીએ છીએ. જો જોઈને ન કહેતા હોઈએ તો આ મહારાજની મૂર્તિના સમ છે. એટલે અમે સાચું કહીએ છીએ. મૂર્તિમાં રહીને મૂર્તિમાં સુખ લેવાની રીત અલૌકિક છે. માટે એ સ્થિતિ સમજવાનો પ્રયત્ન કરો અને મૂર્તિરૂપ બનો. આ દેહને ભૂલો. આકારે રહિત વર્તો. એટલે આપણે આકારે રહિત વર્તીએ અને પુરુષોત્તમરૂપ પુરુષોત્તમના આકારે વર્તીએ. આ માયિક આકારને તો શું ધોઈ પીવો છે. આવા તો કંઈક આકાર ગયા ને કંઈક નાશ પામ્યા. અરે અવતારોના આકારો પણ મહારાજમાં લીન થઈ ગયા. રહ્યા કોઈ? એક પુરુષોત્તમનો આકાર જ કોઈમાં લીન થતો નથી. ત્યારે વિચાર તો કરો. એ એક જ અવિચળ સ્વરૂપ છે. બધા અવતાર અચળ સ્વરૂપો. એ અવતારમાં સર્વોપરી અવતાર શ્રીકૃષ્ણ. એ પણ અચળ સ્વરૂપ છે. એ અચળ સ્વરૂપ પણ અવિચળમાં લીન થઈ જાય છે. ત્યારે એ અવતાર સ્વરૂપ દેખાતું બંધ થઈ જાય છે. એટલે એક જ ભગવાન સ્વામિનારાયણનું અવિચળ સ્વરૂપ છે. એમાં સર્વ કોઈ લીન થાય છે. એ મૂર્તિમાં અલૌકિક સુખ છે. બાપા કહે છે, એ મૂર્તિમાં મુક્તો દોટો દે છે. જેમ જળમાં માછલાં કિલ્લોલ કરે છે. આ તો એક ભૌતિક દૃષ્ટાંત છે, પણ એ તો દિશ બતાવવા કહીએ છીએ. પણ મૂર્તિમાં સુખ ભોગવવાની વાત તો અલૌકિક છે.

અનંત અનાદિમુક્તો એ મૂર્તિના સુખમાં કિલ્લોલ કરે છે. એ ૬૪ તસુની લાગતી મૂર્તિ તો અગાધ છે. બાપા

એમ કહે છે કે બાજરીના દાણામાં બ્રહ્માંડ દેખાય. તો બાજરીમાં બ્રહ્માંડ દેખાય? ચોક્કસ દેખાય. ક્યાં દેખ્યું? એ જ અલૌકિક સ્થિતિ. ૬૪ તસુની મૂર્તિ તો સુખનો સાગર છે. સુખનો સિંધુ છે. એ સુખના સિંધુમાં અનંત અનાદિમુક્તો કિલ્લોલ કરે છે. દિવ્ય સુખના ભોક્તા બને છે. અને મહારાજની ઇચ્છાએ કરીને અંદર રહ્યા થકા ભગવાન જેટલું જ દેખે છે. ભગવાન જેટલું જ કાર્ય ભગવાનને લઈને કરે છે. એટલી એમની સત્તા છે, પણ બધું જ ભગવાનને લઈને છે. આવા એ સ્વતંત્ર અનાદિમુક્તો છે. એકાંતિક સ્થિતિથી બીજી બધી સ્થિતિ ઓરી (નીચી) છે.

એકાંતિક સ્થિતિ થાય ત્યારે ભગવાનની કૃપા વરસવા માંડે છે. ત્યારે ભગવાન એકાંતિક સ્થિતિવાળાને ભાગવતીતનું આપી દે છે. બાપાએ જોઈને એકાંતિક શબ્દ વાપર્યો. અને પરમ એકાંતિક કોને કહેવાય છે? તો એકાંતિકની સ્થિતિમાં પૂર્ણ સાધનદશા છે. એ સાધનદશામાં કૃપા વરસે છે. કૃપાપાત્ર થઈ ચૂક્યો છે. કારણ કે વાસના રહિત થઈ ગયો છે. ત્યાં વાસના નિર્મૂળ થઈ જાય છે. એનું નામ એકાંતિક. સો ટકા નિર્વાસનીક. મૂર્તિ સિવાય કોઈ પ્રકારની વાસના રહે નહિ. એ સ્થિતિમાં ભગવાનની કૃપા વરસે છે. કૃપા વરસાવે ત્યારે એકાંતિક ભક્તનો ચૈતન્ય દિવ્ય સ્વરૂપ ધારણ કરે છે. ત્યારે ચૈતન્ય પ્રકૃતિનો દેહ બંધાય છે. અને ભગવાન સ્વામિનારાયણના તદાકારભાવને પામે છે. અને દિવ્ય આકૃતિ ધારણ કરે છે. અને પછી એ મૂર્તિનું સુખ ભોગવે છે. એ પરમ

એકાંતિક કહેવાય. જો એને અતિ સ્નેહ પ્રગટ થાય તો ભગવાનની મૂર્તિમાં લક્ષ્મીજીની જેમ લીન થાય છે. આ સ્થિતિ અનાદિમુક્તની છે. એ સત્ય ઘટના છે, એમ બાપા નીરખીને કહે છે. બધા ધીરે-ધીરે એ વાત કબૂલ કરતા થઈ જશે. કે આ વાત બરોબર છે. બાપાશ્રીની છેવટની વાત કેવી રીતે ખબર પડે? આપણને માયિક સ્થૂળ દેહની સ્થિતિનો ખ્યાલ આવતો નથી. તો આવી સ્થિતિનો ખ્યાલ આવે ખરો?

મહારાજના મુક્તમાં કોઈ દિવસ સંશય કરવો નહિ. ભગવાનના અનાદિમુક્ત બધું જોઈને બોલે છે. ત્યાં જુઠ્ઠું બોલવાનો કોઈ સવાલ જ રહેતો નથી. અસત્યથી પર થાય ત્યાં અસત્ય નીકળે ખરું? ભગવાનના ગોપાળાનંદ સ્વામી જેવા સંતને પણ કેટલાય એમ કહેતા કે વધુ પડતી વાત કરશો નહિ. ગુણાતીતાનંદ સ્વામીને પૂછ્યું ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ શું કહ્યું? ગુણાતીતાનંદ સ્વામીને બોલાવ્યા ત્યારે એમણે આચાર્ય મહારાજને કહ્યું, “તમારા બાપ પાસે તો કોઈ ગણતરીમાં જ નથી. એના ગુણગાન નહિ ગાઉં તો કોના ગાઉં? મારી આ વાત સાંભળે તે પાત્ર સમજવો. જો ન સાંભળે અને સાંભળીને જીરવવાની તાકાત ન હોય તો એ પાત્ર નથી, કુપાત્ર છે.” માટે એ વાત સ્પષ્ટ કહી દીધી. ગોપાળાનંદ સ્વામીએ ગાદીની મર્યાદા રાખી. બંને સંતોએ વિશિષ્ટપણું બતાવ્યું. ત્યારે એક વાત છે જે સમજે જ છૂટકો છે. એ કે મહારાજની મૂર્તિમાં રહી અને મહારાજના દર્શન કરવા. મહારાજની માનસી પૂજા કરવી. દેહમાં જીવ રહી શકતો હોય તો

મૂર્તિમાં અનંત અનાદિમુક્તો રહીને સુખ લે છે એ કેમ ન હોઈ શકે? સ્થૂળમાં રહે છે તો દિવ્ય વસ્તુ તો દિવ્યમાં રહી શકે જ ને? દિવ્ય વસ્તુ કાંઈ પોલી કે પોકળ નથી. દેહ પોલો છે. દિવ્ય વસ્તુમાં તો ત્યાગ-ભાગ નથી. ત્યાગ-ભાગનો શું અર્થ થયો? પોલાણપણું નથી. તો પોલાણમાં તો જેટલું સમાય એટલું રહે. એવું ત્યાં છે નહિ. આ દિવ્ય સ્થિતિ જબરજસ્ત છે. મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવવાની વાત સૌએ કરવી. ભલે બધાને પચે કે ન પચે. બરોબર? આ વાત વૈજ્ઞાનિક છે અને બધા વચ્ચે કહી શકાય એમ છે. કોઈ ના પાડી શકે એમ નથી. આ હકીકત છે. બાપાએ નિર્ભય થઈને જોર-શોરથી આ વાત કહી છે. અરે, અમે જોઈને કહીએ છીએ. શું તમે ના કહેતા હતા. જ્યારે બાપા વાત કરતા ત્યારે કોઈ બોલી શકતું નહોતું. ભૂજની સભામાં પણ વાત કરતા હતા. મૂર્તિમાં રહેવાની વાતો કરે. તેઓ જાણતા એમની સ્થિતિ જબરજસ્ત છે શું બોલે? વાત તો બરોબર છે. પોતાની ગતિ નહિ હોય તો નહિ બોલી શક્યા હોય. વાત એટલી છે કે જેટલું સમજાય એટલી વાત યાદ રહે.

શ્રીકૃષ્ણ ભગવાન એ મૂળપુરુષ એથી ક્યાંય પર મહારાજ છે એમ એમણે કહ્યું. શ્રીકૃષ્ણ ભગવાન એ કાંઈ જેવો તેવો અવતાર હતા? જબરજસ્ત અવતાર! અને એમના ચરિત્રો. જેની કોઈ સીમા નહોતી રહી. તો આ સીમા ક્યાં? (મહારાજની) એ રીતે ભગવાન સ્વામિનારાયણના ભક્તોએ આવી ઉપાસના દૃઢ કરવી. ભગવાનના તદાકાર ભાવને પામવાને માટે આ સમજણ

રાખવી. ભગવાન સ્વામિનારાયણના ચિંતન-મનન અને નિદિધ્યાસ તથા દર્શન-કથા બધું જ કરીએ, પણ આ નહિ કરીએ એટલે નિદિધ્યાસ વગર ભગવાનનો સાક્ષાત્કાર ન થાય. એ એક જ સ્વરૂપનું ચિંતન. સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ. માનસીપૂજા અર્ધો કલાક કરીએ તો જ ધ્યાન થાયને? જીવોને શીખવવાને માટે પણ મહારાજે કહ્યું કે મારા મહામુક્તો પણ માનસીપૂજા, પાઠ વગેરે ક્રિયા ચાલુ રાખે છે. દેહભાવ રહે ત્યાં સુધી આ બધું કર્યા કરવું. માનસીપૂજાની રીત મહારાજે પણ કહી છે અને માનસીપૂજાની રીત તો એ કે પ્રાતઃકાળમાં જે ક્રિયા કરીએ એ બધી જ ક્રિયા શ્રીજીમહારાજના દિવ્ય સ્વરૂપમાં રહીને કરવી. આ બધા થાળ ધરાવવા, વસ્ત્રો ધરાવવા એ બધું કરીએ છીએને? બધું નથી કરતા? એ બધું દિવ્યરૂપમાં કરીએ. ભગવાનના સ્વરૂપમાં જોડાઈને કરીએ. હવે એનું વર્ણન કરતાં તો વાર લાગી જાયને? કારણ કે એ જ અર્ધો કલાક સુધી કરીએ તો મજા આવે. અને એ કરતાં-કરતાં-કરતાં એ સ્વરૂપનું ચિંતન કરવું જોઈએ. તો વધારે સારું.

જુઓ આ મહારાજની મૂર્તિને પહેલાં હાર આવરણ કરતો હતો તે કાઢ્યો એટલે હવે સુંદર દેખાય છે ને? હાર રાખવા તેના ઉપર ચાર-પાંચ ટેપ ચોંટાડી. ટેપ એટલી સજ્જડ ચોંટાડી કે મહારાજ કહે છે આ શું પત્તર ખાંડે છે. એ પણ આપણને સમજાવ્યું. ત્યારે મને યાદ આવ્યું કે દિવ્યસ્વરૂપ ને દિવ્ય વસ્ત્રોમાં ભગવાનનું અંગ ઢંકાતું નથી. એનું નામ દિવ્ય વસ્ત્રો. દિવ્ય વસ્ત્રોમાં

મહારાજ એવા ને એવા દેખાય. વસ્ત્રવિહીન દેખાય. વસ્ત્રવિહીન મૂર્તિ તો શું સુંદર લાગે છે કે ત્યાં વસ્ત્રવિહીનતાની કલ્પના જ નથી. એ તો આ લોકમાં છે. બધા જ દિવ્ય વસ્ત્રો પહેર્યાં છે. આ આપણી વસ્તુને સ્વીકારીને મહારાજ પોતાના સ્વરૂપને પમાડી દેશે. અબજીબાપાના શબ્દોમાં જ્ઞાન-ધ્યાન ને ઉપાસના બરોબરને? મેં તો એમની વાતો ઘૂંટીને મૂકી. મેં એનું ચિંતન કર્યું. ઘૂંટીએ તો ચાલેને. નહિ તો એકડો ઘૂંટીએ જ નહિ તો? રોજ જમવું તો પડેને? બીજા દિવસે ભૂખ્યા થઈ જઈએ છીએને? ત્યારે જ્યાં સુધી સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી રોજ આ જમવું પડે. ન જમીએ તો ભૂખ્યા થઈ જવાય માટે જમ્યા જ કરવાનું. દાળ-ભાત રોજ જમીએ છીએ છતાં અપખે પડે છે? કાલ પાછું ભોજન એવું ને એવું કરીએ છીએ. માટે ભગવાન સ્વામિનારાયણનું ચિંતન-મનન સદાય એવું ને એવું નવીન લાગે છે. એ કંઈ જૂનું થઈ જતું નથી. એનું નામ જ ભગવાનનું નામ.

આ તો સામુહિક બ્રહ્મયજ્ઞ છે. એમાં બધાને વગર નિમંત્રણે જ આવવાનું હોય. નિમંત્રણ મળે કે ન મળે. નિમંત્રણને શું કરવું હોય? ભગવાન મેળવવામાં જો નિમંત્રણની રાહ જુએ એ એકલો રહી જાય. બધાયમાં નિમંત્રણની અપેક્ષા રાખવી, પણ ભગવાન મેળવવાને માટે નિમંત્રણની રાહ જોવી નહિ.

સહજાનંદ સ્વામી મહારાજની જય. આ સભાની પ્રસન્નતા ઇચ્છી વિરમું છું.

## સારાંશ

ભગવાનની કથા-વાર્તા, ઉત્સવ-સમૈયા ભગવાનના સંબંધવાળા હોય તો સબીજ. મહારાજના મુક્તોને સંભારવાથી મહારાજ સહેજે સાંભરી આવે છે. માટે તેમના દિનોની ઉજવણી કરવી, પણ એ બધા ઉત્સવો આપણી બધી ક્રિયા ભગવાનના સંબંધવાળા હોવાં જોઈએ.

ભગવાનના મુખમાંથી નીકળેલી વાણીના આંદોલનો સારાય વિશ્વમાં ગુંજે છે. જેની પાત્રતા થાય તેને એ આંદોલનોનો સ્પર્શ થાય છે. જે ભગવાન સન્મુખ થાય તેના ચૈતન્યમાં પણ એ આંદોલનો ગુંજે છે અને અંતે દિવ્યરૂપ કરી મૂકે છે અને તે ભગવાન સન્મુખ થાય છે. સિદ્ધ દશા ત્યારે જ પ્રાપ્ત થાય કે મહારાજની મૂર્તિ નીરખતા બીજું કાંઈ નજરમાં ન આવે. મનમાં કોઈ વસ્તુ સ્ફૂરે નહિ. સિદ્ધદશા આવ્યા પછી કથા-વાર્તારૂપી સાધનોની આવશ્યકતા રહેતી નથી.

જેને ધ્યાન કરતા કે અંતર્વૃત્તિ કરતા ન આવડતું હોય તેમણે મહારાજ કે તેમના અનાદિમુક્તની શ્રદ્ધાએ સહિત સેવા કરવી. તો તેમની કૃપાથી પાત્રતા આવી જાય અને મહારાજના દિવ્ય દર્શન થાય. એ દર્શન થયા પછી એના વર્ણનના શબ્દો જડતા નથી. બધું અહો... અહો જ થઈ જાય છે. મહારાજના અનાદિમુક્ત જ સામાન્ય જીવોને સમજાવવા આ લોકની ઉપમા આપી તેનું થોડું વર્ણન કરી શકે છે.

મહારાજની મૂર્તિ સિદ્ધ કરવા ખૂબ ધીરજ જોઈએ. મહારાજની મૂર્તિમાં એવી એકાગ્રતા કરવી કે એ મૂર્તિ

સિવાય બીજું કાંઈ દેખાય જ નહિ, અર્જુનની જેમ. વૃત્તિ સ્થિર કરવા પ્રસન્નતાનાં સાધન કરવા પડે.

અનાદિમુક્તના જીવનમાંથી આપણને ઘણું શીખવા મળતું હોય છે. તેઓને આ લોકના ખોરાકની વધુ આવશ્યકતા હોતી નથી. તે દેખાવ માત્ર હોય છે. તેઓ તો મહારાજના દિવ્ય સુખનો આહાર કરતા હોય છે. (અનાદિમુક્ત મામા પોતે પણ કેટલો ઓછો ખોરાક લેતા તેટલા ખોરાકથી શરીર ટકી શકે નહિ. તેઓ દેખાવ પૂરતું જ ખાતા. તે આપણે સૌ જાણીએ છીએ.) મોટા પુરુષના દિવ્ય ચરિત્રો અને મનુષ્યલીલા બંને સરખું છે. માટે તેમના ચરિત્રો જોઈ મનુષ્યભાવ લાવી ક્યારેય સંકલ્પે ચડી જવું નહિ. નહિ તો જીવનું બગડી જાય. અનાદિમુક્તને આવવા-જવાપણું નથી, માટે તેમનું પ્રાગટ્ય અને અંતર્ધાન બંને સરખું જ સમજવું. તેઓ જીવોના કલ્યાણ કરવા સ્વરૂપ ધારણ કરે છે અને કલ્યાણ કર્યા બાદ સ્વરૂપ દેખાવું બંધ કરે છે. જેમ મહારાજ સદાય પ્રગટ છે, તેમ તેમના અનાદિમુક્ત પણ સદાય પ્રગટ છે.

સ્વામિનારાયણ ભગવાન એક સર્વોપરી, બીજા અવતારો એમને લઈને ભગવાન કહેવાયા. જેમ શ્રીકૃષ્ણને લઈને વેદવ્યાસ ભગવાન કહેવાયા તેમ. અવતારોના ચરિત્રો તે મહારાજના જ કહેવાય. આત્યંતિક મોક્ષ માટે ફક્ત ભગવાન સ્વામિનારાયણના ચરિત્રોનું જ સ્મરણ થાય, તેમનું જ ભજન થાય, તેમનું જ ચિંતન-મનન-નિદિધ્યાસ અને ધ્યાન બધું જ એમનું થાય. બીજાનું નહિ.

ભગવાનના તદાકારભાવને પમાડી દે તેવા મુક્તનો

સમાગમ કરવો. મહારાજના દિવ્ય સ્વરૂપમાં વસ્ત્રો પણ દિવ્ય છે. એ વસ્ત્રો, કંઠી કાંઈ પણ મહારાજના અંગને ઢાંકતા નથી. વસ્ત્રો હોવા છતાં બધા અંગો સ્પષ્ટ જોઈ શકાય તેવા એ દિવ્ય વસ્ત્રો છે. એ અનુભવે જ ખબર પડે. એ દિવ્ય સ્વરૂપના તેમના અનંત મુક્તો એ મૂર્તિમાં રસબસ થઈ રોમેરોમનું સુખ ભોગવે છે. પાત્રતા પ્રાપ્ત કરવા માનસીપૂજા કરવી. તે અર્ધીકલાકની ન રહેતા કાયમી થઈ જવી જોઈએ. ભગવાનનો સાક્ષાત્કાર તેમના અનાદિમુક્ત થકી જ થાય છે. સત્સંગમાં તેઓ વિચરતા જ હોય છે. મૂર્તિમાં રહેવાની સમજણ અતિ દૃઢ રાખવાની. કારણ, જેટલી સમજણ હોય એટલી જ પ્રાપ્તિ થાય છે.

બાપાશ્રીએ સર્વોપરી ઉપાસના અને મૂર્તિમાં રહેવાની વાત જોર-શોરથી કરી છે. ભગવાન સ્વામિનારાયણનું સ્વરૂપ જ અવિચળ છે. અનાદિમુક્ત એ સ્વરૂપમાં દોટ દે છે. અને મહારાજ જેટલું જ જાણે, જુએ છે. માટે અનાદિમુક્તમાં ક્યારેય સંશય ન કરવો. મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવવાની વાત બાપાશ્રીએ કરી અને આપણે પણ સૌને કરવી. એ સત્ય હકીકત છે. બધાએ એ સમજે જ છૂટકો છે.

બધામાં નિમંત્રણની રાહ જોવાય, પરંતુ ભગવાન મેળવવામાં નિમંત્રણની રાહ ન જોવાય.

# ૬

આપણો ચૈતન્ય મહારાજે ભેગો રાખ્યો છે એના લીધે આપણે હવે કેવા છીએ? નિર્ભય છીએ. સ્વામિનારાયણ ભગવાન મળતાં આપણે નિર્ભય થયા. બધી બીક મટી ગઈ. બધા ભય જતા રહ્યા. કોઈ દહાડો કોઈની બીક રાખવી નહિ. બીક જેવું કોઈ દિવસ રાખવું જ નહિ. બીક શબ્દ જ ભૂલી જવાનો. પરાવાણીની ડીક્ષનરી છે એમાં ભય શબ્દને સ્થાન જ નથી. બરાબર? આ ભય તો અહીંયા પેદા થાય છે. દેહભાવમાં. દેહભાવ મટી જાય એટલે ભેગો ભય પણ જતો રહે. નિર્ભય થઈ જવાય. (ડાબો હાથ અભયમુદ્રામાં રાખીને કહે છે કે) અભયદાન મહારાજ આપે છેને આમ કરીને? એટલે મહારાજ કહે છે અમે મળ્યા, મારો અભય હાથ તમારા ઉપર પડ્યો. એટલે આપણે અભય થઈ ગયા. કારણ સત્સંગ એટલે મહારાજની મૂર્તિમાં રહીને કાર્ય કરવાનો સત્સંગ. બરાબર? એનું નામ કારણ સત્સંગ. કોઈ કહેશે કારણ સત્સંગ એટલે શું? કારણ એટલે મૂર્તિ. જે સત્સંગ કરતાં મહારાજની મૂર્તિ હાથ આવે તેનું નામ કારણ સત્સંગ. કોઈ પૂછે કે કારણ સત્સંગ અને કાર્ય સત્સંગ એ શું છે? તો આ એનો એક જ વાતમાં જવાબ. બરાબર? એ રીતે બધાયને મૂર્તિ સાથે જોડો. મૂર્તિ સાથે જોડાશે એટલે એવો આનંદ આવશેને! કાર્ય પણ સારું થશે. મૂર્તિ સાથે જોડાઈને કાર્ય કરીએ તો કાર્ય બહુ સરસ થાય.

અભ્યાસે ય સારો થાય. હોશિયારે ય થવાય. બધું જ્ઞાન સ્વયં પ્રગટે. બરાબર?

**સારાંશ**

ચૈતન્ય મહારાજ ભેગો રહેતા આપણે નિર્ભય બની જવું. સત્સંગ એવો કરવો જેનાથી મૂર્તિ હાથ આવે. બધી ક્રિયામાં ભગવાનને સાથે રાખવા.

## ૭

આ દિવ્ય વાતાવરણ ઉપરથી સૌ કોઈને સમજી શકાય એવી એક કૃપાવર્ષા ચાલે છે એ શ્રીજીમહારાજની પ્રસન્નતા. અને કેવળ શ્રીજીમહારાજના સંકલ્પથી જ પરમકૃપાળુ બાપાશ્રી અત્રે આ પૃથ્વી પર પ્રગટ થયા હતા. અને આ સાર્ધ-શતાબ્દી નિમિત્તે મને પોતાને તો એમ લાગે છે કે સર્વ કોઈને એમ લાગશે કે ભગવાન સ્વામિનારાયણની સર્વોપરીતાના મુખ્ય પ્રણેતા અબજીબાપાશ્રી જ છે. એમાં કોઈ અન્ય વિકલ્પ મને જણાતો નથી.

અને બાપાશ્રીએ માત્ર સત્સંગ ઉપર નહિ, પણ સમગ્ર માનવકુળ ઉપર ઉપકાર કર્યો છે. આ વિશ્વમાં સંપ્રદાયો ઘણા છે, પરંતુ એ સંપ્રદાયોમાંનો આ એક સંપ્રદાય નથી. આ તો વિશ્વધર્મ છે કે જેની અંદર બધા જ સંપ્રદાયોનો સમાવેશ થઈ જાય છે. અન્ય બધા જ સંપ્રદાયો તો અપૂર્ણ જેવા છે. વિશ્વધર્મ એનું નામ કે જે સર્વમાન્ય હોય. ભગવાન જુદા જુદા વાદો અને સંપ્રદાયોથી જગતને સર્વમાન્ય થાય એવા છે જ નહિ. અલબત્ત, જુદા જુદા સંપ્રદાયોના સ્થાપકોને આધ્યાત્મિક રીતે સારા એવા અનુભવો થયા છે, પરંતુ તે અનુભવો અપૂર્ણ છે. અને હજી પણ જેમણે જેમણે એ સંપ્રદાયો સ્થાપ્યા છે તેમના પ્રણેતાઓ પણ ફરીથી પૃથ્વી ઉપર પ્રગટ થઈને ભગવાન સ્વામિનારાયણને ઓળખશે ત્યારે

જ પૂર્ણતાનો એવો વાદ એ સમજી શકશે. આ પૂર્ણવાદ છે. બાકીના બધા અપૂર્ણવાદ છે એ સત્ય ઘટના છે. આપણા કોઈ પણ સંતોએ કે હરિભક્તોએ કદી પણ આ સંપ્રદાયને બધા સંપ્રદાયોમાંનો એક નહિ સમજવો જોઈએ. ભલે વિશ્વનો ગમે તે દેશ હોય, પણ તે સ્વામિનારાયણ ભગવાનના આદર્શો સર્વ રીતે સ્વીકારશે. પણ આપણને એ આદર્શો જગત પાસે મૂકવાની આવડત આવી નથી. ભગવાન સ્વામિનારાયણનું સ્મરણ કરીને એવી આવડત કેળવીએ કે કોઈ પણ દેશનો કોઈ પણ માનવી હોય એને આપણે વૈજ્ઞાનિક રીતે સમજાવી અને ગળે ઊતારી શકીએ કે આ આદર્શો સમગ્ર માનવકુળને માટે છે કે નહિ તે કહો. તેઓએ હા જ પાડવી પડશે.

સ્વામિનારાયણ ભગવાનના જે પાંચ વર્તમાન - પાંચ ideals અને શિક્ષાપત્રી અને વચનામૃત આ બે ગ્રંથના રહસ્યો સમજવા માટે જગતને તથા જગતના ચિંતકોને વર્ષો લાગશે એવા ગૂઢાર્થ પણ એમાં છે. અને જે નહિ ભણેલા હોય તેને પણ સમજી શકાય, જીવનમાં ઉતારી અને પોતાનું જીવન નિર્મળ બનાવી શકે એવું પણ છે. ત્યારે આ તત્ત્વજ્ઞાન આ બે દૃષ્ટિએ એટલું સરસ-ઉત્તમ છે કે બિલકુલ ભણેલા ન હોય તે પણ આ બે ગ્રંથના માત્ર શ્રવણથી પોતાનું જીવન ઉન્નત બનાવી શકે એ એક વાત. બીજી વાત એ કે એની અંદર આ સાદી ભાષાની અંદર એટલું બધું તત્ત્વજ્ઞાન મૂકાયેલું છે કે અત્યારે વિશ્વના જે ચિંતકો છે એની પાસે જો આપણે અંદરના ગૂઢ રહસ્યો મૂકીએ તો તે પણ વિચારતા થઈ જાય. એક સમય એવો

આવશે કે સ્વામિનારાયણ ભગવાનના મહાન સમર્થ સંતો- મહાન અનાદિમુક્તો- પૃથ્વી ઉપર પ્રગટ થશે અને એ ભગવાનના મહાન સંતો એમ સમજાવશે કે સર્વોપરી પરમાત્મા એ શું છે, એ કઈ દિવ્યતા છે, એ કઈ દિવ્ય વિભૂતિ છે. એ કેવી દિવ્ય વસ્તુ છે એ હજી જગત સમજી શક્યું નથી, માટે આ ભગવાનનો વિશ્વધર્મ છે તે જોઈએ તેવો પ્રચાર પામ્યો નથી. એમાં આપણો પણ વાંક છે. આપણે ખૂબ ફાળો આપવો જોઈએ. અને ફરીથી એકવાર કહું છું કે આપણો સંપ્રદાય એ સંપ્રદાય નથી. દરેક સંપ્રદાયનો એ વિશ્વધર્મ છે.

રહસ્યાર્થ પ્રદીપિકા ટીકામાં પણ બાપાશ્રીએ મૌલિકતા બતાવી છે. જે ગહન રહસ્યો આપણા પાંચ મહાન સદ્‌ગુરુઓ કે જેમણે વચનામૃત શોધ્યા, વચનામૃત લખ્યા અને છપાવ્યા તે પણ વચનામૃતના ગહન રહસ્યો બરાબર સમજી શક્યા ન હતા. તેઓ એ રહસ્યો કોના થકી સમજ્યા? સર્વોપરી ગણાતા એવા મહાન અનાદિમુક્ત ગોપાળાનંદ સ્વામી દ્વારા. એક વર્ષ સુધી સ્વામીએ સમજાવ્યા. પણ તે સમજૂતી લખાઈ નહિ, લખવામાં આવી નહિ. અને એ પાંચ સદ્‌ગુરુઓ મહાન સમર્થ યોગેશ્વર એવા ગોપાળાનંદ સ્વામી દ્વારા સમજ્યા ત્યારે ગુણાતીતાનંદ સ્વામી જેવા સંત બોલ્યા કે હવે જે સુખ, શાંતિ અને દિવ્ય આનંદ સ્વામિનારાયણ ભગવાનમાંથી જે નીકળે છે, જે સુખ પ્રાપ્ત થાય છે એ હમણાં સમજાયું. ત્યારે વિચાર કરો કે આ સાદી ભાષામાં લખાયેલ શિક્ષાપત્રી અને વચનામૃત કેટલાં અગાધ! આપણે

તેના સાદા અર્થ કરીએ છીએ. એના સ્થૂળ અને સૂક્ષ્મ અર્થો જ્યારે જગત પાસે મૂકીએ ત્યારે આપણે બુદ્ધિવાન અને ઝીણી બુદ્ધિવાળા કહેવાઈએ. મહારાજે ઝીણી બુદ્ધિવાળાને વખાણ્યા છે. એનું નામ ઝીણી બુદ્ધિ કે જે ભગવાનને જેમ છે એમ ઓળખાવી શકે. તે એમ કદી ન કહે કે દસ હજાર સંપ્રદાયમાંનો આ એક સંપ્રદાય છે. How? કદી નહિ. કદી નહિ બોલવું જોઈએ.

પછી બીજી વાત એ કે ભગવાનના મુક્તની સાર્ધશતાબ્દી ઉજવવા માટેનો કોઈ ઉલ્લેખ નથી એમ છે જ નહિ. તે સમજ્યા વગરની વાત છે. મહારાજ તો એમ કહે છે કે મારી જન્મ-જયંતી તો સૌ કોઈ ઉજવે, પણ મારા અનાદિમુક્તોની જન્મ-જયંતી સૌ ઉજવે ત્યારે જ મારી ખરી મહાનતા ખબર પડે. ભગવાન પોતાના અનાદિમુક્તને શું કહે છે? ‘સંત તે મારી મૂરતિ રે તેમાં ફેર નહિ એક રતી રે’. કેટલું બધું કહી નાખે છે! તે શું બતાવે છે? પ્રસન્નતા બતાવે છે. કે મારા મુક્ત મારું સર્વોપરી તત્ત્વજ્ઞાન સમજાવવા માટેના શ્રેષ્ઠ માધ્યમો છે. અને એ માધ્યમ દ્વારા એ પરમાત્મા છેવટે કામ કરે છે. કામ કરનાર ભગવાન સ્વામિનારાયણ જ છે. કર્તા એ છે, કરે છે એ, પણ પોતાના મુક્ત દ્વારા કરે છે. મુક્તોને પોતાનું દ્વાર બનાવે છે.

બાપાશ્રી દ્વારા ભગવાન સ્વામિનારાયણની સર્વોપરીતા સત્સંગમાં પણ ગાજતી થઈ ગઈ. અત્યાર સુધી તો લોકો સ્વામિનારાયણ ભગવાનને અન્ય અવતારો સાથે ગણતા હતા. ક્યાં અવતાર ને ક્યાં અવતારી એવા

સ્વામિનારાયણ ભગવાન! વિચારીએ તો ખરા! એમાંથી એ બધા જ અવતારો પ્રગટ થયા અને એ અવતારોએ પણ આ પૂર્ણતાને પામવાનું છે. ત્યારે એ ભગવાન સ્વામિનારાયણના આપણે મહાન હરિભક્તો ને સંતોએ આપણા ધર્મને વિશ્વ-ધર્મ બનાવવો જોઈએ. વિશ્વ-ધર્મ એટલે બધાને માટે. એ બધા માટે ખુલ્લો. કોઈ પણ પાળી શકે. તેમાં હરિજન ન પાળી શકે કે મોચી ન પાળી શકે કે વૈશ્ય ન પાળી શકે એવું છે જ નહિ. બધા જ માટે છે.

પરમાત્મા તો એક જ છે. અને પૂર્ણ પુરુષોત્તમ સંપૂર્ણ સ્વરૂપમાં ભગવાન સ્વામિનારાયણ રૂપે તે પરમાત્મા છે અને એ આપણા ભાગ્યમાં આવી ગયા! તો આપણા કેટલાં ભાગ્ય કે ભગવાન કૃપાસાધ્ય બન્યા! આપણામાં શું પાત્રતા છે બતાવો? છતાં પણ એના ઝપાટામાં - ખંપાળીમાં આવી ગયા તો આપણે મહાન બની ગયા. કૃપાસાધ્ય કોને કહે? રાજી થઈ જાય તો ખંડિયા રાજાને ચક્રવર્તી રાજા બનાવી આપે. તેમ આપણને પાત્ર ન હોવા છતાં પણ મહાન બનાવી દીધા.

તો આ પારાયણ મહોત્સવ પ્રસંગે ખરેખર ભગવાન સ્વામિનારાયણ એમ સૂચવે છે કે મારા મહાન અનાદિમુક્તો ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી જેવા મહાન સંતોની જન્મ-જયંતી પ્રસંગે પણ આપણે આવા ઉત્સવો યોજવા જોઈએ કે જેમાં ભગવાન સ્વામિનારાયણની નરી પ્રસન્નતા વરસે છે. અને આપણે એવા મહાન અનાદિ મુક્તરાજ પરમપૂજ્ય બાપાશ્રીની સાર્ધ-શતાબ્દી ઉજવીએ છીએ. એ સાર્ધ-

શતાબ્દીને સારોય સત્સંગ તેમ જ અન્યધર્મીઓ પણ જરૂર માન આપશે.

અને આપણે બધા એક જ શિક્ષાપત્રી વાંચીએ, એક જ વચનામૃત વાંચીએ અને એક જ ભગવાન સ્વામિનારાયણનું રટણ કરીએ અને એમાં જાત-જાતના ફાંટાઓ થયા તે ફાંટા ન થવા જોઈએ. મંડળો થવા જોઈએ. અને એકબીજાનો વિરોધ ન કરવો જોઈએ અને એક સૂરમાં ભગવાન સ્વામિનારાયણને સમગ્ર વિશ્વમાં જો ગાજતા કરીએ તો કેટલાય જીવોનું સારું થઈ જાય. માટે એક સૂર; કોઈ વિરોધ નહિ. અમદાવાદ, વડતાલ, ભુજ તેમ જ ગુરુકુળ આ બધા એક જ ભગવાનના મંડળો છે. કોઈ બે-પાંચ સ્વામિનારાયણ ભગવાન અલગ અલગ છે અને અમે આ સ્વામિનારાયણને માનીએ છીએ, તમે પેલા સ્વામિનારાયણને માનો છો એવું તો કોઈ બોલતા નથી. જો એકબીજા મંડળો વચ્ચે વિરોધ હોય તો એ બતાવે છે કે આપણે મહારાજને બરાબર સમજ્યા નથી. જો બરાબર સમજ્યા હોઈએ તો વિરોધ જેવી વસ્તુ રહે નહિ. બાપાશ્રીએ તો એમ કહ્યું કે જે પંચ વર્તમાન પાળે, ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા પાળે અને ભગવાનને જેવા છે તેવા ઓળખે એ બધા એક મંડળ છે. એ જુદા જુદા મંડળ નથી. અને જુદા જુદા મંડળ સમજે તો ભગવાનનો અપરાધ થાય. આ બાપાશ્રીની જે વાણી તે જીવનમાં ઉતારવા જેવી છે. અને એવો સુલેહ સાધવો જોઈએ કે સંઘર્ષ કે ઝઘડા જેવું કંઈ રહે જ નહિ. અદેખાઈ, ઈર્ષ્યા, દ્વેષ આ શું? બાપાશ્રીને આ ગમતું જ

નહિ. કદીપણ નહિ.

આપણે ભગવાન સ્વામિનારાયણ અને તેમના મહા અનાદિમુક્તોનું દિવ્ય સ્મરણ કરીને તેમના ચરણમાં આપણા ચૈતન્યને સમર્પણ કરીને તન, મન, ધન અર્પણ કરીને ભગવાન સ્વામિનારાયણને રાજી કરીએ અને આપણા સંપર્કમાં આવે તેને ભગવાન સ્વામિનારાયણને જેમ છે તેમ બહુ વિવેકપૂર્વક, બહુ પ્રેમથી, મગજ ગુમાવ્યા વગર, સ્વસ્થ ચિત્તે આપણે જરૂર સમજાવીએ કે જેથી આપણે જો પાંચ જણને સમજાવીએને તો પાંચ બ્રહ્માંડ ઉગાર્યાનું ફળ મળે. તો આ સાર્ધ-શતાબ્દી નિમિત્તે આજે આપણે સંકલ્પ કરીએ કે આપણા સંબંધમાં આવ્યા હોય તેમને બધાને ભગવાન સ્વામિનારાયણ ઓળખાવીએ અને કહીએ કે ભાઈ! આ સ્વામિનારાયણ ભગવાનનું તત્ત્વજ્ઞાન અદ્ધરથી ઝીલો. આ છે. જુઓ, આ કેવી સારી વસ્તુછે! એમ કરી અને એમને આપણે સમજાવવાનું કર્તવ્યછે તે બરાબર સરસ રીતે આ સાર્ધ-શતાબ્દી નિમિત્તેપૂર્ણ કરી અને ધન્ય ધન્ય બની જઈએ એવી પ્રાર્થના ભગવાન સ્વામિનારાયણને કરું છું. તેમ જ ભગવાન સ્વામિનારાયણની કૃપાવર્ષા આપણા બધા ઉપર ઊતરે અને આપણો આ છેલ્લો જન્મ બની જાય એવા જે આપણને આશીર્વાદ મળ્યા છે એ આપણે બરાબર પાત્ર રહીને જાળવી રાખીએ એવો પણ કટિબદ્ધ નિર્ણય કરીએ.

## સારાંશ

ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસનાના

પ્રણેતા બાપાશ્રી છે. સ્વામિનારાયણ ધર્મ એ દરેક સંપ્રદાયનો, વિશ્વધર્મ છે. સર્વમાન્ય છે. મહારાજના અનાદિમુક્ત પૃથ્વી પર પ્રગટ થઈ બધાને એ સમજાવશે. શિક્ષાપત્રી અને વચનામૃત સાદી ભાષામાં હોવા છતાં ઘણા ગહન છે.

ભગવાનના અનાદિમુક્તના દિનની ઉજવણી તે જ ખરી ઉજવણી અને એથી મહારાજ ઘણા રાજી થાય.

બધા મંડળોએ ભેગા મળીને વિશ્વને ભગવાન ઓળખાવવા જોઈએ. આપણે સૌએ પણ આપણા સંબંધમાં આવનારને પ્રેમથી મહારાજનું તત્ત્વજ્ઞાન સમજાવવું જોઈએ.

# ૮

પરમકૃપાળુ શ્રીજીમહારાજ, બાપાશ્રી, સદ્‌ગુરુઓ, પરમ પૂજ્ય સદ્‌ગુરુવર્ય મોટા સ્વામી શ્રી હરિજીવનદાસજી સ્વામી, સંતમંડળ તથા આ દિવ્ય સભાને ઘણા જ સ્નેહ સાથે દંડવત્ પ્રણામ સહિત વંદન કરું છું.

(મોટા મુક્ત કોઈના માથે હાથ મૂકે તો કેટલાક લોકોને સંકલ્પ થઈ જાય છે એ સંદર્ભમાં વાત કરે છે.)

"સાદીમાં સાદી એક વાત છે કે નાનું બાળક છ-બાર મહિનાનું હોય અને માતાના ખોળામાં રમતું હોય તો કોઈને કોઈ દિવસ સંકલ્પ થાય છે કે આ બાળકને કોઈ વિકાર થાય છે? જો હાડ-માંસનું બનેલું અજ્ઞાન બાળક એને જો વિકાર થાય નહિ, તો જે મહારાજના સુખમાં અખંડ રમતા હોય ને જે દેહ રહિત થઈ ગયા હોય તેને વિકાર થવાનો ક્યાં સવાલ છે? એ તો જેમ પારસને અડે તો પારસ થઈ જાય, એમ દિવ્ય વસ્તુને અડે તો દિવ્ય થઈ જાય. અંતરશત્રુ નાશ થઈ જાય અને દેહભાવ જતો રહે. તો જેને માથે મુક્તપુરુષનો હાથ પડે તે કેટલા ભાગ્યશાળી કહેવાય! ભગવાનની મૂર્તિમાં રહેલા સંત કે જેનો સ્પર્શ થતાં દિવ્ય થઈ જાય એ કંઈ થોડી વાત છે? માટે મોટા પુરુષને વિશે સંકલ્પ થાય એ બરાબર નથી. એ તો પોતાનું અજ્ઞાન છે.

જે પરમાત્મામાં પણ વિકાર સમજે છે એ અજ્ઞાન છે, તે સમજવા જેવું છે. જે દેહ રહિત થઈ પ્રભુરૂપ થઈ

ગયા તેને દેહભાવ છે જ નહિ. ત્યાગ-ભાગ નથી. એવા પ્રભુમય થયેલા સંત દ્વારા પ્રભુ માથે હાથ મૂકે અને સંકલ્પ કરવા જાય એ કેવળ અજ્ઞાન નથી તો બીજું શું છે? પ્રભુના દિવ્ય સત્પુરુષમાં મનુષ્યભાવ સમજાય તો દિવ્યભાવ સમજવા માટે પાત્ર થવા માટે હજારો જન્મની જરૂર રહે છે. જ્યારે પરમાત્માના દિવ્ય સ્વરૂપને વિશે મનુષ્યભાવ ન આવે, ત્યારે જ આ ભવસાગર તરાય. કારણ કે એ છે જ દિવ્ય. જે વિષયથી રહિત થઈ ગયા હોય તેને વિષય રહ્યા જ ક્યાં? જ્યાં દેહભાવ જ નથી. દેહ જ નથી, કેવળ દિવ્ય વસ્તુ છે. હવે તે મનુષ્યરૂપે પ્રગટ થઈને આવે તો, અરે! ઊલટું કહેવું જોઈએ કે બાપા, “તમે કલ્યાણ તો કરો. માથે હાથ મૂકીને આશીર્વાદ તો દો. ચાંદલો તો કરો.”

અમદાવાદમાં બાપાશ્રી પધાર્યા ત્યારે બધાને ચાંદલા કરતાં કંકુ ખૂટી ગયું. રસ્તામાં કોઈક કંકુ આપે તો ચાંદલો કરે. એક બાળક આવીને કહે, “બાપા, હું રહી ગયો.” બાપાએ ધૂળ લઈને હાથમાં રાખી. પછી બાળક કહે, “બાપા મને ચાંદલો કરો.” બાપાએ ધૂળનો ચાંદલો કર્યો તો કંકુનો થઈ ગયો. બાળક ખુશ ખુશ થઈ ગયો કે બાપાએ મને ચાંદલો કરી દીધો. બાપા તો મસ્ત થકા મૂર્તિમાં રહીને જોતા હતા. એમના દર્શન કરવા આપણને ન મળ્યા એનો અફસોસ થાય કે નહિ? કહો! તો આવી વાત સાંભળીને કોઈ સંકલ્પ કરે તો હું એને કહું કે ભાઈ, અનંત જન્મની મૂર્ખાઈ છે તે એક દહાડામાં ક્યાંથી જવાની હતી? આ જાય નહિને, કેવી રીતે જાય? ઘણા

શાસ્ત્રો વાંચે, મંત્રો જપે, જપ જપે, પણ પેલા અખાએ કહ્યું તેમ 'તીરથ કરી કરી થાક્યા ચરણ, તો ય ન પહોંચ્યા હરિને શરણ.' એમ શું કામ એણે કહ્યું ખબર છે? પગ ઘસાઈ જાય તો પણ ભગવાનની પ્રાપ્તિ નહિ થાય. ભગવાનની પ્રાપ્તિ કરવી હોય તો ભગવાન જેણે પ્રાપ્ત કર્યા હોય એની પાસે પહોંચવું જોઈએ, તો એ ભગવાન પાસે પહોંચાડી દે. જેણે કાશી જોઈ જ નથી એને ભોમિયા તરીકે લઈ જાઓ તો તે ક્યાં લઈ જાય?

એક બ્રહ્મજ્ઞાનીએ આવીને સ. ગુ. વૃંદાવન સ્વામીને પૂછ્યું કે, "સ્વામી, તમારી ઉંમર બહુ થઈ, પણ કાશીની યાત્રા કરી આવ્યા છો કે નહિ?" તો સ્વામી કહે, "ભાઈ, હું કાંઈ સમજ્યો નહિ. કઈ કાશી?" તો કહે કે, "સ્વામી, કેટલી કાશી આ પૃથ્વી ઉપર છે? પૃથ્વી ઉપર તો એક જ કાશી છે." સ્વામી કહે, "બે કાશી છે. હું જે કાશીએ ગયો છું ત્યાં તું નથી ગયો અને તું જે કાશીએ ગયો છે ત્યાં હું નથી ગયો." ત્યારે કહે, "બીજી કાશીનું નામ તો આપો?" એટલે સ્વામી કહે, "જે ભગવાનના દિવ્ય સુખમાં રહ્યા છે, જે અધોઊર્ધ્વ દિવ્ય તેજના સમૂહમાં રહ્યા છે એ અક્ષરધામરૂપી કાશીએ હું ગયો છું. તું ગયો છે?" ત્યારે કહે, "ત્યાં કેવી રીતે જવાય?" "ત્યાં કોઈ ન લઈ જઈ શકે. એ તો ભગવાનને મળેલા જે સંત હોય, અક્ષરધામમાં જે રમણ કરતા હોય એવા અનાદિ મહામુક્ત મળે તો એ લઈ જાય. આ ગાડી કે બીજું કોઈ સાધન ન લઈ જઈ શકે." ત્યારે તે કહે, "મારે શું કરવું?" સ્વામી કહે, "મેં તને જવાબ તો દીધો." ત્યારે તે

દંડવત્ કરવા માંડ્યો અને કહ્યું, "મને એ કાશીએ લઈ જજો." સ્વામી કહે, "નાના, તમારે એ કાશીએ જવું જ નથી ને શું લઈ જાય?" તો કહે, "મારે જવું છે." તો કહે, "જો જવું હોય તો મેં કહ્યું તેમ કરવું એટલે એ કાશીએ પહોંચી જવાય." ત્યારે પગે લાગીને વર્તમાન ધરાવડાવ્યા. પછી કહે, "હું અજ્ઞાની બ્રાહ્મણ છું. હું એમ માનતો હતો કે મારા જેવું કોઈ પંડિત નથી, પણ હવે મને ખબર પડે છે કે મારા જેવું કોઈ મૂર્ખ નથી. મેં તમારા જેવા દિવ્ય મુક્તને પૂછ્યું કે તમે કાશીએ ગયા છો?" હવે કાશીએ ગયા તો ઓલો અખો કહે છે, 'ચરણ ઘસી તીરથ કર્યા તો ય કાંઈ વળ્યું નહિ.'

ત્યારે વિચાર કરો કે એ કેટલા ભાગ્યશાળી કહેવાય કે જેણે બાપાના દર્શન કર્યા. બાપાનો જોગ થયો. બાપાને દિવ્ય સમજી આશીર્વાદ લીધા. હું તો લાખો કરોડોની સભામાં એમ પૂછું કે તમે એક પણ એવી બાબત બતાવો કે જે બાપામાં (અબજીબાપાશ્રીમાં) બરાબર ન હતી. અને હું પાંચસો સાધુ અને પાંચસો પરમહંસના સમ દઈને કહું કે મારી વાત તમને ગળે ઊતરી કે નહિ? અને તમારે કહેવું કે મને પાંચસો સાધુ અને પાંચસો પરમહંસના સમ કે વાત ગળે નથી ઊતરી.

સ. ગુ. ભગવત્સ્વરૂપદાસજી સ્વામી પાસે એક જણે આવીને એમ કહ્યું કે, "આ નારાયણભાઈને ઉપાસના નથી. એ છે મહારાજના મુક્ત, પણ એમને ઉપાસનામાં ફરક પડી ગયો છે. એમને બોલાવીને તમે સમજાવો." સ્વામી કહે, "કેમ એવું કહો છો?" તો કહે, "તેઓ બાપાને

ભગવાન માને છે." તો કહે, "બોલાવીએ. બેસો ઘરે હોય તો બોલાવીએ." પછી કોઈને મોકલ્યા એટલે હું આવ્યો. હું ઘેર જ હતો. પછી સ્વામી કહે, "આ દરબાર ગરાસિયા (ભક્ત સારા હતા. આજ્ઞા ઉપાસના બરાબર પાળે.) એમ કહે છે કે નારાયણભાઈની ઉપાસના બરાબર નથી. બાપાને ભગવાન માને છે." મેં કહ્યું, "અરે દરબાર! બાપા કોણ હતા એ તમને ખબર છે? મહારાજના સંકલ્પથી મહારાજના સુખમાં રહ્યા થકા એ મહારાજના અનાદિમુક્તરૂપે અહીં દેખાયા. એમનામાં રહીને દર્શન આપનારા કોણ હતા? સ્વામિનારાયણ ભગવાન હતા. એ તો મહારાજની મૂર્તિના સુખમાં રહેલા મહા અનાદિમુક્ત હતા. એમણે કહ્યું છે કે આજ્ઞા અને ઉપાસના એ બેમાંથી એક સરખું ન હોય તો ધામમાં ન પહોંચાય. પણ એ બાપાએ જે શિખવ્યું હોય એ હું અવળું સમજ્યો છું? હું તમને કહું જુઓ, સ્વામિનારાયણ ભગવાન સિવાય જો હું કોઈને ભગવાન માનતો હોઉં તો પાંચસો સાધુ ને પાંચસો પરમહંસના સમ છે. આ સ્વામીના સાંનિધ્યમાં કહું છું. અને હવે તમે કહો કે જો તમે જોઈને ખરેખર સાચું કહેતા હો કે મારી ઉપાસના બરોબર નથી. તો તમે એમ કહો કે પાંચસો સાધુ અને પાંચસો પરમહંસના સમ ખાઈને કહું છું કે તમારી ઉપાસના બરોબર નથી. તો હું તમારી વાત ગ્રહણ કરીશ જાવ. ભલે મારી વાત સાચી હોય."

પછી સ્વામી કહે, "દરબાર, કેમ જવાબ નથી આપતા?" તો તે કહે, "સ્વામી, હવે ખ્યાલ આવી ગયો કે

એમની (નારાયણભાઈની) ઉપાસના ખોટી નથી, સાચી છે, બરાબર છે. બાપા સત્યમૂર્તિ છે.” પછી સ્વામીએ એમ કહ્યું કે, “ગોપાળાનંદ સ્વામીનું એક જણ ભજન કરતો હતો. ગોપાળાનંદ સ્વામીએ તેને એમ કહ્યું કે મારા ગુરુ સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરો. તો કહે તમે મારા ભગવાન છો. તમે કહેશો તો ય હું એમનું ભજન નહિ કરું, તમારું જ કરીશ. પછી મહારાજે એમ કહ્યું કે સ્વામી, તમારું ભજન કરશેને તો ય એ કલ્યાણમાંથી નહિ પડે. એમ કહી અને તે દરબારને સ્વામીએ એમ કહ્યું. મહારાજે કહ્યું સ્વામી, તમે શું કામ ફીકર કરો છો? તમારું ભજન ભલે કરે એના કલ્યાણમાં જરાય ફેર નહિ પડે. થઈ રહ્યું ને? શા માટે એમ કહ્યું? એ મૂર્તિરૂપ હતા. એમાં રહીને ભગવાન જ દર્શન દેતા હોય.” પછી સ્વામીએ એમ કહ્યું કે, “દરબાર, જો કોઈ અબજીબાપાને ભગવાન જાણશે ને તો ય એના કલ્યાણમાં ફેર મહારાજ નહિ પાડે. તમે શું કામ ચિંતા કરો છો?”

આ મૂળી દેશના અને બંને દેશમાં જેમના માટે કોઈ બેમત નથી એવા એ અદ્વિતીય સંત હતા. એમણે આ વાત કરી. પેલા દરબાર કહે કે, “મેં એમને (નારાયણભાઈને) સમ ખવડાવ્યા એટલે મને પાપ લાગ્યું?” તો કહે, “હા, પાપ જરૂર લાગ્યું.” પછી સ્વામી કહે, “હવે તમારે કોઈ દિવસ સંકલ્પ ન કરવો તો તે પાપના અપરાધનું પ્રાયશ્ચિત્ત થશે. જો ફરી સંકલ્પ કરશો તો હતું એને એ પાપ ફરી ચોંટશે. આ પ્રાયશ્ચિત્ત છે, બીજું પ્રાયશ્ચિત્ત નથી. પ્રાયશ્ચિત્ત એટલું જ. ભગવાનના સાચા સંત હોય

એના વિશે મનુષ્યભાવ લાવી અને એને ખોટા કહેવા એ પાપ છે. બાપાએ એમને સાચું સમજાવ્યું છે. અને તમે એની ઉપાસના ખોટી કીધી. એટલે એનો અર્થ એ થયો કે બાપા પણ ખોટા થયા! તો ગોપાળાનંદ સ્વામી અને મહારાજ બેય ખોટા ઠર્યા, તો કલ્યાણ કેવી રીતે થશે?" પછી તો પેલા ભક્ત રડી પડ્યા ને બે હાથ જોડ્યા, "આજથી હવે હું કોઈ દિવસ અબજીબાપામાં મનુષ્યભાવ નહિ લાવું. અબજીબાપાનો તો નહિ આવે, પણ એમને મળેલા સાચા સંત હશે એના વિશે પણ મને મનુષ્યભાવ નહિ આવે."

ખરા વખતે આમ કસોટી કરે હો! મને બોલાવ્યો કે, "આ દરબારને જવાબ આપો તમારી વાતો કરે છે. ખોટું હોય તો છોડી દેવું જોઈએ." મેં કહ્યું, "હા સ્વામી, જરૂર છોડી દેવું જોઈએ." અને પછી કેવી સરસ વાતો કરી. મોટા પુરુષે કરેલી વાતો જીવનમાં ઉતારીએ તો દેહભાવ જતો રહે અને ભગવાનના દિવ્ય મૂર્તિ સંતમાં જે મનુષ્યભાવ આવી જાય છે એ પણ આવે નહિ.

## સારાંશ

મોટા પુરુષને વિશે સંકલ્પ થાય એ પોતાનું અજ્ઞાન છે. સત્પુરુષમાં મનુષ્યભાવ સમજાય તેવા જીવોને દિવ્યભાવ સમજવા, પાત્ર થવા ઘણો સમય લાગી જાય છે. ભગવાનના સાચા સંત વિશે મનુષ્યભાવ લાવી એમને ખોટા કહેવા એ પાપ છે. મોટા પુરુષોએ કરેલી વાતો જીવનમાં ઉતારીએ તો મનુષ્યભાવ જતો રહે અને દિવ્ય

સંતપુરુષોમાં મનુષ્યભાવ ન આવે. પરમાત્માના સ્વરૂપને વિશે મનુષ્યભાવ ન આવે ત્યારે જ ભવસાગર તરાય.

ભગવાનની પ્રાપ્તિ કરવી હોય તો જે મુક્તે ભગવાનની પ્રાપ્તિ કરી હોય એની પાસે પહોંચીએ તો તેઓ ભગવાન પાસે પહોંચાડી દે. અનાદિમુક્તમાં રહીને મહારાજ દર્શન આપે છે ને સર્વે ક્રિયા કરે છે. મુક્તમાં રહીને આશીર્વાદ પણ મહારાજ જ આપે છે.

# ૯

શ્રી સ્વામિનારાયણ ભગવાનની આ દિવ્ય સભાને કોટાનકોટી વંદન કરું છું. આ જેવી બીજી દિવ્ય સભા કોઈ જગ્યાએ નથી. સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય સભાથી અધિક સભા બીજી કોઈ નથી. મહારાજને અને મહારાજના મુક્તોને ઓળખવા માટે તાલાવેલી હોય એવા તથા મહારાજને ધરી રહેલા મુક્ત આ દિવ્ય સભામાં પધાર્યા છે. (પછી શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન દ્વારા પ્રકાશિત પુસ્તકો અને કેટલાક હરિભક્તો સંબંધી વાત થયા પછી કોઈક હરિભક્તના મંદવાડ વિશે વાત કરીને કહે છે)

- મહારાજ અને મહારાજના અનાદિમુક્તો એમ કહે કે જાવ તમારો મંદવાડ મટી જશે. બાપાએ કહ્યું તમને મટી જશે. એ વચનમાં એમનામાં રહીને મહારાજ બોલ્યા છે. શ્રીજીમહારાજના એ વચનમાં રહેલી દિવ્યશક્તિ એ વચન ભેગી જ એના શરીરમાં રહેલા રોગોનું મારણ કરી નાખે છે. માત્ર દવા જ રોગનું મારણ કરી નાખે એવું નથી, પણ ભગવાનના વચને અને ભગવાનનો રાજીપો જો થાય તો બધા રોગ મટી જાય. શરીરના મંદવાડ મટી જાય અને જીવના રોગ પણ મટી જાય. એટલે એમ નહિ સમજવાનું કે મહારાજ હંમેશાં આમ કરે તો સારું, બધાયને આમ આવી દર્શન દઈને મટાડી દે.

મહારાજ એમ કહે છે કે અમે કોઈ કોઈ પ્રસંગે

સમાસને અર્થે અમારો દ્રોહ કરનારને અમે કેવા રાજી થઈએ છીએ એ દર્શાવવા માટે આવા થોડા પ્રસંગો ઊભા કરીએ છીએ. પાકા ભક્તે એમાં એમ માનવાનું. એમ મહારાજ ને બાપાશ્રી કહે છે કે અમારા વિશે આવું હેત કરવું. અને આવું હેત હોય તો તમારા ચૈતન્ય ઉપરનો મંદવાડ દૂર થઈ ગયો અને તમે તદ્દન નિરોગી થઈ ગયા. એમ પોતે કહે એટલે એવું જ કહેવાય ને? માટે આપણે મહારાજ પાસે એવું માંગવું કે હે મહારાજ! આ દેહના સુખ-દુઃખ તો આવે. એવું બનવાનું. તમે અતિશય દુઃખ મટાડી દો તેમ અમારી માંગણી નથી. એ તો તમારા ધ્યાનમાં જ હોય, પણ અમારા જીવનો મંદવાડ, જીવનો રોગ, જીવમાં રહેલો (દેહાભિમાનરૂપ) કાંટો કાઢી અને તમારી મૂર્તિના સુખમાં સદાય રાખજો. એમ એ ભક્તના દૃષ્ટાંતથી હું સમજું છું.

એ કાંટો એ જ લકવો. એ શારીરિક લકવો નહિ. શારીરિક લકવો તો મહારાજનો સુંદર સેવક છે. એ તો મહારાજની મૂર્તિમાં લઈ જાય. કારણ કે બેઠા બેઠા એ સ્વરૂપને સંભારતાં બધી વૃત્તિનો અંત આવી જાય ને મૂર્તિરૂપ થઈ જાય. કાર્ય-પ્રવૃત્તિ બધી બંધ થઈ જાય. અને કેવળ કારણ-પ્રવૃત્તિ રૂપે મહારાજની મૂર્તિનું સુખ ભોગવવાનું જ રહે. એ લકવાનો ગુણ તો સારો થયો ને? પણ પેલો જીવનો લકવો જીવના કાંટારૂપ લકવો તે શું? તો મહારાજ ‘આજ મારે ઓરડે’ કીર્તનમાં પોતાના આશ્રિતોને કહે છે “રહેવું હોય જો મારી પાસ, તો તમે મેલજો રે મિથ્યા પંચવિષયની આશ.” મહારાજ એમ કહે

છે કે પંચવિષયરૂપી લકવો જેને મટી ગયો તેને ભગવાન સાથે રહેવાનું નક્કી થઈ ગયું.

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ જેને ભગવાન સંબંધી જ હોય તો માયિક પંચવિષય ખોટા થઈ જાય. એ લકવો દૂર થાય એ જરૂરી છે. મહારાજ કહે છે કે મારા આશ્રિત જે હોય તેને અંત સમે જરૂર મારે તેડવા આવવું એવું મારું બિરૂદ છે. એ સત્ય હકીકત છે. પણ આપણે એ સમજીએ કે આપણે મહારાજના આશ્રિત ક્યારે થયા કહેવાઈએ? તો મહારાજને સંપૂર્ણ શરણાગત, સંપૂર્ણ સમર્પણ કરીએ અને શ્રીજીમહારાજ સિવાય બીજા કોઈના આશરાનો સંકલ્પ સરખો પણ ન થાય. ગમે તેટલી ભૂમિકા હોય, ઠેઠ મૂળઅક્ષર સુધીની ભૂમિકા હોય, ગમે તેવા વિષયો હોય, ત્યાં મહારાજના આશ્રિતને એમાં નિશ્ચય કે મહિમા થાય નહિ. ભગવાનથી અધિકપણું ક્યાંય સમજાય નહિ. સર્વકર્તા એક ભગવાન જ સમજાય એ આશરો, એ આશ્રય. મહારાજ કહે છે કે એ આશરો ખંડિત ન થવો જોઈએ. જો ખંડિત થઈ જાય તો પ્રાયશ્ચિત્ત કરવું પડે. ઘણી વાર પ્રસંગો એવા ઊભા થાય છે કે જ્યારે આશરામાં સંકલ્પ-વિકલ્પ થઈ જાય. અને એમ સંકલ્પ-વિકલ્પ થઈ જાય, શમી જાય, શ્રદ્ધા ખંડિત થાય. વળી પાછું મન પોતાની મેળે એ સંકલ્પો દૂર કરે, એવું કર્યા કરે. શા માટે કરે છે?

સ્વામિનારાયણ ભગવાનનો આશરો કર્યો, મહારાજની દૃષ્ટિ પડી એટલે મહારાજ એને આકર્ષણ કરીને પકડી રાખે છે. કોઈ જગ્યાએ કોઈ ભૌતિક

ચમત્કાર કે કોઈ પરચો કે કોઈમાં સારપ જેવું થઈ જાય, તો ત્યાં પેસી જાય, તો આશરાનો ભંગ થઈ જાય. પણ મહારાજની જેના ઉપર ખરેખર કૃપા થઈ હોય, આવી દિવ્ય સભામાં શ્રીજીમહારાજ પોતે આશીર્વાદ આપીને જીવને આકર્ષણ કરીને પકડે છે. મહારાજ કહે છે - "હું પકડું એને છોડતો નથી. જ્યાં સુધી એ પાત્ર ન બને, ત્યાં સુધી પકડી રાખું છું. પછી એ ચૈતન્ય મારો ભક્ત થયો હોવા છતાં એને આશરાની પરિપક્વતા બરોબર દૃઢ નહિ થઈ હોવાથી આવું થયા કરે છે. એટલે એને મારી મૂર્તિનું સુખ બરોબર આવતું નથી. એટલે આશ્રય એનું નામ કે મહારાજ સિવાય એને ક્યાંય રૂચિ વર્તે નહિ. ક્યાંય એની દૃષ્ટિ ખેંચાય જ નહિ. એનું નામ મહારાજનો આશરો. આવો જો ભગવાનનો આશ્રિત હોય તો એને પોતાનું સ્વરૂપ જોવાની ઇચ્છા થાય. મહારાજ કહે છે - મારો નિશ્ચય હોય તો પોતાનું સ્વરૂપ એને તરત દેખાય. સ્વરૂપ દેખાવું સહેલું નથી. સ્વરૂપ જોવા ઇચ્છે ખૂબ અંતરથી તો જરૂર દેખાય. મહારાજ કહે છે - પોતાના સ્વરૂપને જોવાને ઇચ્છે નહિ એ અજ્ઞાની છે. બરોબર છે. સ્વરૂપ તો ક્યારે દેખાય, તો મહારાજની આજ્ઞા બરોબર પાળીને શુદ્ધ થાય. અને સ્વરૂપ જે આવરણોથી, આવા અંતઃશત્રુઓ અને બીજા દોષોથી તે ઘેરાયેલો છે, એટલે સ્વરૂપ દેખાતું નથી. એટલે મહારાજ પ્રયત્ન કરવાનું કહે છે. ક્યારે દાખડો કર્યો ને ન દેખાણું? પણ દાખડો જ ન કરે તો શું દેખાય? તો પંચવિષયની આશ એ લકવો મટાડવો તો જોઈએ ને? એ બધું મટી જાય પછી

પંચવિષયમાંથી રુચિ ખસી જાય છે. એટલે આ સ્વરૂપ ખૂબ નિર્મળ દેખાય છે.”

હવે એ નિર્મળ સ્વરૂપ ભગવાનના અક્ષરધામરૂપ તેજ સાથે અથવા તો ભગવાનની મૂર્તિ સાથે જોડાઈને એકરૂપ બની રહે ત્યારે સુખ આવે. પોતાના સ્વરૂપનો સંબંધ ભગવાન સાથે ત્યારે જ થાય, જ્યારે એ નિર્મળ બને. મહારાજ કહે છે - મારા જેટલો નિર્મળ બને ત્યારે એ મારા સુખમાં રહી શકે. એટલે ભગવાન જેટલા નિર્મળ ત્યારે જ થવાય, જ્યારે ભગવાનનો સાચો આશ્રિત થાય. ત્યારે ભગવાનનું સ્વરૂપ સમજાય. ધીમે ધીમે મહારાજની કૃપા વરસે અને મહિમા સમજાય. દાખડો કરવા માટે મહિમા જોઈએ, પણ એ મહિમા પુસ્તક વાંચીને ન સમજાય. એ તો ગોપાળાનંદ સ્વામી જેવા અનાદિમુક્ત, એવા સત્પુરુષના જોગ થકી સમજે ત્યારે એ મહારાજનું સ્વરૂપ સમજાય એવું છે. એમ કાંઈ સમજાય એવું નથી. કાંઈ હાથ ન આવે! મહારાજનું સ્વરૂપ, મહારાજનો મહિમા સમજવા માટે એવા સત્પુરુષ જોઈએ. મહારાજે એક વાર ગોપાળાનંદ સ્વામી સાથે મજાક કરી, આનંદ કર્યો, વ્યંગ કર્યો. મનુષ્ય ભાવ ભજવ્યો. તો શું કર્યું? “સ્વામી, અમારી વાણી તમે કેમ સમજ્યા છો તે અમને કહો તો ખબર પડે.” ગોપાળાનંદ સ્વામીએ થોડા વચનામૃતોથી મહારાજનું હાર્દ-સ્વરૂપ સમજાવ્યું. મહારાજને પોતે જે સમજ્યા હતા એ સમજાવ્યું. તો મહારાજ શું કહે છે તે ખબર છે? મહારાજ કહે, “સ્વામી, અમારી વાણી તમે જેવી સમજ્યા છો એવી તો

અમેય નહોતા સમજ્યા. અમને ખબર નહિ કે તમે આટલી સરસ રીતે સમજ્યા છો.” તો હવે જુઓ, ભગવાન એમ કહેતા હોય, એટલે સત્પુરુષનો મહિમા સમજાવે છે કે આ અમારી વાણી જલદી નહિ સમજાય. સત્પુરુષ થકી જ સમજાશે. કારણ કે સત્પુરુષ અનુભવે કરીને સમજ્યા હોય. માત્ર વાંચીને, ગોખીને કે બુદ્ધિએ કરીને સમજ્યા હોય એમ ન હોય. બુદ્ધિએ કરીને સમજ્યા હોય તેમાં ક્ષતિ હોય. તેમાં સંપૂર્ણ માર્ગદર્શન ન હોય. આડા-અવળા જતા રહે. માટે આ ખૂબ જરૂરી છે કે ભગવાનનો આશ્રય કરનારે ભગવાનના સ્વરૂપને ઓળખવાને માટે આવા સત્પુરુષનો સમાગમ કરવો જોઈએ.

ત્યારે એમ થયું કે બાપાશ્રીને મહારાજે અહીં મોકલ્યા. પૃથ્વી ઉપર દૃષ્ટિગોચર બનાવ્યા. કારણ કે અનાદિમુક્ત મૂર્તિના સુખમાં રસબસ હોય છે. તે કદીયે જુદા પડતા નથી. એ તો સંકલ્પે કરીને દૃષ્ટિગોચર બને છે. ત્યાં (પરભાવમાં) રહ્યા થકા એ મુક્તો જુદા જુદા બ્રહ્માંડોમાં પણ દૃષ્ટિગોચર થાય છે. એવા અનંત બ્રહ્માંડો છે કે જ્યાં મનુષ્યો રહે છે. આહીં તો સાત ગ્રહોમાં ફરે તો ય પાર ન આવે. આવા અનંત બ્રહ્માંડો છે, આવા મનુષ્યરૂપો છે જ્યાં મહારાજ દર્શન આપે છે. જ્યારે શ્રીજીમહારાજ અને તેમના અનાદિમુક્તો પ્રગટે એના થકી આ વાત સમજાય. હવે એવા મુક્તો કોઈ વાર એટલી સ્થિતિવાળા (મુક્ત) કદાચ ન પણ હોય. કોઈ વાર એવું પણ બને. મહારાજના સંત કે મહારાજ વિચરતા જ હોય. એમાં ભગવાનના યમ-નિયમ, ધર્મ, આજ્ઞા પાળે અને

ભગવદી હોય એનેય સંત કહેવાય. પણ આ સંતો (મુક્તો) ઠેઠ મહારાજની મૂર્તિમાં પહોંચેલા હોય એની વાત જુદી થઈ જાય. એવા સંતના સમાગમથી આ વાત સમજાય.

ગોપાળાનંદ સ્વામીએ વચનામૃતો ગુણાતીતાનંદ સ્વામીને અને શુકમુનિ જેવાને પણ સમજાવ્યા. એ કાગળ ઉપર નહોતા મુકાયા. એ સમજૂતી કાગળ ઉપર મુકાઈ નહિ. એટલે આપણને અત્યારે વાંચવા મળતી નથી. એ નથી મળતી એમ લાગ્યું એટલે શ્રીજીમહારાજે પોતાના મહાન અનાદિમુક્ત પૂજ્ય બાપાશ્રીને પૃથ્વી ઉપર દૃષ્ટિગોચર કર્યા. અને એમણે વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા લખી. એ બેસ્ટ ગાઈડ છે. પ્રમાણભૂત ગાઈડ છે. એ પ્રમાણભૂત માર્ગદર્શિકા. સર્વોપરી તત્ત્વજ્ઞાનની પ્રમાણભૂત માર્ગદર્શિકા છે. આવી હજી સુધી લખાઈ નથી. અને કોઈ લખવા જાય છે તો ભૂલો કરે છે. કારણ કે ત્યાં (દિવ્ય સ્થિતિમાં) પહોંચ્યા ન હોય ને લખે એમાં શું ભલીવાર હોય? એવી આ ટીકા સત્પુરુષનું માર્ગદર્શન છે એવું સમજાવે છે. તો આ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા કરીને કેટલો બધો ઉપકાર કર્યો! એવા અનાદિ મુક્તરાજ બાપાશ્રીને સત્સંગ કેમ ભૂલી શકે? જો ભૂલી જાય તો થોડું કૃતઘ્નીપણું ન કહેવાય? સાચી વાત? એટલે નહિ ભૂલવું જોઈએ. એટલે એ પ્રદીપિકા ટીકા ભગવાનનો મહિમા, ભગવાનનું સ્વરૂપ સમજાવે છે.

મહારાજ કહે છે જ્યારથી અમારા આશ્રિત થયા, ત્યારથી પૂર્ણકામ થયા એમ માનવું. બિલકુલ બરોબર છે.

પણ આશરો ખંડિત થવો જોઈએ નહિ. એટલું તો મનુષ્યદેહથી કરી શકાય ને? કારણ કે મનુષ્યને મહારાજે મનનશક્તિ આપી છે. વિચારશક્તિ આપી છે. સમજવાની શક્તિ પણ અદ્ભુત આપી છે. તો વિચાર તો કરવો જોઈએ ને? વિચાર ન કરે તો નિરુત્તર થાય, એવી એણે રચના કરી છે. તો ભગવાનના આપણે સાચા આશ્રિત બનીએ.

આ મૂર્તિ (પ્રતિમા), ધામની મૂર્તિ અને મનુષ્યરૂપે પ્રગટ થયા એ મૂર્તિ પોતે એક જ છે એમ કહ્યું છે. કેટલીક વાર એવું પણ કહે છે કે મુક્ત (પ્રતિમાથી) અધિક છે. એમ નથી. એ સમજવામાં ફેર છે. ફેર એટલો કે મહારાજના અનાદિમુક્તમાં રહીને શ્રીજીમહારાજ પોતે જ કામ કરે છે. એટલે શ્રીજીમહારાજ કહે છે કે મારી ચિત્રપ્રતિમા અને મારું ધામનું સ્વરૂપ એક જ હોવા છતાં અમને પૃથ્વી ઉપર દૃષ્ટિગોચર થવું પડે છે. અમારી (પ્રતિમા) ચિત્રપ્રતિમા બોલે નહિ, ચાલે નહિ, કાંઈ કરે નહિ. તમે પ્રશ્ન પૂછો તો કાંઈ કહે કે જણાવે ખરા? કશું ન કરે. ત્યારે કહે છે કે અનાદિમુક્તમાં રહીને અમે જ બોલીએ છીએ. તો અમારા મનુષ્યરૂપે આ સમજાય. બધાને જોગ-સમાગમ થાય એવું બધું સુખ ત્યારે આવે. એટલે અમે મનુષ્યરૂપે હોઈએ ત્યારે અધિકપણું છે. અને મુક્તભાવે અમે જ બોલીએ છીએ. એટલે એ અમારું જ અધિકપણું થયું. મુક્ત તો સેવક છે અમારા. મુક્તને (અમારાથી) અધિક કહેવાય નહિ. એમ સમજવાનું.

હવે મહારાજના મુક્ત પ્રગટ હોય તો વાત જુદી

થઈ જાય. પણ મહારાજ કહે છે કે આ લોકની અપેક્ષાઓ રાખી જોગ ન કરવો. મને સોમચંદભાઈ એક વાર કહેતા હતા કે નારાયણભાઈ, જો આપણે કોઈનું આ લોકમાં સારું થાય એવા સંકલ્પ કરીએ અને મહારાજ સંકલ્પ સત્ય કરે એ વાત જુદી છે. અને જો નવ્વાણું કરીએ અને સોમો સંકલ્પ જો સત્ય ન કરીએ તો ભગવાનના આ જે ભક્તો છે ને તેને સંકલ્પ-વિકલ્પ થાય છે. એટલે આ માર્ગ બહુ વિચિત્ર છે. ત્યારે મેં કહ્યું કે આપણે પણ ક્યાં એવી અપેક્ષા છે કે ભગવાનના એ ભક્ત એમ સમજે કે આમનામાં કાંઈ નથી. તો આપણને શું ખોટ જવાની છે? અને આપણે એવો સંકલ્પ કરીએ કે ભલે એમણે (આપણા વિશે) સંકલ્પ કર્યો તો કર્યો છતાંય એને મૂર્તિનું સુખ મળે. બરોબર? કારણ કે એટલા માટે તો આપણને મહારાજે મોકલ્યા છે. એમ સૌને મૂર્તિનું સુખ પમાડવું. દ્રોહ કરે, સંકલ્પ-વિકલ્પ કરે તો એને પણ મનન તો થયું ને મહારાજનું અને મુક્તનું. તો એ જરૂર સુખને પામવાનો. એ બી (પણ) એક જાતનું ભજન છે. મનન-ચિંતન થાય એ ભજન નહિ? તો એ ભજન થયા જ કરે છે. લોકો પૈસાને પામવા માટે કેટલી ધમાલ કરતા હોય છે. આ કરે, આ કરે, આખો દિવસ પૈસાનું જ ચિંતન થાય. હવે એ બીજી રીતનું ભજન. ભજનનો પ્રકાર જુદો. બહુ ગમે નહિ એવો પ્રકાર બરોબર?

એટલે મહારાજે એ પ્રકારના (દ્રોહના) માર્ગે ન જવાનું કહ્યું છે. અને જાય તો શિક્ષા થાય તો એ ઠીક નહિ ને? ભગવાન બધાને એમ કહે છે કે ભાઈ, બધું

મૂકીને મારી પાસે આવો. મારામાં સર્વ સુખ છે. આ જે કાંઈ તમારી પાસે છે તે મારું જ છે. જો તમારી કોઈ પણ ચીજ વસ્તુ હોય તો તે હું છું એમ ભગવાન કહે છે. તમારું જે કાંઈ પણ હોય તે હું છું, તો મને જ પકડી રાખો ને? આ બધું છે એ કોઈ સાથે કાયમ તો રહેવાનું નથી. સુખરૂપ થવાનું નથી. હું જ એવો છું જે સુખરૂપ છું. ત્યારે મહારાજ કહે છે હું જ સુખરૂપ છું. અમારી સાથે રહેવામાં મજા છે. અમારાથી જુદા પડવામાં મજા નથી. અમારી મૂર્તિ ભૂલવામાં મજા નથી. સર્વ કાર્ય કરતાં અમારી મૂર્તિ ન ભૂલો તો અમને અત્યંત આનંદ થાય છે. (એમ મહારાજ કહે છે.)

અત્યારે સમય થોડો છે. એટલે આપણે ભગવાનને પ્રાર્થના કરીએ કે મહારાજ આપણને સૌને અને એમના સર્વ આશ્રિતોને પોતાના સુખ તરફ ખૂબ ખેંચે અને એમની આજ્ઞા ધારીએ તો ય ન લોપી શકાય એવું કરે. એવી આપણે આજે દિવ્ય સભાને પ્રાર્થના કરીએ. આવા રૂડા આશીર્વાદ આપણ સૌ ઉપર વરસાવે એવી મહારાજને પ્રાર્થના કરીએ. આશીર્વાદ તો દઈ દીધા છે. એ આશીર્વાદની સ્મૃતિ કરીને તાજા કરતા રહેવું જોઈએ. જો એ આશીર્વાદ ભૂલીએ તો સુખ ન આવે. એટલે એ આશીર્વાદની સ્મૃતિ આપણે ફરીથી કરીએ. બધા ખૂબ રાજી રહેજો. બીજું કે આવતી સભામાં કદાચ હું હોઈશ ઘણખરું. ને કદાચ ન હોઉં એવું બને તો આશીર્વાદ હું પણ લઈ લઉં ને? આ દિવ્યસભાના આશીર્વાદ કોને ન ખપે? બરોબર, મને તો ધરાઈ ધરાઈને ખપે છે. એ

આશીર્વાદને હૃદયે ચાંપતા ધરાતો નથી. આ દિવ્ય સભાને એવી ચાપું છું કે છાતીએથી (હૃદયેથી) ઉખડે જ નહિ.

એક આંખે મોતિયો ઊતરાવ્યો ત્યારે દિવ્યસભાને પ્રાર્થના કરેલી તો શ્રીજીમહારાજે મોતિયો સારી રીતે ઉતારી દીધો. એની વિઝન ૫૦ ટકા ઉપર આવી ગઈ છે. પણ બીજી આંખે એટલો જ મોતિયો આવી ગયો છે. એ બંને સાથે જ ઉતારવો જોઈએ, પણ બંને સાથે ન ઉતારાય. એટલે જાન્યુઆરીના છેલ્લા વિકમાં કદાચ ૨૬ તારીખ આવે છે. છેલ્લો રવિવાર ૨૭ તારીખે આવે છે. જો અહીં હોઈશ તો સભામાં તમારા સૌના દર્શન થશે. ન હોઉં તો અત્યારે જ આ સભાને કહું કે જેવો આ આંખે મોતિયો મહારાજે સરસ રીતે ઉતારી દીધો તેવો જ આ આંખે પણ ઉતારી દે. સૌ રાજી થઈને રૂડા આશીર્વાદ આપજો. આપશો ને? બધા આપશો ને? (પછી બધા કહે 'હા') તો પછી બોલો તો ખરા. મહારાજ પાસે હું તો સેવક છું. મહારાજના આશીર્વાદથી જ બધું સારું કામ થાય છે. ભગવાનના આશીર્વાદ વગર કોઈ સારું કામ બનતું નથી. એવા આશીર્વાદ તો ગોપાળાનંદ સ્વામી જેવા પણ લેતા, તો આપણે તો લેવા જ જોઈએ ને? પણ એ નિઃસ્વાર્થ હોવા જોઈએ. કોઈ વાર આશીર્વાદ પ્રમાણે થાય કે ન થાય તે બેય સરખું સમજવું જોઈએ. આશીર્વાદ ન ફળ્યા એવું ન સમજવું. આશીર્વાદ ફળ્યા તો જ આમ થયું. ભલે એ સરખું હોય કે ન હોય. આવો નિશ્ચય એ જ દૃઢ આશરાનું લક્ષણ છે, બરોબર? એ જ ભગવાનનો આશ્રિત.

સૌને પ્રાર્થના કે આપે રાજી થઈને આશીર્વાદ

આપ્યા તે આશીર્વાદ હું અંતરથી ઝીલું છું અને પ્રાર્થના કરું છું કે મહારાજની મૂર્તિમાં આપણે સૌ રસબસ ભેગા છીએ એમ સદાય એવું જાણપણું રહ્યા કરે. એવા અમને રૂડા આશીર્વાદ આપજો, એવી પ્રાર્થના સાથે વિરમું છું. સહજાનંદ સ્વામી મહારાજની જય. બાપાશ્રીની જય.

### સારાંશ

મોટાના વચનો તન-મન તેમ જ જીવના રોગ મટાડી દે છે. શારીરિક રોગ એ મહારાજનો સેવક છે. માંદગીમાં મહારાજ વધુ સાંભરે. એ મૂર્તિમાં લઈ જાય તેવો સેવક છે. પંચવિષયના રાગરૂપ રોગ દૂર કરવો.

મહારાજના સાચા આશ્રિત બનવું. નિષ્ઠા પાકી રાખવી. બીજે ક્યાંય બંધાવું નહિ. નિશ્ચય પાકો હોય અને દાખડો કરે તો તરત પોતાનું સ્વરૂપ જોઈ શકાય. દાખડો કરવા માટે મહારાજનો મહિમા જોઈએ. એ મહિમા પુસ્તક વાંચીને ન સમજાય. ગોપાળાનંદ સ્વામી જેવા સત્પુરુષ સમજાવે ત્યારે સમજાય. કારણ કે તેઓ અનુભવે કરીને બોલે છે. માટે એ ખૂબ જરૂરી છે કે ભગવાનનો આશ્રય કરનારે ભગવાનના સ્વરૂપને ઓળખવાને માટે અનુભવી સત્પુરુષનો સમાગમ કરવો.

મહારાજ કહે છે અમારી ચિત્ર પ્રતિમા બોલે નહિ, ચાલે નહિ, પ્રશ્નોના ઉત્તર આપે નહિ માટે અમારા અનાદિમુક્તને તમારી પાસે મોકલીએ છીએ. એમનામાં રહી અમે જ બોલીએ છીએ. માટે અમારું અધિકપણું થયું. તેઓ તો સેવક છે. સેવકને અમારાથી અધિક

કહેવાય નહિ.

અનાદિમુક્ત પાસે આ લોકની અપેક્ષાઓ રાખી જોગ ન કરવો. આ લોકની વસ્તુ કામની નથી. મહારાજનું સુખ એક કામનું છે. માટે મહારાજને પકડી રાખવા. મોટાએ આશીર્વાદ આપ્યા હોય તે ભૂલવા નહિ. આશીર્વાદ ફળે કે ન ફળે નિશ્ચય ફરવો જોઈએ નહિ.

# ૧૦

પરમ પૂજ્ય બાપાશ્રીએ છેલ્લા જન્મના આશીર્વાદ આપણને પાઠવ્યા એથી શું વિશેષ જોઈએ? પરમ કૃપાળુ બાપાશ્રી કેવળ સ્વામિનારાયણ ભગવાનના સંકલ્પથી જ માનવજાતના સર્વોત્તમ ઉદ્ધાર માટે પ્રગટ થયા. એમનું પ્રાગટ્ય અન્ય જીવોના કલ્યાણ કરવા માટે જ મુખ્ય હતું. પરંતુ જીવોને ઉત્તરોત્તર વિકસાવી પરમપદના અધિકારી બનાવાય તે પહેલાં તેમણે પોતાના જીવન દ્વારા બતાવ્યું. પોતાના બાળચરિત્રોથી બાળકોને પણ સૂચવ્યું કે કોઈ પણ પ્રવૃત્તિ કરતાં કરતાં ભગવાનનું અનુસંધાન રાખવું. બાપાશ્રી બાળકો સાથે રમતો રમતા ત્યારે તેઓ પ્રથમ આવતા ત્યારે બાળકો એમ પૂછતા કે, "બાપાશ્રી! તમારી જેવું રમતાં અમને નથી આવડતું એનું શું કારણ? તમે બધી જ રમતોમાં પ્રથમ આવો છો." ત્યારે બાપા એમ બોલે કે તમે મહારાજને સાથે રાખીને રમતા નથી એટલા માટે તમે પ્રથમ આવતા નથી. અને અમે ભગવાનને ભેળા રાખીને બધું કામ કરીએ છીએ. ત્યારથી બાળકો પણ 'જય સ્વામિનારાયણ' એમ ભગવાનની સ્મૃતિ કરીને હંમેશાં રમતા. બાપા ખૂબ રાજી થતા. બાપાએ આ રીતે મૂર્તિનું અનુસંધાન બાળપણથી જ બધાને રખાવવા માંડ્યું હતું.

જેમ જેમ બાપાશ્રી વધારે ને વધારે વયમાં વૃદ્ધિ પામવા લાગ્યા, તેમ તેમ વધુ ને વધુ સમાસ કરાવવા

માંડ્યો. જે શ્રમજીવીઓ છે તે શ્રમજીવીઓનું કામ બાપાશ્રીએ પોતે જાતે કરી બતાવ્યું અને પોતાના જીવન દ્વારા બતાવ્યું કે કોઈ કામ હલકું-નીચું નથી, બધું જ ભગવાને સોંપેલું કાર્ય છે. એટલે તેમણે જીવનમાં પોતાની રોજી કમાવાને માટે રેંકડો પણ ચલાવ્યો છે. ભગવાન આવું કામ કરે, ભગવાનના અવતારો આવું કામ કરે. કારણ કે તેઓ પોતાના આચરણ દ્વારા જ દરેકને શીખવે છે. ભગવાનની પ્રાપ્તિ કરવી હોય તો પણ શ્રમ અને પુરુષાર્થ જોઈએ તે તેમણે કર્યું.

બાપાશ્રીએ મુખ્યત્ત્વે ત્રણ જબરજસ્ત બાબતો વિશ્વ સમક્ષ મૂકી અને સમજાવીઃ ભગવાન સ્વામિનારાયણનું સર્વોપરી આદર્શ તત્ત્વજ્ઞાનઃ બીજું, પરમપદ- પરમ સાધર્મ્યપણું જેનો અનાદિમુક્તો મૂર્તિમાં રહીને અનુભવ કરે છે એ અનાદિમુક્તની સ્થિતિ; ત્રીજું, ભગવાન સ્વામિનારાયણની સર્વોપરીતા.

સર્વોપરી નિશ્ચય એટલે માત્ર એટલું જ નહિ કે ભગવાન સ્વામિનારાયણ સર્વેથી પર છે. તેમણે એમ કહ્યું કે એ ભગવાનને સર્વોપરી ક્યારે માન્યા કહેવાય? કે જ્યારે ભગવાનની દિવ્ય વાણી અનુસાર આપણું જીવન બને, એ પ્રમાણે વર્તન થાય. એના ઉપર ખૂબ ભાર મૂક્યો. ભગવાન સ્વામિનારાયણના પાંચ મહાવ્રતો -પંચ વર્તમાન જેને કહે છે- તેનું પાલન મહાન મોટા સંતો કે ત્યાગીઓ પણ ન કરી શકે એવું અણીશુદ્ધ વર્તન બાપાશ્રીએ પોતાના જીવન દરમ્યાન કરી બતાવ્યું.

અનાદિમુક્તની સ્થિતિનો અર્થ એ છે કે ભગવાન

સર્વોપરી પરમાત્માના સ્વરૂપમાં રસબસ જોડાઈ જવાનો જે યોગ છે એને અનાદિમુક્તની સ્થિતિ કહે છે. અનાદિનો અર્થ એ છે કે આમ હતો અને આમ થયો એમ નહિ; સદાય આમ છું, પુરુષોત્તમરૂપ છું એવું લક્ષ્યાર્થ થાય તેનું નામ અનાદિમુક્તની સ્થિતિ. બાપાશ્રીએ પોતાના પ્રભાવથી, પોતાની દિવ્ય શક્તિથી અનેકને એ સ્થિતિના અધિકારી બનાવી દીધા અને મૂર્તિનું સુખ ભોગવતા કરી દીધા. બાળકોને અને વિદ્યાર્થીઓને એમ કહ્યું કે તમે અભ્યાસ ભલે સુખેથી કરો, બધી પ્રવૃત્તિ કરો, પણ એ બધી પ્રવૃત્તિમાં મહારાજનું અનુસંધાન રાખજો. અનુસંધાનનો અર્થ એ છે કે ભગવાનને અંતર્યામીપણે જાણવા કે હું જે કંઈ કરું છું તે ભગવાનની આજ્ઞા મુજબ કરું છું કે કેમ? ભગવાન રાજી થાય તેમ કરું છું કે કેમ? હું એકે એક ક્રિયા કરું એ ભગવાનને ગમશે કે કેમ? એવી સ્મૃતિ સ્વરૂપ સાથે રાખવી એનું નામ અનુસંધાન રાખ્યું કહેવાય. સ્વરૂપ મુખ્ય છે, પણ એ સ્વરૂપ રાખીએ ત્યારે આ વાત નહિ ભૂલવી જોઈએ. માત્ર સ્વરૂપનું અનુસંધાન યાંત્રિક રીતે રાખવાથી એ દિવ્ય સ્થિતિને પમાતું નથી. દિવ્ય સ્થિતિને પામવાને માટે જે ભગવાનની આજ્ઞારૂપ થઈને, ભગવાનના કલ્યાણકારી ગુણો કેળવીને ભગવાનના સ્વરૂપમાં જોડાય છે તેમને જ અનાદિમુક્તની સ્થિતિ થાય છે.

જેમ કોઈ મહાન ચક્રવર્તી રાજા ગાદી ઉપર બેસે અને અનેક કેદીઓને મુક્ત કરી મૂકે એમ શ્રીજીમહારાજના મુક્તાવતાર પરમ પૂજ્ય અનાદિ

મહામુક્તરાજ બાપાશ્રીના આ દિવ્ય પ્રસંગે શ્રીજીમહારાજ ઉપસ્થિત થયેલા સૌ ઉપર તેમજ જેઓ દેહની કોઈ અનિવાર્ય પ્રકૃતિને લીધે નહિ આવી શક્યા હોય, પણ (આવવાની) તાણ રહી હોય એવા સૌ ઉપર છેલ્લા જન્મની જરૂર કૃપા કરશે. આ કૃપાવર્ષાથી આપણા અવયવો કુદરતી રીતે ફરી જાય છે. આપણા સ્વભાવ-કર્મ બદલાઈ જાય છે, સ્વભાવ-કર્મ નાશ થઈ જાય છે. આવા પ્રસંગે હંમેશાં બધું જ માન મૂકીને ગમે તેવા નીચા આસને પણ બેસવું. ગમે ત્યાં રહ્યા થકા આપણે મૂર્તિમાં જ બેઠા છીએ. ઊંચું આસન હોય કે નીચું આસન હોય, બધું જ આસન ઊંચું જ છે. કારણ કે મહારાજે આપણને એના સ્વરૂપમાં રાખ્યા એવા આશીર્વાદ આપી દીધા. એથી વિશેષ શું? ત્યારે આનું અનુસંધાન જો સતત રહે તો આવો અભ્યાસ કરતાં કરતાં અને આ આશીર્વાદના પ્રભાવથી અને અનાદિમુક્તના જોગથી અનાદિમુક્તની સ્થિતિ થાય.

અત્યારે ભૌતિકવાદ ખૂબ કૂદકે ને ભૂસકે આગળ વધે છે અને તેમાં પ્રભુની સ્મૃતિ ભૂલાઈ ગઈ છે, લોકો ભૌતિક સિદ્ધિ માટે દોડાદોડ કરે છે, પરંતુ અંતે એને અનુભવ એવો થાય છે કે શાંતિ મળતી નથી. આખું વિશ્વ શાંતિની શોધમાં ફરે છે. તો અનાદિમુક્તના આવા પ્રસંગે શાંતિ મળે.

સચ્ચિદાનંદ સ્વામીએ એમ કહ્યું કે મહારાજ! શાંતિનો ઉપાય બતાવો. તો કહે હું ઉપાય બતાવું તે કરશો? જરૂર, મહારાજ કરીશ. તો કહે જુઓ, અમારા

મુક્ત પર્વતભાઈ છે. એમના ઘરના નળિયાનું તમે ધ્યાન કરો. તો સચ્ચિદાનંદ સ્વામી કહે મહારાજ! તમારી મૂર્તિ મૂકીને, તમારું સ્વરૂપ મૂકીને આ નળિયાનું ધ્યાન કરવાનું કેમ કહો છો? મહારાજ કહે કે તો ભલે, અમારા સ્વરૂપનું ધ્યાન કરો. એટલે સ્વામીએ છ મહિના સુધી ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરવાનો પ્રયત્ન કર્યો, પણ અંતરમાં શાંતિ ન થઈ. ભગવાનનું સ્વરૂપ જ દેખાય નહિ. ફરીને મહારાજને પૂછયું. ત્યારે મહારાજ બોલ્યા કે સ્વામી! મેં તમને કહ્યું હતુંને કે પર્વતભાઈના નળિયાનું ધ્યાન કરો. ત્યાં જાવ, નળિયા નીરખીને પછી તેનું ધ્યાન કરો તો તમને શાંતિ થઈ જશે.

પછી સચ્ચિદાનંદ સ્વામી અગતરાઈ જાય છે. ત્યાં પર્વતભાઈ તુંબરું જેવા ભક્ત હતા દાસત્વભાવવાળા. ત્યારે પર્વતભાઈએ પૂછયું તો કહે હું આપના દર્શન કરવા માટે આવ્યો છું. પર્વતભાઈ તો દર્શન કરવા લાગ્યા કે તમે તો સંત છો, હું તો તમારો ગૃહસ્થ દાસ છું. તો સ્વામી કહે ના, મને આપના નિવાસસ્થાને લઈ જાવ. નિવાસસ્થાને લઈ ગયા તો સ્વામી તો નળિયા નીરખવા લાગ્યા. જેમ જેમ નિરીક્ષણ કરતા ગયા, તેમ તેમ અંદર ને અંદર ઊતરતા ગયા. પછી આંખો મીંચીને ધ્યાન કર્યું તો શાંતિ થઈ ગઈ. નળિયાને બદલે મહારાજનું સ્વરૂપ દેખાવા લાગ્યું. પછી મહારાજ પાસે જઈને બેઠા. મહારાજે પૂછયું કે શાંતિ થઈ? સ્વામીએ કહ્યું કે મહારાજ! પૂરી શાંતિ થઈ. આનું રહસ્ય તો સમજાવો? મહારાજ કહે, "આ પર્વતભાઈ અમારી મૂર્તિમાં રહેલા અનાદિમુક્ત છે. તેઓ

અમારા સંકલ્પથી અમારી સાથે આવ્યા છે. એમણે અમારી મૂર્તિ સિવાય કંઈ જોયું નથી. એમનું નિવાસસ્થાન એમને લીધે દિવ્ય થઈ ગયું છે. એ દિવ્યતા એમાંથી નીકળે છે." આ રીતે મહિમા સમજાવ્યો કે ભગવાનના આવા મહામુક્તો જ્યાં જ્યાં વિચરે છે ત્યાં બધી જ વસ્તુઓ દિવ્ય થઈ જાય છે અને એ દિવ્ય વસ્તુઓ જ્યારે આપણને સ્પર્શ કરે છે, ત્યારે અંતરના બધા સંકલ્પો શાંત થઈ જાય છે. એ રીતે મહારાજના અનાદિમુક્તનો મહિમા સમજાવ્યો.

આ કચ્છ પ્રદેશ તો ગરીબ હતો, આર્થિક વ્યવહાર દુર્બળ હતો. એ બધાયને ભગવાનની વાણી જીવનમાં ઉતારવા માટે, એ ધર્મને જીવનમાં ઉતારવાને માટે બાપાશ્રીએ ખૂબ દ્રઢતા કરાવી. અને અત્યારે જોઈ શકો છો કે આ આખો કચ્છ પ્રદેશ સુખી છે. ભલે એ સૂકો પ્રદેશ છે, પણ આજે બધા સુખી છે એનું કારણ આ અનાદિ મહામુક્તરાજ અબજીબાપાના આશીર્વાદ, એમનો દિવ્ય પ્રભાવ, અહીં બધા ઉપર અમૃત નજર. ભારતે કેટલાં વર્ષ દુકાળ ભોગવ્યો? પરંતુ તમે જોઈ શકો છો કે આ વર્ષે એટલો અનહદ વરસાદ વરસાવ્યો કે હવે બે-ત્રણ વર્ષ સુધી પણ દુકાળની ભીતિ નહિ રહે એટલું પાણી વરસાવ્યું. તે અમુક જ ભાગમાં નહિ, પણ સર્વત્ર સમસ્ત ભારત ઉપર વરસાવી બધાને ભીના કરી મૂક્યા; તે માત્ર વરસાદથી ભીના નહિ, પણ બ્રહ્મભીના પણ કરી દીધા.

પ્લેગ આવ્યો, શું કામ આવ્યો? કે ભારત ગંદુ હતું. એ ગંદકી દૂર કરવાને માટે પ્લેગ મૂક્યો, એ સિવાય કોઈ

રસ્તો જ નહિ. અને ગામો ગામ બધાય ગંદકી ઉપાડવા માંડ્યા, દરેકે પ્લેગની બીકને લીધે પોતાના ઘર સ્વચ્છ કરી નાખ્યા. અને જેવું વાતાવરણ શુદ્ધ થયું કે તરત જ પ્લેગ જતો રહ્યો. જુઓ, કેટલી ઝડપથી જતો રહ્યો? આ મહોત્સવ આવ્યા પહેલાં જતો રહ્યો? બધા વિચાર કરતા હતા કે આ પ્લેગને લીધે મહોત્સવમાં કેવી રીતે જઈશું? મને કોઈએ પૂછ્યું કે તમે જશો? મેં કીધું હા, હું તો પહેલો જઈશ, અને જે કોઈ અહીં આવશે એને શ્રીજીમહારાજ પ્લેગ નહિ થવા દે અને આ લાભ ચૂકવો નહિ. ત્યાર પછી જુઓ અત્યારે કચ્છમાં માખીઓ અને મચ્છરનો ત્રાસ હોય, તો અત્યારે અહીં માખી-મચ્છર એકેય જોવા મળે છે? એ માખી મચ્છર ક્યાં ગયા? અહીં ક્યાં દવાઓ છાંટી છે? આ મહોત્સવને લીધે બાપાએ આવડા મોટા આખાય જગતને પ્રતીતિ કરાવવા એવું કર્યું. કચ્છના એ મહાન સંત અબજીબાપાશ્રીનું પ્રાગટ્ય થયું તો બોલ્યા વગર આ બધું જ કામ કરે. ત્યારે બાપાનું જે આ પ્રાગટ્ય ત્રણ બાબતો માટે છે એ વસ્તુ જ્યાં સુધી સિદ્ધ ન કરીએ, ત્યાં સુધી આપણે આપણું કામ પૂરું કર્યું ન કહેવાય.

આપણને છેલ્લા જન્મના આશીર્વાદ મળી ગયા, હવે શા માટે ચિંતા રાખવી? ફરીથી શ્રીજીમહારાજ, તેમના અનાદિમુક્તો અને આ દિવ્ય સભાને કોટાનકોટી વંદન કરી, તેમનો રાજીપો ઇચ્છી વિરમું છું.

## સારાંશ

બાપાશ્રી જીવોના કલ્યાણ કરવા પધાર્યા હતા. તેઓએ પોતાના જીવન દ્વારા આપણને જીવન જીવતાં શીખવ્યું. અને મહારાજ ઓળખાવ્યા. અનાદિમુક્ત કોને કહેવાય તે સમજાવ્યું. તેમણે શીખવ્યું કે દરેક ક્રિયામાં, રમતમાં પણ ભગવાનને સદાય સાથે રાખવા. દરેક કામ ભગવાનનું સોંપેલું છે તેમ માની કરવું. ભગવાનની પ્રાપ્તિ કરવી હોય તો પણ શ્રમ-પુરુષાર્થ આવશ્યક છે.

ભગવાનને સદાય સાથે રાખી ભગવાનને ગમે તે કરવું, ન ગમે તે ન કરવું. ઉત્સવ-સમૈયામાં મહારાજ તથા તેમના અનાદિમુક્ત રાજી થઈ કૃપાવર્ષા કરે છે. એવા સમૈયામાં આસન માટે કે બીજા કોઈ માટે પણ માન રાખવું નહિ. મહારાજના અનાદિમુક્ત જ્યાં વિચરે તે સર્વે દિવ્ય થઈ જાય છે. તે વસ્તુઓનો આપણે સ્પર્શ કરીએ તો અંતરના બધા સંકલ્પો શાંત થઈ જાય છે.

## ૧૧

મૂર્તિ ક્ષણ પણ ભૂલાય નહિ એનો અભ્યાસ કેવી રીતે કરવો? દરેક ક્રિયા કરતાં પહેલાં એક-બે સેકંડ મહારાજને સંભારવા. હું આમ ચશ્મા કાઢું તો ય એ વખતે ક્રિયા તો કરી જ ને? તો એ વખતે પણ એક સેકંડ મહારાજની મૂર્તિની સ્મૃતિ કરવાની. જમતી વખતે તો મહારાજની સ્મૃતિ તો તરત થવી જોઈએ. એ વખતે તો કંઈ કામ હોય નહિ. જમવા સિવાય કોઈ પ્રવૃત્તિ ખરી? તે વખતે મહારાજ જમે છે એવો ભાવ ન રહે? આપણે દૃષ્ટા રહેવાનું. મહારાજની મૂર્તિને નિત્ય નીરખવી. મહારાજનું જે સ્વરૂપ ગમે તેનું દરેકે દરેક અંગ કેવું છે તે બરાબર નીરખવાનું. આમ જુઓ ત્યારે એમ લાગે કે આ મહારાજની આંગળી દેખાય છે.

**સારાંશ**

આપણને ગમતું મહારાજનું સ્વરૂપ બરોબર યાદ કરી લઈ દરેક ક્રિયામાં એમને યાદ કરી સાથે રાખવા.

# ૧૨

બધાને પાત્રતા ન હોય એટલે પ્રભુ કેવી રીતે દર્શન કરાવી શકે? પણ દર્શન કરાવવાને માટે ભગવાન હંમેશાં જણ-જણ પ્રત્યે કૃપા વરસાવે છે. દરેક જીવ ભગવાનને પામવાના- ભલે પાત્ર હોય કે ન હોય. મોડા-વહેલાય સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપમાં પહોંચી જશે. અને એ ભગવાનના સ્વરૂપમાં પહોંચવું એટલે યોગ પૂર્ણ થઈ ગયો. પૂર્ણયોગ એનું નામ. અત્યારે યોગ ચાલુ છે બધાયના. દરેક ધર્મમાં યોગ ચાલે છે. સારી વસ્તુ છે. તે યોગ કરતાં કરતાં આગળ વધશે. અને છેવટે જ્યારે પૂર્ણયોગ થશે ત્યારે સર્વોપરીતાનો અનુભવ થઈ જશે. માટે, સારાય જીવન દરમ્યાન મહારાજની મૂર્તિમાં જોડાવું. યોગ એટલે જોડાવું- મૂર્તિમાં જોડાવું. બીજે જોડાય એને યોગ ન કહેવાય. કોઈ પ્રવૃત્તિમાં જોડાય તો એ યોગ ન કહેવાય. યોગ તો એનું નામ કે જે ભગવાનના સ્વરૂપમાં જોડે. તેનું નામ યોગ. એ યોગનો અભ્યાસ સારાય જીવન દરમ્યાન ચાલુ રાખીએ અને આ બ્રહ્મયજ્ઞમાં જે કંઈ સુંદર વાતો મહારાજના આ મહામુક્તોએ કરી તે વાતો સ્વામિનારાયણ ભગવાને કરાવી. એ સ્વામિનારાયણ ભગવાન, એમના અનાદિમુક્તો અને એમણે કરેલા સુંદર બોધવચનો-શાસ્ત્રો એનું ચિંતન કરીએ, એ કલ્યાણકારી ગુણોનું ધ્યાન-ચિંતન કરીએ અને ભગવાનની મૂર્તિમાં જોડાઈએ.

આપણે બધા જાણીએ છીએ કે આજ્ઞા લોપવી એ અપમૃત્યુ થયું કહેવાય. જેટલી ઘડી આજ્ઞા લોપાય તેટલી ઘડી આપણું મૃત્યુ થયું જાણવું. એમ ગુણાતીતાનંદ સ્વામી અને મોટા સંતો કહેતા. અને એ હકીકત છે. અને એક મોટા સંતે પણ એમ કહ્યું કે નિશાન ચૂકવું નહિ અને મુકામ મૂકવું નહિ. ત્યારે કોઈ સમજી શક્યા નહિ એટલે પૂછયું, “સ્વામી! નિશાન શું?” તો કહે આજ્ઞા. આજ્ઞા સામી દૃષ્ટિ રાખવી અને મૂર્તિરૂપી મુકામ મૂકવું નહિ. એ મુકામ સિવાય બીજે ક્યાંય પણ પ્રતીતિ આવવી જોઈએ નહિ. શ્રીજીમહારાજની મૂર્તિ એ સર્વોપરી મૂર્તિ છે. અનંત અનાદિમુક્તો એ મૂર્તિનું સુખ અનુભવે છે. એ સુખમાં મહારાજે આપણને રાખ્યા છે. મહારાજ કૃપા વરસાવે છે. આ દિવ્ય સભામાં આપણે બધા આવી ગયા એ આપણા મોટા ભાગ્ય. હવે આપણો જન્મ રહ્યો ખરો? જેવો એમનો દિવ્ય જન્મ એવો આપણો દિવ્ય જન્મ.

યોગ એટલે ભગવાનના સ્વરૂપમાં- સર્વોપરી સ્વરૂપમાં - જોડાવું. એ યોગ તો સમગ્ર જીવન સુધી કરવો પડે. જ્યાં સુધી એ સ્વરૂપમાં નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું તેમ જળ-તરંગવત્ એકતા ન થાય, ત્યાં સુધી એ યોગ ચાલવો જોઈએને? તો એ યોગ તો એક સરસ પ્રવૃત્તિ મળી ગઈ. આપણે આપણો કામ-ધંધો કરતાં કરતાં કંટાળીએ છીએ? રોજ ભોજન કરતાં કંટાળીએ છીએ? કોઈ દિવસ એમ નથી થતું કે આજે ન જમીએ.

## સારાંશ

ભગવાનની મૂર્તિમાં જોડાવું એ ખરો યોગ છે. એ યોગ રોજ કરવો. મહારાજની આજ્ઞા એક પણ લોપવી નહિ.

# ૧૩

આ દિવ્ય સભાને કોટીકોટી વંદન સહ જય સ્વામિનારાયણ. મહારાજે છૂટી છવાઈ એવી વાતો પ્રસંગો અનુસાર કરીને સર્વોપરી તત્ત્વજ્ઞાન અંદર મુક્યું. આ છૂટી છવાઈ એવી વાતો અને સંવાદોમાંથી ભગવાનનું સર્વોપરીપણું શોધી કાઢવાની વાત આજે સારી થઈ. વિદ્વાનોને એ સ્પષ્ટતા નથી હોતી એટલે ભગવાનના સ્વરૂપ વિશે ગોથાં ખાયા કરે છે. જ્યારે ભગવાનના તત્ત્વજ્ઞાનની સ્પષ્ટતા થાય, પછી આગળ વધવાની સ્થિરતા આવે છે. ભગવાનને સર્વોપરી સમજવા માટે આ જુદી જુદી કક્ષા, જુદી જુદી (ચૈતન્ય) ભૂમિકાઓ મૂકી દેવી જોઈએ. એ માત્ર ચર્ચા અને સંવાદોનો વિષય છે. ચર્ચા કર્યા પછી અનુભવ થાય ત્યારે નાસ્તિકપણું મટે, એટલે કે શંકા-કુશંકા ત્યારે જ ટળે. એટલે શરૂઆતમાં આ સ્પષ્ટતા કરી દીધી.

મહારાજે પહેલું વચનામૃત અખંડ સ્મૃતિનું કહ્યું કે જે છેલ્લું લેવું જોઈતું હતું. આમ કેમ કર્યું? હવે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન એમ જણાવે છે કે બસોબોંતેર વચનામૃતની ફળશ્રુતિ અખંડસ્મૃતિ છે. એ બધામાંથી તેનો અભ્યાસ કરતાં કરતાં છેવટે અખંડસ્મૃતિ એ એની ફળશ્રુતિ થવી જોઈએ. એ પહેલું એટલા માટે મૂક્યું કે બાકીના બસોબોંતેર વચનામૃતનો અભ્યાસ કરતાં-કરતાં એમાં રહેલું તત્ત્વજ્ઞાન જીવનમાં વણતાં-વણતાં, જીવનમાં

ઊતારતાં-ઊતારતાં મહારાજની સ્મૃતિ રહેવી જોઈએ. આ રીતે વચનામૃતનો અભ્યાસ કરાય તો અભ્યાસ કર્યો કહેવાય. નહિતર કર્યો ન કર્યા જેવું થયું! માટે પહેલા અખંડ સ્મૃતિનું વચનામૃત મૂકી દીધું કે ભગવાનની કથાવાર્તા કરતાં-કરતાં, એનું મનન-ચિંતન કરતાં-કરતાં, એને સમજતાં-સમજતાં સાથે મહારાજની સ્મૃતિ રહેવી અનિવાર્ય છે. આ અખંડ સ્મૃતિ રાખવી એ કઠીનમાં કઠીન સાધન છે. કઠીનમાં કઠીન. શ્રીકૃષ્ણ ભગવાને ટચલી આંગળીએ ગોવર્ધન (પર્વત) તોળ્યો. રામભક્તરાજ હનુમાનજી પર્વત લઈને ઊડ્યા. આ ઘણું જ કઠીન કામ છે, પણ એથીય કઠીન કામ આ છે. પછી જ્યારે આ બધી જ કોટીઓ (કક્ષાઓ)માં ક્યાંય પ્રલોભન ન થાય અને એક ભગવાનમાં અખંડ સ્મૃતિ રહે એ કઠીનમાં કઠીન સાધન છે. બ્રહ્માનંદ સ્વામી કેટલાય બ્રહ્માંડોને નીચે ઉતારી દે એવા હતા, તો યોગેશ્વર શ્રીકૃષ્ણે ટચલી આંગળીએ ગોવર્ધન તોળ્યો એમાં શું વિશેષ? કઠીનમાં કઠીન સાધન આ છે કે પરમાત્મામાં અખંડ સ્મૃતિ રહે. બાપાએ એમ કહ્યું છે કે અખંડ સ્મૃતિ રહેતાં રહેતાં માયિક વૃત્તિ દિવ્ય થઈ જાય છે. અને એ અખંડ સ્મૃતિનું દિવ્ય સુખમાં રૂપાંતર થાય છે.

અખંડ સ્મૃતિથી આગળ અધિક કોઈ પ્રાપ્તિ નથી એમ મહારાજે કહ્યું છે. અખંડ સ્મૃતિ એ મોટામાં મોટી પ્રાપ્તિ. અને અખંડ સ્મૃતિનું દિવ્ય સુખમાં રૂપાંતર થઈ જાય એ અનાદિમુક્તની સ્થિતિ. અનાદિમુક્તની સ્થિતિની અધિકતા વર્ણવતા વંદુના પદમાં એક પદ એવું છે, જેની

એક લીટી "વહાલા એ રસના ચાખણહાર, છાશ તે નવ પીવે રે લોલ." ત્યારે એમ કહ્યું કે જે શ્રીજીમહારાજની મૂર્તિના સુખમાં ડૂબેલા છે એ જે રસ ચાખે છે, એ રસના ચાખણહાર જે અનાદિમુક્ત છે, એ છાશ શું પીવે? એટલે પરમ એકાંતિકનું સુખ પણ છાશ જેવું Comparatively ગણાય. સરખામણીની દૃષ્ટિએ આ ઉપમા છે. સુખના સમુદ્ર ઉપરની હવા આવે અને સુખના સાગરમાં ડૂબાય, એ તો સ્વાભાવિક એક ને એક બે જેવી વાત છે કે એ ખૂબ અધિક છે. એ સુખને પામવા માટે આ અખંડ સ્મૃતિ છે.

ચાર આશ્રમ - બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ ને સંન્યાસાશ્રમ પચીસ-પચીસ લેખે સો વર્ષનું આયુષ્ય મળ્યું છે. તેથી વધારે જીવનારા છે ખરા, પણ અત્યારે સામાન્ય રીતે જોઈએ તો તે આશ્રમમાં સમય મર્યાદા ઓછી થાય. મહારાજ કહે છે કે બાલ્યાવસ્થા પૂરી થાય અને યુવાવસ્થા શરૂ થાય એ દરમ્યાન બ્રહ્મચર્યાશ્રમ, બાળકોનું બ્રહ્મચર્ય વ્રત ખૂબ જળવાય એવી પરિસ્થિતિ ઊભી થવી જોઈએ. પછી ગૃહસ્થાશ્રમનો આદર્શ અ. મુ. પર્વતભાઈએ અને પરમ કૃપાળુ બાપાશ્રીએ શિક્ષા અર્થે આદર્શ ગૃહસ્થાશ્રમ કોને કહેવાય એ બતાવી દીધું. એટલે હવે આદર્શ ગૃહસ્થાશ્રમ કોને કહેવાય એનો ઊંડો અભ્યાસ કરવાની જરૂર નથી. ચરિતાર્થ સામે છે.

આગળ ગયા એટલે વાનપ્રસ્થાશ્રમ આવે. ગૃહસ્થાશ્રમના કર્તવ્યો પૂરા થઈ ચૂક્યા ત્યારે એવી કક્ષા આવે છે કે જ્યારે ભગવાનની સ્મૃતિ તેલધારાવૃત્તિની

માફક રહે એમ જીવનયાત્રા શરૂ થવી જોઈએ. ત્યારે સાત્ત્વિક ઉથલધડા (પ્રવૃત્તિઓ) પણ જેમ બને એમ ઓછા થવા જોઈએ. ઉત્સવ, સમૈયા, પારાયણ ને બીજા ઉત્સવો આ બધા સાત્ત્વિક ઉથલધડા કહેવાય. જેમ ભગવાન અનાદિમુક્તના સુખ આગળ પરમ એકાંતિક મુક્તના સુખને છાશ જેવું કહે છે. એમ બધા જ બ્રહ્મયજ્ઞ કરતાં મહારાજની મૂર્તિમાં રહેવાનો બ્રહ્મયજ્ઞ શરૂ કરીએ. આ સાત્ત્વિક ઉથલધડામાંથી બહાર આવવું જોઈએ. તે એટલા માટે કે સાત્ત્વિક ઉથલધડામાં પણ રાગ રહે છે. કાર્યની સ્મૃતિ વધુ થઈ જાય છે, ને ભગવાનની સ્મૃતિ ત્રુટક ત્રુટક બને છે. જ્યારે જીવનયાત્રાનો અમુક ભાગ પૂરો થાય, ત્યારે આ સાત્ત્વિક કાર્યો થોડાક ઓછા થવા જોઈએ. એ પહેલાં ભલે કર્યા હોય, ભગવાનની સ્મૃતિ રાખતાં-રાખતાં. પછી જો એ ચાલુ રહે તો એ કાર્યમાં એવું ગૂંચવાઈ જવાય કે બહાર નીકળવું મુશ્કેલ થઈ જાય. એનો અતિરેક નહિ થવો જોઈએ. ભગવાને કાર્ય કરતાં કારણ (મૂર્તિ)ની સર્વોપરીતા બતાવી. એક વાર ભગવાને રંગોત્સવ કર્યો. બધાને ખૂબ રંગે રમાડ્યા. એમાં મોટા મોટા સંતો હતા. રેલમછેલ બોલાવી દીધી. એ વખતે અ. મુ. ગોપાળાનંદ સ્વામી પોતાની ઓરડીમાં પોતાના આસને માથે ઓઢીને ધ્યાન કરતા હતા. કોઈને એમ થયું કે ગોપાળાનંદ સ્વામી બધા સંતો સાથે કેમ નથી? તો શોધ કરવા માંડ્યા. સ્વામી તો આસને બેસીને માથે ઓઢીને ધ્યાન કરતા હતા. સ્વામીએ ઓઢેલું ધોતિયું આમ ખસેડીને એક પાર્ષદ હરિભક્તે સ્વામીને જગાડ્યા.

"અરે! સ્વામી, મહારાજે તો આજે સુખની રેલમછેલ બોલાવી દીધી. તમે ત્યાં ન આવ્યા ને માથે ઓઢીને બેસી રહ્યા!" સ્વામી કહે "ભાઈ, મહારાજે જેમ તમને રેલમછેલ બોલાવીને એમ મને ઉત્તમોત્તમ સ્વાદિષ્ટ, મીષ્ટાન્ન ભોજનો જમાડવામાંથી ઊઠવા દે તો ઊઠું ને? તમને શાકભાજી જમાડ્યા ને મને આ જમાડ્યું." "અરે! કે શાકભાજી? મહારાજે અમને આવાં સુખ આપ્યાં એને તમે શાકભાજી કહ્યાં? સ્વામી, આ તો તમે અપમાન કર્યું કહેવાય." સ્વામી હસ્યા. કહે, "રાજી રહેજો, માફ કરજો." સ્વામી તો ક્ષમા માગે એવા પુરુષ હતા. પછી આ ફરિયાદ મહારાજને કરી. પછી મહારાજ કહે, "આનો ઉત્તર સભામાં કરીશ." પછી સભા બેઠી. સભામાં આ પ્રશ્ન નીકળ્યો. ત્યારે મહારાજે એમ કહ્યું કે આ જુદા જુદા ઉત્સવો પાછળ મારી મૂર્તિની સ્મૃતિ રહે એટલે આ ઉત્સવો કર્યા છે. એમાં અમારા પ્રભાવને લીધે તમને સુખ આવે છે. તમારી પાત્રતા વધે છે. અંતરશત્રુઓ પીડતા નથી. એટલે અમારા સુખ તરફ ગતિ થાય એટલે આ બધા કાર્યો અમે ગોઠવ્યા છે. સ્વામી આ કાર્યોથી આગળ વધી ગયા છે. તમે નથી વધ્યા એટલે મેં તમને આવી રીતે સુખ આપીને આગળ વધાર્યા.

હવે સ્વામીને (ગોપાળાનંદ સ્વામીને) કંઈ કરવાનું બાકી નથી રહ્યું, તો હવે આ દિવ્ય ભોજન જ હોય ને? સર્વોપરી સુખના ભોજન જ જમે ને? બીજું શું ખાય? પછી બધા કહે, "મહારાજ અમને..." ત્યારે મહારાજ કહે, "તમે અનંત જન્મો સુધી મારી સ્મૃતિ વગર આ જ

ગોખે રાખ્યું છે ને એનો આનંદ માણ્યો છે. એટલે એટલી બધી બહિર્વૃત્તિ થઈ છે કે તમને મારી મૂર્તિમાં અખંડવૃત્તિ રહેતી નથી. થોડો વખત રહે, થોડો વખત ન રહે એમ થયા કરે છે. ત્યારે એટલી બધી બાહ્યવૃત્તિ કાઢવા માટે ગૃહસ્થાશ્રમ પૂરો થયા પછી આ પ્રક્રિયા શરૂ થવી જોઈએ. એમાં ભૂલ નહિ કરવી જોઈએ." મહારાજે એમ પણ કહ્યું છે કે આ અક્ષરધામની સભા છે. ખરેખર, આપણે એ દિવ્ય સુખના ભોક્તા છીએ. ચૈતન્ય મહારાજની મૂર્તિમાં છે, પણ જો મહારાજને ભૂલી જઈએ તો વહાણમાંથી કૂદકો માર્યા જેવું થાય. વળી પાછી સ્મૃતિ રહે અને વહાણમાં આવી જાય. વળી પાછા વહાણમાંથી કૂદે ને પાછા વહાણમાં આવે. આવી ક્રિયા ચાલ્યા જ કરે છે. એમ ન થાય એટલા માટે મહારાજે આશ્રમ કર્યા. એ આશ્રમ પૂરા કર્યા પછી, ગૃહસ્થાશ્રમ પછી વાનપ્રસ્થાશ્રમમાં આવે ત્યારે તો મહારાજ સિવાય કંઈ જ ન રહે ને સુખ ભોગવવાનું. વાનપ્રસ્થાશ્રમમાં અખંડ સ્મૃતિ કરીને પહોંચી ગયા સંન્યાસ આશ્રમમાં. સંન્યાસ એટલે વૈરાગ્ય. બધાથી વૈરાગ્ય. મૂળઅક્ષર કોટી સુધી વૈરાગ્ય. એક મહારાજ સિવાય કોઈ જગ્યાએ ક્યાંય સ્નેહ ન રાખવો. એ સ્થિતિને પામવા માટેના આ છેલ્લા બે આશ્રમ વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ છે.

એ સ્થિતિને પામ્યા પછી નિવૃત્તિ આવે. જગત તો એ બે આશ્રમમાં (બ્રહ્મચર્યાશ્રમ ને ગૃહસ્થાશ્રમમાં) ચાલ્યા જ કરવાનું છે. પછી એમાં આપણી જરૂરિયાત ક્યાં રહે? પછી એ ઉંમરમાં એ બધા (સંતાનો વગેરે) તૈયાર થઈ

જાય. એ બે આશ્રમમાં આપણે જે કરીએ તેનો લાભ સૌને મળ્યા કરે જો એ રીતે ચાલીએ તો. પણ આપણે તો સીત્તેર વરસ થાય તો પણ એના એ ઢંગધડા. માટે એક વસ્તુ યાદ રાખીએ કે બે આશ્રમ પૂરા કર્યા પછી ભગવાનની સ્મૃતિ વધુમાં વધુ રહે તેમ કરવું. જો કાર્ય વિક્ષેપ કરે, ઉત્સવો વિક્ષેપ કરે તો એનું પણ ધ્યાન રાખવું. એ વાત અખંડ સ્મૃતિની કરી. ભગવાનના સુખને પામવા માટેની જીવનયાત્રામાં નક્કી કરીને કેમ વર્તન કરવું જોઈએ એ મહારાજે વાત કરીને આપણને શીખવી છે.

બીજી એક વાત એ છે કે ઘણી વાર કેટલાક વારંવાર પૂછે છે, પણ હું જવાબ નથી આપતો. એમાં એમ કહે છે કે મહારાજે ૨/૩ વચનામૃતમાં દ્રોહ ન કરવો ને અવગુણ ન લેવો એવી વાત કરી છે. આ દ્રોહ શું છે? તો દ્રોહ એટલે મન, કર્મ, વચને પોતાનું કે બીજાનું અશુભ થાય, એને નુકસાન થાય, એના જીવનું બગડે, બગાડવું એનું નામ દ્રોહ. હવે મહારાજે આજના વચનામૃતમાં (સભામાં તે દિવસે વંચાયેલા વચનામૃતમાં) કહી દીધું કે જો અમારી આજ્ઞાનું ઉલ્લંઘન કોઈ અધિકારી કરતો હોય (ઑફિસર્સ સ્ટેજમાં) તો પણ એને દૂર કરવો. તો એ દ્રોહ છે કે અદ્રોહ છે? તો એ અદ્રોહ છે. કેમ? કારણ કે એને ખસેડી મૂકવાથી એને ભાન થાય છે કે આ મેં ખોટું કર્યું. તો એનું સુધર્યું કે બગડ્યું? જો આજ્ઞાલોપ ચલાવો તો જીવનો નાશ થઈ જાય. મહારાજે એમ પણ કહ્યું કે જો (અધિકારી વર્ગ આજ્ઞા લોપ) ચલાવે તો એને

ભૂત અને બ્રહ્મરાક્ષસનો દેહ આવે. આ શ્રીહરિના મુખના વચનો છે. તો નહિ ચલાવવું જોઈએ. આપણું ન ઉપજે તો શું કરવું? મહારાજ કહે છે કે ન ઉપજે તો એનો મૌન પ્રતિકાર કરવો અને એનો ત્યાગ કરવો એવું કહી દીધું છે વચનામૃતમાં. ત્યાં નહિ રહેવું જોઈએ, જો પોતાથી ન બની શકે તો મહારાજને પ્રાર્થના કરી માળા ફેરવવી પડે છે. મહારાજ તરત જ એની પ્રાર્થનાનો સ્વીકાર કરીને એને (આજ્ઞા લોપનારને) સુધારે છે. પણ જો એની વચ્ચે રહે તો મહારાજ કહે છે કે એ ઉપાધિ છે. ઉપાધિમાં રહીને મુક્તદશા આવતી નથી. તો એ ઉપાધિમાં રહીને આજ્ઞાલોપ જોયા કરવો એ દ્રોહ કહેવાય.

દ્રોહ એ દ્રોહ છે. એને સુધારવો એ અદ્રોહ છે. સત્સંગને વિશે દિવ્યભાવ રાખવો. આ દ્રોહની વ્યાખ્યા સમજવી ઘટે. એમ નહિ કે કોઈનો અવગુણ, એટલે અવગુણ ન લેવો. ભગવાનના ભક્તનો અવગુણ ન લેવાય. ભગવાનના ભક્તો કેટલા? આચાર્યશ્રી, સંતો અને હરિભક્તો આ ત્રણ સત્સંગના મુખ્ય અંગો છે. એ ત્રણમાં મહારાજે ધર્મકુળને ગાદી ઉપર બેસાડ્યા, ત્યારે કોઈએ પૂછ્યું, "મહારાજ! આચાર્ય કોને કહેવાય?" મહારાજે એટલી બધી વાતો કરી છે કે એમાંથી સંશોધન કરીને લખો તો સમજી શકાય. પણ એ ક્યાં લખવાનો પાર આવે? મહારાજ કહે, "અમારી આજ્ઞા મુજબ જે ધર્મનું આચરણ કરવામાં શ્રેષ્ઠ હોય અને ધર્મનું આચરણ કરાવવામાં સાવધાન હોય તે આચાર્ય." પછી આમ આંગળી કરીને કહે કે આ અયોધ્યાપ્રસાદજી મહારાજ

એવા આચાર્ય છે. ત્યારે વિચારો.

પછી એક બીજો દાખલો સ્વામી વિવેકાનંદનો છે. ધર્માચાર્યોની સભામાં જે વિશ્વના ધર્મો વિશે હતી. એ વખતના જમાનામાં સડા પેસેલા. વિશ્વમાં પણ એવું હતું. ત્યારે વિવેકાનંદે ધ્યાન દોર્યું કે આ સડો શેનો છે? એ સડાના મૂળમાં શું છે? તો એમણે એમ કહ્યું કે ધર્મવહીવટ છે. ધર્માચાર્યોને એમ કહ્યું કે તમે ધર્માચાર્યો છો. તમે વહીવટાચાર્યો નથી. તમે તો બેય ભેગું કરો છો. તો બેયમાંથી એકેય સરખું કરી શકતા નથી. અને વહીવટ તમને લજવે છે. તમે ન કરવાનું કરો છો. એટલે ધર્માચાર્યોએ વહીવટથી સદંતર અલગ થઈ જવું જોઈએ. ધર્મશાસ્ત્રમાં લખ્યું છે કે સાચા ધર્માચાર્ય ધર્મનું પાલન કરે ને કરાવે એ આચાર્ય. પૂર્ણ પુરુષોત્તમ સર્વોપરી ભગવાનની વ્યાખ્યા તો જુઓ! ત્યારે આ બધા ધર્માચાર્યો શ્રીજીમહારાજના વખતમાં ભ્રષ્ટાચારને પંથે જતા રહેલા. મહારાજે એ સડો પોતાના પ્રભાવથી કાઢી નાંખ્યો અને લોકોને જાગૃત કરી દીધા. ત્યારે એનું નામ આચાર્ય. આચાર્ય સર્વોપરી ભગવાનના આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ જેવા હોવા જરૂરી છે, અનિવાર્ય છે. કારણ કે એના હાથમાં આખા સત્સંગની ધૂરા છે.

સંત કોને કહેવાય? શાંતિ પમાડે તે સંત. અને એનો જોગ, સંતસમાગમ કરીએ. શાંતિ કોણ પમાડે? જેને શાંતિ પ્રાપ્ત થઈ હોય તે. શાંતિ શું? તો અંતઃશત્રુઓમાંથી મુક્ત થાય પછી શાંતિ પામે છે. ઘાટ-સંકલ્પ બંધ થઈ જાય, ત્યારે શાંતિ પામે છે. ત્યારે જેને આવી શાંતિ, અખંડ

સ્મૃતિ રાખીને ભગવાનની આજ્ઞાનું પાલન કરીને, પાત્રતા કેળવીને, જેણે સુખની પ્રાપ્તિ કરી હોય એને સાચી શાંતિ હોય એવાના સમાગમથી શાંતિ મળે. એવા સંતને મહારાજ કહે છે, "સંત જાણજો મારી મૂર્તિ રે તેમાં ફેર નહિ એક રતિ રે." આટલું બધું! જળ તરંગવત્ એકતા કહી દીધી નિષ્કુળાનંદ સ્વામીએ. જળતરંગવત્! દૂધ અને સાકર જેવું નહિ? તો કહે નહિ. દૂધ અને સાકરમાં દૂધના પોલાણમાં સાકર રહેલી છે. એ રસબસ નથી. દૂધ સાથે સાકર રસબસ નથી. અણું જુદા છે. પણ આ તો જળતરંગવત્ એકતા. એટલે ત્યાગ-ભાગ નહિ. દિવ્ય સેવક દિવ્ય સ્વામી સાથે જળતરંગવત્ એકતા ભોગવે છે. એવી એકતા છે. "એવા સંત તે મારી મૂર્તિ રે, તેમાં ફેર નહિ એક રતિ રે" એમ કહે છે.

હરિભક્ત કોણ? ભક્તિ કોને કહેવાય? મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે - ભગવાન સિવાય ક્યાંય સ્નેહ ન રહે એ ભક્તિની પૂર્ણતા છે. અને હરિનો આવો મહિમા, આવી ભક્તિ સિદ્ધ થઈ ચૂકી છે એ હરિભક્ત કહેવાય. હરિભક્તે એટલે આપણે એ સ્થિતિને પામવાનું છે. જ્યારે બે આશ્રમ (બ્રહ્મચર્યાશ્રમ ને ગૃહસ્થાશ્રમ) પૂરા થઈ જાય પછી પ્રયત્નમાં મંડી પડવાનું. મહારાજના ધ્યાનમાં તો હું છું જ. એ કઠણ તો પડે જ. મહારાજ કહે એ કઠીનમાં કઠીન સાધન છે એમ મેં કહી દીધું છે, હવે શું કામ માથાકૂટ કરવી પડે? કર્યા કરવાનું. કઠીનમાં કઠીન સાધન કર્યા કરવાથી એના બળથી સરળ થઈ જશે. બાપાશ્રી પધાર્યા. સાધન બધા સરળ થઈ જાય એવી કૃપા મહારાજે

બાપાશ્રી દ્વારા વરસાવી. એ કૃપાને પાત્ર થવું જોઈએ. અને બાપાએ એમ પણ કહી દીધું કે છતી દેહે અમે મૂર્તિમાં તો રાખ્યા છે. હવે કૂદાકૂદ ન કરશો, મહેરબાની કરીને. એટલે આજ્ઞા મુજબ વર્તજો. અમે કહ્યું તેમ શબ્દોનું મનન કરજો તો આ સુખ તરફ જવાશે. એટલે હરિભક્તોએ એટલે આપણે એ તરફ જવાને માટે બરાબર તૈયારી કરવી, નહિ તો જીવનયાત્રા પૂરી થઈ જાય. જિંદગી પૂરી થઈ જાય બરોબર? આપણું એ બાજુનું કર્તવ્ય (સંસાર સંબંધી) પૂરું થઈ ગયું. હવે આ કરવાનું. બીજું શું કરવાનું? આપણો દેહ જીર્ણ થાય પછી બીજું શું કરી નાખવાના હતા? માટે એ કરવું. આપણી જીવનયાત્રાના ભાગરૂપે જે મૂર્તિ સિદ્ધ કરી હોય એનો નાના હોય એના ઉપર પ્રભાવ પડે, એટલે એ કાર્ય પણ સ્મૃતિ રાખી કરવાનું.

અને આ પ્રક્રિયા તો અનાદિકાળથી ચાલતી આવે છે ને ચાલતી રહેશે. એ મૂર્તિના સુખમાં પહોંચાડશે. ભગવાન જ્યારે જે બ્રહ્માંડમાં પ્રગટ થાય છે, ત્યારે કૃપા વરસાવે છે. અદ્‌ભુત પ્રતાપ જણાવે છે. અને એ કૃપા વરસાવે ત્યારે એ ધામમાં ઘણા મુક્તો, સંખ્યાબંધ મૂર્તિના સુખમાં આવતા હોય છે. ભગવાન અદૃશ્ય થયા પછી, જે બ્રહ્માંડમાં વિચર્યા હતા ત્યાંથી એક બે મુક્તો આવતા હોય છે. એમ અનંત મુક્તો અનંત બ્રહ્માંડમાંથી એક એક આવે તો ય અનંત થાય. પણ પ્રગટનો મહિમા એ રીતે ખૂબ વિશેષ છે. તેમાં ભગવાન અનેક જીવોના સુખને માટે પ્રગટ થાય છે. જો એ પ્રગટ ન થાય તો દેહધારી

ભગવાનના ભક્તો ભગવાનને જોઈ કેવી રીતે શકે? એ દિવ્ય સુખને પામે કેવી રીતે? માર્ગ ન બતાવે તો? ભગવાન ચોખ્ખું જણાવે છે. અને એવો રસ્તો સુગમ કરીને આપણી પાસે મૂકી દીધો. એ જ પ્રમાણે જો જગત વર્તે તો પણ સુખી થઈ જાય. એટલે આચાર્ય, સંત ને હરિભક્ત એ સત્સંગ. મહારાજની વ્યાખ્યા પ્રમાણે. જો આ સમૂહ હોય એને સત્સંગ કહેવાય. અને સંત કહેતાં શ્રીહરિના સંબંધવાળા સર્વે, એવા સમૂહને વિશે દિવ્યભાવ રાખવો. એવો સમૂહ ન હોય ને આજ્ઞાલોપ થતો હોય તો દિવ્યભાવ ન રહેતાં દ્રોહ થઈ જશે, અવગુણ આવી જશે એમ ધારીને આંખમિચામણા ન કરાય. એનો પ્રતિકાર શુદ્ધ બુદ્ધિથી કરવો પડે. એ અદ્રોહ છે. નહિતો એના જીવનું બગડી જાય. કેટલાયનું બગડી જાય. આ આજ્ઞા લોપે એટલે બગડે ને? આજ્ઞા એ મહારાજનું સ્વરૂપ છે. આજ્ઞારૂપી સ્વરૂપ આપણને મહારાજની મૂર્તિના સુખમાં રહી શકાય એવા પાત્ર કરે છે. તો પહેલું એ જરૂરી છે. અને ઉપાસના શુદ્ધિની સમજણ જરૂરી છે.

આજ્ઞાનું પાલન કરતાં કરતાં એ આજ્ઞારૂપી સ્વરૂપ મૂર્તિના સુખમાં ઝિલાવશે. એનો અર્થ દિવ્યભાવ છે. ભૂલ કરી? નથી ભૂલ કરી, નહિતર ભૂત-બ્રહ્મરાક્ષસનો દેહ આવે. જો કે મહારાજે કૃપા કરી છે એટલે એવો દેહ ન આવવા દે. પરંતુ પરમાત્માનું વચન અદ્ધરથી ઝીલી અને એ પ્રમાણે જીવનનો માર્ગ ગોઠવી દેવો જોઈએ. અત્યારના સંજોગોમાં શું જરૂરી છે? વિવેકાનંદે વિશ્વમાં વહીવટમાંથી ધર્માચાર્યોને મુક્ત કરી દીધા. ખરા ધર્માચાર્યોની

અમૃતદૃષ્ટિથી વહીવટ સારો ચાલે છે. એ એમનો પ્રભાવ છે. ચાલ્યા વગર રહે જ નહિ. એની એને ચિંતા કરવાની જરૂર રહેતી નથી. એને જોઈને જ વહીવટમાં કોઈથી આઘું-પાછું ન થાય.

બીજું ધર્માદો, કઈ જાતનો? દશાંશ-વિશાંશ અને ત્યાંથી શરૂઆત કરીને બીજા ધર્માદામાં આવવાનું. એને બાદ કરીને ધામમાં ન પહોંચાય. દશાંશ-વિશાંશ કાઢ્યા પછી સત્પુરુષનો સમાગમ એ મધ્યમ ધર્માદો. સમાગમ કરતાં કરતાં મહારાજની મૂર્તિમાં અખંડ સ્મૃતિ રહેવા લાગે એ ઉત્તમ ધર્માદો. ત્યારે દશાંશ-વિશાંશ ધર્માદાનો અર્થ છે કે તે પોતાના પાપ કર્મો બાળી નાખવા માટે છે. આ ધનરાશી ભગવાનને અર્થે વપરાય. ત્યારે જે લહેરથી ધર્માદાનો ઉપયોગ કરે ને અંગીકાર કરે તેને કેટલા પાપો વળગે? તે કોઈ દિવસ આજ્ઞા પાળી શકે ખરો? તેને સત્સંગી કહેવાય ખરો? એનો સંગ કરાય ખરો? એની વચ્ચે રહેવાય ખરું? નહિ રહેવાય. હવે મહારાજે આ ધર્માદાનો ઉપયોગ અંગતપણે ન થાય એમ કહ્યું. ધંધામાં રોકે અને પછી જાગરૂકતા રાખવી અને આવક સત્સંગને થાય એમ બી (પણ) નહિ. વેપાર કરતાં વધુ (નુકસાન) જાય તો? એવું કદી ય (ઉપયોગ) ન થાય. ધર્માદાનો ઉપયોગ હરિભક્તોએ કદી ય ન કરવો. દરેક ધર્મમાં આવું જોવામાં આવે છે, બરાબર! ધર્માદો આવ્યો હોય એમાંથી વેપાર કરે. શું જરૂર? એ કરાય નહિ. એ ધર્માદામાંથી તો ભગવાને નિર્દેશેલાં કાર્યો કરવા જોઈએ, કે જે મનુષ્યનું જીવન ઘડતર કરે. ત્યારે, એ ધર્માદાનો

એક નવો પૈસો જો ચવાઈ જતો હોય તો આપણા અંતર કકળી ઊઠવા જોઈએ. જે ભગવાનની આજ્ઞાપરાયણ છે, એ આંખમિચામણા કદી ન કરી શકે.

એ મહારાજે આજ્ઞાના વચનામૃતમાં સ્પષ્ટપણે કહ્યું છે. આ વચનામૃત બધે વાંચવું. એની પારાયણ કરવી. એ વચનામૃતથી તો કેટલો બધો દ્રોહ ઓછો થઈ જાય! દ્રોહ એટલે ખરાબ થવું. પોતાનું ખરાબ થવું એટલે પોતે આજ્ઞા લોપે તો પોતાનો દ્રોહ કર્યો કહેવાય. બીજા આજ્ઞા લોપે અને એ આજ્ઞા લોપને દૂર ન કરે તો બીજાનો એટલે પારકો દ્રોહ કર્યો કહેવાય. એટલે પોતાનો કે પારકાનો દ્રોહ ન થાય એ રીતે જીવનનો રાહ ગોઠવી દેવો જોઈએ. આ સ્વામિનારાયણ ભગવાનની ખરી રીત થઈ. શ્રીહરિના આ મુજબના વચનો, એ રૂપ થઈને મૂર્તિમાં જોડાવું.

મુક્તાનંદ સ્વામી પૂર્ણ હતા, તો પણ શિક્ષાર્થે અપૂર્ણતાનો વેશ ધારણ કરવામાં નાનમ માનતા નહિ. પૂર્ણ અપૂર્ણતાનો વેશ ધારણ કરવામાં નાનમ માનતા નથી. અને અપૂર્ણ પૂર્ણ કહેવડાવવામાં આનંદ અનુભવે છે. અધૂરો ઘડો છલકાય. ત્યાં દંભ આવે છે. અપૂર્ણ હોય એ ઐશ્વર્યાર્થી બની જાય છે. કારણ કે તેમાંથી પ્રસિદ્ધિ મળે છે. પ્રસિદ્ધિનો રાગ ભગવાન તરફ લઈ જવા દે નહિ. એ ઐશ્વર્યમાં શક્તિ છે. તેનાથી બધું કામ થાય, પણ એ કામ કરીને શું ફાયદો? સુખ તરફ લઈ જાય તો ફાયદો. આ તો ક્ષણભંગુર છે; ક્ષણિક છે. માટે ક્ષણિક વસ્તુ તરફ નહિ જવું જોઈએ.

બીજો એક પ્રશ્ન એ છે કે આ સત્સંગમાં બધા એમ

કહે છે કે ફલાણાને ત્યાં ભગવાન આવીને થાળ જમી ગયા. ભગવાન પગલાં પાડી ગયા. કંકુ આવી ગયું. તો આ વાતમાં શું સમજવું? તો એના માટે એક વસ્તુ સમજવા જેવી છે. અબજીબાપાશ્રીના માતુશ્રી દેવુબાએ ૧૩ વર્ષ સુધી તપ કર્યું. ૩ વાગે ઊઠીને સ્નાન કરીને મહારાજની મૂર્તિનું ધ્યાન કરે. અને આજ્ઞા અણિશુદ્ધ પાળે. ૧૩ વર્ષ સુધી મહારાજે દર્શન ન આપ્યાં. અંતરવૃત્તિએ સુખી રાખે. એ સાક્ષાત્કાર બાપાએ કહ્યો હોં? પણ સુખ ન આવે. તો ૧૩ વર્ષ સુધી તપ કરાવીને અખંડ સ્મૃતિનું તપ કરાવ્યું. અખંડવૃત્તિનું સાધન એ તપથી વળી મોટું તપ કયું? એમ કરતાં કરતાં ૧૩ વર્ષે ભગવાન પ્રસન્ન થયા અને દર્શન આપ્યાં કે માગો. તો એમણે મહારાજને રૂપાળા જોઈને માગી લીધું કે મહારાજ! તમ જેવા પુત્ર ખપે. તમે મળો એમ ન બોલ્યા. મહારાજ તમ જેવા પુત્ર ખપે. મહારાજ રાજી થયા ને કહ્યું, “તમારે ત્યાં અમારા અનાદિમુક્ત જે અમારા જેવા જ કહેવાય એ પ્રગટ થશે ને અનેકના કલ્યાણ કરશે.” તો ભગવાનના અનાદિમુક્ત પ્રગટ થયા. ભગવાન જ્યારે મનુષ્યરૂપે પ્રગટ ન હોય અને પ્રગટરૂપે દર્શન થાય તેના માટે કેટલું તપ જરૂરી? ગુણાતીતાનંદ સ્વામીની માતાએ ચૌદ વર્ષ સુધી આવું તપ કર્યું ત્યારે ગુણાતીતાનંદ સ્વામી પ્રગટ થયા.

આવા દર્શન થાય એમાં મોટા ભાગે એવું પણ હોય પ્રસિદ્ધિનો રાગ! જીવનમાં કંઈક નિરાશા આવે તો આવું મન થઈ જાય. એવું પણ બને. થયું ન હોય તો ય કહી દે કે આમ થયું. કોણે જોયું કે ભગવાન આવ્યા છે કે

નહિ? બરોબર? ત્યારે એક વસ્તુ એમાંથી શીખીએ કે, કેટલીક વાર પ્રેમી ભક્તો હોય તો એવું પ્રેમનું અંગ હોય એક ક્ષણિક પ્રીતિ આવતાં એનો પ્રેમ ઊભરાઈ જાય તો પ્રભુને સાકાર સ્વરૂપે એકદમ ભાળે. એવું બને, પણ એ સાકાર સ્વરૂપના દર્શન થાય અને એને અતિ આનંદ થાય. એ આનંદ થાય એટલે જીવ એવો છે કે એ બધાને કહેવા લાગે. કહેવા માંડવું એ પ્રસિદ્ધિનો રાગ નહિ તો બીજું શું છે? મહારાજને એમ પૂછવું જોઈએ કે હું બીજાને બોલાવું? બરોબર? તો મહારાજ કહે હા, બોલાવો. નહિ તો બેસી રહેવું. એટલે પ્રત્યક્ષ અપ્રત્યક્ષ એનો આ રીતે આપણે વિચાર કરી લઈએ તો કાંઈ વાંધો નહિ. પણ આવા દર્શન એ ક્ષણિક છે. એથી શું વિશેષ? એક વાર થઈ ગયા પછી કોઈ દી ન થાય. હવે એ દર્શન નથી થતાં એટલે ઓલી મૂર્તિ (પ્રતિમા) પ્રત્યક્ષ છે ને એમાંથી ચિત્રામણનો ભાવ નથી ગયો એ નક્કી થઈ ગયું ને? અને દિવ્યભાવ આવે ત્યારે એ પ્રગટ્યા આ...હા...હા... એમ થાય ત્યારે સમજીએ કે ચિત્રામણનો ભાવ ગયો અને અનાદિમુક્તનું સુખ આવવા માંડ્યું. એ નથી ગયો તો એ (ભાવ) કાઢવો. એ તો બાપા જેવા અખંડ મૂર્તિમાં રહેલા અનાદિમુક્તનું કામ કે એ ચિત્રામણનો ભાવ કાઢે.

એ ક્ષણિક સુખમાં પણ આ પ્રભુ છે એ સુંદર છે. એના દિવ્ય સંભારણા માટે તો મેં (વાતો દ્વારા જ્ઞાન) લખાવી દીધું છે. આનંદથી એ માર્ગે જઈશ એટલે તું મુક્ત બની જઈશ. (એમ મહારાજ ને બાપા કહે છે)

એક ભક્ત મને કહે - મૂર્તિમાં રાખ્યા હવે શું

ધ્યાનની જરૂર છે? કશું કરવાની જરૂર નથી. મેં કહ્યું, “બરોબર, એ વાત તમારી. એ મૂર્તિમાં રહ્યા પછી કંઈ કરવાની જરૂર નથી. બસ. પણ આ તો બે પૈસાનો માલ નહતો અને કૃપાસાધ્ય બની ને ચૈતન્ય ઉપર કૃપા વરસાવીને પકડી રાખ્યા છે. એ મૂર્તિમાં પ્રવેશ છે. મૂર્તિમાં પ્રવેશના અનેક અર્થ છે. તો કૂદાકૂદ નહિ કરવાની. કેટલાક કહે છે ધ્યાન ન કરવું. ધ્યાન શું કરવાનું? પોતાને ધ્યાન ન થાય એટલે બીજાને કહે કે તારે ધ્યાન ન કરવું. આવા વેવલા હોય છે. અરે! ધ્યાન તો કરવું જ જોઈએ. શ્રીહરિનું અખંડ ચિંતન, અખંડ સ્મૃતિ રાખવાનું મહારાજે કહી દીધું છે. બાપા કહે છે - અઠે દ્વારકા કરવું નહિ. નહિ તો રહી જશો. એ (નાવમાંથી) કૂદકો માર્યો કહેવાય. પછી ક્યાં રહ્યું? અમે તો મૂર્તિમાં રાખી દીધો છે. જે વખતે આશીર્વાદ આપ્યા પછી ચૈતન્ય મુક્ત થઈ ગયો. પછી બીજી ક્ષણે એ મનમાં સંકલ્પ કરે છે એ કૂદકો મારે છે. એટલે વારંવાર આશીર્વાદ મેળવવાની જરૂર પડે છે.

તો આ રીતે મહારાજની મૂર્તિમાં રાખ્યા એ આશીર્વાદનો કેફ રાખી ને પ્રસન્નતાના સાધન કરવા. આજ્ઞા આટલી (હાથના ઈશારાથી કહે છે) પણ ન લોપાય. અને મહારાજની મૂર્તિનું ધ્યાન કરવું. બાધિતાનુવૃત્તિવાળાનું માની અને એ મૂર્તિનું ધ્યાન ન કરીએ અને કાર્યમાં ભડાભૂટ કરીએ એ કેમ ચાલે? આપણે સંકલ્પ કરીએ અને સોમચંદબાપા કે પર્વતભાઈ જેવા મુક્ત સંકલ્પ કરે એમાં ફેર નહિ? બાધિતાનુવૃત્તિએ કૃપાપાત્ર અને કૃપામયમાં ફેર નહિ? ઘણો જ ફેર છે.

એમના સંકલ્પથી જ કલ્યાણ થઈ જાય અને આપણા સંકલ્પથી એનું શુભ થાય. એમ મોટાના સંકલ્પ એ તો શ્રીહરિનો સંકલ્પ છે. એ સંકલ્પથી કોઈ પણ સંકલ્પ અધિક નથી.

સહજાનંદ સ્વામી મહારાજની જય!

જુઓ વચનામૃત ઉપર વિવેચન કર્યું ત્યારે લાભુભાઈ એમ બોલ્યા કે સમય મર્યાદાથી વધુ થઈ ગયું હોય તો માફ કરજો. તો મારે માફી માગી લેવી જોઈએ ને? નહિતર મે ય સમય મર્યાદા લઈ લીધી. આ સમય મર્યાદા જો હું જ ભૂલીશ તો બીજા કેવી રીતે રાખે? માટે સમય મર્યાદા તો રાખવી જોઈએ. ઘણા દિવસના પ્રશ્નો રોજ મારી પાસે આવીને પૂછતા હતા એટલે ન છૂટકે સમય મર્યાદાનો ભંગ કર્યો. હવે સમય મર્યાદા ૧૦ થી ૧૨ મિનિટથી વધારે ન લેવી. પણ આ એટલા માટે લીધી કે આ ઘણા વખતના પ્રશ્નો હતા.

વચનામૃત રહસ્યાર્થને માન્યતા ન આપનાર, એને અમાન્ય કરનાર કેટલા પાત્ર હશે? વિચાર કરો. એ શું આજ્ઞા પાળતા હશે? એને શું ભગવાનના સુખમાં ગતિ હશે? વિચાર કરીએ. અને આપણે આ ગુરુરૂપ જે ટીકા કે જે વચનામૃતને સમજાવે છે, માર્ગદર્શિકા છે. સર્વોત્તમ માર્ગદર્શિકા છે. એ તરફ બધાને અભિમુખ કરવા જોઈએ. ઉગ્ર બન્યા સિવાય હાથ જોડીને, નમ્ર થઈને કરીએ. કહે છે ને - “વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે... સકળ લોકમાં સૌને વંદે નિંદા ન કરે કેની રે...” અરે! સકળ લોકમાં સૌને વંદે. ચૈતન્ય પવિત્ર છે. ચૈતન્યની

અંદર માયા નથી પેસી ગઈ. એ ચૈતન્યને વંદે છે. સકળ લોકમાં સૌનું સારું ઇચ્છે એવા ભગવાનના વહાલા. માટે ભગવાનની આજ્ઞા પળાવવા માટે હાથ જોડીને પણ પળાવવું. પણ એ પ્રેમથી પળાવવું જોઈએ. એ પ્રેમ વેવલો નહિ હોવો જોઈએ. એ પ્રેમમાં એક ઐહિક પ્રેમ, નિર્ગુણ પ્રેમ અને દિવ્ય પ્રેમ. ઐહિક પ્રેમમાં દમ નથી. નિર્ગુણ પ્રેમમાં બળ છે. એથી વિશેષ બળ દિવ્ય પ્રેમમાં છે, અગાધ બળ છે. એ બળ એવા પ્રેમથી કારગત નિવડે કે પ્રેમરૂપી બળ પ્રભાવ પાડે. વેવલો પ્રેમ સત્સંગ ન સુધારી શકે.

આપણે જો વેવલા થઈએ તો સત્સંગ સુધરશે? આપણે ય નહિ સુધરીએ. આપણે સુધરીને સુધારવા જવું. એમ મહારાજે લખ્યું છે. 'પ્રેમ કે પર્યંક પર પ્રભુ કરત સુખ આરામ' પ્રેમરૂપી પર્યંક એટલે પલંગ, એના પર પ્રભુ કરત સુખ આરામ. એટલે મારા મુક્તો મારી મૂર્તિરૂપી પ્રેમ, એમાં દિવ્ય સુખ માણે છે. હું પ્રેમ સ્વરૂપ છું... 'પ્રેમ કે પર્યંક પર પ્રભુ કરત સુખ આરામ, પછી મુક્તાનંદ નીજ ચરન ઢીગ ગુન ગાવત આઠો જામ.' ઓ હો! ત્યારે ગુણગાન કોના કરવાના? શ્રીહરિના ગુણગાન કરવાના, નહિ કે અન્યના ગુણગાન.

અહિંયા નારાયણપુરામાં પ્રતિષ્ઠોત્સવ હતો. એ પારાયણમાં હું હાજર રહ્યો હતો. આચાર્ય મહારાજે મને હાર આપ્યો. મેં મહારાજને પહેરાવ્યો. એ કાર્યક્રમ દરમ્યાન પ્રશંસાના જ પ્રવચનો થયા. ભગવાનના ગુણગાનનું તો નામ ન મળે! એક વાર કોઈકે મહારાજ

વિશે બે શબ્દ કીધાં (કહ્યા) તો મારા કાનને ઠીક લાગ્યું. એમ લાગ્યું કે એ બે કલાકનો સમય વ્યર્થ ગયો. પરમાત્માના ગુણગાન કરવાના. બધાના શું કામ ગુણગાન કર કર કરીએ? એવું થાય તો પ્રસિદ્ધિનો રાગ પેસી જાય. પ્રસિદ્ધિનો રાગ પેસી જાય તો 'વખાણી ખીચડી દાંતે ચોંટી' જેવું થઈ જાય. એ તો ઊલટો દ્રોહ કર્યો કહેવાય. માટે પ્રશંસા અન્યની પણ મર્યાદામાં રહીને કરવી. આ તો એવી ચલાવે કે ભગવાનને તો ક્યાંય ભૂલી જાય. જેમ ઓલો મોટો યજ્ઞ થયો એમાં મહારાજ ભૂખ્યા રહ્યા. આખો દી એમાં ને એમાં કાઢી નાંખ્યો. એટલે મહારાજે આ લખી નાંખ્યું. હવે બીજી વાતો પછી. સહજાનંદ સ્વામી મહારાજની જય.

(પછી એક સાધુને બોધના વચન કહે છે)

આપણે બીજાની આજ્ઞા પ્રમાણે નહિ રહેવાનું. મહારાજની આજ્ઞા પ્રમાણે રહેવાનું. મહારાજની આજ્ઞા પ્રમાણે સાદું જીવન ગાળવાનું બરોબર? મહારાજે ૧૧ વસ્તુ રાખવાની કીધી છે એ પ્રમાણે રહેવું. એ તમને સંતો કહેશે. એ આજ્ઞાથી વિશેષ વસ્તુઓ રાખવાની નહિ. ધનનો સ્પર્શ ન કરવો. ધનનો સ્પર્શ નહિ કરવાનો. કોઈક પાર્ષદ હરિભક્ત રાખે એ વાત જુદી, પણ ભગવા વસ્ત્રો ધારણ કર્યા પછી ધનનો સ્પર્શ કરવો નહિ. બરોબર? કારણ કે ધન તો ન કરવાનું કરાવે. હું એક વાત કહું. શ્રીજીમહારાજ સભા કરીને એમાં ગાદી-તકિયા નાંખીને ધનાઢ્ય પ્રતિષ્ઠિત હરિભક્તોને આગળ બેસાડે. પછી એક વાર કોઈ ગાંડાઘેલા હરિભક્તે કહ્યું, "મહારાજ, અમે

એવું શું પાપ કર્યું છે કે અમને આગળ બેસવા મળતું જ નથી કોઈ દિ? આ બધા કેટલા ભાગ્યશાળી છે કે તમારા સાંનિધ્યમાં રહે એમ નજીક બેસવા મળે છે." ત્યારે મહારાજ હસવા માંડ્યા. બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી પણ એ સાંભળીને મંદ મંદ હસવા માંડ્યા. મહારાજ કહે, "જુઓ ભાઈ, આ અવરભાવની દૃષ્ટિએ આ બધા ધનાઢ્ય પ્રતિષ્ઠિત માણસો છે. એટલે એવી રીત રાખી છે. પણ પરભાવની દૃષ્ટિએ તો તમે વધુ ધનાઢ્ય છો. અનંત કોટી મુક્તોની સભા (ધામમાં) છે, એમાં આગળ પાછળ જેવું કંઈ જ નથી. તમે જેટલા (અમારી) ઢૂકડા છો એટલા આ નથી. આમને તો ગાદી-તકિયા ન આપું તો છંછેડાઈ જાય, રિસાઈ જાય. એટલે આગળ બેસાડી અમારી મૂર્તિ તરફ ખેંચાય એટલે ગાદી-તકિયા આપ્યા છે."

મહારાજ આવું બોલ્યા એટલે આગળ બેઠા હતાને? એમણે ગાદી-તકિયા કાઢી નાખ્યા. "મહારાજ, અમારે ગાદી-તકિયા નથી જોઈતા." પછી પેલા હરિભક્તને કહ્યું, "આવો, બેસો તમે આગળ બેસો. મહારાજ, તમારી વાત સાંભળી એટલે અમને તમારે પ્રતાપે થોડું થોડું જ્ઞાન આવવા માંડ્યું છે." પેલા ભાઈ કહે, "અમારે એ નથી જોઈતા અમે તો આવામાં જ પડ્યા રહીએ છીએ. અમને એ ગાદી-તકિયા ન ફાવે." પછી મહારાજ કહે, "એને ઉપાડીને લઈ જાઓ. બેસો ત્યારે નીચે."

મહારાજે એમ કહ્યું કે મારી મૂર્તિનો સંબંધ રાખી મારી આજ્ઞાનું જે પાલન કરે છે તે (ખરો) ધનાઢ્ય. અને

બીજા એમ ન કરે એ ધનાઢ્ય હોય તો ય રાંક છે. એમ તમારે ધનનો સ્પર્શ કરવો નહિ બરાબરને? જો ધનનો સ્પર્શ થઈ જાય તો એક ઉપવાસ કરવો. અડવું જ નહિ. ભલે ગમે ત્યાં પડ્યા રહેવું. કોઈને એમ ન થાય કે સાધુ તીર્થ કરવા જાય છે. ત્યારે કોઈ પાર્ષદ સાથે ન હોય તો તમારે ન જવું. તેમાં પૈસાને અડવું પડેને? એ પાછું ન કરવું. એવા (પાકા) સાધુ થવું હોય તો જ છત્રીએ રહેવું. પછી ભાઈ, શું નામ? જીવરાજભાઈએ કહ્યું, શોભારૂપ સંતો બહુ ઓછા છે. ત્યાં સંખ્યા ઓછી છે. જે સંતો છે એ શોભારૂપ નથી એમ નથી.

છત્રીસ્થાન એવું છે કે જો નિષ્કામધર્મ લોપે ને તો ઉપાડીને ફેંકી દે. ત્યાંના હરિભક્તો એવા છે. એ ત્યાગીધર્મનો લોપ સાંખી શકતા નથી. છત્રીસ્થાનમાં ધર્મલોપ થાય એ પોસાતું નથી. તમારે જ્યાં મન થાય, ત્યાં જાઓ, પણ સ્ત્રીધનનો ત્યાગ સરખો રાખવો. ટી.વી. નહિ જોવાનું. આજકાલ ટી.વી. પેઠા છે. તમારે ટી.વી. ન જોવું કોઈ દિ', બરોબર? એનું કારણ ખબર છે? સાધુ છે તે પોતાની સેક્સ ઇન્સ્ટિંક્ટ (Sex instinct) સંતોષવાને માટે છાનામાના ટી.વી. જુએ છે. એમાં ન જોવાનું જુએ, એ ધર્મ પાળે? એ નિષ્કામ ધર્મ ટકે ખરો? ન ટકે. તો ટી.વી. કે એવું બધું જોવું નહિ. સિનેમા ટી.વી. બધું બંધ કરો તો જ સ્વામિનારાયણના તમે ખરા સંત. નહિતર ધ્યાન-ભજન કરવું જોઈએ. સ્ત્રી-ધનનો ત્યાગ, એની ખામીનો સદંતર ત્યાગ રાખીને આગળ વધવું. એવા સંત બનો કે બીજા જોઈને શરમાય અને એ પોતાનું ટી.વી.

લઈને ફેંકી દે. મેલ માથાકૂટ, આ જન્મો જનમ ધરાવે એવું અને હેરાનગતિનો પાર નહિ. ઠીક છે, હરિભક્તો કે બાળકો થોડા શુભ સમાચાર જુએ. સંતોએ તો એ સમગ્ર ત્યાગ કરવો. કારણ કે એમાં ચિત્રામણ તો આવે જ ને?

મહારાજે શિક્ષાપત્રીમાં લખ્યું છે. આ મૂર્તિ જોવી. એ એને ન ગમે. તો પછી મહાભારત અને રામાયણમાં સ્ત્રી તો હોય જ. અને પાત્રો લીધા હોય એ કોણ હોય? વિષયરાગી અભિનેત્રીઓ, બીજું શું હોય એમાં? નરકની ખાણ સુરદાસે કીધું ને? એવી રૂપવતીમાં મોહ્યા તો નીચું જોયું તો નરકમાં પડ્યા. ઓલી કહે છે કે તું જેમાં પડ્યોને એ જ હું છું. પછી ચર્મચક્ષુ મટીને દિવ્યચક્ષુ ખૂલી ગયા ને ભગવાન મળ્યા. ત્યારે એ સ્ત્રી ખરાબ નથી, પણ એને લીધે જે વિષયરાગ ઉત્પન્ન થાય છે એ નરકની ખાણ છે.

મહારાજ, ભગવાન સ્વામિનારાયણ મળે એને સ્ત્રી કે પુરુષ એવો ભેદભાવ છે જ નહિ. એનો અર્થ, જેમ નાનું બાળક હોય એને ખબર ન પડે કે શું વિષય કે શું ભેદ? એમ આપણે વિષય-ભેદભાવ નહિ એટલે વિષય જેવો વિચાર જ ન આવે એનું નામ ભેદભાવ નહિ. તો એવા સાધુ બનવાનું બરોબર? એકલા જ્ઞાની નહિ. એકલા જ્ઞાની તો હેરાન હેરાન થઈ જાય. જ્ઞાનીને સુખ જ ન હોય. વૃંદાવન સ્વામી કહે - ભગવાન જ્ઞાનીથી તો પચાસ ગાઉ દૂર છે. એવા જ્ઞાની (પંડિત) નહિ બનવું જોઈએ. એવા જ્ઞાની બનવું કે જે ભગવાનની મૂર્તિમાં રહીને ભગવાનને પમાડે એવા થવું. તમે પૂછો છો એટલે

આ કીધું (કહ્યું) હોં? રાજી રહેજો. ખુશીથી છત્રીએ જાઓ અને સ્વામિનારાયણ ભગવાનનો આદર્શ જીવનમાં ઉતારો. તમને જોઈને કહે કે આ વર્તનની મૂર્તિ છે. તો મને એમ થશે કે તમે સાચા સાધુ. તમને સંતોષ થયો એ સાચું. રાજી રહેજો હોં? ને અમારા વતી દર્શન કરજો.

આજે ખૂબ મોડું થયું. દૂરથી આવ્યા હોય એનું પાપ મારે ભોગવવાનું રહ્યું. માફ કરજો બધા હો? શું થાય? આ સંત આવ્યા એટલે સંતોષ આપવો પડે ને?

અતિ રાજસી યજ્ઞ છોડો. સાત્ત્વિક યજ્ઞ-મૂર્તિનો સંબંધ રાખે એવા યજ્ઞ કરવા.

જય સ્વામિનારાયણ!

## સારાંશ

ભગવાનને સર્વોપરી સમજવા માટે જે જુદી-જુદી કક્ષાઓ છે જે જુદી-જુદી ભૂમિકાઓ છે તે મૂકી દેવી જોઈએ. એ ચર્ચાનો નહિ અનુભવનો વિષય છે.

ભગવાનની સ્મૃતિ અખંડ રાખવી એ કઠીનમાં કઠીન કાર્ય છે. અખંડ સ્મૃતિનું દિવ્ય સુખમાં રૂપાંતર થાય એ અનાદિમુક્તની સ્થિતિ કહેવાય.

બાલ્યકાળમાં બ્રહ્મચર્ય પૂર્ણરૂપે જળવાવું જોઈએ. બાપાશ્રીએ આદર્શ ગૃહસ્થાશ્રમ દર્શાવ્યો. વાનપ્રસ્થમાં સાત્ત્વિક પ્રવૃત્તિ પણ બંધ કરી તેલધારાવૃત્તિ ભગવાનમાં રાખવી અને સંન્યાસાશ્રમમાં પહોંચી જવું. એક મહારાજ સિવાય ક્યાંય સ્નેહ ન રાખવો અને એ સ્થિતિએ પહોંચવા માટે છેલ્લા બે આશ્રમો છે.

દ્રોહ એટલે મન, કર્મ, વચને પોતાનું કે બીજાનું અશુભ થાય, એના જીવનું બગડે કે એના જીવનું બગાડવું એનું નામ દ્રોહ.

આચાર્ય, સંત અને હરિભક્તોની વ્યાખ્યા બરાબર સમજી લઈ એ પ્રમાણે જોગ કરી આપણે ભગવાન ભજવા. સંત એટલે શ્રીહરિના સંબંધવાળા સર્વે.

મહારાજની આજ્ઞા એ મહારાજનું સ્વરૂપ છે. આજ્ઞારૂપી સ્વરૂપ એમની મૂર્તિમાં રહી શકાય એવા પાત્ર કરે છે. દશાંશ-વિશાંશ ધર્માદાથી શરૂઆત કરી, સત્પુરુષના સમાગમ દ્વારા મધ્યમ ધર્માદામાં આવી. તેમના સમાગમથી મૂર્તિમાં અખંડ સ્મૃતિ રહેવા લાગે એ ઉત્તમ ધર્માદામાં પહોંચવાનું.

પ્રસિદ્ધિનો રાગ ભગવાન તરફ લઈ જવા દેતો નથી માટે એ કાઢવો.

મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ મળ્યા પછી સંકલ્પ કરવા નહિ. સંકલ્પ થઈ જાય છે માટે ફરી આશીર્વાદની જરૂર પડે છે.

# ૧૪

સ્વામિનારાયણ ભગવાનની જય. આજે સમય ઘણો થયો. મહારાજની ભારે-ભારે સરસ વાતો થઈ અને મૂર્તિના સુખનો બ્રહ્મયજ્ઞ થયો.

હવે આ પ્રસંગે એક જ વસ્તુ કહું કે આખાય વિશ્વમાં કોઈ સંસ્થાએ કે કોઈ ધર્મે જ્ઞાન ઉપર પ્રતિબંધ નથી મૂક્યો. જ્ઞાન ઉપર પ્રતિબંધ હોઈ શકે જ નહિ. જ્ઞાન તો વ્યક્તિગતરૂપે વિચારવાની વસ્તુ છે. આપણે ગમે તે એક ગ્રંથ લઈએ છીએ, વાંચીએ છીએ, તેમાંથી નોંધ કરી લઈએ છીએ. આપણને ઉપયોગી હોય અને આપણને બરાબર અનુકૂળ આવે એવી વસ્તુ ગ્રહણ કરીએ છીએ. તો આ જ્ઞાનનો વિષય છે. તેની ઉપર કોઈ એક વ્યક્તિ કે સંસ્થા પ્રતિબંધ મૂકી દે એની આ બુદ્ધિશાળી જગતને કોઈ દિવસ ઘેડ ન બેસે. જ્ઞાન ઉપર શા માટે પ્રતિબંધ? હું મારા વિચારો રજૂ કરું, તમે તમારા વિચારો રજૂ કરો. ગીતા ઉપર હજારો ટીકાઓ લખાઈ છે. તેની પર કોઈએ પ્રતિબંધ નથી મૂક્યો. કોઈક અંગ્રેજોએ ગીતાને જુદી રીતે પણ રજૂ કરી છે. તો પણ આપણે પ્રતિબંધ મૂક્યો નથી. કારણ કે સૌએ પોતાની રીતે વિચારવાનું છે. વિચારવાની સ્વતંત્રતા પણ છે.

આ (વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા ઉપરનો) પ્રતિબંધ બરોબર નથી. એનું એક બીજું પણ સર્વમાન્ય કારણ એ છે કે આ સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલો

ધર્મ એ વિશ્વધર્મ છે એ સો ટકા સત્ય વાત. જો એ વિશ્વધર્મ હોય તો વિશ્વના જે બુદ્ધિશાળી લોકો વાંચીને વિચારે. એ એમ નહિ કહે કે ભાઈ, આમાં એવું તો શું છે કે આની ઉપર પ્રતિબંધ મૂકી દીધો? એટલે એ આપણી સંકુચિતતા પ્રત્યે વિશ્વ આંગળી ચીંધશે કે આવા સુપ્રીમ લોર્ડ સ્વામિનારાયણ ભગવાન જે એક અને એક જ દિવ્ય પ્રભુ છે, એમના અનાદિમુક્ત જે કણબી જ્ઞાતિમાં પ્રગટ થયા અને એમણે આવો સુંદર ગ્રંથ આપ્યો એ કંઈ જેવી તેવી વસ્તુ છે? એમનું તો ઊલટું સન્માન કરવું જોઈએ. અને એના બદલે રાગ-દ્વેષ અને ક્લેશ ને લીધે પ્રતિબંધ મુકવો એ એક જબરદસ્ત અન્યાય કહેવાય!

આપણા બંને દેશના સંતો કે હરિભક્તો હોય તેમાં કોઈ આજ્ઞાલોપ કરતા હોય છતાં પણ મને દિવ્યભાવ રહે છે. જે સ્વામિનારાયણ ભગવાનનું નામ લેતા હોય તેના તરફ કોઈ દિવસ તિરસ્કાર ન થાય. બીજા કોઈ તરફ પણ ન થાય. આપણને તિરસ્કાર શેના તરફ થાય? આજ્ઞાલોપ તરફ થાય. એ આજ્ઞાલોપ દૂર થાય એટલે મહામુક્ત બની જાય કે બીજું કાંઈ? ચૈતન્ય તો સરસ છે. આજ્ઞાલોપ રૂપે રહેલા આવરણો હટી જાય તો કેટલા મહાન સંત બની જાય! બંને દેશમાં સત્સંગ કેટલો શોભી ઊઠે? દ્રોહની વ્યાખ્યા મેં તમને કહી હતી કે એ દ્રોહ એનું નામ કે મન, કર્મ, વચનથી કોઈનું ખરાબ ઇચ્છવું નહિ કે કરવું નહિ. ધારો કે હું આજ્ઞાલોપ કરું છું ને તમે મને આજ્ઞાલોપ કરતો અટકાવો તો મારું શ્રેય કર્યું કે

અહિત કર્યું? મારું શ્રેય કર્યું કે નહિ? અને જો મને અટકાવો નહિ તો મારો દ્રોહ કર્યો કે નહિ? કારણ કે મને ખાડામાં હડસેલી દીધો કહેવાય.

આજ્ઞાલોપ થાય એટલે દશા શું કે ખાડામાં પડવાનું. એટલે જન્મો જન્મ હેરાન થવાનું. તો આજ્ઞાલોપ સામે કળપૂર્વક, બુદ્ધિપૂર્વક, સમજણ આપીને, સંપર્ક સાધીને કે કોઈ પણ પ્રકારે મારો આજ્ઞાલોપ તમે અટકાવો તો હું તમારી ઉપર અનંત ઉપકાર માનું. તો દ્રોહ થતો મટે કે નહિ? અત્યારે કેટલો બધો દ્રોહ થાય છે. હું આજ્ઞાલોપ કરું તો હું મારો જ દ્રોહ નથી કરતો? પોતાનો અથવા પારકો દ્રોહ ન કરવો એમ ભગવાન કહે છે. વચનામૃતમાં મહારાજે ૨/૩ ભાગમાં દ્રોહ ન કરવા ઉપર લખેલું છે. તો આ દ્રોહ તો થાય છે એ તો કોઈ જોતા નથી. દ્રોહ શું છે એ સમજે નહિ ને દ્રોહ-દ્રોહ કરે. એટલે ઘણી વાર આ સ્ટાન્ડર્ડ ડેફિનેશન આપું છું કે દ્રોહ એટલે મન, કર્મ, વચને કોઈનું ખરાબ કરવું કે ઇચ્છવું એનું નામ દ્રોહ. એ દ્રોહ કહેવાય. એ ટળવો જ જોઈએ.

એક વાર શ્રીજીમહારાજે શુકમુનિ પાસે એક ગ્રંથ લખાવ્યો. મહારાજના એ જબરદસ્ત લહિયા અને મંત્રી હતા. આ લોકમાં કંઈક કામ કરાવવું હોય તો શુકમુનિ. જે કાંઈ લખાવવું હોય તો એ શુકમુનિ પાસે લખાવતા. તો શુકમુનિ પાસે ગ્રંથ લખાવીને મહારાજ કહે, “વાંચો.” પછી શુકમુનિ અને નિત્યાનંદ સ્વામી બેઠા. પછી ગ્રંથ વાંચી લીધા પછી મહારાજ કહે, “સ્વામી, આ ગ્રંથ બરોબર હજી સારો નથી થયો.” એમ કહી બધા પાનાં

એક પાણીનો ઘડો પડ્યો હતો એમાં ઝબોળી દીધા, ડૂબાવી દીધા. મહારાજ પોતાના મુક્તો દ્વારા એક પ્રસંગ ઊભો કરે છે. નિત્યાનંદ સ્વામી શું કહે છે ખબર છે? "મહારાજ, પહેલેથી વિચારીને લખાવવું હતુંને! આટલી બધી મહેનત કરાવી એની પાસે ને પછી પલાળી નાખ્યું. ત્યારે વિચારીને લખાવીએને!"

પછી મહારાજ કહે, "નિત્યાનંદ સ્વામી, મને તમારા જેટલી ખબર નહિ એટલે એવું થયું. હવે તમે તમારે આસને પધારો." પછી શુકમુનિ શું કહે છે ખબર છે? તે કહે, "મહારાજ, એક હજારવાર લખું અને એક હજાર વાર આપ ફાડી નાંખો, તો ય મારે તો એ જ સેવા કરવાનીને? હું તો તમે જ્યાં સુધી દર્શન આપશો, ત્યાં સુધી આ જ સેવા કરવાની છે. તમે હજાર વાર ફરી-ફરી લખાવો ત્યારે તમે કહો કે સારું છે તો સારું ને તમે કહો કે નથી સારું તો નથી સારું." પછી મહારાજ કહે, "તમારો નિશ્ચય બહુ સારો છે." પછી નિત્યાનંદ સ્વામી કહે, "મહારાજ! પણ મને એમ થયું કે કેટલી બધી મહેનત કરાવી. આવી લીલા શું કરતા હશો." તો એના ઉપરથી એમ વિચાર કરવાનો કે આવી રીતે દાસભાવે બે હાથ જોડી મહારાજને કહી શકાય.

## સારાંશ

જ્ઞાન ઉપર ક્યારેય પણ પ્રતિબંધ હોઈ શકે જ નહિ. કોઈ હરિભક્ત આજ્ઞા લોપ કરતા હોય તો એ હરિભક્ત પર તિરસ્કાર ન કરતાં, તેના આજ્ઞા લોપ

તરફ તિરસ્કાર કરવો. આજ્ઞાલોપ દૂર થતાં તે પણ મુક્ત બને છે.

દ્રોહ એટલે મન-કર્મ-વચને કોઈનું ખરાબ ઇચ્છવું કે કરવું, કોઇનો ય દ્રોહ કરવો નહિ.

મુક્તે બતાવેલી સેવા નિઃસંશય થઈ કરવી. મુક્ત વખાણે કે ન વખાણે ખંતપૂર્વક સેવા કર્યા કરવી.

# ૧૫

પરમ કૃપાળુ શ્રીજીમહારાજ, તેમના અનાદિ મહામુક્તરાજ અબજીબાપા, સદ્‌ગુરુઓ તથા આ દિવ્ય સભાને કોટાન કોટી વંદન કરું છું.

મહારાજ એમ કહે છે, કે હું તમને ઓળખાયો એ તમારું પરમ ભાગ્ય છે એ વાત તો ચોક્કસ કારણ કે બધા અવતારો પછી અવતારી એવા મહાપ્રભુ પ્રગટ થયા અને એ જેમને ઓળખાય, એમણે પોતે કેટલા સુકૃત કર્યા હોય! ઘણા બધા સુકૃત કર્યા હોય, ત્યારે એ મહાપ્રભુ ઓળખાય. એ ઉપરાંત સારો જોગ મળે, કે જેમાં રહીને ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થઈને લક્ષ્યાર્થ થાય. આપણને જોગ તો સારો મળ્યો છે! એક ફરિયાદ એવી હોય છે કે મહારાજ ને આવા મુક્તો મળ્યા ત્યારે ઘાટ સંકલ્પ બંધ થતા નથી. ધ્યાન કરતા બીજા વિચારો આવે, મૂર્તિ બરોબર દેખાય નહિ અને સુખ આવે નહિ. તેમાંય મહારાજે તો મૂર્તિમાં રાખ્યા છતાંય આવું કેમ બને? મહાપ્રભુ ઓળખાયા, પૂર્વે ઘણા સુકૃત કર્યા હોય, ઘણા પુણ્ય, તપ-જપ કર્યાં હોય, તો જ બને. છતાં, પણ આમ કેમ! ગુણાતીતાનંદ સ્વામી પોતે એમ કહે છે કે, ઘાટ-સંકલ્પનો અભાવ એ જ અક્ષરધામનું સુખ. ભગવાનની મૂર્તિ સંભારતા જો ઘાટ-સંકલ્પ બીલકુલ ન થાય અને મહારાજની તદાકાર મૂર્તિ આપણને અંતર્વૃત્તિએ દેખાય, તો એ અક્ષરધામનું સુખ. હવે વસ્તુ એમ છે કે

મહારાજના સ્વરૂપના– અંગ્રેજીમાં 'Concept' કહે, ગુજરાતીમાં 'તેનો સ્પષ્ટ ખ્યાલ'. હવે સ્પષ્ટ ખ્યાલ શું? કે મહારાજનું સ્વરૂપ – આપણે ઉપર ઉપરથી આખો આભાસ જોઈએ છીએ, પણ મૂર્તિ જેમ છે એમ નથી ધારતા. આપણને લાગે કે મહારાજ જ હોય, પણ જેમ તમે મને દેખો ને હું તમને જોઈ શકું, એટલી જ સ્પષ્ટ રીતે અંતર્વૃત્તિએ દેખાય, ત્યારે આંખ સામે મૂર્તિ હોય ને આંખ ઉઘાડીને ય મૂર્તિ જ હોય અને પછી આંખ બંધ કરી એ જ મૂર્તિ પ્રતિલોમપણે ચૈતન્યમાં જોઈએ. ચૈતન્ય નિરાકાર છે. ભગવાનનું તેજ જે પ્રકાશ, એ પણ નિરાકાર. તો નિરાકાર ને નિરાકાર એ રીતે સાથે એકતા તો થાય જ ને? આ ટ્યુબલાઈટ સાથે સૂર્યના પ્રકાશની એકતા તો થાય છે, નહિતર તો સૂર્યનો પ્રકાશ એક બાજુ રહે ને ટ્યુબલાઈટનો એક બાજુ! એમ નથી બનતું. ત્યારે આપણાં ચૈતન્યને અક્ષરધામરૂપ બનાવી દઈએ. અક્ષરધામરૂપી એકતા આમ ધ્યાનનો એક પ્રકાર છે, કે આપણે એમ માનીએ કે આપણો ચૈતન્ય પ્રકાશ તેજોમય સ્વરૂપ છે. એ તેજોમય આપણે અક્ષરધામનાં તેજ સાથે વિલીન થઈને મહારાજની મૂર્તિ એ જ તેજમાં ધારવી – દેખાય. કારણ કે ચૈતન્ય નિરાકાર એને વળી આંખો કેવી? ચૈતન્ય! સમગ્ર ચૈતન્ય ભલે નિરાકાર, ચેતના નિરાકાર પણ એ સમગ્ર ચૈતન્ય આંખનું કામ કરે. કાનનું કામ કરે, દસેય ઇંદ્રિયોનું કામ કરે – દિવ્ય સ્વરૂપે! આખો ચૈતન્ય એ નેત્ર છે! હવે એ ચૈતન્યમાં મહારાજની મૂર્તિ જોવાની. ધારો કે આ મૂર્તિ તમે ધારતા હો, બદલ બદલ નહિ કરવાનું.

ઘડીકમાં પેલી મૂર્તિ, ઘડીકમાં આ. જુઓ, અહીં કેટલાય સ્વરૂપ છે. એક, બે, ત્રણ, ચાર! ચાર સ્વરૂપ તો છે જ. તો એ ચારેય સ્વરૂપ ભલે રાખ્યા. પણ એ ચારેય સ્વરૂપમાંથી જે સરસ લાગે, અથવા બીજું કોઈ સ્વરૂપ ક્યાંઈ જોયું હોય, એમનો ફોટોગ્રાફ પાડી લેવો. અને પછી એ સ્વરૂપ કેમ જોવું? અક્ષરધામ સાથે પોતાના આત્માને મિલાવીએ, એટલે આ દેહ રહ્યો હવે? ચૈતન્ય તો નિરાકાર છે! આ દેહ તો સાકાર છે! તો દેહને તો ભૂલવો જ પડે કે નહિ, ભૂલવામાં શું? નથી એમ ધારી લઈએ! It is not! એ વિચાર જ બંધ કરી દેવો, બિલકુલ. હવે એમ ધારીએ કે તેજનો સમૂહ છે. એમની સાથે આપણા આત્માની એકતા છે. એ આપણો એ શબ્દ કોણ બોલે છે? આત્મા પોતે જ પોતાને કહે છે! કે આપણા આત્મા – એટલે આપણા આત્માનો અર્થ તો એ થાય ને કે આપણે જુદા ને આત્મા જુદા? એમ નહિ! આત્માને આત્મા પોતે બોલે છે કે આપણા આત્માની ભગવાનના સ્વરૂપ સાથે એકતા કરીએ. અને તેજની અંદર તેજના સમૂહમાં મહારાજની મૂર્તિ ધારીએ. આ એક ધ્યાનનો પ્રકાર. હવે આ ધ્યાનના પ્રકારથી Concentration એ મૂર્તિ ઉપર કરવું પડે ને? તો સન્મુખ ભાવ તો રહ્યો નહિ ને! ચૈતન્ય તેજ સાથે એકરૂપ થઈ ગયો, બરાબર? અચ્છા! તો તેજ સાથે એકરૂપ થઈ ગયો, તો આખા તેજનાં સમૂહની અંદર એ મૂર્તિ, એ ચૈતન્ય એના અણુએ અણુ નેત્ર બનીને જુએ છે અને પછી આંખ ઊઘાડીએ અને તે મૂર્તિ જોઈએ અને પછી તેજના સમૂહમાં મૂર્તિ ચૈતન્યે કરીને જોવાય, બરોબર? હવે આની

સાથે બીજી એક વાત કરી દઉં, ધ્યાનની કે એ ચૈતન્ય પ્રકૃતિ અને શ્રીજીમહારાજના પ્રકાશરૂપ ચૈતન્ય પ્રકૃતિ, એ બે જુદી વસ્તુ છે. ટ્યુબલાઈટનો પ્રકાશ અને આ (દિવસનો) પ્રકાશની એકતા છે, પણ તેમાં અલગપણું પણ છે. તો મહારાજની પ્રકાશરૂપ જે ચૈતન્ય પ્રકૃતિ તે આપણા ચૈતન્યને ધીમે-ધીમે-ધીમે સાકાર બનાવી દે છે. જેમ વાયુ તો એ નિરાકાર છે એમાંથી પ્રવાહી બને તેમાંથી બરફરૂપી ઘન પદાર્થ બને. તેમ ભગવાનની દિવ્ય ચૈતન્ય પ્રકૃતિ તે પ્રકાશરૂપ, એ આપણી ચૈતન્ય પ્રકૃતિ જેને આપણે એની સાથે મિલાવી દીધી, એને ધીરે-ધીરે-ધીરે સાકાર બનાવે છે. અને એ સાકાર જગ્યા રોકતી નથી. કારણ કે એ દિવ્ય છે. ભૌતિક પદાર્થના તમામ ગુણધર્મોથી એના ગુણધર્મો તદ્દન અલગ છે. બે વસ્તુ હોય તો આમ ગણીએ તો (બે જુદી-જુદી વસ્તુઓ હાથમાં લઈ સમજાવે છે.) બે અલગ અલગ જગ્યા રોકે છે કે નહિ? અંદર જતી રહે છે? ના, તો એવું નથી! આપણો ચૈતન્ય દિવ્ય સાકાર બને. જો ચૈતન્ય દિવ્ય સાકાર બને તો એક તેજ બીજા તેજ સાથે ભળી જાય છે કે નહિ? એક શક્તિ બીજી શક્તિ સાથે ઓતપ્રોત થઈ જાય છે કે નહિ? હીટ (ઉષ્મા) એક બાજુ, એક બાજુ લાઈટ (પ્રકાશ), એક બાજુ સાઉન્ડ (ધ્વનિ) એવું કાંઈ અલગ અલગ રહે છે? એ એક બીજા સાથે મર્જ (Merge) થઈ (ભળી) જાય છે, બરોબર? હીટની અંદર લાઈટ, લાઈટની અંદર સાઉન્ડ. અને પછી આપણે અલગ પાડીએ એ વાત જુદી. એવી જ રીતે એ દિવ્ય સાકાર જ્યારે બને, ત્યારે તે ચૈતન્ય કોનું ધ્યાન

કરતો' તો? સ્વામિનારાયણ ભગવાનનું !! સર્વોપરી પરમાત્માનું!! એ સર્વોપરી પરમાત્મા એ જ છે. જેની સાથે એ ચૈતન્ય જ્યારે એકરૂપ થતો'તો, ત્યારે એ પ્રભુ જેવો જ દિવ્ય સાકાર થઈ જાય છે, અમુક સમયે. આ ધ્યાન કરો પહેલા. અને જ્યારે એકરૂપ થઈ જાય ત્યારે એની એટલી એકતા થાય છે કે ભગવાનના મસ્તકે મસ્તક ને ચરણે ચરણ, બધું એકરૂપ લાગે! અને પછી ભગવાનની જો કૃપા ઊતરે એમ કરતાં કરતાં તો સુખ આવવા માંડે. જેમ પાણીમાં પડીએ ને ઠંડું લાગે, લાગે ને? પાણીનો હોજ હોય ને અંદર કૂદકો મારીએ તો કેવી મજા પડે ને? તરવૈયો હોય, Swimming (તરવું) કરે, એને મજા નો પડે? તો તે સુખનો અનુભવ થાય ત્યારે એની વાત જુદી થઈ જાય! રોમે રોમ સુખ ભોગવે છે. રોમે રોમ શું? ત્યારે આપણને અત્યારે આંહીં મારે તો થોડુંક ખબર પડે? કે બધેય થોડું થોડું? આ સુખનો અનુભવ એવો છે કે સમગ્ર રીતે જેમ લાડવામાં જુદી જુદી વસ્તુ ના હોય? લાડવો બનાવે તો ખાંડ, ગોળ, ઘી, એલચી એ બધાનો સ્વાદ જેમ ભેગો આવે ને? એમ મહારાજની મૂર્તિનું સુખ વિવિધ હોવા છતાંય એવું સરસ લાગે છે. ત્યારે વિવિધતાનો અનુભવ થાય છે. હવે લાખો વર્ષ થઈ જાય, અનંત જન્મ થઈ જાય, અનંત જન્મથી ચાલે છે હોં! જ્યાં સુધી પરમ પદ ન પમાયને. આ રીતે અક્ષરધામમાં મૂર્તિ ભગવાનના પ્રકાશ સાથે ચૈતન્યને મિલાવીને ધ્યાન કરવું તો સહેલું થઈ ગયું! મહારાજ જ જોઈએ તો કાંઈક લક્ષ્ય inward થાય. અંદર ભીતર તરફ આપણું આખું લક્ષ્ય ચૈતન્ય

કેંદ્રિત થાય ત્યારે આ મૂર્તિ ધારતાં હો, તો એ મૂર્તિ તમને પ્રત્યક્ષ લાગે એવી ને એવી દેખાય – વાર લાગે. તમે ભ્રમર ધારો તો બીજા દિવસે પાછો, Concept (સ્પષ્ટ ખ્યાલ) સમજાણો પણ જોવામાં unclear (અસ્પષ્ટ) થઈ જાય - એવું ને એવું ન દેખાય. એવી ને એવી આંખ દેખાવી જોઈએ તો એ આંખ ઉપર (મન) કેંદ્રિત કરવું પડે કે નહિ કો'? આખું સ્વરૂપ પાકું કરવું. સમજો પહેલાં! સુખ તો ત્યારે જ આવે કે નહિ? મજા તો ત્યારે જ પડે ને? તો ભગવાનનું દરેક અંગ એટલું બધું રમણીય છે કે ભગવાન પોતે જ મનુષ્યરૂપે પ્રગટ થાય તો યે એટલું સૌંદર્ય લઈ અને ન પ્રકાશી શકે. જો પ્રકાશે તો જીવો બધાય ખેંચાઈ જાય, બધી પ્રવૃત્તિઓ બંધ, આખું ઠપ્પ-જગત. એક પણ અંગ એવું નથી કે જે અતિ સુંદર ના હોય! એટલું Symmetrical (સમરૂપ) છે! દરેકે દરેક અંગ કેટલું રમણીય લાગે છે! એ કિશોર મૂર્તિ આઠ વર્ષના બાળક જેવી નિર્દોષ હોય છે. એકદમ Innocent (નિર્દોષ) ત્યારે આ ધ્યાન કરતાં કરતાં જ્યારે સાકાર નિશ્ચય કરે, જે સ્વરૂપનું ધ્યાન કરતાં હોય ને! એ સ્વરૂપ અતિ રમણીય એક ઝબકારામાં થઈ જાય (ચપટી વગાડી) આખું પલટાઈ જાય. એ સ્વરૂપ – જે મૂળ સ્વરૂપ છે પ્રભુનું એ અતિ રમણીય છે. એમ પ્રતિલોમ ધ્યાન કરતાં કરતાં મહારાજની મૂર્તિ, નાસિકા જેવી હોય, એવી જ દેખાવી જોઈએ. એક જ મૂર્તિ. જ્યારે મંદિરોમાં જાવ દર્શન કરવા તો એ જ મૂર્તિ સામે જોવી. ખૂબ પાકું કર્યું હોય તો સામું તરે ને! આંખ સામું? આંખ સામે એક આભાસ થાય કે

નહિ મૂર્તિનો? બહુ અભ્યાસ થાય ત્યારે આ મૂર્તિ – જોવા જાવને તો આ જ મૂર્તિ સામે આબેહૂબ દેખાય. કારણ કે એ દૃઢ થઈ ગઈ. અભ્યાસ કરજો. આપણે ક્યાં અભ્યાસ કર્યો છે? હજી તો શરૂઆત પણ નથી કરી. અઢાર વર્ષ સુધી અભ્યાસ કર્યો ત્યારે માંડ રોટલો કમાતા થયા. બરાબર? અથાક પરિશ્રમ આખો દિવસ મહેનત કરવાની – સવારથી સાંજ સુધી. આખો મહિનો મજૂરી કરે ત્યારે પાંચ-છ હજાર રૂપિયા હાથમાં મળે, આવી મોંઘવારીમાં.

તમે કેટલો પરિશ્રમ કર્યો? એ પરિશ્રમ કરતાં કંટાળો લાવીએ છીએ? લ્હેરથી કરીએ છીએ. તો પછી આ મહાપ્રભુજીના દર્શન કરવા હોય તો કેટલો આનંદ થવો જોઈએ? તો શરૂઆત કરીએ છીએ. રાતોરાત થઈ જાય? તો પરમપદને પામવું હોય તો થોડોક સમય તો કાઢવો પડે ને? તો મહારાજ કહે છે બ્રાહ્મ મુહૂર્તમાં વહેલા ઊઠી જવું. રાત્રે જાગી જાવ તો તે સમયે શાંતિ હોય અથવા જે સમયે સાત્ત્વિક ગુણ પ્રવર્તતો હોય એ વખતે ધ્યાન કરવું કે જેથી બીજા ઘાટ-સંકલ્પ આવરણ કરે નહિ. બરોબર? ત્યારે મહારાજની મૂર્તિમાં આવરણ કરનાર માયા જતી રહી. તો એક વસ્તુનું ધ્યાન રાખો.

બીજી વસ્તુ એ કે એ પ્રયત્નની સાથે સમજી લ્યો નિશ્ચે, કે આ દેહ તો જેમ પેલામાં (આગળ કહ્યું તેમ) ભૂલી ગયા, તેમ દેહ જ ભૂલી જઈએ. (ખોળામાં પ્રતિમા સ્વરૂપને રાખીને) મહારાજને આમ રાખે છે ને ઘણીવાર – પ્રતિલોમ. તો આપણું કાર્ય નિશ્ચિત છે કે નહિ? ત્યારે આવું ધ્યાન કરતા તે કંઈ ભૂલવું પડતું નથી. ભગવાન –

પ્રભુજી Shines in him. (ભગવાનનો પ્રકાશ તેનામાં ઝળકે છે.) બીજાને એ આવિર્ભાવથી કુદરતી, અંદરથી જ અસર થાય છે કે આ માણસ કોઈ જુદી જાતનો છે. આપણે અત્યારે એક સ્થિતિમાં હોઈએ, જ્યારે પરિવર્તન પામીએ ત્યારે જુદી જ કક્ષામાં જઈને ઊભા રહીએ કે નહિ! તો આ પ્રકારનું ધ્યાન એ પૂર્ણ યોગ છે. કેટલું સરળ ભગવાને બતાવ્યું! અષ્ટાંગ યોગ સાધવો, હઠ યોગ સાધવો એ કેટલી માથાકૂટની વાત! અને તે અત્યારના યુગમાં? Is it ever possible? (શું આ શક્ય છે?) એના પુસ્તકો વાંચીને શું કરવાના? જે પુસ્તકની અંદર રહેલું જ્ઞાન આપણા જીવન ઘડતરમાં કામ ન આવે તો તેનો ઉપયોગ ખરો? જે ભોજન ખાવામાં જ કામ ના આવે તો એ ભોજન કામનું ખરું ? તો જગત આખું પુસ્તકોના ખડકલાના ખડકલા પડ્યા છે. પણ એ કામના શું? તો કે જીવન ઘડતરમાં ઉપયોગ થાય એ કામનું, તો મને એમ લાગે છે કે બધા પ્રશ્નોનો ઉકેલ શ્રીજીમહારાજની મૂર્તિ. જેમ અનેક રોગની ઔષધિ એક, એના જેવું છે. અનેક પ્રશ્નોનો ઉકેલ એ ભગવાનનું રમણીય સ્વરૂપ.

મહારાજ કે' મને બધાય કરતાં નિ:સ્વાર્થ પ્રાર્થના વધુ ગમે છે. એ selfless (નિ:સ્વાર્થ) પ્રાર્થના ભગવાનના સુખ તરફ દોરી જનારી છે. માટે that selfless prayer is very important. (તે નિ:સ્વાર્થ પ્રાર્થના ખૂબ જ અગત્યની છે.) તો ભગવાનને પ્રાર્થના કરીએ તો જરૂર ભગવાન આપણા ઉપર કૃપા કરે. સૂર્યના પ્રકાશમાં આપણે

બેઠા હોઈએ. તો સૂર્યનારાયણને કહેવું પડે કે અમારા ઉપર પ્રકાશ ફેંકો, પણ છતાં કહેવું પડે. કહેવાની જરૂર નથી છતાં પણ કહેવું પડે. એ એટલા માટે (કે) એ તડકાનો – એ દિવ્ય પ્રકાશનો આપણા ચૈતન્યને અનુભવ થતો નથી. એટલે અનુભવ કરવા માટે આવરણ છે, એને ભેદવા માટે Prayer is the powerful weapon. (પ્રાર્થના એ શક્તિશાળી હથિયાર છે.) બરાબર? એટલે મહારાજને ગમતી વસ્તુ. તો મહારાજના સ્વરૂપને પ્રાર્થના selfless (નિ:સ્વાર્થ) કરવી. એ તો સરસ રીતે રોજ કરવી અને મહારાજને કહેવું કે હે મહારાજ! તમારી કૃપા ઊતરે તો જ તમારું સ્વરૂપ મને સરસ દેખાય, બરોબર? બધાય મારા સંકલ્પ-વિકલ્પ દૂર થઈ જાય. તો નખથી શિખા પર્યંત મૂર્તિ પહેલા દૃઢ કરવી. એક જ સ્વરૂપ રાખવું. પ્રયત્ન કરવો. આ એક સૌભાગ્યની વાત તો ખરીને? પછી જુઓ કે આપણને એમ લાગશે કે આપણે કંઈક પહેલાં કરતાં બદલાયેલા છીએ. બરોબર? આગળ વધ્યા છીએ એવું લાગશે. તમે બીજા ગમે એટલા પ્રયત્ન કરો. તો પણ પંદર વર્ષ, વીસ વર્ષના થાઓ, ત્રીસ વર્ષના થાઓ કે ચાલીસ વર્ષના થાઓ, તો તમે છો તેવી ને તેવી સ્થિતિમાં તમને લાગશે. આગળ વધેલા નહિ લાગો. ઉંમરમાં વધેલા લાગશો. આ લોકની વિદ્યામાં આગળ વધેલા... પણ આંતરિક રીતે જ્યાં છો ત્યાં જ જેવા લાગશો. વિચારો! આપણે નાના હતા ત્યારે વધારે innocent (નિર્દોષ) હતા. That means we have gone backward. પાછા પડ્યા! તો હવે આ ધ્યાન – ધ્યાન એટલે ભગવાનનો સંબંધ ખરો કે

નહિ? તો પરમાત્માનો સંબંધ એટલે નરી નિર્મળતા. તો આપણને એ સ્વરૂપ બદલી નાખ્યા વગર રહે ખરી? આપણા આવરણ હટાવતી જ જાય અને આપણને આનંદ આવે. તો આપણે બધા હવે (ધ્યાન) શરૂ કરી દઈએ. બરોબર?

એવી એકદમ સ્થિતિ એવી આવે કે તમને ક્યાંય જવાની જરૂર જ ન લાગે. એમ ન થાય કે લાવો હું મંદિર જાઉં. ન પણ જાવ. પરમચૈતન્યાનંદ સ્વામી હતા ને? તેમને જ્યારે ભગવાનનું દર્શન થયું તો તેર વર્ષ સુધી મંદિરમાં ઓરડા હોય, ને જ્યાં એમનું આસન ત્યાં જ પડ્યા રહેતા. મંદિર બહાર જ નહોતા નીકળતા. ત્યારે મહારાજ પ્રત્યક્ષ બીરાજતા હતા. એમના દર્શન કરવા નહોતા જતા. ત્યારે કોઈને એમ થયું કે આ શું? મહારાજના કોઈ દિવસ દર્શન નહિ? તો કોઈકે એમ કહ્યું કે સ્વામી, મહારાજના દર્શન કરવા તો ચાલો. હું તમને લઈ જઉં. તો કહે લઈ જા. તો થોડેક લઈ ગયા ને કોઈકે મશ્કરી કરી કે સ્વામી, હવે શું આટલા વર્ષે નીકળવાનું? તો કહે, ભલે તું કહે એમ. લઈ જા ત્યાં. કોઈકે મહારાજને પૂછ્યું, ત્યારે મહારાજ કહે તેમને આવરણ ને અંતર બધાય દૂર થઈ ગયા છે. એમને ગઢડું, અક્ષરધામ બધું જ હસ્તામળ છે. હવે આંહીં શું આવે? એ નથી આવતા એમ કેમ કહેવાય? તું દૂર છે પણ એ દૂર નથી. તું નજીક છેં છતાંય દૂર છેં. એ દૂર છે છતાંય મારી સાથે એકરૂપ છે. એમ એ ભગવાનનું સ્વરૂપ ખૂબ દૃઢ થઈ જતાં, તમને પછી મંદિર જવું - જાવ તો સમાસ અર્થે. નહિ કે સુખમાં ફરક પડે તમને એમ ન લાગે કે આજ મંદિરમાં ગયા તો

મહારાજના દર્શન સરસ થયા. તેમ સુખમાં ફરક નો પડે. અત્યારે જેવું સુખ છે તેવું ગમે ત્યાં જાવ. છપૈયા જાવ તો ય એવું ને એવું લાગે. જેવું અત્યારે છે. એ સ્વરૂપ સાથે એકતા થવી જોઈએ. તો એ સ્વરૂપને નીરખી અને ખૂબ દૃઢ કરવું અને મહારાજને પ્રાર્થના કરવી જોઈએ- નિષ્કામ પ્રાર્થના.

સહજાનંદ સ્વામી મહારાજની જય.

## સારાંશ

સુકૃત ઉદય થાય ત્યારે સ્વામિનારાયણ ભગવાન ઓળખાય. અનાદિમુક્તનો જોગ મળે ત્યારે મહારાજનું તત્ત્વજ્ઞાન સમજાય. ચૈતન્ય જ્યારે મહારાજના તેજ સાથે વિલીન થાય, ત્યારે સમગ્ર ચૈતન્ય ઇંદ્રિયોનું કામ કરે. પોતાને ગમતું ભગવાનનું સ્વરૂપ લઈ તેને નીરખવું, દેહભાવ કાઢી નાંખીને નીરખવું. ચૈતન્યનો અણુ-અણુ આંખ બની મહારાજને જુએ છે. આપણી ચૈતન્ય પ્રકૃતિ ભગવાનના તેજ સાથે મળી સાકાર થાય છે, છતાં તે જગ્યા રોકતી નથી. કારણ કે એ દિવ્ય છે. એનો આકાર ભગવાનના જેવો જ થઈ જાય છે અને ભગવાન સાથે એકરૂપ થઈ જાય છે. મસ્તકે-મસ્તક, ચરણે-ચરણ. ત્યારે એ રોમે-રોમ સુખ ભોગવે. પરંતુ પહેલા મૂર્તિ એકદમ સ્પષ્ટ થવી જોઈએ. જ્યાં જોઈએ ત્યાં નજર સમક્ષ એ મૂર્તિ જ દેખાવી જોઈએ. પરિશ્રમ કરવો પડે. સાત્ત્વિક ગુણ પ્રવર્તતો હોય ત્યારે ધ્યાન કરવું. બ્રાહ્મ મુહૂર્તમાં કે રાત્રે ઊંઘ ઊડે ત્યારે પણ ધ્યાન કરાય. ધ્યાન કરવું એ

પૂર્ણ યોગ છે. બધા પ્રશ્નોનો ઉકેલ મૂર્તિ છે. નિઃસ્વાર્થ પ્રાર્થનાથી ભગવાન રાજી થાય માટે એ કરવી. આવરણો હટાવવા પ્રાર્થના શક્તિશાળી હથિયાર છે. ધ્યાન ન કરનારની આંતરિક પ્રગતિ અટકી ગયેલી લાગે છે. મૂર્તિ સળંગ દેખાયા પછી મંદિર જવાની આવશ્યકતા ન રહે.

## ૧૬

બર્નાર્ડ શૉ નામના એક લેખક અને મહાન intelligent giant જેને કહીએ એવા poet થઈ ગયા. તે માણસે મહામુસીબતે અરવિંદ ઘોષની મુલાકાત મેળવી. ઘણા પ્રયત્ને મુલાકાત આપી. અરવિંદ ઘોષ ના પાડતા હતા કે મળીને શું કામ છે? તમે જે વાત કહેવી હોય તે લખીને મોકલી દો હું જવાબ આપી દઈશ. બર્નાર્ડ શૉ કહે કે ના, હું રૂબરૂ કહું તો જ મને ઠીક પડે. પછી ગાંધીજીની ભેગા થઈને થોડો પ્રયત્ન કર્યો ત્યારે થોડી મુલાકાત આપી. તો બર્નાર્ડ શૉએ વાતવાતમાં એમ ઉચ્ચાર્યું કે There is no season for a man to be corrupt. માણસ સંત જેવો લાગતો હોય, પણ ક્યારે કાંઈ જુદી જ કે વિરુદ્ધ જાતનો થઈને ઊભો રહે એના માટે કોઈ ઋતુ નથી. માણસ ક્યારે બગડે એની ઋતુ નથી. ત્યારે શ્રી અરવિંદે કહ્યું કે, એક સુધારો અંદર ઉમેરી લો. તો કહે શું? An enlightened person is an exception in this matter. Enlightened person can never become corrupt. એનો અર્થ એ કે મહારાજની મૂર્તિમાં રહેલા અનાદિમુક્ત હોય તેને કોઈ પણ સીઝન કે કોઈ પણ ઋતુ કે કોઈ પણ સંજોગોમાં બગડવાનો કે પતન થવાનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી.

ગાંધીજીએ એકવાર એમ કહેલું કે માંદા પડવું એ ગુનો છે. Crime કીધો crime. બીજા પાસે સેવા

કરાવવી પડે, આવો સરસ દેહ વળી માંદો રહે, હેરાન થવું પડે. એટલે વારે વારે માંદુ પડવું એ ગુનો છે. શરીર સરસ રીતે સાચવવું જોઈએ. તો આપણા સંતો મંદવાડ ગ્રહણ કરતા તેનું કેમ? મેં કહ્યું કે એ મંદવાડ જ નહોતો. એ તો મંદવાડ ગ્રહણ કરતા. જો એ મંદવાડ જ ન હોય, તો Crime રહ્યો જ ક્યાં? બીજાના મંદવાડમાં અને અનાદિમુક્તના મંદવાડમાં આટલો ફરક છે. બીજાના મંદવાડ માટે Crime બરાબર છે, પણ અનાદિમુક્ત માટે તો જેમ શ્રી અરવિંદે કહ્યું, ને કે he is an exception. તેમ અનાદિમુક્ત કે જે મૂર્તિના અલૌકિક દિવ્ય સુખને પામ્યા હોય તેવા મુક્તો આ બાબતમાં અપવાદરૂપ છે. કારણ કે એ તો સદા નિરોગી છે, એને રોગ થવાનો કોઈ સવાલ જ નથી. એનું તો શરીરેય નિરોગી અને ચૈતન્યેય નિરોગી છે. પરંતુ કોઈ કારણસર માનવજાતની સેવા કરવા માટે અને કોઈનું ભલું કરવા માટે કોઈના મંદવાડ ગ્રહણ કરી લે અને એને સુખી કરી નાખે એટલા માટે જ આ મંદવાડ હોય છે એટલે Are Anadimuktas an exception? Is Gandhiji correct? ગાંધીજી સાચા છે. સાધનદશાવાળા માટે, નહિ કે સિદ્ધદશાવાળા માટે. એટલે એ વાતનું આ સમાધાન. એ પ્રશ્ન મને પૂછેલો. મેં કહ્યું ભાઈ આમ છે.

## સારાંશ

અનાદિમુક્તને પતન થવાનો પ્રશ્ન હોતો જ નથી. તેમના દ્વારા દરેક ક્રિયા મહારાજ કરે છે. મહારાજ

ક્યારેય કોઈ ખોટું કાર્ય કરે જ નહિ.

અનાદિમુક્ત મંદવાડ ગ્રહણ કરે છે તે બીજાને સેવા મળે તે અર્થે કરે છે. બાકી સાધનદશાવાળાને પોતાની બેદરકારીથી માંદા પડવું એ ગુનો છે.

# ૧૭

સાર્ધ-શતાબ્દી મહોત્સવના આ દિવ્ય પ્રસંગે સ્વામિનારાયણ ભગવાન અને તેમના અનાદિ મુક્તરાજ બાપાશ્રીના આશીર્વાદ અને સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાવર્ષા સતત ચાલી રહી છે. આશીર્વાદ આપવા કે માગવાનો હવે કોઈ પ્રશ્ન જ રહેતો નથી. કૃપાવર્ષા ચાલુ ને ચાલુ જ છે. ભગવાન સ્વામિનારાયણે પોતાના સંકલ્પથી જેમને આ બ્રહ્માંડમાં દૃષ્ટિગોચર કર્યા એવા પરમ પૂજ્ય બાપાશ્રીએ ભગવાન સ્વામિનારાયણનું કાર્ય કર્યું. સ્વામિનારાયણ ભગવાનનું કાર્ય એ કે શ્રીજીમહારાજની મૂર્તિમાં યેનકેન પ્રકારેણ જીવોને જોડી દેવા અને ભગવાનના સુખે સુખિયા કરવા. તેમના દિવ્ય વિચરણની વાત વિસ્તૃત રીતે, સરસ રીતે અનાદિ મુક્તરાજ ભાઈ શ્રી રામકૃષ્ણભાઈએ કરી. બાપાશ્રીએ એમના જીવન દ્વારા ધાર્મિક અને સામાજિક બંને કાર્યો કર્યા. માત્ર સત્સંગી જ નહિ, પણ અન્યધર્મી તમામમાં એમણે પોતાના જીવનથી પરિવર્તન આણી દીધું.

જ્યારે બાપાશ્રી અમદાવાદ પધાર્યા ત્યારે એમની સાથે સંતવૃંદ હતું. હરિભક્તો પણ ઝાંઝ વગાડી કીર્તન ગાતા ચાલતા હતા; પણ શી ખબર કેમ આખા ગામને ખબર પડી ગઈ કે એવા એક જ પુરુષ અત્યારે છે કે જે ભગવાનની દિવ્ય મૂર્તિમાં રમે છે, કિલ્લોલ કરે છે. ભગવાનના અન્ય બધા ભક્તો છે, ધર્મપરાયણ છે,

અનન્યનિષ્ઠાવાળા છે, ઉચ્ચસાધનદશાવાળા છે, પણ આ પુરુષની જોડ જોવા મળે એવું નથી. એ પુરુષ આવ્યા છે એવા સમાચાર સાંભળતા છાપરા ઉપર લોકો ચડી ગયા. સરસપુરની નજીકની સરસ્વતી વિદ્યાલય છે તેની અંદર જે બાળકો ભણતા હતા તેમને પણ છોડી મૂક્યા જોવા માટે. અને બધા જ બાપાશ્રીના દર્શન કરે, છાપરા ઉપરથી ફૂલની વૃષ્ટિ કરે, કુમકુમ નાખે અને કેટલાંક બાળકો કોર્ડન તોડીને અંદર ઘૂસી જાય ને કહે કે બાપા! ચાંદલો કરો! તો હાથમાં કંકુ રાખ્યું હોય તેનાથી બાપા ચાંદલો કરે. કંકુ ખૂટી ગયું. તો કેટલાક બાળકો આવે ને કહે કે કાંઈ નહિ ધૂળની ચપટીથી ધૂળનો ચાંદલો કરશો તો ય ચાલશે. બાપાશ્રીને તો કાંઈ ખબર નહિ. એ તો મહારાજની મૂર્તિની લક્ષસ્થિતિમાં હોય અને ધૂળનો ચાંદલો કરે ત્યાં કંકુનો ચાંદલો થઈ જાય! આ કોનો પ્રતાપ? ભગવાન સ્વામિનારાયણનો. આવા હતા ભગવાન સ્વામિનારાયણના અનાદિ મહામુક્તરાજ બાપાશ્રી કે જેમનામાં સ્વામિનારાયણ ભગવાન પોતે પ્રકાશી રહ્યા હતા અને આશીર્વાદ આપતા હતા. બાપાશ્રી તો મૂર્તિના સુખે સુખિયા હતા અને એ ભગવાનની મૂર્તિમાં સંલગ્ન રહેતા. એ આગળ ચાલતા જાય. સરસપુરથી કાળુપુર મંદિર આવતા દરમિયાન બેથી અઢી કલાક જેટલું ચાલ્યા. બાપાશ્રીને ગાડામાં બેસવા કહ્યું તો ય ન બેઠા. ગાડીમાં બેસવાનું કહ્યું તો ય ન બેઠા. એ તો પદયાત્રાથી ચાલવા લાગ્યા. અને ચાલતા ચાલતા એમનો દિવ્ય પ્રભાવ એવો કે લોકો જોઈ જ રહે. બધાને એમ થાય કે વાત તો

સાચી છે કે આ પુરુષના દર્શન કરતાં અંતરમાં ટાઢું થઈ જાય. આ કંઈ થોડી વાત? ભગવાનના મુક્ત જેમાં સ્વામિનારાયણ ભગવાન પ્રકાશતા હોય ત્યારે એ ભગવાનની દિવ્યતા ચારેકોર પ્રસરી રહે એમાં શું નવાઈ? જો સૂર્યનો પ્રકાશ બધે પ્રસરતો હોય - સૂર્ય એક ભૌતિક પદાર્થ છે, ધગધગતો એક પ્રકાશિત ગોળો છે, તો પણ આખા વિશ્વ-આખી પૃથ્વીને પ્રકાશે છે- તો જેમાં ભગવાન સ્વામિનારાયણરૂપી દિવ્ય સૂર્ય પ્રકાશતો હોય એની દિવ્યતા સર્વત્ર પ્રસરી રહે એમાં શું નવાઈ? એ દિવ્યતા પ્રસરવામાં નાત્ય, જાત-કુજાત, નાના-મોટા એવું કાંઈ જોવાનો કોઈ સવાલ જ ક્યાં રહે? બધે એકલી દિવ્યતા પ્રસરી રહી હતી. આખું અમદાવાદ ધન્ય બની ગયું. આ એમનું દિવ્ય વિચરણ.

ત્યારે એ દિવ્ય વિચરણ દરમિયાન એમણે આંતરિક પરિવર્તન કરી નાખ્યું એના ઘણા દાખલા છે. એવી જ રીતે સામાજિક પરિવર્તન કર્યું કે પોતાના જીવન દરમિયાન સ્વામિનારાયણ ભગવાનની પ્રણાલિકા અનુસાર એમણે બધાની રહેણીકરણી શુદ્ધ કરી. બધા મહારાજની પ્રણાલિકા મુજબ વર્તતા હતા, પણ જે કંઈ કચાશ હતી એ કચાશ બાપાશ્રીના દર્શન કરતાં નીકળી ગઈ. એવી રહેણીકરણી બતાવી. અને આંતરિક અને બાહ્ય રીતે પણ બધાને શુદ્ધ કરી મૂક્યા. કચ્છ પ્રદેશના આ હરિભક્તો અહીં બેઠા છે એ જાણે છે કે તેમની જો આર્થિક સ્થિતિ અને આંતરિક જબરજસ્ત પરિવર્તન કર્યું હોય તો કોણે કર્યું તે અહીં બેઠેલા વિદેશી મહાનુભાવોને પૂછો. અને

પૂછો કે તમને વિદેશ કોણે મોકલ્યા? બાપાશ્રીએ મોકલ્યા. બાપાશ્રીએ આશીર્વાદ આપ્યા તો અત્યારે તમે જુઓ છો કે એક ફૂટ અદ્ધર ચાલે એવા દિવ્ય પ્રભાવથી આ બધા હરિભક્તો ચાલે છે. એમને ભગવાન સ્વામિનારાયણનું બળ છે. અને એ બળ કોણે આપ્યું? પરમ પૂજ્ય જીવનપ્રાણ બાપાશ્રીએ આપ્યું. જીવનપ્રાણ કોને કહેવાય? કે જે અનાદિમુક્તમાં ભગવાન સ્વામિનારાયણ પ્રકાશે તે આપણા જીવનપ્રાણ. એનો અર્થ એ કે ભગવાન જીવનપ્રાણ. મહારાજ અને તેમના મુક્તો એ આપણા જીવનપ્રાણ. આપણો શ્વાસોશ્વાસ, આપણું આખું જીવન એ આ જીવનપ્રાણને આધારે ચાલે છે. મહારાજ અને મુક્તોના પ્રતાપે.

અને આ તમે જુઓ તો ખરા! અત્યારે આ મહોત્સવ કેટલી સરળતાથી શીતળતા પાથરીને અને કોઈ પણ જાતના પ્રયાસ વગર ચાલી રહ્યો છે! It is running very smoothly. તમે જુઓ છો કે ખુશનુમા વાતાવરણ કેવું છવાઈ રહ્યું છે! ભગવાન સ્વામિનારાયણના અનાદિ મહામુક્તરાજના આ સાર્ધ-શતાબ્દી મહોત્સવે આવું દિવ્ય વાતાવરણ થઈ રહ્યું છે. ગામોગામથી સંતો પણ ખેંચાઈ આવ્યા. કોણે ખેંચ્યા? ભગવાન સ્વામિનારાયણે ખેંચ્યા. શા માટે? કે મારા મુક્તનો મહોત્સવ મારે ઉજવવો જોઈએ જીવોના સર્વોત્તમ ઉદ્ધારને માટે. તમે જોઈ શકો છો કે આટલા સંતો છે. બ્રહ્મનિષ્ઠ સંતો. એમની વાણી કેટલી સરસ હતી! તેમણે ખરેખર મને જે ખબર નહોતી તેવી માહિતી, તેવું બાપાશ્રીનું જીવનદર્શન આ સંતોએ

કરાવ્યું. હું તો આશ્ચર્યમુગ્ધ થઈ ગયો કે આ શું! આ ભગવાન સ્વામિનારાયણનો પ્રતાપ. પોતાના અનાદિ મુક્તરાજના આ સાર્ધ-શતાબ્દી મહોત્સવ ઉપર કેટલો રાજીપો! કેટલી કૃપાવર્ષા!

તમે જુઓ છો કે ગામોગામથી બધાને પ્રેરણા થઈ ચૂકી, બધા આવી ગયા. પ્લેગ પણ એવો રોગ કે સંવત ૧૯૫૮ થી ૧૯૬૪ એમ છ વર્ષ સુધી પ્લેગ ભારતમાં ચાલ્યો હતો. એ એવો પ્લેગ કે ઘડીકમાં ઊંઘી જાય, ઘડીકમાં જાગે. તો મહોત્સવ પહેલાં સ્વામિનારાયણ ભગવાને જોયું કે જો આવો પ્લેગ મહોત્સવ પહેલાં જતો નહિ રહે તો સર્વોત્તમ ઉદ્ધારનું જે મારું કામ આ મહોત્સવ પ્રસંગે મારે કરવાનું છે એ રહી જશે. એટલે મહારાજે પ્લેગને રજા આપી દીધી અને વિશ્વની આરોગ્ય સંસ્થાએ જાહેર કર્યું કે ભારતમાં કોઈ પણ જગ્યાએ, કોઈ પણ ગામમાં પ્લેગનું નામ-નિશાન નથી રહ્યું એવી વર્તમાનપત્રમાં જાહેરાત કરી દીધી. અને બધા તૈયાર થઈ ગયા કે પ્લેગ ગયો... પ્લેગ ગયો. ત્યારે ભગવાન સ્વામિનારાયણનો સંકલ્પ અને તેમના અનાદિ મહામુક્તરાજ દિવ્યસ્વરૂપ બાપાશ્રીનો મહોત્સવ. એમાં શું કહેવાનું હોય? અરે! કેટલો વરસાદ વરસ્યો! આવો વરસો પહેલાં થયેલો, પણ એ વરસાદે આ વરસાદ જેવું પરિણામ આણ્યું નહોતું. આ વરસાદે દુકાળ કાઢી મૂક્યો. ત્રણ વરસ સુધી દુકાળ ન થાય એટલું પાણી ભરી દીધું. ચારેકોર ગામોગામ કૂવા ઊભરાઈ ગયા હતા. પાતાળ સુધી બધા ભરાઈ ગયા. છેક સુધી. પૂછો આ

ગામોગામથી પધારેલા હરિભક્તોની સાક્ષી. કે તમારા ગામમાં કૂવાઓ ભરાઈ નથી ગયા એવું બન્યું છે? પાણીથી છલકાય છે? તમારા ગામમાં ઓણ પાક પાક્યો છે અને તમે નિર્વિઘ્ને અહીં આવી પહોંચ્યા છો? ભગવાન સ્વામિનારાયણ આ મહોત્સવ ઉજવી રહ્યા છે. અને પોતાના સંત-હરિભક્તોને અહીં ખેંચી રહ્યા છે. હજી તો આ સભામંડપ ટૂંકો પડશે મને તો એવું લાગે છે. કારણ કે આ તો નવ દિવસનો પ્રોગ્રામ.

અને કેટલા માઈલો સુધી કચ્છની સૂકી રણભૂમિ તેમાં આ રળિયામણો દેશ, રળિયામણી જગ્યા, નૈમિષારણ્યક્ષેત્રરૂપ જગ્યા. જુઓ તો ખરા બાપાશ્રીનો પ્રતાપ! આ પ્રતાપ કોનો? અરે! જેની મૂર્તિમાં સંત અખંડ સુખમાં રહ્યા તો આશીર્વાદ આપનારા ભગવાન પોતે જ થયાને? શું ખામી? ત્યારે ભગવાન કહે છે કે મારા મહોત્સવ કરતાં મારા મુક્તનો મહોત્સવ હું વધારે સારી રીતે ઉજવું. કારણ કે એણે મને વશ કરી લીધા છે. ભગવાન એટલા રાજી છે. એટલા બધા રાજી કે 'સંત તે મારી મૂરતિ રે તેમાં ફેર નહિ એક રતી રે.' આટલો બધો રાજીપો. એક રતીનોય ફેર નહિ. આ કંઈ થોડી વાત?

ત્યારે બાપાશ્રીએ જે સામાજિક, ધાર્મિક અને આધ્યાત્મિક ઊર્ધ્વગમન કરીને લોકોને મહારાજની મૂર્તિના સુખે સુખિયા કરી સર્વોપરી પરમાત્મતત્ત્વમાં જોડી અને જે કામ કર્યું તે પગલે ચાલી અને આપણે એ કામ-એ સેવા બજાવવાની છે ભગવાન સ્વામિનારાયણની પ્રસન્નતા અર્થે. તો જ આ મહોત્સવમાં આવ્યાની

સાર્થકતા. બાપાશ્રીનું એક વચન છે કે ઉત્સવ-મહોત્સવ તો થયો પણ મહારાજની મૂર્તિ સામે નજર રહી ખરી? આ મહોત્સવની ફળશ્રુતિ એ કે ભગવાન સ્વામિનારાયણની મૂર્તિનું સતત અનુસંધાન રહે. મૂર્તિમાં રહીને ક્રિયા થાય એવી રીતે આ મહોત્સવ માણીએ. અને ભગવાનના આશીર્વાદ તો વરસે જ છે પછી ક્યાં આપવાની કે માગવાની એવી કોઈ જરૂરિયાત? છતાં પણ આપણે ભગવાનની એક સેવક તરીકે એક પ્રાર્થના બધા કરીએ કે આવી ને આવી કૃપાવર્ષા મહાપથારી સુધી કરજો. ભગવાન સ્વામિનારાયણ ભગવાનની જય!, તેમના અનાદિ મહામુક્તરાજ દયાળુ પરમ પૂજ્ય બાપાશ્રીની જય! અને એમને વરેલા, એમની સાથે રહીને જેમણે ભગવાન સ્વામિનારાયણનું અમોઘ કાર્ય કર્યું એવા સદ્‌ગુરુઓ અને આ સ્થાનને જેમણે ખૂબ વિકસાવ્યું એ આપણા વાત્સલ્યમૂર્તિ, આપણા લાડીલા એવા પરમ પૂજ્ય અનાદિ મહામુક્તરાજ સદ્‌ગુરુ મુનિસ્વામી પુરાણી સ્વામી એમની જય!. એમને મુનિ કહ્યા! બોલ્યા વગર કામ થાય! બોલ્યા વગર કામ કરે! એમને જુએ તો ય એમ થાય કે આ તો મૂર્તિની મસ્તીમાં ચાલે છે. એવા એ સદ્‌ગુરુને લાખો વંદન કરી અને હું વિરમું છું.

## સારાંશ

અનાદિમુક્તનું એક જ કાર્ય હોય કે ગમે-તે રીતે જીવો મૂર્તિમાં આવે. સત્સંગી કે બિનસત્સંગીમાં પણ તેઓ પોતાના જીવનથી પરિવર્તન લાવી દે છે. બાપાશ્રીને

મહારાજે પોતાના સંકલ્પથી મોકલ્યા હતા. આથી લોકો તેમના પ્રભાવ હેઠળ આવ્યા વગર રહી શકતા નહિ. તેમના દર્શન માત્રથી લોકોના જીવમાં ટાઢક થતી, તેમનામાં આંતરિક પરિવર્તન આવી જતું. આંતરિક અને બાહ્ય બંને રીતે બાપાએ જીવોને શુદ્ધ કર્યા. અનાદિમુક્તના જોગ-સમાગમથી એક અનેરું બળ પ્રાપ્ત થાય છે. ભગવાન તથા તેમના અનાદિમુક્ત આપણા જીવનપ્રાણ બનવા જોઈએ.

અનાદિમુક્તના પ્રસંગ પહેલા વાતાવરણમાં અને સર્વત્ર સાનુકૂળતા છવાઈ જાય છે. કારણ કે મુક્તમાં રહી ભગવાન પોતે આશીર્વાદ આપે છે. પોતા કરતા પોતાના મુક્તના ઉત્સવો ભગવાનને વધુ વહાલા છે. ઉત્સવ-સમૈયા કરતાં વૃત્તિ મહારાજમાંથી ખસવી જોઈએ નહિ, તો જ એની ફળશ્રુતિ ઉત્તમ પ્રાપ્ત થાય.

# ૧૮

અનંત કોટી બ્રહ્માંડો ભગવાનની ઇચ્છાથી લય પામે છે, ઉત્પન્ન થાય છે તેમાં આ નાનકડી પૃથ્વી, તેમાંય નાનકડો પુરુષ તેમાં કેટલી બધી મહાબુદ્ધિ! પણ બધા બ્રહ્માંડો કરતાં પણ આ માનવદેહમાં રહેલો ચૈતન્ય સૌથી મહાન છે. અનંત કોટી બ્રહ્માંડો પણ આની તુલ્ય આવે નહિ. કારણ કે આ માનવદેહમાં રહેલો ચૈતન્ય જ્યારે મહારાજના અનાદિ સંત-મુક્તોના પરિચયમાં આવે, ત્યારે મહાન સંત બની જાય છે કે જે અનંત બ્રહ્માંડોને પણ હચમચાવી મૂકે- ડગમગાવી દે એવા મહાન બને છે.

શ્રીજીમહારાજે આપણા ચૈતન્યને કેવળ કૃપા કરીને, ખૂબ પ્રસન્ન થઈને, આપણો દેહભાવ સદંતર કાઢી નાખીને એમની મૂર્તિમાં રાખી દીધો! તો ભગવાન કેટલા દયાળુ છે! કાંઈ જોવે-બોવે નહિ. જે કોઈ નજરમાં આવે એના ઉપર કૃપા જ વરસાવે. એનું જ નામ કરુણાસાગર. ત્યારે એ કરુણાસાગર ભગવાન આપણને મળી ગયાને! હવે જો કરુણાસાગર ભગવાન મળ્યા હોય તો આપણે બધાય પણ કરુણાસાગર થયા. તો હવે અવગુણથી તો બીજા દૂભાય. તો આપણે કોઈનો અવગુણ લઈએ ત્યારે એને જાણપણું થાય કે આને મારો અવગુણ આવ્યો તો એ દૂભાય કે નહિ? તો એ હિંસા થઈ કે નહિ? જો હિંસા થઈ તો ભગવાન રાજી કેવી રીતે થાય? ત્યારે અવગુણનું જાણપણું કેવળ રહે, પણ એ અવગુણને લીધે અભાવ ન

આવવો જોઈએ. અને એને ખબર પણ ન પડે કે આને મારો અવગુણ આવ્યો ને એનો અવગુણ ટળી જાય એવી જે આવડત તે કેળવવી જોઈએ. એમાં ભગવાન રાજી છે. અવગુણ અવશ્ય ટાળવો. અવગુણો જોવામાં પણ આવે. અવરભાવમાં જોવામાં આવે, પણ એ અવગુણ ત્યારે જ નુકસાન કરે કે એ અવગુણને લીધે સામેવાળાને નુકસાન થાય, એની પ્રતિષ્ઠા ઘવાય અને એનું દિલ દુભાય અને એને કોઈ ફાયદો ન થાય. એટલે આપણે એનો અવગુણ લઈએ તો આપણે એનું ભલું ન કર્યું. એટલે બધાનું ભલું થાય એવો ભગવાનનો સ્વભાવ છે તો એવો મુક્તનો પણ સ્વભાવ હોવો જોઈએ કે નહિ? તો એવો સ્વભાવ રાખવો.

અત્યારે દેશકાળનું પ્રધાનપણું ભગવાનની ઇચ્છાથી વર્તે છે. એ દેશકાળના વિષમપણામાં પંચ વર્તમાનનો લોપ પણ ચાલી રહ્યો છે. તે પંચ વર્તમાનનો લોપ જે ચાલી રહેલ છે તે તથા જે ભ્રષ્ટાચાર, જે કુબુદ્ધિ તે દૂર કરવા માટે ભગવાન પ્રયત્ન કરે છે. સાગરનું મંથન કરીને અમૃત કાઢ્યું. તેવી જ રીતે દેશકાળનું ચક્ર ચલાવી ધમાલ કરીને બધાને શાંત પાડશે. તેમાં સમય જોઈએ. એક બ્રહ્માંડનો દિવસ કેવડો હોય છે એ તો આપણે બધા જાણીએ છીએ. થોડા વર્ષો એવું ચાલે એથી કંઈ મુંઝાવાનું હોય નહિ. ભગવાનને પ્રાર્થના કરવાની. ભગવાન જાણે તો છે જ એની ના નહિ, છતાં પણ ભગવાનને પ્રાર્થના કરીએ પણ એ પ્રાર્થના નિષ્કામ ત્યારે કહેવાય કે જ્યારે એમાં કોઈ પણ જાતનો સ્વાર્થ ન હોય. તે પ્રાર્થનામાં ભગવાનનો સંબંધ કરાવવાનો, જીવને પાત્ર કરવા માટેનો

આશય રહેલો છે.

શ્રીજીમહારાજ ને મહારાજના મુક્તોની અનુવૃત્તિમાં રહેવું એમ કહ્યું. અનુવૃત્તિ એટલે શું? બે રીતે કે અનુવૃત્તિ પ્રમાણે એની સેવા કરવી. એ એક. અને બીજી અનુવૃત્તિ વર્તનની. એટલે કે જે એમને ગમે છે કે અમે જે રીતે વર્તીએ છીએ, જે રીતે કહીએ તેવું તમારું વર્તન બનાવો. જો એવું વર્તન બને તો બધાંય દુ:ખની નિવૃત્તિ થઈ જાય કે નહિ? જરૂર થઈ જાય. માટે અનુવૃત્તિ લખી છે. અનુવૃત્તિ આ પ્રમાણે બંને રીતે જળવાવી જોઇએ. અનુવૃત્તિ બહુ જ મોટી વસ્તુ છે.

બીજું એ કે આ દિવ્ય સભા પૂરી થાય ત્યારે એવું લાગવું જોઈએ કે એ દિવ્ય સભા ભેળી ને ભેળી છે ને બ્રહ્મયજ્ઞ ચાલ્યા.... જ કરે છે. તો કોઈ દિવસ એમ ન થાય કે જુદા પડ્યા. જુદા પડવાની વાત જ ભૂલી જાવ. દેહે કરીને જુદા પડવું એ જુદા પડ્યા ન કહેવાય.

દિવ્યરૂપ થઈ જવાનું છે. મહારાજે કહ્યું કે આ સ્થૂળ દેહ પડવે કરીને દેહભાવ જતો રહેશે એમ નથી. બધાય સત્સંગી હોય નહિ, બધાએ ભગવાન ઓળખ્યા નહિ હોય એનો સ્થૂળ દેહ પડી જાય એટલે દેહભાવ જતો રહ્યો? ના. દેહભાવ તો કારણ દેહ સાથે વળગીને એને જન્મ-મરણના ચક્કરમાં મૂકી જ દે છે. દેહભાવ કાઢ્યો એનો અર્થ એ કે ચૈતન્યને દિવ્ય સાકાર બનાવી, કેવળ કૃપાએ કરીને નખથી શિખા પર્યંત સળંગ રીતે મૂર્તિમાં રાખ્યો. એ કેવળ કૃપા. હવે એ કૃપા તો પાત્રતા વગર આપીને? એ આપી એ સત્ય છે.

હવે શ્રદ્ધા રાખવી કે ગમે તેટલા અંતરશત્રુઓ નડે કે ગમે તેવી આફતો આવી પડે તો એવા નિર્ભય રહેવું કે હું તો મહારાજની મૂર્તિમાં છું! પછી કોઈ ભયનો સવાલ રહે ખરો? કદી ન રહે. એવી નિર્ભયતા રાખવી. મહારાજ અભયવર આમ (ડાબા હાથની હથેળી અભયમુદ્રામાં રાખી બતાવે છે) કરીને નથી આપતા? તો અભય એટલે શું? કે જેટલા અક્ષર સુધી આવરણ કરનાર ભયસ્થાનો છે એ ભયસ્થાનોથી રહિત કરીને નિર્ભય બનાવી દીધા! ભગવાન કહે છે કે આટલું સંપૂર્ણ રક્ષણ મેં આપ્યું છે, માટે તું નિર્ભય બની ગયો. તો ભગવાનનાં વચને આપણે નિર્ભય બની જવું જોઈએ. આપણા મનની ગ્રંથિઓ જે ભયભીત કરતી હોય છે એને દૂર કરી નાખીએ. આપત્તિમાં ખૂબ ગભરાટ થાય, કે દેહ છોડીને જવાનું થાય ત્યારે ગભરામણ થઈ જાય. તે ક્યારે ન થાય કે મહારાજની મૂર્તિમાં રહ્યા છીએ, મહારાજે મૂર્તિમાં રાખ્યા છે એવી સમજણ થાય ત્યારે. આપણે આ દુનિયામાં નથી રહ્યા, આ અનંત બ્રહ્માંડમાંય નથી રહ્યા, આ દેહમાંય નથી રહ્યા. તો પછી ભય શાનો? શા માટે ગભરામણ? ગભરામણ થાય તો એ સમજણનો વાંક છે. સમજણ દિવસે દિવસે દૃઢ કરવાની.

પાત્રતાની પળે પળે ખબર પડે છે દરરોજ આપણને. ભય લાગે એ વખતે યાદ કરવું કે હું તો મહારાજની મૂર્તિમાં રહેલો અનાદિમુક્ત છું. તરત જ ઝબકીને મહારાજને યાદ કરવા. મહારાજે મૂર્તિમાં રાખ્યા છે એ યાદ કરવું. છતાં ય અંતરશત્રુ નડતા હોય, દેહભાવ

નડતો હોય, સુખ-દુઃખનો અનુભવ થતો હોય, કોઈ મુશ્કેલી કે તકલીફ આવે ત્યારે ભય લાગે એવું બધું જ થવાનું. તેથી ડરવું નહિ. તેથી એમ ન માનવું કે આપણું આત્યંતિક કલ્યાણ થશે કે નહિ. અરે ભાઈ! પાત્રતા વગર પણ તને રક્ષણ આપી દીધું છે. મૃત્યુ-અંતસમો એ સમુદ્ર જેવો કઠિન છે. એ વખતે મૂર્તિયે ન દેખાય, અનંત જાતના વિચારો પણ આવે, આ લોકની વાસનાઓ કે આ લોકની આસક્તિ યાદ આવી જાય. આ બધું હું છોડીને જાઉં છું એવા વિચારો પણ આવી જાય. એ વખતે એક વસ્તુ યાદ રાખવી: "શ્રીજીમહારાજે એમના સ્વરૂપમાં મને રાખ્યો છે. આ બધી જ ગડમથલ તો આ દેહમાં થાય છે, મને થતી નથી." એ સમજણ પાકી રાખવી, ભલે મૂર્તિ એ વખતે દેખાય કે ન દેખાય. આ સમજણ પાકી કરી રાખવી. મહારાજે કહ્યું કે તમને પૂર્ણકામ બનાવી દીધા. એમાં જો સંકલ્પ થાય પોતાની નબળાઈઓને લીધે તો એ સમજણનો અભાવ કહેવાય. સમજણ એવી દૃઢ કરીએ કે જેથી દુઃખ આવે તો પણ કદીયે આપણને એ દુઃખનો સ્પર્શ થાય નહિ. જુઓને આટલા તાપમાં જોડા પહેર્યા વગર પેલા મજૂરો દોડ્યા જતા હોય છે. શા માટે? એની ચામડી જાડી થઈ ગઈ છે. તો એવી સમજણરૂપ બની જવું, એવી જાડી ચામડી બનાવી દેવી. એવી સમજણ બનાવી દેવી કે જેથી કોઈ જાતની તકલીફને લીધે હર્ષ કે શોક થાય નહિ. આનંદ એક મૂર્તિનો જ.

આ બધી સમૃદ્ધિ કોની છે? મહારાજની. અનંત વિશ્વ એ સમૃદ્ધિ છે. અનંત અવતારોના ધામ એ ભગવાન

સ્વામિનારાયણની સમૃદ્ધિ છે. એ સમૃદ્ધિ શા માટે રચી? એમને ઓળખવાને માટે. ભગવાન કહે છે કે તમને મેં જે કંઈ સમૃદ્ધિ આપી તે સર્વે મારી છે તે મને પામવા માટે તમને આપેલી છે. તેના માલિક આપણે ન બનીએ. તે સમૃદ્ધિનો ઉપયોગ કરી અને મહારાજની મૂર્તિનો અનુભવ કરી અને તે સમૃદ્ધિનો ઉપયોગ બીજા મુક્તો કરે તેવું કરવું. અને તે ઉપયોગ કરીને તે ય મહારાજની મૂર્તિરૂપ બની જાય. આમ સમૃદ્ધિ એ આપણને ભગવાન તરફ લઈ જવા માટે છે. એમાં અહમ્‌પણું કે મારાપણું આવવું જોઇએ નહિ. જો એ આપણી હોય તો મૃત્યુ પછી આપણી સાથે એ આવવી જોઈએ કે નહિ? એ આપણી સાથે આવતી જ નથી એ પણ સમજવું.

અને મનુષ્યદેહ ધારણ કર્યો હોય એવા કોઈ મનુષ્યનો દેહ પડ્યા વગર રહે ખરો? મહાન સંતોને દેહ જેવું છે જ નહિ, છતાં પણ અવરભાવની કળા પ્રમાણે દેહનો ત્યાગ કરે છે. દેહ તો પડવાનો જ છે. ગમે એવું સુંદર શરીર હોય, પણ જ્યારે સમય થાય ત્યારે એ દેહ પડી જાય એવો રોગે ય થાય એવું બને. એ રોગ કોને? દેહને. ચૈતન્યને કોઈ રોગનો સ્પર્શ થતો નથી.

એક જ વાત બાપાએ શીખવી છે કે મૂર્તિ સિવાય બધે રોગી વાની ઊડે! ભલે ઊડે. બધેય રોગી વાની છે તે પણ આપણે છોડીએ ને તેને છોડવા માટે આપણે લડત આપીએ તે દ્વારા આપણે ભગવાનમય બનીએ છીએ, પાત્ર બનીએ છીએ. ત્યારે ભગવાને એ બધું જ આપણને પાત્ર કરવા માટે જ મૂક્યું છે. આપણા ભલા માટે જ છે બધું.

આપણા શત્રુઓ પણ આપણું ભલું કરે છે. એ અંત:શત્રુઓ દૂર થાય પછી આપણે બળવાન બની જઈએ છીએ. એ અંત:શત્રુને હરાવીએ ત્યારે આપણામાં બળ આવે. એ બળ ક્યાંથી મળે? મહારાજની મૂર્તિ અને સંતો પાસેથી. એ બળ મેળવીએ એટલે એ અંતરશત્રુઓને એમ લાગે કે હવે આપણે અહીં રહી નહિ શકીએ એવો આ બળવાન બન્યો છે. એટલે એ અંતરશત્રુઓ આપણને છોડી જશે. ત્યારે હંમેશાં યાદ રાખીએ કે જે કંઈ છે તે આપણા ભલા માટે જ છે અને એ બધા ભગવાનના સેવકો છે.

## સારાંશ

બ્રહ્માંડો કરતાં માનવ દેહમાં રહેલો ચૈતન્ય વધુ શક્તિશાળી છે.

કોઈનો અવગુણ આવે તેવા અવગુણ એટલે દોષો હોય તો તે અવગુણનું ફક્ત જાણપણું રાખવું, પરંતુ તે વ્યક્તિને તેની જાણ થવી ન જોઈએ. એને નુકસાન ન થવું જોઈએ. એનું ભલું થાય તેમ જ કરવું તો ભગવાન રાજી થાય. જીવને પાત્ર કરવા માટે નિ:સ્વાર્થભાવે ભગવાનને પ્રાર્થના કરવી.

અનુવૃત્તિમાં રહી સેવા કરવી અને મોટાના કહ્યા પ્રમાણે વર્તન કરવું તો મોટા રાજી થાય.

ચૈતન્યને દિવ્ય સાકાર બનાવીએ ત્યારે દેહભાવ જાય. મહારાજે આપણને નખ-શિખા સળંગ મૂર્તિમાં રાખ્યો તે કેવળ એમની કૃપા. ઓળખ્યા પછી સંપૂર્ણ નિર્ભય થઈ જવું. સમજણ એવી દૃઢ કરવી કે ગમે-તેવા

સંજોગોમાં પણ એ ડગે નહિ.

સમૃદ્ધિમાં પોતાપણાનો ભાવ કે અહંકાર આવવો જોઈએ નહિ.

અંતઃશત્રુઓ તો ભગવાને આપણા માટે સેવક રાખ્યા છે કે જેથી આપણે પાત્ર થઈ તેમને પ્રાપ્ત કરીએ.

## ૧૯

શ્રીકૃષ્ણ ભગવાને તુલસીદાસજીને દર્શન આપ્યા ત્યારે તુલસીદાસજી કહે, “મારા વાણી-વર્તન તો રામને અર્પણ થઈ ગયા છે.” તો ભગવાન કૃષ્ણને કહે, “ધનુષબાણ હાથમાં લઈને રામ બનો પછી મસ્તક નમાવીશ.” એ રામ કરતાં શ્રીકૃષ્ણનો અવતાર મોટો હતો, એટલે તેઓ એ સ્વરૂપ ધારણ કરી શક્યા. પછી એમણે મસ્તક નમાવ્યું. તુલસીદાસજીને મન એક જ રામ સર્વસ્વ હતા. તો આ તો વાસ્તવિક વસ્તુ છે કે બધી ભૂમિકાથી આગળ ઉપર સ્વામિનારાયણ છે જ. એનો ભક્ત જ્યાં-ત્યાં મસ્તક નમાવતો ફરે તો કેવું કહેવાય? એ વિચારો. આ હકીકત છે. અરવિંદ (ઘોષ), રમણ મહર્ષિ જેવા પોતાના શિષ્યોને એમ કહેતા કે, શ્રીકૃષ્ણ ભગવાનના દર્શન તને થાય, એ ભૂમિકાએ તું પહોંચી જાય, પછી પણ અટકતો નહિ. આગળ જજે. આગળ હજી ઘણું બધું છે. અપારપણું છે. શા માટે કહ્યું છે? એણે અનુભવે કહ્યું. હવે એ બતાવે છે કે એમનાથી આગળ ભૂમિકા છે ખરી. ભગવાન બુદ્ધે પણ કહ્યું કે, નિર્વાણ સ્થિતિને પામ્યા પછી એમણે દૃષ્ટિ કરીને તો બીજું મહાનિર્વાણ દેખાયું. અરે! આ તો નિર્વાણથી પણ કંઈક આગળ છે. આ નિર્વાણ કંઈ છેલ્લું નથી. ભાઈ, મહાનિર્વાણ છે અને એનાથીય આગળ મહાનિર્વાણ છે. અને એમ કહ્યું, “આગળ જાઓ - આગળ જાઓ.” આગળ જઈને ભગવાન સ્વામિનારાયણ પાસે આવીને થશે

કે હવે આગળ નથી જવાનું. આ હકીકત કહું છું.

ભગવાનના અનાદિમુક્ત અને બાપાશ્રી કહે છે બધી ભૂમિકાઓના દર્શન પછી થાય છે. હું પહેલા આકર્ષિત કરું એટલે બધું ભૂલાઈ જાય અને કોઈ ભૂમિકા જોવાની ઇચ્છા ન રહે. પછી જ્યારે એક મહારાજરૂપ થઈ જાય, પોતાનારૂપ પોતે બનાવી દે ત્યારે પોતાની ઇચ્છાથી બધી ભૂમિકાઓના દર્શન કરાવે, ત્યારે એમ લાગે કે ક્યાં મારા ધણી અને ક્યાં આ બધા. બોલો. હવે જો પહેલા એમાંથી પસાર કરેને તો ત્યાં જ બેસી જાય. એટલે મહારાજને મુક્તોએ કહ્યું, "કે કોઈ તમારા ધામમાં કેમ નથી આવી શકતું? કેમ આટલા થોડા જ આવે છે ને બાકી ક્યાં રહી ગયા?" અટવાઈ ગયા વચમાં. વચમાં પ્રલોભન થઈ ગયું તો ત્યાં રહી ગયા. આવશે ફરી પાછા. પણ એમાં ઘણો સમય જતો રહે. એ કરતાં સહિસલામત બાબત આ કે, તુલસીદાસજીને જેવી રામમાં હતી એવી સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન વિશે આવી સ્થિતિ કરવી. એમાં રંચ માત્ર ફેરફાર ન થવો જોઈએ. કોઈ પણ સંજોગોમાં. આભ તૂટી પડે કે ગમે તે થાય તો પણ ન થવો જોઈએ. ત્યારે આ કીર્તનમાં છે ને, 'હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જો ને. પ્રથમ પહેલું મસ્તક મૂકી વળતાં લેવું નામ.' ભગવાનને સર્વોપરી માન્યા પછી સંજોગો પલટે. ભગવાન પોતે સંજોગોનું સર્જન કરે છે. ભક્ત કેટલામાં છે એ જોવા માટે. એ વખતે એવું દુઃખ મૂકે કે એમ જ થાય કે આ રહેવાશે નહિ. અને કોઈક એમ કહે કે આ (વ્યક્તિ) દુઃખ કાઢે છે તો એમ થાય કે હું પણ ત્યાં

જાઉં. આ દુઃખને કાઢતો હોય તો હું પણ એની પાસે જાઉં. એ વખતે આ નિર્વિકલ્પ નિશ્ચય રહેતો નથી. ત્યારે કોઈ પણ સંજોગોમાં કદી પણ ભગવાન સ્વામિનારાયણ સિવાય કોઈના વિશે એક લેશમાત્ર કર્તાપણું રાખવું નહિ. તો જ ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થાય, નહિ તો કેવી રીતે થાય?

બીજી એક વાત કે જો તમે બધા આખી દિવ્ય સભા સંમત થતી હોય તો ચોમાસાના ચાર માસ આપણે આ દિવ્ય સભા બંધ રાખીએ તો? એ ચાર ચતુર્માસ પૂરતું વચનામૃત ખૂબ વાંચવું તો પારાયણ થઈ જાય. ચોમાસાના ચાર મહિનામાં અષાઢ સુદી એકાદશીને દિવસે નિયમ લેવા. મહારાજે નિયમ લખ્યા છે એમાંથી એકાદ લેવું. નિયમમાં પ્રતિલોમ ધ્યાનનું નિયમ પણ લેવું. એ તો કાયમ લેવું. એ નિયમ કાયમ રાખે અને છોડે જ નહિ તો આપણને આપણો દેહ દેખાતો જ બંધ થઈ જાય. ત્યારે ચતુર્માસમાં આ દિવ્ય સભા સાથે રાખવી અને અંતર્વૃત્તિ કરવી. વરસાદના દિવસોમાં ઘરે ધ્યાન કરીએ તો વાંધો ખરો? આપણે ઘરે બેસીને પ્રસન્નતાના સાધન કરી અને મૂર્તિમાં જોડાવાનું. મુખ્ય મુદ્દો તો મૂર્તિમાં જોડાવાનો જ છે ને. મૂર્તિ સિવાય ક્યાંઈ પ્રતીતિ ન આવવી જોઈએ. તો એ સ્થિરતા કહેવાય.

બાહ્યવૃત્તિ અને અંતર્વૃત્તિ બેય દુશ્મન છે. અંતર્વૃત્તિ સામે બાહ્યવૃત્તિ માયા છે. અત્યાર સુધી આપણે જન્મો-જન્મથી બાહ્યવૃત્તિ કરતા આવ્યા છીએ. એટલે જલદી અંતર્વૃત્તિ થવા નથી દેતી. એની સામે અંતર્વૃત્તિ બળવાન છે હોં. બાહ્યવૃત્તિ એ ઘણા બધા વખતથી કંઈક બળવાનપણું દેખાડે છે, પણ અંતર્વૃત્તિ એ સર્વોપરી બળ

છે. એટલે કોઈ વાર બાહ્યવૃત્તિને હટાવી નાંખે છે. તો એ બાહ્યવૃત્તિને હટાવી નાખવાની. કામ-કાજ બધું કરવાનું. મહારાજ ક્યાં કહે છે કે કામ ન કરો. બધું કરો. બધા પ્રત્યે ફરજ બજાવવાની. પણ પ્રતિલોમ ધ્યાનથી. મહારાજ કહે છે એવા ધ્યાનની સ્થિતિ થઈ એટલે બધું પતી ગયું. મહારાજ બધું જ કરે. અને પછી એવી સ્થિતિ થાય કે દોષો ક્યાં આવવાના? ઊભા રહે ખરા? જાય ભાયગા. માટે ચાર માસ આપણે આવું કરીએ તો? બધા રાજી હો તો આપણે નક્કી કરીએ કે નવેમ્બરની ૨૯ તારીખે મળવું. આ સભામાં આવવું. આવી દિવ્ય સભા ભેગી રાખવી. જુઓ તો ખરા ચાર મહિના કેવી મજા આવે છે! મૂર્તિમાં, ધ્યાનમાં જોડાઈ જવાનું તો જ થાય ને ભાઈ! બ્રાહ્મમુહૂર્તમાં ધ્યાન કરવું. ઘણી વાર ચાર વાગે ઊઠી ગયા હોઈએ ને કેટલીક વાર ત્રણ વાગે ઊઠીએ ત્યારે પછી વિચારમાં ન પડવું. ત્રણ વાગે ઊઠીને અર્ધો કલાક કે કલાક ધ્યાન કરવું પછી નિદ્રા કરવી. ત્રણ વાગે ઊઠીને ધ્યાન કરવું. પછી નિદ્રા ન આવે તો પડી મૂકવી. પણ એક વાર ઊઠી ગયા પછી તરત નિદ્રામાં ન જવું, યોગ નિદ્રામાં જવું. યોગ નિદ્રા એટલે મૂર્તિનું ધ્યાન. મૂર્તિમાં રહીને દેહને ભૂલો એ નિદ્રા. આ રીતે યોગ નિદ્રા કરવી. આપણે મહારાજની મૂર્તિનું ધ્યાન કરી અને સુખિયા રહીએ. હું પણ તમારી સાથે ભજન કરીશ. મને પણ આનંદ આવેને. આ જે દિવ્ય સભા થઈ તો હું જે કહું છું તે બાપાશ્રીના શબ્દો કહું છું. મારા ઘરના શબ્દો નથી કહેતો. મારા શબ્દોનું શું કરવાનું? મહારાજના એ શબ્દોનું

મનન કરું છું. આ દિવ્ય સભામાં મનન થાય એ ઝટ ચોંટી જાય. એટલે આપણને આ બધું દિવ્ય સભામાં મનન થયું. મૂર્તિનું મનન ખૂબ કરીએ તો જુઓ કેવી મજા આવે છે. અંતર્વૃત્તિવાળાને ધ્યાન-ભજનની એ મજા છે. ત્યારે મહારાજને સંભારી મહારાજનું સ્મરણ કરવું. તો બધા સંમત થતા હોય તો જાહેર કરી દઉં. આપણે આ સારીયે સભા મહારાજની મૂર્તિમાં રહેલા મુક્ત છે બરાબર? મુક્તના દર્શન મહારાજથી નોખા ક્યાં છે? આપણા ઘરે મહારાજની દિવ્ય મૂર્તિ છે. જુઓ આપણે રોજ થાળ ધરાવીએ છીએ તે અમથો-અમથો ધરાવીએ છીએ? કહો? મહારાજ જમે છે એ વાત ચોક્કસ છે. જો ન જમતા હોય તો ધરાવવાની ક્યાં જરૂર છે? પરંતુ મહારાજ જમે છે. (થોડું મોડું થાય તો મૂંઝાશો નહિ હોં) એક છોકરો હતો. આ વાત તમને બધાને ખબર છે. એ છોકરાનો બાપ રોજ ભગવાનને થાળ ધરાવે. એને બહારગામ જવાનું થયું. એના છોકરાને કહ્યું, “ભગવાનને જમાડ્યા વિના જમતો નહિ હોં.” છોકરો કહે, “હા, બાપુજી. ભગવાનને જમાડીને જ જમીશ.” બાપા ગયા ગામ. પાછળથી છોકરાની માએ થાળ તૈયાર કરી આપ્યો. થાળ લઈને છોકરો ભગવાનની મૂર્તિ પાસે જઈ ભગવાનને કહે, “ભગવાન જમો.” એના બાપુજી આડો પડદો રાખતા તેથી એણે પણ પડદો રાખ્યો, કે ભગવાન શરમાય છે એટલે પડદો રાખો, તો જમે. પછી ભગવાનને કહે, “ભગવાન, શરમાતા નહિ હોં? ખૂબ સારી રીતે જમજો. કાંઈ જોઈએ તો માંગજો.” એમ પાછો કહે. એને એમ કે ભગવાન

સાક્ષાત્ જ છે. એટલે ફરી પડદામાંથી જુએ ને કહે, "ભગવાન, કાંઈ જોઈએ છીએ?" ભગવાન બોલે નહિ એટલે એને એમ થાય કે ભગવાન જમે છે. પછી જોયું તો થાળ એમનો એમ હતો એટલે કહે, "ભગવાન કેમ ન જમ્યા? મારા બાપા જમાડતા હતા ત્યારે જમતા હતા અને આજે જમ્યા નહિ? ન કેમ જમો?" ભગવાન પ્રતિમાભાવે વર્તતા હતા. એવી રીતે રહેવાનો સંકલ્પ કર્યા પછી એ દૃષ્ટાંત પૂરું પાડવા માટે ભગવાન પ્રતિમારૂપે વર્તે છે, પરંતુ સાક્ષાત્ અંદર બિરાજે છે. પછી એ છોકરાએ વાત લીધી કે તમે ન જમો તો હું ન જમું. એ બે દિવસ સાવ ભૂખ્યો રહ્યો. પછી કંટાળ્યો. પછી લાકડી લીધી આજ તો મારીશ. ન જમો તો સોટીએ-સોટીએ હું ઢીબી નાંખીશ. પછી તો મૂર્તિ હાથમાં બરાબર લીધી. ભગવાનને એમ થયું કે હવે લીલા કરીશું અને મારી મૂર્તિને મારે તો એને અપરાધ થઈ જાય. અને આ છોકરાને તો કાંઈ ખબર નથી. એટલે મહારાજ કહે, "એલા છોકરા જમું છું તું લાકડી હેઠી મૂકી દે." છોકરો કહે, "લો ત્યારે સારું હોં ભગવાન લાકડી હેઠી મૂકી. જમો." જેમ બાપ છે એ દીકરાને જમાડ્યા વગર જમે? ત્યારે મહારાજ કહે, "તું પણ મારી પડખે બેસ." એને પણ થાળીમાં ભગવાને બધું આપ્યું. અને કહે, "જમ તું." છોકરો કહે, "ભગવાન, તમે જમો મારા બાપાએ કહ્યું છે કે, ભગવાનને જમાડીને જમજે." મહારાજ કહે, "ભલે લે હું જમું છું હવે તું પણ જમ." બંને જમ્યા. પછી છોકરાનો બાપ આવ્યો એટલે બંધ થઈ ગયું. પછી છોકરો

કહે, "બાપા, ભગવાન તો મને પણ જમાડતા હતા. તમને જમાડતા હતા?" બાપા કહે, "ના ભાઈ, મને તો કોઈ દિવસ જમાડતા નહોતા." છોકરો કહે, "તમે એમને જમાડતા ત્યારે તમારું નહોતા જમતા?" બાપા કહે, "મારી સાથે જમતા નથી. તારી ભેગા જમતા હતા?" છોકરો કહે, "અત્યાર સુધી જમતા હતા. આજે જ જમતા બંધ થઈ ગયા."

ભગવાન કહે છે કે, એમ ન સમજો કે આ ચિત્રામણ છે. હું સાક્ષાત્ પુરુષોત્તમ મહારાજ બિરાજું છું. એમ પ્રતિમાભાવ ધારી વર્તું છું. જો એમ ન વર્તું તો મારું સુખ લોકો ભૂલી જાય. ભૂલવા માંડે તો પાત્રતા વગર ક્યાંય પાર ન આવે. તો ભગવાન એમ પુરવાર કરે છે કે, આ મૂર્તિમાં હું નિરંતર છું. એ પ્રત્યક્ષ ભાવ લાવવો. એટલે આગળ વધો એમ વધતા-વધતા-વધતા મારી મૂર્તિના સુખમાં આવશો. એટલો દાખડો કરવો. બાપા કહે છે કે, દાખડો કરીને મેળવ્યું હોય તો એ કાયમ ટકે. ઈશ્વરચરણદાસજી સ્વામી કહે, "બાપા, કંસારો ટીપી-ટીપીને પાત્ર કરે છે. તમે ટીપી-ટીપીને પાત્ર કરો." બાપા કહે, "અમે તો ટીપી-ટીપીને પાત્ર કરીએ તો પણ દુઃખ નથી આપતા. કંસારો તો ટીપે ખરો પણ ઘા મારે છે. અમારે એવા ટીપી-ટીપીને નથી કરવા. પરંતુ અમારે તો તમને સુખમય દૃષ્ટિથી પાત્ર કરી મૂકવા છે." એટલે બાપા કહે, "એટલે ટીપવાનો અર્થ એ છે કે થોડો ઘણો દાખડો કરવો પડશે." એ દાખડો કરે એટલે ભગવાન તરત સુખનો અનુભવ કરાવી દે છે. માટે દાખડો તો

કરવો જોઈએ. નહિતર અમે ભગવાન ન્યાયી કેવી રીતે કહેવાઈએ? એવું ન ચાલે. સુખમાં રાખી દીધા. હવે તમારે જન્મ નહિ લેવો પડે. અત્યારથી જ દિવ્ય દૃષ્ટિ થઈ જાય. શ્રદ્ધા રાખવી, વિશ્વાસ રાખવો. એમાં ફેરફાર ન કરવો. હું શ્રદ્ધાનો અર્થ સમજાવું. શ્રદ્ધા તૂટી જાય છે હોં! એમ થાય તો ભગવાન સાથેનો સંબંધ તૂટી જાય. જેમ એક નદી ઉપર પૂલ બાંધ્યો હોય, નદી જોરથી વહી જતી હોય, એ પૂલ ઉપર ગાડી - બસ જે કાંઈ જતું હોય ને પૂલ તૂટી જાય તો સામે દિશાએ પહોંચે ખરો? શી રીતે પહોંચે? ન પહોંચે. એમ શ્રદ્ધામાં લગારેય ફેર ન પાડવો. ગમે તેવા સંજોગો આવશે. મહારાજે કહ્યું, સત્સંગ લૌકિક લાભ થાય છે એટલા ખાતર ન કરવો, પરંતુ મહારાજનું સુખ મળે એ ખાતર કરવો. સૃષ્ટિની રચના છે તો એ પ્રમાણે થયા જ કરે.

ભગવાન કોઈક વાર ન કરે તો એમ થાય કે ન કર્યું. ભગવાન કહે, એ તો મારા નિયમ મુજબ બધું થયા કરે. હું તને સુખમાં લઈ જાઉં એ થોડી વાત છે? અનેક જન્મો માફ કરીને મારી મૂર્તિના સુખમાં રાખું એની તારે ગણતરી જ નહિ? અને મારી પાસે કામ જ કરાવ્યા કરવાનું અને ન કરું તો શ્રદ્ધા તોડી નાંખવી? ભગવાન ન કરે ત્યારે મૂકો પડ્યા ભગવાનને. કંઈ કામના નથી હેરાન કરીને મારી નાંખશે આવું બોલે. શ્રદ્ધા જો તૂટી જાય તો ભગવાન સાથેનો સંબંધ જેમ આ પૂલ તૂટી જાય તેવું થાય. શ્રદ્ધા તો ડગવા જ ન દેવી. એવી શ્રદ્ધા રાખવી કે બાપાશ્રી કહે છે ને કે પૃથ્વી ચળે, તારા ચળે, પરંતુ શ્રદ્ધા

ચળવી જોઈએ નહિ. તો મહારાજની મૂર્તિ સિદ્ધ થાય. મહારાજ એવા રાજી થાય કે તું ખરો. તારી શ્રદ્ધાને પણ ધન્ય છે. ઊલટું ભગવાન એને ધન્યવાદ આપે. ત્યારે આપણે એવા થઈ ભગવાન ભજવા, મહારાજની મૂર્તિ સંભારવી. ડરવું નહિ. જ્યોતિષીઓ પાસે જવું નહિ. ભૂવા પાસે ન જવું, દેવ-દેવલા પાસે ન જવું. ક્યાંય જવાની જરૂર નથી. શું જવાની જરૂર છે? કશું ના વળે. ઊલટા જન્મ વધી પડે. તો પેલા ભૂવા ભેગા આપણે પણ ભૂવા થઈ જઈએ. જેમ જડભરત ભગવાનના પુત્ર બહુ જ્ઞાની હતા. છતાં પેલી મૃગલીમાં આસક્તિ થઈ ગઈ. તેમનો સ્વભાવ બહુ દયાળુ હતો. અતિ દયાળુ, તો મૃગલીમાં બંધાઈ ગયા. એટલે ભગવાને જનમ આપ્યો. એ જનમ કેવો આપ્યો ખબર છે? જડભરતનો. ભરતજી નહિ, જડભરત ભમ્યા જ કરે, બધું ભૂલી ગયા. ભગવાને એ શિક્ષા કરી. પછી મૃગલી તો શું? મૃગલી કે ગમે તે આવે તો પણ ભગવાન સિવાય ક્યાંય બંધાય નહિ. પછી જડભરતજીની શિક્ષા પૂરી થઈ એટલે ભગવાનના સુખમાં પહોંચી ગયા. માટે ભગવાન સિવાય ક્યાંય આસક્તિ ન રાખવી. શ્રદ્ધા ડગવા દેવી નહિ.

ભગવાન સર્વોપરી છે, કર્તા-હર્તા છે એમાં ફેર નથી એ ધ્યાન રાખવાનું. ક્યાંય ભગવાન સિવાય વૃત્તિ રાખવી નહિ. ભગવાન સિવાય કોઈ કર્તા નથી. ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. મહારાજે કહ્યું મારું સુખ આવી જાય હોં! મહારાજ કહે, મારો માર્ગ જો લેવા માંડે તો હું ય ખરો છું કે તરત કસોટી મૂકું. કસોટીમાંથી પાર ઊતરી જાય તો

પહોંચી ગયો. ભગવાનનું એ અંગ જ છે. કે મારા માર્ગે આવે ત્યારે કસોટી થાય. 'હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ.' કાયર થઈને મને મૂકીને ભાગી જાય તો? આપણે ભક્તિ કરીએ એટલે ભગવાન કસોટી કરે. ન પણ કરે, કરે જ એવું નથી. પણ એમનું આ એવું અંગ છે. કસોટી કરે ત્યારે પાર ઊતરી જવું. બીજું શું થવાનું હતું કહો? આ દેહ પડી જાય. એથી કોઈ મોટી સજા છે? ભલે પડી જાય. પડવા દેવાનો, પણ ડગવાનું નહિ. શ્રદ્ધા રાખવી તો ભગવાન સુખિયા કરી નાંખે આ લોકમાં પણ સુખિયા કરી મૂકે.

આ વાત એવી સાદી છે. એમાં કહે છે ને સ્વામિનારાયણનો માર્ગ સાવ સરળ છતાં પૂર્ણ છે. આવું હોય કોઈ દિવસ? સાદો-સરળ, સાવ સરળ છતાં પૂર્ણ માર્ગ? થઈ રહ્યું! ધામમાં લઈ જઈશું એમ કોઈ કહેનારો નીકળે છે બીજો? એ તો એવું પુરુષોત્તમ નારાયણ જ કહી શકે. એમના અનાદિમુક્તમાં રહી પોતે કહી શકે. આ વખતે ભગવાને આપણને ખૂબ માનદ્ (પદવી) આપી છે. એ માનદ્ આપણને કેટલા પુણ્ય-સુકૃત કર્યાં હશે, કેટલાં સંતોના આશીર્વાદ મેળવ્યા હશે, ત્યારે આપણને ભગવાન સ્વામિનારાયણ ઓળખાયા. એક દરબાર હતા. (લોકો એમ કહેતા) એલા કે શું છે? તો કહે સ્વામિનારાયણ. ભગવાન કોણ? સ્વામિનારાયણ. લે સ્વામિનારાયણ જોઈએ છીએ? મહારાજના સંતો એમ જ કહેતા હતા ને? લે સ્વામિનારાયણ, પરંતુ લે નહિ એવા જીવ હતા. લાડવા આપે તો ન લે પણ સૂકા રોટલા, છાશ, ગોળ આપે એટલે લે. ભિક્ષા માંગવા જાય ત્યારે દૂધપાક પૂરી,

માલપૂવા આપે તો કહે અમારે નથી જોઈતા આવા જીવ હતા. એ જીવને આપણે માફ કરવાના. સેવા કરવાની. એ સેવા કરીએ તો બાપા કહે, “એક જીવને ઉગારે તો એક બ્રહ્માંડ ઉગાર્યાનું ફળ મળે.” ભગવાનની જીવો ઉપર કેટલી દયા છે એમ જુઓ! ગમે-એમ કરીને પાર પાડીને સુખિયા કરવા છે. કેટલા નિઃસ્વાર્થ હતા. તો આપણે પણ એમના જેવા થવું. થોડો સાધારણ દાખડો કરીએ તો મહારાજ રાજી થાય.

## સારાંશ

સર્વોપરી ભગવાન મળ્યા પછી બીજે શ્રદ્ધા ન રાખવી. મહારાજમાં સંપૂર્ણ શ્રદ્ધા અને અડગ નિષ્ઠા રાખવી.

બાહ્યવૃત્તિ અને અંતર્વૃત્તિ દુશ્મન છે, છતાં અંતર્વૃત્તિ કરીએ ત્યારે બાહ્યવૃત્તિ હટી જાય છે.

ચાતુર્માસમાં પ્રતિલોમ ધ્યાનનું નિયમ લીધા પછી એ કાયમ માટેનું બનાવી દેવું. બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને ધ્યાન કરવું. ભગવાન પ્રતિમાસ્વરૂપમાં સાક્ષાત્ બિરાજે છે. તેમાં ચિતરામણનો ભાવ ન લાવવો. અને ભગવાનને પામવાનો દાખડો કર્યા કરવો. શ્રદ્ધા જરા પણ ડગવા દેવી નહિ. ભગવાનનું સુખ મેળવવા સત્સંગ કરવો. ભગવાન સર્વોપરી, સર્વ કર્તા-હર્તા છે એ યાદ રાખવું. ભગવાનનો માર્ગ સાવ સરળ છતાં પૂર્ણ છે.

અનાદિમુક્તમાં રહી ભગવાન પોતે આશીર્વાદ આપે છે.

## ૨૦

શ્રીજીમહારાજ, બાપાશ્રી તથા સદ્‌ગુરુશ્રીઓ સહિત આ દિવ્ય સભાને કોટી કોટી દંડવત્ સહિત પ્રણામ કરું છું. આજની સભામાં મહારાજે બહુ સારી વાતો બધાય દ્વારા કરી. મહારાજને વાતો આવડે એવી કોને આવડે? દિવ્ય સભામાં જે વાત થાય એવી બીજે કરતાં ન આવડે. અહીં બોલનારા મહારાજ થાય. આ બધી વાતોમાંથી છૂટા છવાયા થોડા પ્રસંગો કહું ટૂંકમાં.

એક ભક્તે મહારાજને સંભાર્યા કે "હે મહારાજ, સ્વામિનારાયણ!" તો મહારાજ કહે, "શું કામ છે?" "મહારાજ, મેં તમને નથી બોલાવ્યા, મેં તો તમને સંભાર્યા." ત્યારે મહારાજ કહે, "મારો એવો સ્વભાવ છે કે મને સંભારે એટલે હું તરત આવું." એમ શ્રીજીમહારાજ એવા હતા. તો ભગવાનના મુક્તમાં પણ એવા કલ્યાણકારી ગુણ હોય કે આપણે સંભારીએ ને એ તરત આવે.

બીજું કે એક વાર ગોપાળાનંદ સ્વામી સભામાં બેઠા હતા. એમનામાં અનંત કલ્યાણકારી ગુણો શ્રીજીમહારાજના હતા. એમાં કોઈએ પ્રભાવિત થઈને ખૂબ પ્રશંસા કરી. એ પ્રશંસા કરતા હતા ત્યારે સ્વામી મરક મરક હસતા હતા. પછી એક વિદ્વાન સ્વામી સામું જોતા હતા. કારણ કે મહારાજની સભામાં તો બધાય આવતા. પછી એમને સંકલ્પ થયો કે આ સાધુને પ્રશંસા કેવી ગમે

છે! જુઓ મરક મરક હસે છે. એમ મનમાં વિચારે. એને એમ કે એનું ભાષણ પૂરું થાય ને પછી હું કહું. પછી પહેલા સાધુએ ગુણગાન ખૂબ કર્યા. ત્યાર પછી કોઈક મહંત સંત હતા એણે કહ્યું કે "સ્વામી, તમે મરક મરક કેમ હસતા હતા?" પેલાએ કહેવાને બદલે આ સંતે જ કહી દીધું કે તમારી પ્રશંસા કરતા હતા ત્યારે તમે મરક મરક કેમ હસતા હતા? તો પછી એ સાંભળીને પેલા વિદ્વાન સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીએ એનો ઉત્તર કર્યો કે "બધા કલ્યાણકારી ગુણોનું જે વર્ણન કર્યું એ તો શ્રીજીમહારાજના હતા. એટલે મને ખૂબ આનંદ થતો હતો. એ શ્રીજીમહારાજના ગુણોની પ્રશંસા સાંભળી મને બહુ જ આનંદ આવતો હતો. એટલે હું હસતો હતો. મહારાજના એમણે જે કલ્યાણકારી ગુણો દેખાડ્યા એ મારા ક્યાં હતા? એ તો પૂર્ણ પુરુષોત્તમ ભગવાનના હતા. એમના ગુણગાન કર્યા છે, પણ મારા ગુણગાન તો કર્યા જ નહિ." પછી કહે, "મારામાં ગુણગાન કરવા જેવું છે શું? તો તે બિચારા મારા ગુણગાન કરે!" ત્યારે પેલા સંત કહે, "સ્વામી, તમારા ગુણગાન કરવા જેવું તમારામાં કાંઈ પણ ન લાગ્યું?" તો કહે, "હા, એક વસ્તુ લાગી." તો કહે, "શું લાગી?" કહે, "બધાયની સેવા કરી. બધાયમાં દિવ્યભાવ રાખી અને મહારાજની પ્રસન્નતા મેળવી. એ પ્રસન્નતા એ મારી. કંઈ પણ ગુણગાન કરવા જેવું હોય તો એ છે પ્રસન્નતા. મહારાજની પ્રસન્નતા મેળવી તો મહારાજ રાજી થયા. તો એમના ગુણો આ ચૈતન્યમાં આવ્યા. અને એ ગુણો પ્રકાશ્યા. એના આ બધાય ગુણગાન ગાય તો

મને કેટલો આનંદ થાય? એ ગુણગાન શ્રીજીમહારાજના હતા. હું તો માત્ર નિમિત્ત બન્યો. એટલે મને હસવું આવી ગયું ભાઈ!"

એટલે આપણે મહારાજની પ્રસન્નતા મેળવીએ એવું કરીએ એ આપણું કહેવાય. મહારાજની પ્રસન્નતા મળે એટલે દિવ્ય સુખની પ્રાપ્તિ થાય. ત્યારે, આપણામાં કલ્યાણકારી ગુણો શ્રીજીમહારાજના છે. અને એ કલ્યાણકારી ગુણોના દર્શન થાય એ તો સ્વાભાવિક છે. એ તો બધું ભગવાનનું છે. આપણી તો એક જ વસ્તુ કે શ્રીજીમહારાજની પ્રસન્નતા. એ જો આપણે મેળવી શકીએ તો. આપણામાં કાંઈ પણ વખાણવા જેવું હોય તો તે એક પ્રસન્નતા છે. આ પ્રસન્નતા ક્યારે આવે? તો મહારાજ રાજી થાય એમ કરીએ તો. મહારાજને ન ગમે એવું ન કરવું, ગમે એવું કરવું. પણ પછી મહારાજને ગમ્યું ન ગમ્યું તે શી રીતે ખબર પડે? તો આપણને એમ આપણા અંદર પડદે ગમે કે નહિ એ ખબર પડે જ. હું આ કરું છું તે મહારાજ આનાથી રાજી થશે કે નહિ? ન રાજી થાય એવું કરીએ તો ય ખબર પડે છે. છતાંય થઈ જાય છે. ન ગમે એવું થઈ જાય છે, સ્વભાવને લીધે.

એક વાર એક જણ મહાનુભાવાનંદ સ્વામી પાસે આવ્યો. તે કહે, "સ્વામી, મને તમે કંઠી પહેરાવો." એટલે સ્વામી કહે, "હું તને કંઠી નહિ પહેરાવું." તો કહે, "સ્વામી, શો અપરાધ થયો? એવું મેં શું કર્યું કે તમે મને કંઠી પહેરાવવાની ના પાડો છો?" પછી સ્વામી કહે, "હું એટલા માટે ના પાડું છું કે આ કંઠી તું પહેરે પછી એ

કંઠી પાછળનો હેતુ તું ન જાળવે તો? તો મને ય અપરાધ લાગે. એની શી ખાતરી કે હું તને કંઠી બાંધું તો કંઠી પાછળનો હેતુ તું બરોબર જાળવીશ." પછી તો એ ય વિચારમાં પડ્યો. થોડી વાર તો ન ખબર પડી. પછી કહે, "સ્વામી, તમે કંઠી પહેરવાનો હેતુ કહો ને જો હું જાળવી શકીશ તો હું તેમ કરીશ." પછી સ્વામી કહે, "તું નહિ જાળવી શકે." તો તે કહે, "હું શું કરું?" સ્વામી અંતર્યામી હતા એટલે સ્વામીએ કહ્યું, "તું નહિ જાળવી શકે. એટલે મારે તને કંઠી પહેરાવવી નથી." તો પછી તે કહે, "સ્વામી, મારું સારું કેવી રીતે થાય? તમે કહો તેમ ન પાળું તો કંઠી નો પહેરાવતા. મારું સારું જ નહિ થાય?"

પછી સ્વામી કહે, "તું એમ કર, બાર મહિના પછી તું આવજે. પછી હું કંઠી પહેરાવીશ." તે કહે, "હવે બાર મહિના સુધી મારે શું કરવું?" તો સ્વામી કહે, "તારે બાર મહિના સુધી હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં, સ્વામિનારાયણ-સ્વામિનારાયણ કરવાનું અને એ વખતે મહારાજની મૂર્તિ જેવી સાંભરે એવી સંભારવી. બાર મહિના પછી તું આવજે અને પછી હું તને કંઠી પહેરાવીશ. ત્યાં સુધી નહિ પહેરાવું." પછી એવું ભજન એણે શરૂ કર્યું. મનમાં સ્વામિનારાયણ-સ્વામિનારાયણ ભજન કરે, મહારાજની મૂર્તિ સંભારે, બધું જ કરે. પણ પછી એને થયું કે રોજ (ભગવાન) સંભારું છું આખો દહાડો, પણ એથી મને શું થવાનું? એ અભ્યાસનો એને આનંદ ન આવે. ભલે ન આવે, પણ સ્વામીએ કીધું એટલે

હવે મૂકાય કેવી રીતે? ભલે કષ્ટ પડે ભગવાન સંભારવામાં. કષ્ટ પડે તો ય પણ એણે ચાલુ રાખ્યું. એ છોકરો એકદમ ઊંચો ને ગોરો હતો એટલે કહે કોઈ વાંધો નહિ, કષ્ટ પડે કે ન પડે. સ્વામીએ કહ્યું હતું કે તારે ભગવાનની મૂર્તિ ધારવી. પછી કોઈ વાર યાદ આવે, કોઈ વાર ન આવે. કામ કરતાં કરતાં યાદ કર્યા કરે. કામમાં પરોવાય તો ભૂલી પણ જાય. પાછું યાદ આવે એટલે ભજન ચાલુ કરી દે. એમ પ્રયત્ન કરતાં કરતાં બાર મહિના સુધી એણે એમ કર્યા કર્યું. તો એ સાવ શુષ્ક જેવો થઈ ગયો બરોબર? પછી એને એમ થયું કે હવે બાર મહિના પૂરા થવાને થોડા દિવસ છે, તો સ્વામી પાસે જઈને કહું કે મારું વર્ષ પૂરું થયું સ્વામી.

પછી થોડા દિવસ બાકી રહ્યા તો મહારાજની પ્રસન્નતા ઊતરી. પ્રસન્નતા ઊતરી એટલે સવારમાં મહારાજને સંભારતાં ઊઠ્યો ને મહારાજને સંભાર્યા. કારણ કે ટેવ પડી ગયેલી. સ્વામીનું વચન સાંભરે એટલે તુરત સંભારવા માંડે. હાલતાં-ચાલતાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરવા માંડે. સવારમાં ઊઠીને એણે મહારાજને સંભાર્યા. મહારાજને સંભાર્યા એટલે મહારાજની મૂર્તિ એક કલાક સુધી એને દેખાઈ. એ સ્વરૂપ દેખાયું એ ભેગો જ એને આનંદ આનંદ થઈ ગયો. એને રસ પડવા માંડ્યો. મહારાજનું નામ બોલે એટલે આત્મામાં આનંદ થવા લાગ્યો. આટલા દિવસ ન થયો, પણ હવે વર્ષ પૂરું થવા આવ્યું એટલે ખૂબ આનંદ આવે છે. મહારાજની મૂર્તિનું સ્મરણ કરું એટલે આનંદ આવે છે

એમ એને મનમાં થવા લાગ્યું. પછી એ આનંદમાં ને આનંદમાં સ્વામી પાસે આવ્યો. સ્વામીને કહે, “કંઠી લઈને જ આવ્યો છું. સ્વામી! મારા બાર મહિના પૂરા થઈ ગયા.” સ્વામી કહે, “તેં ભજન કર્યું?” તો કહે, “હા.” તો કહે, “શું કર્યું?”

“સ્વામી, પહેલા તો સારું લાગ્યું. પછી થયું કે આવું કંઈ આખો દહાડો સ્વામિનારાયણ-સ્વામિનારાયણ કરવાનું? પછી એ છોડી દેવાનું મન થતું હતું, પણ તમે બળ આપ્યું એટલે (ભજન) ચાલુ જ રાખ્યું. તો થોડા દિવસથી ખૂબ આનંદ આવે છે. હવે તમે કંઠી પહેરાવો. કંઠી પહેરતાં આનંદ ન આવે તો શું કામનું?” પછી એણે કંઠી ધારણ કરી. જુઓ ત્યારે, ભગવાન અને ભગવાન જેવા સંત આનંદિત થાય. કંઠી ધારણ કરાવી ત્યારે સ્વામી કહે, “મહારાજને ગમે એ જ કરવાનું. મહારાજને ન ગમે એ ન કરવું. એવો જ દૃઢાવ રાખીને કંઠી પહેરવાની, શું કહ્યું? મહારાજને ગમે એ જ કરવાનું. મહારાજને ન ગમે એ ન જ કરવું. પછી ભલે પોતાને બીજી રીતે એ સરખું ન લાગતું હોય! પોતાપણું મૂકી મહારાજને ગમે એ જ કરવાનું બરોબર?” એટલે આ રીતે પેલાને કંઠી પહેરાવતી વખતે મહાનુભાવાનંદ સ્વામીએ કહેલું. પછી તો પંચ વર્તમાનની સમજણ આપી.

(કોઈ મામાને હાર પહેરાવવા જાય છે અને ના પાડ્યા પછી સમજાવતાં કહે છે.)

બે હરિભક્ત આફ્રિકા જતાં પહેલાં બાપા પાસે

આશીર્વાદ લેવા માટે આવ્યા. બાપાને નમન કર્યું, દંડવત્ કર્યા. રાજી થઈને બાપા કહે, "બચ્ચા મહારાજને ન ભૂલશો." બાપાએ હંમેશાં એક વસ્તુ કીધેલી કે, અમે તમને મૂર્તિમાં રાખ્યા, આપણે મૂર્તિમાં ભેળા જ છીએ. મૂર્તિ એટલે ભગવાનનું સ્વરૂપ. જતી વખતે એક જણ કહે, "બાપા, એવા આશીર્વાદ આપો કે હું ભગવાનને ભૂલી ન શકું." બાપા કહે, "સારું, મહારાજ સદાય ભેળા છે. મહારાજ નહિ ભુલાવા દે." બીજાએ પણ એમ જ આશીર્વાદ મેળવેલા હતા. એ કહે, "બાપા તમે કહો છો, તમને મૂર્તિમાં રાખ્યા અને મહારાજ ભેળા છે. તો મહારાજ તો ભેળા જ હોય ને!" પછી બાપા કહે, "એ તો ભેળા જ છે, પરંતુ એનું અખંડ અનુસંધાન રાખવાનું. ઉન્મત નહિ થઈ જવાનું." તો જાણે બાપાને જ્ઞાન કરવા મંડી ગયો, "બાપા, તમે મૂર્તિમાં રાખ્યા છે અને તમે કહો છો મહારાજ ભેળા છે તો હવે ક્યાં કહેવાની જરૂર રહી?" બાપા કહે, "એમ ન બોલાય. ઉન્મત થઈ જવાય. શાણપણ રાખવાનું." પછી થયું એવું કે જેણે બાપાને એમ કહ્યું હતું કે મહારાજ ન ભૂલું એવું કરજો. એના ભેળા મહારાજ-બાપા જ્યાં જાય ત્યાં અખંડ રહેવા મંડ્યા. અને બીજાને થોડો અહંકાર આવી ગયો એટલે એને સુખ જ ન આવ્યું. અને અંતે હેરાન થઈને પાછો આવ્યો. બાપાને કહે, "બાપા, તમે મને સરખા આશીર્વાદ ન આપ્યા." બાપા કહે, "તું ઉન્મત થઈ ગયો એટલે મહારાજે ન આપ્યા." માટે જ્ઞાનનું અજીર્ણપણું ન થવું જોઈએ બરાબર? બાપા કહે મહારાજ ભેળા રહેશે. તો કે ભેળા

નથી અને હવે ભેળા રહેશે એવો અર્થ ન સમજવો. પણ એમ કહેવા માંગે છે કે ભેળા છે ને એ સમક્ષ લાગે એને (સદાય સાથે લાગે એટલા માટે કહે છે) એટલે ઊંધું ન સમજવું.

એક વાર એક હરિભક્ત મને પગે અડ્યા. મેં એ હરિભક્તને પ્રાર્થના કરી કે ભાઈ, તમે મને પગે ન અડશો. પગે અડવાથી શું વિશેષ છે? જે કંઈ છે તે મૂર્તિમાં સત્ત્વ છે. તો તે મને કહે, "મૂર્તિ ને પગ જુદા ક્યાં છે?" મેં કહ્યું, "મૂર્તિ ને પગ જુદા નથી તો પછી બીજા અંગોની અવગણના શું કામ કરવી ને પગની વિશેષતા કરવી? બધા અંગો સરખા ન કહેવાય? મહારાજની આંગળી કરતાં પગનો અંગૂઠો વિશેષ છે એમ નથી. મહારાજના દરેક અંગમાં વિવિધ રીતે દિવ્ય સુખ છે. હંમેશાં જે રહસ્ય હોય એનો અર્થ સમજતાં શીખવું. ઊંધું ન સમજવું. નહિતર કેટલીક વાર ઊંધું સમજે છે. એટલી ખબર ન પડે કે પગ અને મૂર્તિ જુદા નથી. એટલે એમ સમજવાનું. અવરભાવની રીત રાખવી જોઈએ. જો અવરભાવની રીત ન જળવાય તો એમાંથી અસમાસ ઊભો થાય. મને પગે અડો કે ન અડો બધું સરખું છે. પગને અડી જાય તો મને કાંઈ નુકસાન થઈ જવાનું નથી. મને એનો અહંભાવ વધી જવાનો નથી. પણ અવરભાવની રીત ન જળવાય તો એમાંથી અસમાસ થાય. ભગવાનને પડ્યા મૂકીને મુક્તને વળગવા માંડે એવું ય ઊંધું થઈ જાય. કેટલીક વાર ખોટી વસ્તુ ઊભી થઈ જાય બરાબર? અવરભાવની કેટલીક રીતની જે મર્યાદા

છે તે જાળવવી જોઈએ."

એક સંત ચારિત્ર્ય વગરના હતા. ભગવું વસ્ત્ર, પણ ચારિત્ર્યવાન ન હતા. એક હરિભક્ત બહુ જ ભગદીય અને ખૂબ સારા હતા. બધી સમજણવાળા. તે પેલા સંતના પગે અડ્યા. ત્યારે એક હરિભક્તે એને પૂછ્યું કે તમે આ સંત ચારિત્ર્ય વગરના છે એમાં એટલું બધું શું છે કે એના પગે અડીને ચરણસ્પર્શ કર્યો? એમ કરાતા હશે? ત્યારે પેલા હરિભક્ત કહે, "ભાઈ, જો મને ખબર હોત કે એ ચારિત્ર્યહિન છે તો એનો ચરણસ્પર્શ ન કરત." એ ભાઈની જગ્યાએ હું હોત અને મને ખબર હોત છતાં પણ હું ચરણસ્પર્શ કરી નાંખત. મારા ઉપર એવી કૃપા છે કે હું જેને સ્પર્શ કરું એમાં મને શ્રીજીમહારાજ જ દેખાય છે. તો શ્રીજીમહારાજને સ્પર્શ ન કરું? આ છોટાભાઈ બેઠા છે જો એ જગ્યાએ મને મહારાજ દેખાય તો હું તેને દંડવત્ કરું, ચરણસ્પર્શ કરું તો મને કાંઈ નુકસાન? એમ જો આપણને એવું થઈ જાય તો પછી કોઈ સવાલ રહેતો નથી બરાબર? હવે અવરભાવની મર્યાદા હોય તો એનું પાલન કરવું જોઈએ. એ નહિ ભૂલવું જોઈએ. કે જેથી સમાસ થાય.

એક વાર બહેચરભાઈએ મને વાત કરી કે, જગતમાં કોઈએ સ્વામિનારાયણ ભગવાન સિવાય નિરાકાર ચૈતન્યને સાકાર મૂર્તિમાન બનાવવાનો એકે ય દાખલો છે? નિરાકારને સાકાર બનાવવાનો. તો આપણો જીવ ચૈતન્ય નિરાકાર છે એમાં બે મત નથી. એ ચૈતન્ય ઉપર ભગવાન સ્વામિનારાયણની સીધી કૃપા ઊતરે, ત્યારે એ

નિરાકાર સ્વરૂપ સાકાર દિવ્ય સ્વરૂપ થાય છે. બરાબર શ્રીજીમહારાજ જેવું જ. નખ-શિખાંત બધું એવું. એ રીતનો એ તેજનો આકાર બને છે અને નિયંતાપણું કુદરતી રીતે જ ખબર પડી જાય. એ સ્વરૂપ મને સમજાયું છે. તો ભગવાનરૂપ આત્માનું તેજ એ મહારાજના તેજની પાછળ-પાછળ અંદર વિલીન થઈ જાય છે. અને સ્વરૂપ એક જ. એ સ્વરૂપ જીરવાય એવી રીતે દેખાય તો ખબર ન પડે કે શ્રીજીમહારાજ કોણ? આમાં ભગવાન કોણ? એમ ખબર ન પડે. માટે એ બધી અક્ષરધામની દિવ્ય મૂર્તિઓ એ અનાદિમુક્તની એ શ્રીજીમહારાજના જેવા જ સ્વરૂપ છે, પણ એ સેવક છે. એમાં એટલું બધું દાસપણું છે કે વાત જ મૂકી દો. કારણ કે એ અપારપણું અનુભવે છે.

આપણામાં થોડું દાસપણું ઓછું દેખાય છે. એનું કારણ એ છે કે આપણને એ જોવામાં આવતું નથી. એટલે એવું થઈ જાય છે. એક વાર જોવામાં આવે પછી કોઈ દિવસ દાસપણાનું અનુસંધાન ન રાખવું પડે. એ તો સહેજે દાસપણું રહ્યા જ કરે. એ એની વિશેષતા છે. તો આપણે બાપાના વચનો અદ્ધરથી ઝીલી અને એ પાત્રતા કેળવતા રહેવું. સદાબાએ જો પેલા ભક્તની રક્ષા કરીને બરોબર? ભૂંડો દેશકાળ જોઈને એ ભક્તની મદદ કરી. ભૂંડો દેશકાળ છોડીને જવાનું કોને કહ્યું? જેને પરિપક્વ નિશ્ચય ન હોય એને છોડવાનું કહ્યું. પરિપક્વ નિશ્ચય હોય એને છોડવાની કાંઈ જરૂર નથી. એને દેશકાળ ગમે-તેવો હોય, પણ મહારાજ ભેળા હોય તો ભૂંડો દેશકાળ એને કાંઈ કરી શકે નહિ. છતાં એવું બળ ન રહે અને એ

ભૂંડા દેશકાળથી પોતાને ભગવાન ભજવામાં કોઈ ક્ષતિ આવી જાય, નિર્બળતા આવે તો ભૂંડો દેશકાળ છોડી સારા દેશકાળ હોય એવી જગ્યાએ જરૂર જવું. અને પછી પરિપક્વ સમજણ અને પરિપક્વ પાત્રતા કેળવતા રહેવાની. જેથી ગમે તે થઈ જાય તો પણ એની અસર થાય નહિ. શું બીજી વસ્તુ થઈ જવાની હતી? બહુ-બહુ તો શું થાય કહો? તો આ દેહ પડી જાય એટલું જ ને? અને એ દેહ અમથોય પડવાનો. એની ચિંતા ન કરવી. દેહ જાળવવાની ચિંતા ન કરવી. હા, મહારાજનું દેહ મંદિર છે એમ માની એની માવજત કરવી. એમાં દેહબુદ્ધિ રાખીને ન કરવું બરોબર? એ તો જાળવવું પડે ને? નહિ તો મહારાજ રાજી ન થાય. આપણે અહીં આ જુઓ બધા છોકરાઓએ ભેગા થઈને હૉલ કેવો સરસ રાખ્યો. મહારાજ રાજી થાય એવું કર્યું ને? ત્યારે આપણે મહારાજનું દિવ્ય સ્થાન સમજીને મંદિર જેવું બનાવવું. આપણા ચૈતન્યને ભગવાન બિરાજે એવો મંદિર જેવો બનાવી દેવાનો.

હવે દેહમંદિર બીજાના કલ્યાણ કરવામાં ઉપયોગી ખરું કે નહિ? આ દેહ અદૃશ્ય થઈ જાય એટલે મહારાજના મુક્ત કેવી રીતે વાત કરે કહો? પછી દિવ્ય સ્વરૂપમાં એકે ય અવયવ કે શક્તિ ત્યાં પહોંચતી નથી. તો અદૃશ્ય થઈ ગયા પછી ગતિ ન હોય તો શું કરો તમે? એ વાત કેવી રીતે સાંભળો? ગોપાળાનંદ સ્વામી હતા ત્યારે વાત કરે, બે જણ ભેટે એ તો બધું ન થાય ને? એ ક્યારે થાય? કે જ્યારે એ સ્થિતિ થઈ જાય ત્યાર પછી વાત છોડી મૂકો. મનુષ્યરૂપમાં ભેટતા એના કરતાં

ઔર આલિંગન થાય બરોબર? એ તો વાત જ મૂકી દો. જ્યાં સુધી ભગવાનના મુક્ત હોય, ત્યાં સુધી આપણને લાભ લેવાનું કહ્યું. બાપા બિરાજતા હતા ત્યારે બધાએ લાભ લીધો. મોટા-મોટા એ જોગમાં રહી સુખિયા થઈ ગયા. એમ આપણે પણ એ સદ્‌ગુરુઓ, એ બાપાને યાદ કરી એમના વચનોનું સ્મરણ કરતા રહેવું. જેથી આપણામાં બળ આવે. ભગવાનની મૂર્તિ સાંભરે અને સ્વપ્ન અવસ્થા ટળી જાય, સુષુપ્તિએ ટળી જાય અને જાગૃત અવસ્થાએ ટળી જાય, પરંતુ જાગૃત અવસ્થા ટળી જાય તો પછી રહ્યું શું ભાઈ? જાગૃત અવસ્થામાં અનુસંધાન રાખવું પડે. સ્વપ્ન અવસ્થામાં હેરાનગતિ થાય. સ્વપ્ન અવસ્થા એટલે સૂક્ષ્મ સૃષ્ટિમાં ચૈતન્યની ગતિ થઈ જાય છે બરાબર? એના લીધે જાત-જાતના દૃશ્યો પૂર્વ જન્મમાં થયા હોય એ અને પોતાની નબળાઈઓ બધાય દૃશ્યનું એ અવસ્થામાં અંદર દર્શન થાય. ત્યારે જાગૃત રહે તો ન થાય.

જાગૃત અવસ્થામાં અનુસંધાન રાખવું પડે કે હું મહારાજની મૂર્તિમાં છું અને હું અનાદિમુક્ત છું. એવું અનુસંધાન રાખ્યા જ કરવું પડે. પણ એવું ને એવું ચાલે ને? તો એ જાગૃત અવસ્થા પણ ટળવી જોઈએ. એટલે અનુસંધાન માત્ર નીકળી જવું જોઈએ. પાણી ભર્યું હોય અને આપણે કાંઠે બેઠા હોઈએ ને હવા આવે એનું અનુસંધાન રહ્યા કરે, પણ આપણે એમાં ડૂબકી મારી દઈએ તો? તો હું પાણીમાં છું, પાણીમાં છું એવું અનુસંધાન રાખવું પડે? ના રે ના એ તો પાણીનું સુખ અનુભવવાથી ખબર પડે. ત્યાર પછી અનુસંધાનની વાત

ગઈ. અનુસંધાન રહે ત્યાં સુધી સાધન દશા. અનુસંધાન સમૂળગું નીકળી જાય. સતત ભજન કરવાનું, મહારાજની મૂર્તિ સંભારવી. એટલે સ્વપ્ન અવસ્થા જાય. પછી જાગૃત અવસ્થા ય જાય અને સુષુપ્તિ અંધ-ધંધ અવસ્થા ય જાય એમ. પણ એ બધું શેના લીધે થાય? મહારાજની મૂર્તિને લીધે. બધાયને રાજી કરીએ એટલે મહારાજનું બળ મળે. બધાને રાજી કરવા. કોઈના સ્વભાવ સારા ન હોય તો એનું વર્ણન ન કરવું. કોઈના સ્વભાવનું વર્ણન ન કરવું. મહારાજને પ્રાર્થના કરવી. પછી જ્યારે ટળવા હોય ત્યારે ટળે બરોબર? ઘાટ-સંકલ્પ જલદી ન પણ જાય. મહારાજને પ્રાર્થના કરવી કે હે મહારાજ, તમે દયા કરીને એના ઘાટ-સંકલ્પ દૂર કરજો. પંચ વર્તમાનથી વિરુદ્ધ હોય, સરખા ન લાગે કે કાંઈ બીજું હોય તો પણ એના સંસર્ગમાં ન રહેવું. મહારાજે ના પાડી દીધી. ગઢડા પ્રથમનું ૧૮મું વચનામૃત વાંચો. સંસર્ગમાં રહેવાની ના પાડી. એના સંસર્ગમાં રહીએ તો કેટલીક વાર એની અસર આપણને અડે અને એના લીધે મૂર્તિનું સુખ ન આવે. એટલે એને ખબરેય ન પડે એમ તેનો સંસર્ગ છોડી દેવો. એને છંછેડવો નહિ, પણ પ્રાર્થના કરવી. આપણે પ્રાર્થના કરીએ એટલે મહારાજની નજરમાં તો એ આવી ગયો. પછી ધીમે-ધીમે સુધરીને સારો થઈ જાય.

(મહારાજના વખતની વાત કરે છે.)

હવે ઓલા શક્તિ પંથીઓ છે ને? એ એવું કરે કે આ શક્તિનો પ્રસાદ ખવડાવીને જ રહું. એનો ઠરાવ રહ્યો? મહારાજનો ઠરાવ રહે. કેટલાક ભક્તો

દાસભાવમાં રહ્યા તો મહારાજે રક્ષા કરી. અને જો દાસભાવ નીકળી જાય તો રક્ષા ન કરે. દાસભાવ તો છોડવો જ નહિ. એ વખતે એક બીજી વસ્તુ યાદ રાખવી કે તુલસીદાસે કહ્યું છે કે, શ્રીકૃષ્ણનો અવતાર રામથી મોટો અવતાર તો પણ કહ્યું કે હું તમને મસ્તક નહિ નમાવું. તમે આ રીતે રામની જેમ ધનુષબાણ હાથમાં લો તો જ તમને મસ્તક નમે નહિતર નહિ નમે. એ એને યાદ અપાવ્યું કે આ કંઠ, આ બધી ઇંદ્રિયો સ્વામિનારાયણ ભગવાનને અર્પણ કરી છે. એટલે એનો પ્રસાદ મેળવ્યા વગર અમારાથી ન ખવાય. તમારે તમારી શક્તિનો પ્રસાદ શક્તિને (માતાજીને) ધરાવ્યા વગર ન ખાવો. હું તને આપું અને તારે ન જમવું હોય તો હું તને આગ્રહ નહિ કરું બરોબર? તું શું કામ આગ્રહ કરે છે? તારો શક્તિનો પ્રસાદ તું જમ. હું સ્વામિનારાયણ ભગવાનનો પ્રસાદ જમું. શા માટે ઊંધો ઠરાવ રાખવો? તો તું જ જમને ભગવાનનો પ્રસાદ. એ તો પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે. એને આ ખ્યાલ આપવો. જેથી એને ખ્યાલ આવે કે રામના ભક્ત તુલસીદાસજી પણ આમ બોલ્યા હતા. અને આ સ્વામિનારાયણ ભગવાન બોલ્યા છે. શક્તિનું ધરેલું ન જમવું. શક્તિને માનનારાને તો થોડુંક છમક લાગે. (અપમાન લાગે) એ લગાડવું જોઈએ નહિ. આપણે અભિમાનથી ન બોલવું. ગર્વ રાખીને ન બોલવું, પણ આપણે એ ભગવાનના સત્યના બળથી, ઉપાસનાના બળથી એ સત્યનું જોર અને જોમ છે આપણામાં એ દાસત્વભાવે બોલે છે. તો ભગવાનને ધરાવ્યા વગર

અમારાથી કોઈ વસ્તુ ન ખવાય. અને તમારી શક્તિનો પ્રસાદ જો મને આપો તો મારે ભગવાનને ધરાવવો પડે. જે સર્વોપરી હોય, જે મોટા હોય એ શક્તિનું ધરેલું કેમ જમે? આવું તેને દાસભાવે કહેવું તો એને ગુણ આવે, પરંતુ એ પડે એવું કરવું નહિ. એનું સારું કરવું. ટૂંકમાં આપણે બધાયનું સારું કરવું. મગજથી વિચારવું. એકદમ ઉતાવળા થવું નહિ. એ ભક્તે દાસપણું રાખ્યું તો ભગવાન ભળ્યા. અને જો એ પણ જેમ-તેમ બોલ્યો હોત તો મહારાજ શું કહેત? કે એ જેવો છે તેવો તું થયો હવે જા ત્યારે. તો સ્વભાવ નડે તો ઉપદ્રવ પામે. દાસપણું જે ઘડીએ જાય એ વખતે ભગવાન હાથ જોડીને દૂર ખસી જાય કે મારા ભક્તે દાસપણું છોડી દીધું.

ટાઈમ ખૂબ થઈ ગયો અને ઘણું બધું કહ્યું. મારો એક સ્વભાવ શું છે કે, જ્યારે હું વાત કરુંને ત્યારે મને ખબર રહેતી નથી. (મહારાજની મૂર્તિમાં ગુલતાન થવાથી.)

**સારાંશ**

ભગવાનના મુક્તમાં ભગવાનના કલ્યાણકારી ગુણો હોય છે આથી જેમ સંભારવાથી ભગવાન આવે છે, તેમ સંભારવાથી મુક્ત પણ તરત આવે છે. આપણે એવું કરીએ કે મહારાજની પ્રસન્નતા મેળવી શકીએ. જો એ મેળવી શકીએ તો એ જે પ્રસન્નતા મેળવી છે એના વખાણના આપણે હક્કદાર. બાકી કોઈ વસ્તુના નહિ. ભગવાનને ગમે એવી ક્રિયા કરવી; ન ગમે એવી ન કરવી.

અખંડ ભગવાન સંભારવામાં શરૂઆતમાં કષ્ટ પડે, આનંદ ન આવે છતાં સંભારવાનું મૂકીએ નહિ તો મોટાની કૃપા થાય અને પછી ભજનમાં આનંદ આવવા લાગે. ચૈતન્ય ઉપર ભગવાનની સીધી કૃપા ઊતરે ત્યારે નિરાકાર ચૈતન્ય સાકાર દિવ્ય સ્વરૂપ ધારણ કરે છે. એ સ્વરૂપ નખશિખાંત મહારાજ જેવું જ હોય છે. છતાં એ દાસભાવે રહે છે. એ સેવક છે. પાત્રતા કેળવવા માટે પરિપક્વ નિશ્ચય અને પરિપક્વ સમજણ કેળવવી જરૂરી છે. દેહમાં દેહબુદ્ધિ ન રાખવી. દેહ એ મહારાજને રહેવાનું મંદિર છે એમ વિચારી તેને જાળવવો. આ દેહે કરીને મુક્તનો જોગ-સમાગમ થાય, તેમની વાણી સંભળાય, બળ મેળવી શકાય એ બધું આ દેહે કરીને થાય છે. માટે મોટા બિરાજતા હોય ત્યાં સુધી તેમનો જોગ બરાબર કરી લેવો. અને એમના વચનોનું સ્મરણ કરવું જેથી ત્રણેય અવસ્થા ટળી જાય. મોટા મુક્ત કાંઈ કહે ત્યારે તેમાં વિશ્વાસ રાખવો. તેમના વચન સામે ચર્ચા કરવી નહિ. નહિ તો આશીર્વાદનું સુખ ન આવે. અવરભાવની મર્યાદા પ્રમાણે રહેવું. નહિ તો મહારાજ કરતાં મુક્તને અધિક માની તેમને પૂજવા મંડે જે અસમાસ કરે છે.

કોઈનો સ્વભાવ બરાબર ન હોય તો તેને જાહેરમાં ન કહેવું, પણ તેના સંગથી દૂર રહેવું. અને બધાનું સારું થાય તેવી ભગવાનને પ્રાર્થના કરવી. દાસભાવે તેની સાથે વર્તવું. તો એને આપણો ગુણ આવે અને તેનું સારું થાય. દાસપણું જાય ત્યારે ભગવાન પણ દૂર ખસી જાય છે.

## ૨૧

'મોટા અનાદિમુક્તના આશીર્વાદ મળ્યા પછી તે અંદર જીરવતાં શીખવું તો સુખ આવે. એ દિવ્ય સ્થિતિ થાય ત્યારે એનામાં રહીને મહારાજ બોલે, એ વાત જુદી છે. એવી સ્થિતિ ન થાય ત્યાં સુધી આપણે થોડું બોલવું. ઉન્મત થઈ જવું નહિ. ઉન્મતતા નહિ આવવી જોઈએ, નહિતર ઉન્મત થઈ જાય. કોઈકને- અરે જા-જા તારામાં શું માલ છે? હું તો અનાદિમુક્ત છું. એવું બધું નહિ બોલવાનું.

એમ કહેવું કે મહારાજના સુખમાં પહોંચેલા મહામુક્તોએ મને આશીર્વાદ આપી કહ્યું છે કે તને મહારાજની મૂર્તિમાં રાખ્યો છે. અનાદિમુક્ત છું એનું સતત મનન કરીને હું સુખિયો રહું છું એમ કહેવું, પણ જા-જા તું તો આવો છે તેવો છે એમ ન કહેવું. કારણ કે એને એવી ગતિ નથી. ખબર નથી. તે આપણને જોઈને કહી ન શકે કે મહારાજે આપણને આવી સ્થિતિમાં રાખ્યા છે.

લોકો પર્વતભાઈ જેવા મહા અનાદિમુક્તને પણ નહોતા ઓળખી શક્યા. એક વાર સચ્ચિદાનંદ સ્વામીએ પૂછયું કે પર્વતભાઈ ક્યાં છે તો ગામના માણસ કહે, "જો ઓલો લોટો લઈને જાય છે એ સ્વામિનારાયણનો પર્વતભાઈ છે." એવું બોલે. મુક્ત તો દાસાનુદાસ હોય. પર્વતભાઈને એવું કહે એટલે પર્વતભાઈ હસે. પર્વતભાઈ

કહે કે, “એને ઓળખવાની ગતિ ન હોય એટલે શું કરે? એટલે એના અજ્ઞાન સામે મુક્ત હસે છે. માટે એવા અજ્ઞાનીનો તિરસ્કાર ન કરવો, રાજી થવું.”

(એક હરિભક્ત કોઈક ભાઈને મામા પાસે લાવેલા તેમણે ખોટી યોગવિદ્યા અપનાવેલી અને મલિન તંત્રવિદ્યામાં પણ પડેલા. એને મામા સાચી સમજણ આપે છે. અને એક યોગીની વાત તેમને કહે છે.)

એમને મેં કહ્યું કે જો તમને યોગનો અભ્યાસ હોય તો હું તમને પૂછું એનો જવાબ આપો. ત્યારે તે યોગી કહે, “હું ઘણા વર્ષોથી યોગસાધના કરું છું, પણ મને અંતરમાં શાંતિ થતી નથી તો એનું શું કારણ હશે?” પછી મેં કહ્યું તમે જે યોગસાધના કરો છો એ યોગસાધના હું નથી કરતો. તો તે કહે, “તમે કઈ યોગસાધના કરો છો?” મેં કહ્યું હું તો સાવ સહેલી સાધના કરું છું. તો તે કહે, “શું છે તે સાધના?” મેં કહ્યું, હું એમ સમજું છું કે યોગ એટલે જોડાવું. ભગવાનના સ્વરૂપમાં જોડાવું. એ સંપૂર્ણપણે જોડાઈ શકાય ત્યારે યોગસાધના પૂરી થઈ કહેવાય. તમે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા સમાધિ એમ આઠ અષ્ટાંગ યોગના સાધનો કરી અને આગળ વધવાનું કરો છો એમાં તમે કેવી રીતે ભગવાનમાં જોડાઈ શકો? યમ, નિયમ, આસન, પ્રાણાયામ વગેરેનો સાચો અર્થ પણ તમને આવડતો નથી. એ સાધન શું કહેવાય, યમ શું કહેવાય, આસન શું કહેવાય, પ્રાણાયામ શું કહેવાય, ધ્યાન-ધારણા-સમાધિ શું કહેવાય? તમે તો જડતાપૂર્વક આ આઠેય વાતો કરો છો તો

ભગવાનનું ધ્યાન ક્યાંથી થાય? મેં ભગવાનના કલ્યાણકારી ગુણો ગણાવ્યા એમાંથી કયો ગુણ વિશિષ્ટ રીતે તમારામાં કોઈ આવ્યો? તો કહે, “ના.” ત્યારે મેં કહ્યું તમે યાંત્રિક રીતે યોગ સાધો છો. એ સાધનામાં ક્યાંથી મઝા આવે?

હું તો આ ભગવાન સ્વામિનારાયણની મૂર્તિનું ધ્યાન કરું છું. એ મૂર્તિમાં જોડાવ છું, એ યોગ. એટલે આપોઆપ જ યોગ સધાય જાય બરોબર? પછી કહે, “એમ?” મેં કહ્યું, હા એમ. તમે ય જોડાવ જો તમને મારી વાત ગળે ઊતરે તો. હું તો આમ કરું છું. એ યોગે કરીને યમ, નિયમ, આસન વગેરે બધું ય આવી જાય. ખરો પ્રાણાયામ કોને કહેવાય એ તમને ક્યાં ખબર છે? તમે તો નાક ઊંચું કરો, નીચું કરો ને ઊભા રહો એ તો દેહબુદ્ધિનો પ્રાણાયામ થયો કહેવાય. એ પ્રાણાયામ નહિ, પણ પ્રાણ ખેંચાઈને ભગવાનની મૂર્તિમાં જોડાઈ જાય એ પ્રાણાયામ છે. આ તમને ખરું કહું છું. તમે શેમાં જોડાશો એ તો કહો? તમારે જોડાવાની વસ્તુ ખરી? યોગ એટલે જોડાવું. જોડાઈ જવું પડે. તમે શેમાં જોડાશો? તમે શેમાંય જોડાતા નથી ને આખો દિવસ આ ધમાલ કરો છો. એમાં શાંતિ ક્યાંથી થાય? મારું કહેવું કરો તો શાંતિ થાય. તમને એ ગળે ઊતરે તો કરો ન ઊતરે તો ન કરો. એમ યોગસાધના આ છે. અને તમે કરો છો એ યોગસાધના સાવ ખોટી છે. એ પહેલા છોડી મુકવી બરોબર? તમે યોગસાધના કરો છો અને કહો છો કે આનું સોલ્યુશન આપો. તો ભગવાનની મૂર્તિમાં જોડાવાનું કરો બરોબર?

આમ કરો તો મેલીવિદ્યા બધી વહી જાય. નહિતર કેવી રીતે જાય?

એક દૂબળો હોય અને એક જાડો હોય તો જાડો દૂબળાને પકડીને મારે તો છૂટી શકે એકદમ? બળ ન હોય તો શી રીતે છૂટે? એમ મેલીવિદ્યાવાળા તાંત્રિકો એ અસુરી તત્ત્વો છે. કારણ કે તંત્ર વિદ્યા બે કામ કરે છે. એક નાશક તરીકે વર્તે છે અને એક સર્જક તરીકે પણ વર્તે છે. ભગવાન સ્વામિનારાયણની તંત્રવિદ્યા સર્જન કરે છે. જ્યારે આ તંત્રવિદ્યા મલિન તંત્રવિદ્યા છે. એ નાશક તરીકે કામ કરે છે. બધાયને હેરાન કરે ને એનો ધંધો જ હેરાન કરવાનો. અને એને વળગી રહે તો એ એનું થોડું થોડું ભૌતિક કામ કરી આપે. એ કામ તો ક્ષણભંગુર છે. એ ક્યાં સુધી ટકવાનું? એનું આપણે શું કામ હોય? ખરો તાંત્રિક એ જ કે જે ભગવાનની તંત્રવિદ્યા શીખવે. અને એ તંત્રવિદ્યાથી સર્વ સુખ થાય.

પછી મેં એને સમજણ પાડી કે જો હું સમજાવું છું એ સાચી તંત્રવિદ્યા છે. આ બધી તંત્રવિદ્યા મલિન છે. જો એના સંસર્ગમાં આવે તો હેરાન થવાય. હવે શું થાય? ખાડો હોય તેમાં ભૂલથી પણ પગ પડી જાય તો મચકોડાઈ જાય તો આમ-આમ (લંગડા) ચાલવું પડે ને? જ્યાં સુધી એવું થાય, ત્યાં સુધી હેરાન થવું પડે. જો તમે મલિન તંત્રવિદ્યામાંથી છૂટો નહિ, ત્યાં સુધી શિક્ષા તો ભોગવવી પડે કે નહિ? આનંદથી ભોગવી લેવી, પણ બળ રાખવું કે આપણે એ વિદ્યા છોડી મૂકવી છે. આટલું સમજવું જોઈએ. ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરવું. અને

ધ્યાન કરતાં હોય તો એ તંત્રવિદ્યા આડી આવે ને તો એને ઉડાડી મૂકવી જોઈએ. એટલે ધીમે- ધીમે એ વિદ્યા ફોક થઈ જાય. પછી પગે લાગીને ભાગી જશે તમને કે ભાઈ, હવે હું જાઉં છું. છોડ મને. પણ એ ઝટ જાય નહિ. એ તો બળે અને એને ભગવાનનો તાપ લાગે. જો ભગવાનનું બળ હોય તો ભાગી જ જાય ઊભી જ ન રહે. એમ તમે મહારાજનું બળ રાખશો? એમ જે રીતે યોગવિદ્યા શીખી હોય એ બધું ભૂલી જાવ. એ બધું જ ભૂલી જાવ. એક હરિભક્તે ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે, "મને સાક્ષાત્કાર કરાવો." તો કહે, "જેટલું ભણ્યો છે ને જેટલું જાણે છે, એ બધું પહેલા ભૂલી જા. પછી મારી પાસે આવજે. ત્યાર પછી ભગવાનનો સાક્ષાત્કાર કરાવીશ. તું જેટલું જાણે છે તે બધું ભૂલી જા. કારણ કે તું જેટલું જાણે છે એ બધું અજ્ઞાન છે." એ અજ્ઞાન સ્વામી પાસે શું કામનું?

એમ તમે જે યોગવિદ્યા જાણો છો એ પહેલા ભૂલી જાઓ. એ જાણે છે જ નહિ. અને મહારાજની મૂર્તિનું ધ્યાન કરો. કરશોને? ચોક્કસ? તો મહારાજ બધું સારું કરશે. ભલે ત્યારે,

જય શ્રી સ્વામિનારાયણ....

**સારાંશ**

અનાદિમુક્તમાં રહી મહારાજ આશીર્વાદ આપે છે. મૂર્તિમાં રાખ્યાના તેમના આશીર્વાદ મળતા તે જીરવતાં શીખવું.

ભગવાનનું ધ્યાન કરવું એ ખરો યોગ છે. પ્રાણ ખેંચાઈને મૂર્તિમાં જોડાઈ જાય એ ખરો પ્રાણાયામ. ભગવાન સ્વામિનારાયણની તંત્રવિદ્યા સર્જન કરે છે. એક એમનામાં વિશ્વાસ રાખી ધ્યાન કરવાથી પછી કોઈ મલિન વિદ્યા હેરાન કરવા સમર્થ નથી રહેતી.

અજ્ઞાની પ્રત્યે તિરસ્કાર ન રાખવો.

## ૨૨

મહારાજે કહ્યું છે કે અમે અને અમારા અનાદિમુક્ત જળ-તરંગવત્ એક જ છીએ. ફેર એટલો સ્વામી-સેવકપણાનો. જળ-તરંગવત્ એકતા જેવું ઐક્ય સધાય ત્યારે મહારાજની મૂર્તિનું સુખ આવે. આવું ઐક્ય ત્યારે જ સધાય કે જ્યારે ભગવાન સ્વામિનારાયણના સર્વોપરી સ્વરૂપની સમજણ બરાબર દૃઢ થાય, ઉપાસના પરિપક્વ થાય અને તેનું જેમ છે તેમ માહાત્મ્ય સમજાય. એ ભગવાન કેવા છે, એમના દિવ્ય લક્ષણો કેવા છે એ જો બરાબર સંત-સમાગમ થકી સમજાય તો ભગવાનને વિષે અતિ સ્નેહે કરીને જોડાઈ શકાય. કોઈ વસ્તુની અંદર મન ત્યારે જ ચોંટે કે એની અંદર રસ ઉત્પન્ન થાય. રસ ત્યારે જ ઉત્પન્ન થાય કે જે વસ્તુ પ્રાપ્ત કરવી હોય તેનું માહાત્મ્ય સમજાય.

બાપાશ્રીએ કેટલાંક વિલક્ષણ એવા દિવ્ય ચરિત્રો બતાવ્યા તે એટલા જ માટે કે બહુજનને સમાસ થાય, બહુજનને પ્રતીતિ આવે કે આ પુરુષ ભગવાનના સ્વરૂપમાં રહી અને બધી જ ક્રિયા કરે છે; બીજાના કલ્યાણ કરવા માટે જ એમનું પ્રાગટ્ય છે એવી પ્રતીતિ થાય. બાકી ચમત્કારો અને પરચા બતાવવા માટે એમને કોઈ અન્ય અપેક્ષા હોતી નથી. કેવળ આ જ અપેક્ષા કે એવા વિલક્ષણ ચરિત્રને લીધે જીવો આકર્ષાય અને એના લીધે એમના જેવી સ્થિતિ કરવા માટે એમનો સમાગમ કરવા આવે.

સાત મહાકલ્પ સુધી જો યજ્ઞ કરે અને જે પ્રાપ્તિ થાય તે આ સાત દિવસના સાર્ધ-શતાબ્દી મહોત્સવરૂપી યજ્ઞથી થતી પ્રાપ્તિની સરખામણીમાં કાંઈ જ નથી. કારણ કે ભગવાન પોતે અનાદિમુક્ત દ્વારા પ્રકાશતા હોય અને તે વખતે તે દૃષ્ટિ કરે, જમાડે, ભેટે આ બધી જ ક્રિયાને લીધે આપણો આખો ચૈતન્ય બદલાઈ જાય. જો ચૈતન્ય બદલાઈ જાય તો તરત મહારાજની મૂર્તિનું સુખ આવે. છતાં પણ ભગવાન એવા દયાળુ છે કે એ ચિત્તની વૃત્તિને બાધિત કરે છે. બાધિતાનુવૃત્તિને લીધે ભગવાનના સ્વરૂપમાં એની વૃત્તિ જોડાઈ રહે છે, પરંતુ એનો દેહ પડી જતો નથી. જળ-તરંગવત્ એકતાનો વાસ્તવિક અનુભવ થાય તો દેહ રહે જ નહિ. કારણ કે નાડી-પ્રાણ ખેંચાઈ જાય. ચૈતન્ય દેહથી જુદો પડી જાય ત્યારે જ એવી એકતા થાય. અને એવી એકતા થાય ત્યારે દેહ કેવી રીતે રહી શકે? દેહથી તો ચૈતન્ય અલગ પડી ગયો. ત્યારે સ્વયં મહાપ્રભુ જ એ દેહમાં રહીને કાર્ય કરે છે. દેહ તે મુક્તનો લાગે, પણ કાર્ય પોતે જ કરે છે. પોતે જ્યારે પ્રગટ થાય મનુષ્યસ્વરૂપે અને જેવું કાર્ય કરે એવી જ રીતે પોતે સ્વયં મુક્તભાવે એવું કાર્ય કરે છે. એવી એકતા કરવી એ તો એવા મહાઅનાદિમુક્ત પ્રગટ મળે ત્યારે જ થઈ શકે. પણ મહારાજની કૃપા એવી છે અને બાપાશ્રીએ પણ કહ્યું કે વર્તમાનકાળે શ્રીજીમહારાજ અને તેમના અનાદિમુક્ત કૃપાસાધ્ય બન્યા છે. કૃપાને કોઈ શરત નથી. એ કૃપા કરે તો ઘડીકમાં એવી સ્થિતિ થઈ જાય. પણ એ એમની મરજીની વાત છે. એમાં ઘણા કારણો હોય. ક્યારે

કયું કામ કરવું છે એ નિર્ણય એ મહાપ્રભુ લે છે. એની કલ્પના કરવી, એમાં ઊંડા ઊતરીને સમજવું એ શક્ય નથી. પરંતુ આપણને એટલી વાત તો ચોક્કસ થઈ કે મહારાજે આપણને મૂર્તિમાં રાખ્યા છે એ વાત હકીકત છે.

મહારાજે આપણને અનાદિમુક્તની પંકિતમાં બેસાડી દીધા. પાત્રતાની તારતમ્યતાએ ભલે વધતું-ઓછું સુખ આવે મહારાજની મૂર્તિનું, પરંતુ આપણને અનાદિમુક્ત કર્યા એ સત્ય પણ ખરું. અનાદિમુક્તની પંકિતમાં તો બેસાડ્યા જ ને? ભલે કૃપાએ કરીને બેસાડ્યા. હવે એ સ્થિતિમાં આગળ વધવાને માટે કૃપા તો વરસ્યા જ કરે છે. એ સ્થિતિ સરળતાથી થઈ શકે. અશક્ય પણ નથી. આ સભામાં બેઠેલા બધા જ મુક્તો એવી સ્થિતિ જરૂર કરી શકે. ભલે એ સ્થિતિ છેલ્લી ઘડીએ થાય તો ય શું? અનંત જન્મ થઈ ગયા તો પણ આપણે કંટાળ્યા નથી, કાયર થયા નથી. તો આ જન્મની છેલ્લી ઘડી સુધી પણ શા માટે ધીરજ ગુમાવીએ? શા માટે અવિશ્વાસ કરીએ કે હું ભગવાનની આટલી બધી ભક્તિ કરું છું, આટલું કરું છું તો કેમ મહારાજ એમની દિવ્ય મૂર્તિનું સુખ નથી અનુભવ કરાવતા? મને એમની મૂર્તિ તેજના સમૂહમાં કેમ દેખાતી નથી? મારા ઘાટ-સંકલ્પ કેમ બંધ થતાં નથી? આવા બધા જ વિચારો આવે, પણ એ બધું જ ધીરે ધીરે શમી જશે.

આપણે ખૂબ આનંદપૂર્વક, પ્રીતિપૂર્વક મહારાજની મૂર્તિમાં જોડાવાનો પ્રયાસ કરીએ. બાપાશ્રી એમ કહેતા કે ધ્યાન કરતાં પહેલાં પોતાના સ્વસ્વરૂપનું એટલે

મુક્તસ્વરૂપનું-મહારાજના અનાદિમુક્તના ગુણો, એમની સ્થિતિનું-ચિંતવન-મનન કરવું, પ્રેરણા મેળવવી અને ત્યાર પછી નેત્રો મીચીને આપણા દેહની વિસ્મૃતિ કરી નાખવી. આપણે આપણા દેહની જગ્યાએ ચૈતન્યસત્તાએ મહારાજની મૂર્તિ જોવી. જરૂર દેખાય. દેહની જગ્યાએ મહારાજ જોવા એમાં કેટલી અઘરી વાત? મહારાજ તેજના અધોઊર્ધ્વ સમૂહમાં બેઠા છે અને મહારાજ સર્વ રીતે પ્રકાશમાન છે. એમની મૂર્તિમાંથી તેજની ધારાઓ છૂટે છે એવી કલ્પના કરીને એ મૂર્તિમાં અંદર રહીને જોડાવાનું. જેમ દેહમાં રહીને જોડાયા છીએ તેમ. આપણી આંખો બંધ કરીએ તો તરત આપણો દેહ દેખાય આપણને. એ દેહનું વિસ્મરણ કરીને એ દેહની જગ્યાએ જ મહારાજની મૂર્તિ સળંગ જોવી. એ મૂર્તિમાં આપણા ચૈતન્યને રાખ્યો છે એવી ચૈતન્યસત્તાએ ધારણા કરવી. અને એ મૂર્તિનું ધ્યાન ધરવું.

હવે આ મૂર્તિ અંદર રહીને જોવી તો પાંચવાર માનસીપૂજા કેવી રીતે કરવી? મહારાજને નવડાવવા, ધોવડાવવા જેવી બધી જ ક્રિયાઓ જેમ આપણે કરીએ છીએ તેમ પાંચ વખતની માનસીપૂજામાં શી રીતે કરવી? તો પ્રતિલોમ ધ્યાનમાં પણ તે ક્રિયાઓ થઈ શકે, અને ન થઈ શકે તો કોઈ ચિંતા નહિ. ક્રિયા કરાવવાની કોઈ જરૂર નથી. દસ મિનિટ-પંદર મિનિટ કે વધુ સુધી એ મૂર્તિમાં જોડાઈ રહેવું. એ માનસી પૂજા. મહારાજ સ્નાન કરે છે, મહારાજ વસ્ત્રો પહેરે છે, વસ્ત્રો પહેરી અને પૂજામાં બેસે છે, મહારાજ થાળ જમે છે એમ દરેક ક્રિયામાં ચિત્ત વળગી રહે એટલા પૂરતી જ એ ક્રિયા

કરવાની રહે. જો ધ્યાનમાં વિક્ષેપ ન આવે તો પાંચવારની માનસીપૂજામાં કોઈ જ ક્રિયા કરાવવાની જરૂર રહેતી નથી. જે ક્રિયાઓ લખી છે તે તો એમાં જોડાઈ રહેવાય, મનની વૃત્તિ મૂર્તિમાં જોડાઈ રહે, આડીઅવળી ડહોળાય નહિ એટલા માટે લખી છે. કારણ કે વિજ્ઞાનમાં એમ કહ્યું છે કે કોઈ પણ વસ્તુની ઉપર એક મિનિટ પણ ધ્યાન કેન્દ્રિત કરી શકાતું નથી. તરત જ divert થઈ જાય. મન બીજી વસ્તુ તરફ જતું રહે. એટલા માટે આ માનસીપૂજાની વિધિ મહારાજે લખી છે. એક ક્રિયા પછી તરત જ બીજી ક્રિયા શરૂ થઈ જાય ભગવાન માટે. ત્યારે માનસીપૂજાનો અર્થ આ જ છે કે ભગવાનના સ્વરૂપમાં જોડાવું.

ભગવાનના કોઈ ભક્ત એમ પ્રશ્ન કરે કે મહારાજ એક જ સ્થિતિમાં દર્શન આપે છે તો મહારાજ કરે છે શું? એક જ સ્થિતિમાં શું ઊભા જ રહે છે? અરે ભાઈ! જણ જણ પ્રત્યે જે ક્રિયા થાય છે એ મહારાજ પોતે કરે છે. અત્યારે આપણે બધા બેઠા છીએ. કોઈ હાથ હલાવે છે, કોઈ પરસ્પર સામું જુએ છે તો મહારાજ એમ કરે છે. મહારાજ એક જ સ્થિતિમાં દર્શન આપે છે એનો અર્થ એ છે કે ભગવાનમાં કોઈ અસ્થિરતા કે કોઈ સંકોચ-વિકાસ અવસ્થા નથી. એ એક જ સ્થિતિમાં દર્શન આપે છે કે મહારાજ ભૂખ્યા રહ્યા કે તરસ્યા રહ્યા એવા જે ભાવ દેખાય એમ નથી એમાં. જ્યારે ભગવાનનો ભક્ત ભગવાનના સ્વરૂપમાં જોડાય અને પછી એ સ્વરૂપમાં જોડાઈને જે જે ક્રિયા કરે છે તો એ મહારાજ જ કરે

છેને? અનંત બ્રહ્માંડોમાં ભગવાનના ભક્તો જે જે ક્રિયા કરે છે તે મહારાજ પોતે કરે છે. ક્રિયાનો ક્યાં પાર છે? એક જ ક્રિયા કરતા હોય કે બેસી રહે કે સિંહાસન ઉપર બેઠા હોય એવું ક્યાં છે?

ભગવાનની મૂર્તિનું સુખ આવે પછી તે ભક્ત હરે-ફરે ગમે તે ક્રિયા કરે તો ક્રિયા સાથે ક્યાં નિસ્બત છે? પાણીમાં ડૂબી જાઓ અને અંદર રહીને તરો એનાથી પાણીના સ્પર્શનું જે સુખ આવે એની સાથે ક્રિયાને કોઈ નિસ્બત ખરી? તરવૈયો પાણીમાં તરે ત્યારે બધી જ ક્રિયા કરે પણ પાણીનો સુંદર અનુભવ તો કર્યા જ કરે છેને? એમ બધી જ ક્રિયા કરતાં કરતાં મહારાજના અનાદિમુક્ત એ સુખ ભોગવ્યાજ કરે છે, સુખ આવ્યા જ કરે છે પછી ક્યાં સવાલ રહ્યો? એમના જેવી એકતા આપણને મહારાજ સાથે થવી જોઈએ. તે ઐક્ય કરવાને માટે મહારાજના અનાદિમુક્તનો જોગ જરૂરી છે.

બાપાશ્રી એમ પણ કહેતા કે કોઈવાર એવા મુક્ત પૃથ્વી પર પ્રગટ ન પણ હોય. તો શું કરવું? તો કહે કે મોટા મુક્તોએ જે જે વાણી ઉચ્ચારી હોય, જે - જે લીલાચરિત્ર કર્યાં હોય એનું મનન કરવું. મનનનો અર્થ બહુ જબરો છે. એવો નિદિધ્યાસ કરે તો એ જોગ જ છે. શું છે બીજું? અનાદિમુક્તનો જોગ કરીએ તો એ શું કરે? આપણને વાતો કરે મહારાજની, આપણને દેખે. બીજું શું કરે? તો આ મહારાજની મૂર્તિ નથી આપણે દેખતા? દેખીએ છીએને? એમની વાણી છે તે આપણે વાંચીએ છીએ, સાંભળીએ છીએ. તો એ વાણીથી એ જ સમાગમ

થાય છે. તો પ્રગટ એવા મુક્ત મનુષ્યરૂપે દૃષ્ટિગોચર હોય કે ન હોય તો પણ જરૂર એવી સ્થિતિ કરાવે. ન થાય એવું નથી. કરવી પડેને? અને કરવામાં ક્યાં હાથપગ હલાવવા પડે છે કે એમાં કોઈ ખર્ચ કરવો પડે છે કે મહેનત કરવી પડે છે? અંદર રહીને બસ મૂર્તિમાં જોડાવવાનું જ રહે છે. ફૂરસદે જોડાઓ. કામ કરતાં કરતાં થોડો અભ્યાસ કરો મૂર્તિમાં જોડાવાનો. અરે! જીવનભર એ અભ્યાસ કર્યા કરીએ આનંદથી.

અને મહારાજનું આવું મૂર્તિમાં રાખવાના આશીર્વાદનું જે અનુસંધાન તે જો બરાબર દૃઢ થાય તો હર્ષ-શોક કે સુખ-દુઃખ ન થાય. આ ભવસાગરમાં અને સંસારમાં રહ્યા થકા જે હર્ષ-શોક કે સુખ-દુઃખ ઉપસ્થિત થાય એ તો થતા જ રહેવાના. ભવસાગર કોને કહેવાય? ઘાટ-સંકલ્પ થાય, વિક્ષેપ થાય, અનેક પ્રશ્નો ઊભા થાય એનું નામ જ ભવસાગર. તો એ તો થવાના જ; ભલે થાય. આપણે એની સાથે શું સંબંધ? એક જ વસ્તુઃ મહારાજે મૂર્તિમાં રાખ્યા છે એનું અનુસંધાન રાખવાનું. જો એ પાકું હોય તો આ હર્ષ-શોક નહિ થાય. તે અનુસંધાન જેટલી ઘડી ભૂલાય તે દરમ્યાન જ એ હર્ષ-શોક થઈ જાય છે. જેવું આ અનુસંધાન આવે કે તરત જ શોક કે દુઃખ કશું જ રહેતું નથી. તો એ દૃઢ કરવાનો અભ્યાસ કરવાનો, આનંદમાં રહેવાનું. કેટલી સરળ વસ્તુ મહારાજે કરી દીધી છે! સ્વરૂપમાં જોડાવાથી વગર સાધ્યે અષ્ટાંગ-યોગ સધાઈ જાયને? ભગવાનના સ્વરૂપમાં જોડાવાથી ભગવાનના ગુણ આપોઆપ આપણામાં આવતા જાય.

કામ, ક્રોધ, લોભાદિક અનેક દોષો એની મેળાએ જ વિદાય થતા જાય. કારણ કે ભગવાનનું અનુસંધાન થાય ત્યાં એ દોષો રહે નહિ. આપણને ભગવાન તરત જાગૃત કરે. હર્ષ-શોક જો થાય તો સમજવું કે આપણે અનુસંધાનનો કેફ ભૂલી ગયા.

બાપાની વિલક્ષણ બાબતો એનું પણ અનુસંધાન રાખવું. એ બધા ચરિત્રો બાપા દ્વારા કોણે દેખાડ્યા? અનાદિમુક્તો દ્વારા કોણે બતાવ્યા? મહારાજે જ તો. બધા મુક્તોમાં રહીને કામ કોણ કરે છે? મહારાજ જ કરે છેને? આપણે એ ભૂલીએ નહિ કે આપણામાં રહીને મહારાજ કાર્ય કરે છે. પરંતુ એવું બોલવું નહિ. જો આપણે બોલ્યા કરીએ તો કોઈકને ગતિ ન થઈ હોય તેને તો એમ લાગેને કે આવા ને આવા ગપ્પા મારે છે. બોલવાની મનાઈ કરી છે મહારાજે. ક્યારે બોલવું? કે જ્યારે મહારાજ બાધિતાનુવૃત્તિ ખેંચી લે અને પૂર્ણ સ્વરૂપમાં પ્રકાશવા માંડે ત્યારે. અને જ્યારે મહારાજ પોતે જ પ્રકાશે તો પોતે જ બોલશે કે, 'હું સહજાનંદ સ્વામી સૌનો અંતરજામી.' ન બોલી શકે? 'સંત તે મારી મૂરતિ રે તેમાં ફેર નહિ એક રતી રે' એનો અર્થ શું? જળ-તરંગવત્ એકતા સ્વામી સેવકભાવે. એ અનાદિમુક્ત એ એવા સંત છે કે જેમાં અને મહારાજમાં એક રતી ફેર નથી. એટલે કે મહારાજ સ્વયં એ મુક્તમાં રહી - એ મુક્તના દેહમાં રહીને- કાર્ય કરે છે. એ જબરજસ્ત કામ કરે કે નહિ? ત્યારે જ્યાં સુધી એવી સ્થિતિ છતી દેહે ન થાય, ત્યાં સુધી એવું અનુસંધાન રાખવું. અરે! એ સ્થિતિ

થાય ત્યારે તો આપણને ખબર જ રહેતી નથી કે આપણે શું કરીએ છીએ. એ તો મહારાજ જ કરે. આપણે તો ક્યાંય સુખમાં ડૂબી ગયા હોઈએ. કાંઈ ખબર ન પડે. ક્યાં ખબર પડે છે? કારણ કે મહારાજ મુક્તના ભાવમાં એ મુક્તમાં રહીને કામ કરે છે માટે મુક્તભાવ દેખાડે છે. નહિતર એમ જ કહે કે હું પોતે જ સહજાનંદ સ્વામી, સ્વામિનારાયણ ભગવાન હું પોતે જ છું! સદ્‌ગુરુ વૃંદાવન સ્વામીને પ્રશ્ન કર્યો હતો કે સ્વામી! તમે જ કહો છો કે આ બધી ક્રિયા મહારાજ કરે છે, આમ કરે છે, બોલે છે, કરે છે તો આ કોણ બોલે છે? અત્યારે બોલે છે એ વૃંદાવન સ્વામી બોલે છે કે મહારાજ બોલે છે? ત્યારે સ્વામી હસીને કહે કે મહારાજ બોલે છે, ભગવાન સ્વામિનારાયણ બોલે છે! એટલી બધી સ્પષ્ટતા કરી! નહિતર સમજણ ક્યાંથી થાય, એવી સ્પષ્ટતા ન કરે તો?

અને કોઈ એમ કહે કે આ તો ભગવાન થઈ ગયો. અરે ભાઈ! ભગવાન નથી થઈ ગયો. ખોટા ભગવાન હોય એય નકલ કરે હો! ચેતતા રહેવાનું. તે તો બનાવટી હીરા કરતાં ય વધારે ચળકે. મચ્છીમાર હોય તે માછલા પકડે. માછલા તો બિચારા નિર્દોષ. અને મચ્છીમાર જાળ એવી સરસ બિછાવે, અંદર ગોળીઓ મૂકે મીઠી, એટલે માછલા અજ્ઞાની બિચારા. માછલા તો સાવ ભીરુ. જાળની અંદર એ ગોળી લેવા જાય અને ફસાઈ જાય. ફસાઈ જાય એટલે નાશ પામે. બીજું શું થાય? ત્યારે આ નકલી ભગવાનો એવી સરસ વાતો કરેને! ભગવાનની જ વાતો હોય તે એવી બધી મોઢે કરી હોય તેથી વાતો ખૂબ સરસ

કરે. અને પછી પોતાના સ્વરૂપમાં જોડવા માટે બધું માળખું ગોઠવીને તૈયાર રાખ્યું હોય. અને પેલી માછલી જેમ ગોળી ખાવા જાય ને જાળમાં ફસાઈ જાય એમ ભોળા માણસો એમાં ભરાઈ પડે કે અહોહો! આ તો સાક્ષાત્ ભગવાન છે. તો બનાવટી ભગવાન થવું બહુ સહેલું છે. સંત થવું ઘણું કઠણ છે. માટે આપણે સંત થવું, ભગવાન થવું નહિ, ભગવાનરૂપ થવું.

પુરુષોત્તમરૂપ થવા માટે બોલ્યા વગર એવું થવું, એવું કરવું. બોલ બોલ ન કરવું. કોઈ પૂછે કે તમે અનાદિમુક્ત છો? તો કહેવું કે ભાઈ! મહારાજે આશીર્વાદ આપ્યા છે કે તમને અનાદિમુક્તની પંક્તિમાં બેસાડી દીધા છે અને અમે એ અનુસંધાન રાખીને શ્રીજીમહારાજના સ્વરૂપરૂપ થવા માટે આગળ વધીએ છીએ. પણ બેસાડી દીધા છે એવા આશીર્વાદ દીધા છે એમાં પૂર્ણ શ્રદ્ધા છે. આવો જવાબ આપવાનો. બરાબર? ત્યારે જવાબ આપવાની રીત પણ ધ્યાનમાં રાખી અને બાપાશ્રીએ જે આ વસ્તુ આપણને સમજાવી તેનું અનુસંધાન રાખવું.

(ડિસેમ્બર, ૧૯૯૨માં બાબરી-ધ્વંસ પછી જે તોફાનો થયા હતા તેને અનુલક્ષીને વાત કરે છે): અને આ જે તોફાન છે તેના અંગે પણ થોડી પ્રાર્થના થોડીવાર ધૂન કરીને કરીએ. બધી દિશામાં કેટલાંક જીવો નાશ પામ્યા છે તેના અર્થે ને આ બે મહામુક્તો દેહોત્સવ કરી ગયા તેમના નિમિત્તે આ દિવ્ય સભામાં પ્રાર્થના થાય કે મહારાજ એમને મૂર્તિનું સુખ અધિક અધિક આપે. બીજું એમ કે અત્યારે અશાંત પરિસ્થિતિ છે. ઉત્પત્તિ, સ્થિતિ

અને પ્રલયના નિયમ મુજબ સતયુગ, દ્વાપરયુગ અને કળિયુગ એમ યુગો પણ બદલાતા હોય છે. જ્યાં આસુરી તત્ત્વો કે આસુરી ભાવો ઉત્પન્ન થાય એનું નામ કળિયુગ. આ સભામાં સત્યયુગ છે દિવ્યયુગ છે. અહીં કંઈ કળિયુગ નથી, નથી કંઈ આસુરી. કોઈ તકલીફ નહિ, કશું જ નહિ. અહીં તો એ કોઈ બાબત પ્રવેશ જ ન કરી શકે. તો આપણે બધા સત્યયુગમાં જ જીવીએ છીએ, સત્યયુગમાં જ વર્તીએ છીએ. કેટલી સરસ વાત! આખું વિશ્વ આવી રીતે ફેરવાઈ જાય તો? અહીં કોઈ આસુરી ક્રિયાઓ થાય ખરી? ન થાય. અત્યારે વિશ્વમાં આસુરી તત્ત્વો માયામાંથી જે ઉત્પન્ન થયાને એ લોકોને હિંસા કરવામાં જ રસ પડી જાય. બોલો! તેઓ કોઈની હિંસા કરે તો આનંદ પામી જાય કે ચાલો એક હિંસા થઈ ગઈ. એ પણ આત્મા જ છે, છતાં પણ આસુરીભાવને પામ્યો તો કેટલાય નિર્દોષ બિચારાને મારી નાખે. તો જે જે માનવીઓ આવી રીતે મૃત્યુ પામ્યા હોય તે બધા જીવોનું મહારાજ સારું કરે, એમનું કલ્યાણ કરે કે એમને સત્સંગમાં જન્મ આપીને આવી સમજણ કરાવરાવે એવી આપણે પ્રાર્થના કરવી જોઈએ ને તે આપણો પરમ ધર્મ છે. કારણ કે બાપા એમ કહેતા કે અમારે સૌનું સારું કરવું છે, એકેએક જીવનું સારું કરવું છે.

એવા આસુરી તત્ત્વો અદૃશ્ય થઈ જાય તો એ અદૃશ્ય થયા પછી નવો યુગ શરૂ થશે. તે ખૂબ સુંદર હશે, પણ તેને સમય લાગશે. અત્યારે આપણે મહારાજને એવી પ્રાર્થના કરીએ કે એ આસુરી તત્ત્વો બધા ધીરે ધીરે દબાઈ

જાય. કેમ થશે એ મહારાજને અને અનાદિમુક્તને તો ખબર જ હોય. આપણે એવી કેમ થશે, કેમ નહિ એ જાણવાની જિજ્ઞાસા છોડી દેવી જોઈએ. એમને બધી ખબર છે એટલે પતી ગયું. બરાબર? આપણે તો આપણી રીતે રહી અને મહારાજને પ્રાર્થના કરવી કે હે મહારાજ! બધા જીવોમાંથી આસુરીભાવ દૂર થઈ અને તમારે શરણે આવે અને આશ્રિત બની જાય આવી શુભ પ્રાર્થના.

## સારાંશ

અનાદિમુક્ત થકી ભગવાનનું માહાત્મ્ય, મહારાજની પરિપક્વ ઉપાસના સમજીએ ત્યારે મહારાજને ઓળખી શકાય. મહારાજના અનાદિમુક્ત મહારાજમાં જળ-તરંગવત્ સુખ ભોગવે છે.

બાપાશ્રીએ વિલક્ષણ દિવ્ય ચરિત્રો એટલા માટે કર્યાં કે બીજા જીવો આકર્ષાઈને આવે ને મહારાજને ઓળખે. અનાદિમુક્તના દિનની ઉજવણીથી મહારાજ રાજી થાય છે અને એ બ્રહ્મયજ્ઞનું ફળ અનેકગણું પ્રાપ્ત થાય છે. મહારાજ સાથે જળ-તરંગવત્ એકતા થયા પછી દેહ ટકતો નથી. ચૈતન્ય દેહથી જુદો પડે પછી જ એ એકતા શક્ય બને છે. અને એ અનાદિમુક્ત દ્વારા જ શક્ય બને છે. તેમના વચનમાં વિશ્વાસ રાખવો અને ધીરજ રાખવી. ધ્યાન કરતાં પહેલાં અનાદિમુક્તના ગુણો સંભારવા અને પછી મૂર્તિ સંભારવી. દેહભાવ ભૂલીને સંભારવી. મૂર્તિમાં વૃત્તિ સ્થિર થાય તે માટે માનસી પૂજા કહી છે. ભગવાન ભક્તમાં રહી ક્રિયા કરે છે. એટલે ભગવાન ફક્ત

એક જ સ્થિતિમાં બેસી રહે છે એમ નથી. મહારાજના અનાદિમુક્ત સર્વે ક્રિયામાં મહારાજના દિવ્ય સુખનો અનુભવ કર્યા કરે છે.

એ સુખનો આપણને અનુભવ થાય માટે અનાદિમુક્તનો જોગ કરવો. અનાદિમુક્ત પ્રગટ ન હોય ત્યારે તેમની વાણીનું મનન કરવું અને એમણે બતાવેલ રસ્તે ચાલવું. પુરુષાર્થ તો કરવો પડે. મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદનું અનુસંધાન રાખવાથી હર્ષ-શોક થતો નથી. બધા દોષો ટળી જાય છે. મૂર્તિમાં રાખ્યાનું અનુસંધાન રાખવું, પરંતુ બહાર કોઈને કહેવું નહિ. કોઈ પૂછે તો કહેવું કે અનાદિમુક્ત કરી મૂર્તિમાં રાખ્યા છે એ આશીર્વાદનું અનુસંધાન રાખીએ છીએ. સ્થિતિ વગરનાને સંકલ્પ થાય.

અનાદિમુક્તમાં રહી મહારાજ કાર્ય કરે એટલે એ કાર્યો જબરજસ્ત જ હોય. છતી દેહે એ સ્થિતિ થાય તેવા પ્રયત્નો કરવા.

# ૨૩

આ સમગ્ર મહોત્સવ પરમ દયાળુ અનાદિ મહામુક્તરાજ બાપાશ્રી નિમિત્તે થયો છે. દરેક મનુષ્યના જીવનનું ઉચ્ચત્તમ ધ્યેય ભગવાનના સ્વરૂપમાં જોડાવાનું છે. એ પ્રાપ્તિ થઈ ગઈ એટલે પછી કંઈ જ કરવાનું રહેતું નથી. એ કામ શ્રીજીમહારાજે બાપાશ્રીને દ્વાર બનાવીને કર્યું. શ્રીજીમહારાજનું કામ બાપાશ્રીએ એમના સંકલ્પ મુજબ સંપૂર્ણ પૂરું કરાવ્યું. અનાદિ મુક્તરાજનો ધ્યેય દરેકને સર્વોપરી મહાપ્રભુની મૂર્તિમાં રસબસ રાખી દિવ્ય સુખને પમાડવાનો હોય છે. એ જ રીતે અનાદિ મુક્તરાજ દિવ્યસ્વરૂપ બાપાશ્રીના મહોત્સવે અનેકને સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિના સુખમાં રાખવાના આશીર્વાદ મુક્ત દ્વારા આપ્યા.

એ આશીર્વાદ અવિચળ છે અને આપણે શ્રદ્ધા અને મહિમા એવો રાખીએ કે ભલે બધું ચલિત થઈ જાય, પણ આ આશીર્વાદમાં કોઈ પણ જાતની અસ્થિરતા આવે નહિ. એક વાત તદ્દન હકીકત છે કે જો આ આશીર્વાદ મહિમા સાથે અને સંપૂર્ણ શ્રદ્ધાથી કોઈ પણ જાતના વિકલ્પ વગર જો ઝીલીએ, તો આપણું સમગ્ર જીવન દિવ્ય બની જાય એમાં કોઈ શંકા નથી. આપણા બધા અવયવો ફરી જાય. અને આપણને એવું જરૂર લાગશે કે ભગવાનનું સ્વરૂપ આપણા અંતરમાં અનાયાસે દેખાશે અને અંત વખતે અથવા એ પહેલાં સ્વામિનારાયણ ભગવાન આ આશીર્વાદ

મૂર્તિમાન કરી અને આપણને એમની મૂર્તિના સુખભોક્તા કરશે. આ કંઈ થોડી વાત? આ સત્ય છે એમ માનવાનું. આ આશીર્વાદ ફરવાના નથી, ભલે આપણે પાત્ર બરાબર ન હોઈએ તો ચિંતા કરવાની જરૂર નથી. ભગવાન કહે છે કે હું તમારો સર્વોત્તમ ઉદ્ધાર કરી દઈશ અને તમને હું મારી મૂર્તિના સુખમાં રાખીશ. એ ભગવાન પરમાત્મા બોલે એમાં કોઈ ફેર પડે ખરો?

ત્યારે આપણને એક નિરાંત તો થઈ ગઈ કે પૂર્ણકામપણું ભગવાનના આશ્રિત થયા એટલે થયું અને બીજું એ પણ પૂર્ણકામપણું હૃદયમાં દૃઢ થઈ ગયું કે હવે પછી આપણો જન્મ રહેશે નહિ. અનેક જન્મ સુધી આપણે કેટલાં બધા દુઃખો ભોગવ્યા? હેરાન-પરેશાન થયા. ત્યાં ભગવાન સ્વામિનારાયણના પૂર્વે કોઈ મોટા મુક્તોના જોગમાં આવી ગયા હઈશું તેથી આ કારણ સત્સંગરૂપ બગીચો જે બાપાશ્રીએ ખીલવ્યો એમાં પણ આપણે આવી ગયા.

અને હું સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના કરું છું કે આપની દિવ્ય સ્મૃતિ પરમ પૂજ્ય બાપાશ્રી સહિત હંમેશાં રહે. આપણે એ સ્મૃતિ મૂર્તિરૂપ થઈને કરી શકીએ એવી કૃપાવર્ષા કરી છે તે મહાપથારી સુધી જાળવી રાખી અમારું સેવન કરજો અને અમને એ દિવ્ય સુખના અનુભવમાં મૂકી દેશો કે જે મૂર્તિના સુખમાં અત્યારથી જ અમને રાખવાના આશીર્વાદ આપી દીધા છે. એ આશીર્વાદ મુક્ત દ્વારા અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીએ જ આપ્યા અને એમાં એ આશીર્વાદમાં મુખ્ય બોલનાર તો

ભગવાન સ્વામિનારાયણ જ છે. અનંત અનંત મુક્તો સુખભોક્તા છે, કાર્ય તો મુક્તને નિમિત્ત બનાવીને પોતે કરે છે. તો માધ્યમ-સર્વોત્તમ માધ્યમ- તો અનાદિમુક્ત જ કહેવાયને? કારણ કે અનાદિમુક્ત દ્વારા ભગવાને અનેક કામ કર્યાં. અને આ સદાવ્રત માત્ર થોડા સમય માટે જ નહિ, પણ આ પૃથ્વી-બ્રહ્માંડ ચાલશે ત્યાં સુધી આ સદાવ્રત સ્વામિનારાયણ ભગવાન તેમના અનાદિમુક્તોને આ પૃથ્વી ઉપર પ્રગટ કરીને ચાલુ જ રાખશે.

સર્વોપરી ભગવાન સ્વામિનારાયણ સિવાય ક્યાંય સારપ્ય નહિ રહેવી જોઈએ. બધા જ અવતારો, બધા જ દેવો એમાં ભગવાન સ્વામિનારાયણનો પ્રેરણા દ્વારા આવિર્ભાવ છે. એટલે એ બધા જ પૂજનીય, આદરણીય છે. આપણે એમનું દર્શન કરીએ, પરંતુ સર્વોપરી પરમાત્મા સિવાય એ કોઈ પણ ઉપાસ્યમૂર્તિ ન ગણાય. ઉપાસ્યમૂર્તિ તો એ ગણાય કે જેનો મંત્ર સર્વોપરી હોય. તે સિવાય બીજો કોઈ મંત્ર અધિક નથી. માટે આપણે એક વસ્તુ નક્કી કરવી કે કોઈ પણ જાતનું દુઃખ આવે - એ તો આ જન્મ લીધો છે અને આ જગતમાં આવ્યા તો સુખ-દુઃખ તો ચાલ્યા જ કરવાનું. અને - એ સહન કરવું એ જ ભગવાનની પ્રસન્નતા છે. વિશ્વાસ રાખીને. જો વિશ્વાસ ડગી જાય અને બીજે ક્યાંય સારપ્ય જો મનાઈ જાય તો સર્વોપરી ઉપાસનામાં કચાશ કહેવાય. ગમે તેવું દુઃખ પડે તો વધુમાં વધુ શું થઈ જવાનું છે? આ દેહ પડી જવાનો છે. તો સર્વોપરી ઉપાસના રાખવાની એટલે કે કોઈ જગ્યાએ સારપ્ય નહિ રાખવાની. ભગવાન સિવાય કોઈ

બીજા દેવી-દેવતાઓ દુઃખ મટાડે એ શું? ભગવાનની પ્રેરણાથી જ બીજા દેવ-દેવીઓ દુઃખ મટાડે છે. એ બધા દેવો પોતે મટાડે છે? ના, ના. ભગવાન સ્વામિનારાયણે આપેલાં ઐશ્વર્યથી મટાડે છે. જો એ પાછું ખેંચી લે, તો કોઈ કામ કોઈ દેવથી થઈ શકે જ નહિ.

તો આ વાત આપણે દૃઢ કરી ભગવાન સ્વામિનારાયણના એવા મજબૂત અડગ સિંહ-સૈનિક બની રહીએ કે જેથી આપણને એ મૂર્તિ સિવાય ક્યાંય સારપ્ય મનાય નહિ. એ મૂર્તિ જ આનંદરૂપ લાગે. બાપાએ કહ્યું કે બધી જ ક્રિયા કરતાં કરતાં ભગવાનનું અનુસંધાન રાખી અને કામ કરવું. ફરીથી આ દિવ્ય સભાને વંદન કરી, સૌના રૂડા આશીર્વાદની અપેક્ષા સાથે વિરમું છું. અને ભગવાનને પ્રાર્થના કરું છું કે આ આશીર્વાદ બધાય અખંડ ઝીલાયા કરે એવી પ્રાર્થના સાથે વિરમું છું.

## સારાંશ

મનુષ્યના જીવનનું ઉચ્ચત્તમ ધ્યેય ભગવાનના સ્વરૂપમાં જોડાવું તે છે. તે પ્રાપ્ત કર્યા પછી કાંઈ કરવું શેષ રહેતું નથી. એ કામ અનાદિમુક્ત દ્વારા શક્ય બને છે. એ આશીર્વાદમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખવી. બધું ચલિત થાય, પરંતુ એ આશીર્વાદ ક્યારેય ચલિત થતા નથી. એવો દૃઢ વિશ્વાસ રાખવો. પાત્ર નહિ થઈએ તો મહારાજ અંત વખતે પાત્ર કરી સુખમાં મૂકી દેશે. અનાદિમુક્તમાં રહી મહારાજ આશીર્વાદ આપે છે. મૂર્તિ પ્રાપ્ત કરવા ભગવાન પોતાના સર્વોત્તમ માધ્યમ અનાદિમુક્તને મોકલે છે. અને

પૃથ્વી રહેશે ત્યાં સુધી મહારાજ જીવો પર દયા લાવી તેમને મૂર્તિનું સુખ ભોગવવા જેવા પાત્ર બનાવવાનું સદાવ્રત તેમના અનાદિમુક્ત દ્વારા ચાલતું રાખશે.

બધા દેવો-અવતારો પૂજનીય છે, પણ ઉપાસના ફક્ત સ્વામિનારાયણ ભગવાનની જ કરવી. ગમે-તેવા દુઃખ આવે ઉપાસના ખંડિત થવી જોઈએ નહિ. દેહ પડી જાય તેવું દુઃખ આવે છતાં પણ ઉપાસનારૂપી વિશ્વાસ ડગવો જોઈએ નહિ. બધા દેવોમાં ભગવાન સ્વામિનારાયણે સામર્થ્ય મૂક્યું છે માટે તેઓ કામ કરી શકે છે.

દરેક ક્રિયામાં ભગવાનને સાથે રાખી કામ કરવું.

## ૨૪

અનાદિમુક્ત આપણા ઉપર કૃપા વરસાવે છે. આપણે એ જોઈ શકીએ નહિ, પણ જો જોઈ શકીએ તો ખબર પડે કે એ સુખમાં રહ્યા થકા આપણા ઉપર કેવી પ્રસન્નતા વેરે છે. એ પ્રસન્નતા વેરે છે એ પણ શ્રીજીમહારાજની ઇચ્છા છે. શ્રીજીમહારાજની ઇચ્છાથી અનાદિમુક્તો પ્રસન્નતા વરસાવે છે. છેવટે સર્વોપરી પરમાત્મા ભગવાન સ્વામિનારાયણ જ કર્તા રહે છે. પરંતુ એમની જે પ્રસન્નતા, એમની જે કૃપા તે એમના મહાઅનાદિમુક્તો દ્વારા જ હંમેશાં મળે છે. પ્રસન્નતા સીધી મળતી નથી. કૃપા સીધી મળતી નથી. અનાદિમુક્તનો કે એવા મોટા સત્પુરુષનો જોગ હંમેશાં કરતાં રહેવો જોઈએ. અને મહારાજ અને મુક્તો સદાય પ્રત્યક્ષ જ છે. જતા-આવતા નથી. પ્રત્યક્ષ હોય ત્યારે બોલે, જમે, સેવા અંગીકાર કરે અને સાથે સાથે વાતો કરી અને સુખ આપે એ પ્રત્યક્ષપણાનો વિશેષ છે. જ્યારે એ મુક્તો બિરાજતા હોય, ત્યારે આપણે અમુક સમય કાઢીને પણ એ જોગ કરવો જોઈએ. અને હું જોઈ શકું છું કે આ દિવ્ય સભામાં બેઠેલા મુક્તો એ લાભ કદીય ચૂક્યા નથી અને ચૂકતા નથી. એટલે આપણે બધા છતી દેહે જ એ સુખમાં છીએ છતાં પણ બાધિતાનુવૃત્તિને લીધે ભગવાન જણાવા દેતા નથી. અંત વખત સુધી આપણને એ પાત્ર કર્યા કરશે. જેટલા થઈ શકે એટલા પાત્ર કરશે અને અંત વખતે એ પૂરું કરી

દેશે પોતાના દિવ્ય પ્રભાવથી. પોતાના દર્શનથી આપણો ચૈતન્ય એકદમ એમના જેટલો નિર્મળ બની જાય છે અને દિવ્ય સાકાર રૂપ ધારણ કરીને મૂર્તિમાં વિલીન થઈ જાય છે. આ કૃપા કેટલી બધી કહેવાય?

આ બાપાશ્રીની સાર્ધ-શતાબ્દીનું વર્ષ છે. આ વર્ષમાં બાપાશ્રી તેમજ શ્રીજીમહારાજની એટલી બધી અગાધ કૃપા હતી કે એનું વર્ણન થઈ શકે નહિ. એ પ્રસન્નતા જુદી જુદી રીતે દેખાય. એ પ્રસન્નતા આપણને સંકલ્પ પણ કરાવે અને સંકલ્પ રહિત પણ પાછા કરી દે. આખા વિશ્વમાં અત્યારે જે જે જીવોના દેહો પડશે તે બધાનું કલ્યાણ થવાનું નિશ્ચિત છે. આ વર્ષે એકેએક પળે શ્રીજીમહારાજ પોતાના મુક્ત એવા અબજીબાપાશ્રી ઉપરની પ્રસન્નતા બતાવવાને માટે ઝરમર ઝરમર કૃપાવર્ષા આખા વિશ્વ ઉપર કર્યા કરે છે. અને એની અસર બધા જીવોને છેવટની ઘડીએ જરૂર દેખાશે. કેટલાય પ્રશ્નો ઊભા થતા હોય તમને. મને તો એ બધા જ પ્રશ્નો solve થઈ ગયા છે. તમને સંકલ્પ થાય કે આમ કેમ થતું હશે એવું મને જરાય થતું નથી. કારણ કે હું જાણું છું કે પ્રશ્નનો જવાબ શું છે, મહારાજની કળા કેવી અકળિત છે, કઈ રીતે કામ કરે છે- મૂક સ્વરૂપે એ હું જાણું છું. તેની પરભાવની વાણી તો ત્યારે જ સંભળાય કે આપણે છતી દેહે પાત્ર થઈ જઈએ તો. પાત્ર થવા માટે બધાય સાધન સરળ રીતે બતાવ્યા છે.

બાપા એમ કહેતા કે ડુંગરો જો ઉથામવો હોય અને મોટો મહોત્સવ કરવાની તૈયારી કરવી હોય તો બધા

ધડાધડ તૈયાર થઈ જાય એકદમ. ઉમંગ સહિત. મૂર્તિની સ્મૃતિ ભૂલી જાય. પણ જો હમણાં એમ કહીએ કે ભગવાનનું ધ્યાન તમારે કરવું, તો અટકી પડે છે. તેથી મહારાજે પહેલા જ વચનામૃતમાં કહ્યું કે અખંડ સ્મૃતિ રાખવી એથી કોઈ કઠણ સાધન નથી. પણ ભગવાનની કૃપાથી એ સહેલું પણ થઈ જાય. એક સમજણ એટલી જ કેળવવાની કે આપણી બધી ક્રિયા કરતાં કરતાં એટલું અનુસંધાન રાખવું કે આ મહારાજ કરે છે, જમે છે મહારાજ, ચાલે છે મહારાજ, નોકરી મહારાજ કરે છે, સેવા મહારાજ કરે છે. ભલે એ વખતે મૂર્તિ આપણને દેખાય કે ન દેખાય.

જે કાંઈ સુખ-દુઃખ, હાણ-વૃદ્ધિ કરે છે તે એ જ કરે છે. જો એ જ કરતા હોય, તો શોક કરવાનું કોઈ કારણ ખરું? આપણું પ્રારબ્ધ શ્રીજીમહારાજ. પ્રારબ્ધનો અર્થ એ કે એની ઇચ્છા પ્રમાણે જ થાય. જો આપણે એમને આપણું પ્રારબ્ધ ગણતા હોઈએ તો એની ઇચ્છા ખરી કે નહિ? તો પછી શોક શા માટે? છતાં ય થાય. અવરભાવની રીતે એવા મુક્તો અદૃશ્ય થઈ જાય તો દુઃખ તો થાયને? અવરભાવમાં હોય તો સુખ આપે, મહારાજની વાતો કરે, આપણી સાથે રહીને ભગવાન ભજે-ભજાવે. આ બધું થાય એ તો સ્વાભાવિક છે. એવી રીતે આઘાત તો લાગે. આ બધા મુક્તો ધામમાં ગયા ત્યારે મને એમનાથી જરાય ઓછો આઘાત નથી લાગ્યો- અવરભાવની દૃષ્ટિએ. અને પરભાવ સામે જોઈએ તો આનંદનો પાર નહિ. કારણ કે, તેઓ મૂર્તિના સુખમાં

કિલ્લોલ કરતા હોય. ત્યાં આ શોક ક્યાંથી રહે? જ્યારે અવરભાવ સામું દૃષ્ટિ કરીએ, ત્યારે આઘાત લાગે. પરભાવની દૃષ્ટિએ જોઈએ ત્યારે આઘાત જેવું કંઈ રહે નહિ, આનંદ જ રહે. બધા આનંદમાં કિલ્લોલ કરતા હોય તેમને ખબરે ય ન પડે કે મારો દેહ પડ્યો કે નહિ.

અહીં બેઠેલા બધા મુક્તોને જ્ઞાનની સમજણ તો બરાબર લક્ષ્યાર્થ દૃઢ થઈ ગઈને? એટલે એટલું તો રહે જ કે મહારાજ જ બધું કરે છે. હાણ-વૃદ્ધિ થાય તો યે મહારાજ કરે છે. તેની પાછળેય હેતુ હોય છે. કોઈ દિવસ એમ ન માનવું કે મારા કર્મોને લીધે આ હાણ થાય છે. આપણા ઉપર કાળ, કર્મ, માયાનો અધિકાર જ નથી. તો પછી એનાથી હાણ-વૃદ્ધિ થવાનો સવાલ ક્યાં રહે? આટલું સમજાય તો ખરો દિવ્ય ભાવ મહારાજના મુક્તને વિશે સમજાયો કહેવાય. અને મહારાજને પ્રારબ્ધ ત્યારે જ જાણ્યા કહેવાય. કંઈ સંકલ્પ થાય ને એ સંકલ્પ એ મનુષ્યભાવ. એ નુકસાન કરે. ત્યારે કોઈ દિવસ એમ ન કહેવું કે આવું કેમ થયું? કેમ થયું એમ કેમ બોલાય? શ્રીજીમહારાજ આપણા પ્રારબ્ધ થયા પછી બોલીએ તો ગુનેગાર નહિ? કદી ય ગુનેગાર ન થવું. હાણ-વૃદ્ધિ તો એની ઇચ્છાથી થાય છે. મહારાજની અકળિત કળાનો કોઈ પાર ન પામે. હાણ થઈ થઈને દેહ પડી જાય. બીજું શું પડી જવાનું હતું. આપણે ઘરડા થઈને હેરાન થઈને ધામમાં જઈએ એના કરતાં આ તો જલદી મહારાજ આપણને લઈને જતા રહે.

અને એક કહું. એક રહસ્ય. કે દિવ્ય સ્થિતિવાળા

ભગવાનના મુક્તો હોય એને ખબર પડે છે મહારાજ શું કરે છે. મહારાજને એક પ્રશ્ન પૂછેલો કે "મહારાજ! તમારો કોઈ મુક્ત પર્વત ઉપરથી પડે કે કોઈ સળગીને ધામમાં જાય, કોઈ કચડાઈને ધામમાં જાય એ બિચારાને કેટલું દુઃખ થતું હશે? મહારાજ! તમને દયા નથી આવતી? આવું કેમ કરો છો? તમે તો દયાળુ છો." પછી મહારાજ હસ્યા કે "તું મને કેવો સમજે છે?" તો કહે, "કરુણાસાગર." મહારાજ કહે, "તો પછી મને ખબર નહિ હોય?" "પણ મહારાજ તમે કંઈ કહો તો ખબર પડેને!" ત્યારે મહારાજ કહે, "જુઓ, એવી પરિસ્થિતિ સર્જાય ત્યારે મારો આશ્રિત ખરેખર હોય, મારી પ્રસન્નતા મેળવી હોય, મારા મુક્તના રાજીપામાં આવી ગયા હોય તો એવા ભક્તને હું એવી રીતે સંભાળું છું કે એને દેહથી જુદા કરી દઉં છું. તરત જ. ઘા પડ્યા પહેલાં. એટલે જેમ શબ ઉપર ગમે તેટલા લાકડાં ખડકે તો દુઃખ ન થાય એમ એને દેહથી જુદા પડ્યા પછી દુઃખ રહ્યું ખરું? જરાય દુઃખ રહેતું નથી. તે ખૂબી છે." મહારાજ એને દેહમાંથી ખેંચી લે છે. પછી દેહ સાથે ધમાલ કરે તો શું વળે? જેમ પેલા સંતને વૈરાગીએ લાકડાથી માર્યા તો લાકડી તૂટી ગઈ તો સંતે લાકડીનો ખરખરો કર્યો કે ભાઈસાહેબ! માફ કરજો તમારી લાકડી તૂટી ગઈ. બોલો! પછી એ સંતને પૂછયું કે તમને વાગ્યું નહિ? ત્યારે કહે મને કંઈ વાગ્યું નથી, પણ મહારાજને સોળ ઉઠી ગયા. મહારાજે એ લાકડીના ઘા ઝીલી લીધા! પૂર્ણ પુરુષોત્તમને તો શું વાગવાનું હતું? પણ દેખાડ્યું કે અમારે અમારા મુક્ત સાથે

આત્મબુદ્ધિ કેટલી છે.

ભગવાનના કોઈ પણ ભક્તનો અકસ્માતથી કે એવી રીતે દેહ પડે, આપણા કુટુંબમાં કે બીજાનો તો કોઈ દિવસ સંકલ્પ ન કરવો કે આમ કેમ થયું હશે. એવો સંકલ્પ થાય તો એ મનુષ્યભાવ કહેવાય. દિવ્યભાવમાં એટલી ખામી. એટલી આપણી સમજણ ખોટી. મહારાજને પ્રારબ્ધ જાણ્યા પછી કેમ એવો સંકલ્પ થાય? તો કેટલું સરસ ભવ્ય મૃત્યુ! કોઈ પણ જાતની ઈજા વગર પોતાની મૂર્તિના સુખમાં કિલ્લોલ કરાવી દે એ થોડી વાત? પણ જો આપણે વૃદ્ધ થઈને મરીએ તો આપણે હેરાન થઈ પડીએ. માંદા પડે, રોગની દવા કરે, આ કરે, હેરાન થાય. તો આ તો ભવ્ય મૃત્યુ કહેવાય. કંઈ ઈજાય ન થાય, વાગે નહિ, લાગે નહિ, કંઈ નહિ અને મહારાજ પોતાના સ્વરૂપમાં દિવ્ય સાકાર બનાવીને ખેંચી લે એ કંઈ થોડી વાત? એ તો મોટામાં મોટો રાજીપો. તેમાં જ બોલ્યા ને કે પર્વત ઉપરથી પડે, ગમે તેમ કરે, પણ મારા ભક્તનું અકલ્યાણ કદી થતું નથી. કલ્યાણ જ થાય છે. કલ્યાણ શું? તો પોતાના સ્વરૂપમાં રાખી દે એનું નામ કલ્યાણ.

આપણે દરેક ક્રિયા કરતાં કરતાં મહારાજ કરે છે એવો ભાવ જીવમાં બેસાડી દેવો. અને કોઈવાર આવા અકસ્માતના કે અકાળ મૃત્યુના પ્રસંગો બને તો સંકલ્પ પણ ન કરવો. જ્યારે અવરભાવની દૃષ્ટિએ જોઈએ તો આઘાતનો પાર નહિ એવું લાગે. કારણ કે આ લોકમાં તો ખોટ પડી જાયને? પણ એટલું હંમેશા સમજવું કે આ રીતે ખોટ પડી જાય તે ભગવાન ગમે તે રીતે, કોઈ ને કોઈ

પ્રકારે એ ખોટ આપણને થોડા સમયમાં પૂરી કરી દે. આ જોજો. mark કરજો. ધીમે ધીમે એવું ઊભું કરે કે બધું સરસ થવા માંડે. અને જે ખોટ હોય તેના લીધે જે થવાનું હોય તે સરસ રીતે થાય એવું સર્જન કરી મૂકે. આવી વિધિમાં થોડો સમય લાગે. ત્યાં સુધી આપણને ભજન કરાવે, પાછી વૃત્તિ કરાવે એવું બધું જ કરાવે. કરાવેને? એના દંડનો અર્થ જ એ છે કે કેમ પોતા તરફ ખેંચી રાખવો. એટલે થોડી તકલીફ આપે. આપણે એમને ભૂલી જઈએ કે તરત જ પાછા વાળવા માટે તકલીફ ઊભી કરે. પછી આપણે કહીએ કે હે મહારાજ! દયા કરો! એમ સંભારીએ ખરા. એમ મહારાજને ભૂલી જઈએ ત્યારે મહારાજ આપણને નાની તકલીફરૂપ પ્રસાદી આપે. એ તકલીફ પ્રસાદી કહેવાય. બીજા લોકના જીવો જેવી તકલીફ નહિ.

## સારાંશ

મહારાજની પ્રસન્નતા-કૃપાવર્ષા હંમેશાં એમના અનાદિમુક્ત દ્વારા જ આપણને મળે છે. અનાદિમુક્ત બિરાજતા હોય ત્યારે સમય કાઢી અવશ્ય જોગ કરી લેવો. તેમના આશીર્વાદ ભલે અત્યારે ન જણાય અંતે જણાશે.

મોટા અનાદિમુક્તના દિનોની ઉજવણીમાં મહારાજ રાજી થઈ મૂર્તિના સુખના આશીર્વાદ વરસાવે છે.

મૂર્તિ દેખાય કે ન દેખાય દરેક ક્રિયા મહારાજ કરે છે એવું અનુસંધાન રાખવું. આપણું પ્રારબ્ધ એવા મહારાજને જાણ્યા પછી કોઈ વાતનો શોક ન કરવો.

મહારાજના ને મુક્તના રાજીપામાં આવેલાનું અકસ્માતે મૃત્યુ થાય, ત્યારે એને દુઃખ પડે એ પહેલાં જ મહારાજ એના ચૈતન્યને ખેંચી લે છે. માટે આમ કેમ દેહ પડ્યો એવા સંકલ્પ કરવા નહિ. સંકલ્પ થાય તો શ્રદ્ધામાં ખામી કહેવાય. આપણને જે કાંઈ તકલીફ આવે છે, તે આપણે મહારાજ તરફ થઈએ માટે તકલીફરૂપ પ્રસાદી આપે છે.

# ૨૫

આજનો વિષય તો સા...રાય જગતને માટે છે. જગતમાં જન્મેલા કોઈ પણ જીવને છેવટે મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ કરીને સમાપ્ત થવાનું છે. જીવન વિકસાવીને છેવટે અંતસમયે જો આ થઈ જાય તો જ આખું જીવન સાર્થક થયું ગણાય. બાપાશ્રીને મહારાજે આ કરવા માટે જ મોકલ્યા હતા કે બસ મૂર્તિ, મૂર્તિ, મૂર્તિ. સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરીતા, એ ભગવાન સ્વામિનારાયણની મૂર્તિમાં રહેવાની અનાદિમુક્તની સ્થિતિ અને ભગવાન સ્વામિનારાયણના ગૂઢ રહસ્યો ઉકેલવાને માટે બાપાશ્રીને શ્રીજીમહારાજે મોકલ્યા અને તે તેમણે બસ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ વડે જ કર્યું. બાપાશ્રીને કંઈ કરવાનું બાકી રહ્યું નહોતું. સ્વામિનારાયણ ભગવાને પોતાની મૂર્તિના સુખમાંથી તેમને અહીં પૃથ્વી ઉપર પ્રગટ કર્યા. તે તેમના આદર્શ તત્ત્વજ્ઞાનના ગૂઢ રહસ્યોની સમજ આપવા માટે, તેમનું દિવ્ય સર્વોપરી સ્વરૂપ સમજાવવા માટે. અહીંયા આ પૃથ્વી ઉપર સર્વ જીવોને બસ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ તેનું એવું મનન કરાવ્યું કે ભગવાન સ્વામિનારાયણના ઉત્તમોત્તમ વિશ્વ વ્યાપક સત્સંગની દૃઢતા કરાવી.

સમગ્ર તત્ત્વજ્ઞાન જો સમાયેલું હોય તો બસ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિમાં જ છે. મૂર્તિ કોની? ભગવાન સર્વોપરી સ્વામિનારાયણની. જેણે ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ

રાખી એથી શું વિશેષ? કોઈ વિશેષ નથી. જપ-તપ, ધ્યાન-ધારણા બધું જ કરીએ; ત્યાગ-વૈરાગ્ય બધું જ હોય; પણ જો ભગવાન સ્વામિનારાયણની મૂર્તિનું અનુસંધાન ન હોય, તો એનું ફળ જોઈએ તેવું ન મળે. ફળ તો મળે, પણ ભૌતિક. હવે એ તો અમથુંય મળેલું છે ને મળવાનું જ છે અને ન મળે તો ય શું? છેવટે તો આ દિવ્ય સુખમાં અનંતકાળ સુધી અનંત અનાદિમુક્તો રમે છે એમાં રમવાનું છે.

અહીંયા આ દિવ્ય સભામાં પરમ કૃપાળુ પરમ દયાળુ શ્રીજીમહારાજે તેમના દિવ્ય સ્વરૂપમાં રહેનાર અનાદિ મુક્તરાજ બાપાશ્રી દ્વારા સૌને મૂર્તિમાં રાખ્યા! એમણે પાત્ર-અપાત્ર જોયું નહિ! જેને ભાવ થયો, જે શરણે આવ્યા એમને મૂર્તિમાં રાખવાના આશીર્વાદ આપ્યા! જેમ ભગવાન સ્વામિનારાયણે વરદાન માગી લીધા. સૌને છેવટના આશીર્વાદ આપ્યા! તો અત્યાર સુધીના શાસ્ત્રોમાં મૂર્તિમાં રાખ્યા અને બસ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ એવું ભગવાન સ્વામિનારાયણ કોઈ મુક્તના મુખે બોલ્યા છે ખરા? નથી બોલ્યા. બોલ્યા છે, પણ બહુ જ મર્મમાં બોલ્યા છે કે કોઈ સમજી શક્યા નથી. ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સમર્થ સદ્‌ગુરુઓ ભગવાન સ્વામિનારાયણની સર્વોપરીતા ઓળખાવવા ઘણું બોલ્યા છે. બાપાશ્રી કહે છે કે બસ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ રાખો તો બધું જ મળી જશે. બાપા એમ નથી કહેતા કે કર્મયોગ ન કરવો. બધી જ પ્રવૃત્તિ કરવાનું કહ્યું છે. તમે બધી જ ક્રિયા કરતાં કરતાં

મૂર્તિ રાખો એટલું કહ્યું છે. અને મૂર્તિ રાખો તો બધી જ પ્રવૃત્તિ સરસ થઈ જાય. એનો અભ્યાસ કરવો જોઈએ. આપણને આવા સુંદર આશીર્વાદ આપ્યા, ભગવાને હાથ પકડ્યો છે તો આપણે છોડાવશુંને તો ય નહિ છોડે એવા એ સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન ને અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રીએ આપેલા આશીર્વાદ છે.

આ આશીર્વાદ આપણે ત્યારે જ ઝીલ્યા કહેવાય કે જ્યારે આપણે તમામ ક્રિયાઓ મૂર્તિ દ્વારા જ કરીએ. બાપાશ્રીએ એમ કહ્યું કે બાળ-અવસ્થામાંથી સીધા જ વૃદ્ધાવસ્થામાં જવું. મનુષ્ય બાળપણ, યુવાવસ્થા વટાવીને વૃદ્ધાવસ્થામાં જાય છે ત્યારે એને ભાન થાય છે કે કરવાનું હતું એ રહી ગયું અને ન કરવાનું કર્યું. મહાન સમર્થ નેપોલિયન કે જેણે જગતને સર કરવા માટે અગાધ પ્રયત્નો કર્યા એ છેવટે એમ બોલ્યો કે મેં બધું જ કર્યું, પણ અંતરનું તો કાંઈ ન કર્યું. મારું જીવન નિરર્થક ગયું. ત્યારે જુઓ, સૌને એમ ભાન થાય છે કે અંતે તો બસ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ એ જ કરવાનું છે. આમાં કયું તત્ત્વજ્ઞાન રહી જાય છે?

જેને મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ થયું હોય એ ભગવાનનું સ્વરૂપ કે એની વાણી કોઈ દિવસ ભૂલે? એની વાણીનું અનુકરણ ભૂલે? એ વાણી તો એને આત્મસાત થઈ જાય. ભગવાનની વાણી સાથે ભગવાનનું સ્વરૂપ- બંને એકમેક થવું જોઈએ. માત્ર મૂર્તિનું સ્વરૂપ યાંત્રિક રીતે ધારીએ તો એ દિવ્ય સ્થિતિ છતે દેહે પ્રાપ્ત ન થાય. ભગવાને પોતાના માની મૂર્તિમાં રાખ્યા છે તો એ અંતે તો જરૂર

પૂરું કરી દેશે, પણ જરૂર આપણને કહેશે કે મેં કહ્યું એમ કર્યું નહિ, પણ હું મારું બિરદ સમજીને તમને તેડવા આવીશ ને મારી મૂર્તિના સુખમાં રાખીશ. તો આપણે બધા આજે એવો નિશ્ચય કરીએ કે બાપાએ બસ મૂર્તિ, મૂર્તિ જ કહ્યું એવું આપણે પણ કરીએ. બાપાશ્રીને તો મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ હતી. તે તો પ્રગટ્યા પહેલાંય હતી, અનાદિકાળથી હતી. જ્યારથી શ્રીજીમહારાજ મળ્યા ત્યારથી અનાદિમુક્તો મૂર્તિમાં રહ્યા છે. મહારાજ કદીયે એકલા નથી. મહારાજ અને મુક્ત સાથે જ હોય છે. ભગવાન સ્વામિનારાયણ દાતા-નિયંતા અને તમામ અનાદિમુક્તો એમના સેવક છે. બાપાશ્રીએ આ દૃઢતા આપણને કરાવી. આપણે આ મહોત્સવમાં પણ ચારે કોર જે સૂત્રો મૂક્યા છે એમાં મૂર્તિ, મૂર્તિ, મૂર્તિ જ છે જુઓ. કેવું મનન કરાવી દે છે!

બાપાશ્રીએ બાળ-અવસ્થામાંથી પ્રૌઢાવસ્થામાં જવાનું કહ્યું એ આચરણથી બતાવ્યું કે જો હું આચરણ નહિ કરું તો આ શબ્દોનો સ્પર્શ નહિ થાય. બાપાશ્રી નાનપણમાં રમતો રમતા તો સૌથી પહેલા આવે અને બાળકો એમ પૂછે કે બાપા! આવી રમત તમે કોની પાસે શીખ્યા? તો કહે કે મહારાજ ભગવાન સ્વામિનારાયણે મને શીખવી અને એને લીધે એમને હું ભેળા રાખું છું તો બધી જ ક્રિયાઓમાં મારો પ્રથમ નંબર આવે છે. જો તમે પણ મહારાજની મૂર્તિને ભેળી રાખો તો તમે પણ મારા જેવા જ પ્રથમ થઈ જાવ. તો બાળપણથી માંડીને એમણે શું શીખવી દીધું? મહારાજની મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ. આ મૂર્તિ

જો એકવાર પ્રાપ્ત થઈ જાય, એ મૂર્તિના દિવ્ય દર્શનની ઝાંખી થઈ જાય તો સારા ય જગતોના સુખ એક ક્ષણવારમાં ખારાં થઈ જાય. આપણે બધાએ આ મૂર્તિના આશીર્વાદ ઝીલ્યા છે, સૌ એ મૂર્તિનું અનુસંધાન રાખે છે, છતાં પણ આપણે મહારાજને અને બાપાશ્રીને પ્રાર્થના કરીએ કે આપણને જે શીખવ્યું તેવું નિરંતર પળેપળ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ રહે.

બાપાશ્રીએ આ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ રહે એટલા માટે બે ગ્રંથ આપ્યા. બાપાને મોકલનાર ભગવાન સ્વામિનારાયણ હતા. એમણે જોયું કે ભગવાન સ્વામિનારાયણની વાણી સમજાવવા માટે નહિ-ભણેલાં, ઓછું-ભણેલાં બધા જ સમજી શકે એવી ભાષા જો હું વાપરીશ તો જ આ ભગવાન સ્વામિનારાયણનું આદર્શ તત્ત્વજ્ઞાન ખૂણે ખૂણે પહોંચશે. વિદ્વતાથી ભરેલાં ગ્રંથો જો નહિ-ભણેલાં આપણા ભારતવાસીઓ પાસે મૂકીએ તો લેટીન ને ગ્રીક જેવું લાગે અને બાપાશ્રીની વાણી મૂકો તો પુસ્તક હેઠુંય નહિ મૂકે. વચનામૃત રહસ્યાર્થ વાંચે તો ભગવાન સ્વામિનારાયણના ગૂઢ રહસ્યો ઉકેલાય. કેટલી સરળ ભાષામાં! ભારતની તમામ લાઈબ્રેરીઓમાં બતાવો કે એકે ય પુસ્તક એવું છે કે જેમાં આટલી સરળ ભાષામાં સર્વોપરી આદર્શ તત્ત્વજ્ઞાન સમજાવ્યું હોય. નથી સમજાવ્યું.

સ્વામિનારાયણ ભગવાનનું આ આદર્શ તત્ત્વજ્ઞાન જે દિવ્યસ્વરૂપ અનાદિ મહામુક્તરાજ બાપાશ્રીએ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ વડે સમજાવ્યું તે જો આપણે દરેકને દાસભાવે, ખૂબ વિનમ્ર થઈને, સાચી વિનમ્રતા કેળવીને, અંદરની

મોટાઈ કેળવીને, મૂર્તિમાં રાખ્યા છે એવું સતત અનુસંધાન રાખીને જો એ સમજાવશું, તો દરેકને સ્પર્શ કરશે. પણ ખાલી વિદ્વતાથી કે બોલવાથી કોઈ વાત જીવને સ્પર્શ કરતી નથી. બાપાશ્રીના જીવનમાં બાપાશ્રીએ પોતાના જીવન દ્વારા બતાવ્યું કે ભાઈ! વાણી અને વર્તનનો સુમેળ હોવો જોઈએ. સાદાઈ તે માત્ર બાહ્ય સાદાઈ નહિ, બાહ્ય સાદાઈ સાથે આંતરિક સાદાઈ કેળવો. સાદાઈ શું? સ્વચ્છતા. જેમાં તમોગુણ અને રજોગુણના ભાવ નથી એ સાદાઈ. ત્યારે અંતરની સાદાઈ ક્યારે કહેવાય? કે જ્યારે અંતરના તમામ ઘાટ-સંકલ્પો અને અંતઃશત્રુઓ નાશ પામી જાય ત્યારે.

બાપાશ્રીનું સામર્થ્ય તો સહુ કોઈ જાણતું થઈ ગયું છે. પુસ્તકોમાં પણ લખ્યું છે. ભૂજના મંદિરમાં જાઓ કે વડતાલના મંદિરમાં જ્યાં જ્યાં હું જાઉં છું ત્યાં એમ કહ્યું છે કે બાપાનું સામર્થ્ય આવડું મોટું હતું- ભલે બાપાશ્રીએ સમજાવેલી વાત એમને ત્યાં પહોંચી ન હોય એવું બને. પણ સારુંયે જગત બસ મૂર્તિ, મૂર્તિ અને મૂર્તિ જ કરશે. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે હજી તો પાંદડે પાંદડે ભજન થશે સ્વામિનારાયણ ભગવાનનું. બાપાશ્રીએ કહ્યું કે ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ, મૂર્તિ, મૂર્તિ જ દરેકના હૃદયમાં થશે ત્યારે બધા ખરી શાંતિ પામશે. અને આપણે આ મૂર્તિ, મૂર્તિ અને મૂર્તિ વડે જ સુખિયા છીએ.

તેમાં જુઓને વિદેશથી લાખો રૂપિયા ખર્ચીને આ મહામુક્તો અહીં લાભ લેવા પધાર્યા. નહિતર આવી શકાય? બાવીસ-બાવીસ કલાકની મુસાફરી. ધન્યવાદ છે

એ વિદેશી મહાનુભાવોને. અરે! ગામડાના હરિભક્તો જેને માન-અપમાનની કોઈ પડી નથી અને જેને દિવ્ય સુખ જ જોઈએ છે એને સૌથી પ્રથમ ધન્યવાદ અને અભિનંદન ઘટે છે, અને મસ્તક નમી પડે છે. જુઓ, એ ધૂળમાં પણ સૂઈ રહે, ગમે ત્યાં સૂઈ રહે, એને કોઈ બોલાવે કે ન બોલાવે. એ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિનું પદ અંતરમાં ઝીલવા માટે પધાર્યા છે. એમ બીજા જે મુક્તો છે એ પણ આ જ દૃષ્ટિથી પધાર્યા છે. એમના હૈયામાં પણ ભગવાન સ્વામિનારાયણની જ મૂર્તિ છે. અહીંયા સૌ એકાંતિક બ્રહ્મનિષ્ઠ સંતો છે એમાં પણ સાક્ષાત્ ભગવાન બિરાજે છે.

મૂર્તિ ઉપર તો હજી કલાક બોલી શકાય તો ય ઓછું. એનો મનન ને નિદિધ્યાસ કરીને વિરામ કરીએ. આપણને બધાયને મહારાજે મૂર્તિમાં રાખ્યા છે એ હકીકત છે. એવો દિવ્ય ભાવ જેણે સત્સંગને ને ભગવાન સ્વામિનારાયણને ઓળખ્યા હોય એને વિષે તો થવો જોઈએને? ભલે એમને સ્થિતિ ન હોય. કલ્યાણ તો ભગવાન સ્વામિનારાયણને કરવાનું છે તે એ જરૂર કરશે. એના શરણે આવ્યા એને, જેનો હાથ ઝાલ્યો એને એ મૂકવાના છે? બધાયને એકસરખા સુખમાં રાખી અને આનંદ-કિલ્લોલ કરાવશે. આપણે બધાએ બાપાશ્રીનો જે આદેશ ઝીલ્યો છે એ સર્વત્ર ફેલાવાનું કામ કરવાનું. ખૂણે ખૂણે પહોંચી જઈએ. મહારાજના વખતમાં એકેએક જણને નિયમ આપવામાં આવ્યું હતું કે તમારે પાંચ જણને વર્તમાનની દીક્ષા આપવી. તો આપણે પાંચ જણ ન શોધી

શકીએ કે જેને બાપાશ્રીનું જ્ઞાન હૈયામાં ઊતરી જાય? આપણે એવા જ બળીયા છીએ. તો શા માટે બાપાશ્રીની વાણી બીજાને પહોંચે એવું ન કરવું? આટલું બોલી અને આ દિવ્ય સભાનો રાજીપો ઇચ્છીને અને બાપાશ્રીનો આ સંદેશ બસ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ એવું અખંડ વર્તે એવા રૂડા આશીર્વાદ યાચી વિરમું છું.

## સારાંશ

ભગવાન સ્વામિનારાયણના આદર્શ તત્ત્વજ્ઞાનના ગૂઢ રહસ્યો સમજાવવા મહારાજે બાપાશ્રીને મોકલ્યા હતા. દરેક જીવે છેલ્લે મૂર્તિમાં સમાવાનું છે. જપ-તપ-ધ્યાન-ધારણા બધું કરતા સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનું અનુસંધાન સળંગ રહે તે વિશેષ છે. બધી ક્રિયામાં મહારાજની મૂર્તિ સંભારવી તો ક્રિયા બધી સરસ થાય. એવી રીતે ક્રિયા કરવાનો અભ્યાસ કરવો જોઈએ. એ કરીએ ત્યારે આશીર્વાદ ઝીલ્યા કહેવાય.

મહારાજ અને તેમના અનાદિમુક્ત સદાય સાથે જ છે. અનાદિમુક્ત પોતાના વર્તન દ્વારા જીવોને શીખવે છે. મહારાજના દિવ્ય સુખના દર્શનની એક વાર ઝાંખી થઈ જાય તો જગતના બધા સુખ ક્ષણવારમાં ખારા થઈ જાય.

મહારાજે બાપાને પૃથ્વી ઉપર મોકલ્યા અને બાપાએ મહારાજના ગૂઢ રહસ્યસમ વચનામૃતોને સાવ સરળ ભાષામાં મૂક્યા. જેથી ઓછું ભણેલા પણ તરત સમજી શકે એટલી સરળ ભાષા.

બાપાએ શીખવ્યું કે વાણી અને વર્તનનો સુમેળ

હોવો જોઈએ.

ધીમે-ધીમે પાંદડે-પાંદડે સ્વામિનારાયણ નામ ગુંજશે. મહારાજે આપણને બધાને મૂર્તિમાં રાખ્યા છે તે વાત હંમેશાં યાદ રાખવી. અત્યારે સ્થિતિ ન હોય, પણ અંતે ભગવાન દરેકનું કલ્યાણ કરશે જ એમ ધારી દરેક પ્રત્યે ભાવ રાખવો. બાપાશ્રીએ સમજાવેલ જ્ઞાન બને તેટલા વધારે જણ સમજી શકે તેવા આપણે સૌએ પ્રયત્ન કરવા જોઈએ.

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે--

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્‌ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

દરેક ક્રિયામાં શ્રીજીમહારાજની મૂર્તિનું અનુસંધાન
રાખવાના અભ્યાસથી દિવ્ય સ્થિતિ થાય છે.

- પૂજ્યશ્રી નારાયણભાઈ

Website: www.shriswaminarayandivinemission.org
Email: info@shriswaminarayandivinemission.com